સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 50
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ માર્ગશીર્ષ વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
રવિવાર, ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪, (૧૫ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારે હિમવર્ષાને કારણે કાશ્મીર-હિમાચલમાં જનજીવન ખોરવાયું

## અટલ ટનલ બંધ કરવામાં આવીઃ ૨,૦૦૦થી વધુ વાહનો ફસાયાં

શ્રીનગરઃ કાશ્મીરના મોટાભાગના વિસ્તારમાં ભારે હિમવર્ષા થતાં શનિવારે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. હિમવર્ષાને કારણે સમગ્ર વિસ્તાર પર બરફની ચાદર ફેલાઈ ગઈ હતી.

ભારે હિમવર્ષાને પગલે વિમાનસેવા, રેલસેવા ખોરવાઈ ગઈ હતી અને શ્રીનગર-જમ્મુ હાઈવેને બંધ કરવાની ફરજ પડી હતી.

હિમાચલ પ્રદેશમાં ઊંચા પહાડો પર નવેસરથી હિમવષર્આ થતા અને નીચાળવાળા મેદાની વિસ્તારમાં વરસાદને પગલે અટલ ટનલ રોહતાંગ સુધી વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં વિવિધ ઠેકાણે પર્યટકોના ૨,૦૦૦ કરતાં વધુ વાહનો ફસાઈ ગયાં છે.

શુક્રવારથી સમગ્ર કાશ્મીરમાં હળવાથી લઈને ભારે હિમવર્ષા થઈ રહી હોવાનું નોંધાયું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર દક્ષિણ કાશ્મીરના મેદાની વિસ્તારમાં ભારેથી અતિભારે તો મધ્ય કાશ્મીરના મેદાની પ્રદેશોમાં હળવી અને ઉત્તર કાશ્મીરના મેદાની વિસ્તારમાં હળવી કે નજીવી હિમવર્ષા નોંધાઈ હતી.

(જુઓ પાનું ૨) ▸▸

**હિમવર્ષાઃ** કુલ્લુ જિલ્લાના રોહતંગસ્થિત અટલ ટનલના દક્ષિણ તરફના વિસ્તારમાં શુક્રવારે નવેસરથી હિમવર્ષા થઈ હતી જેને કારણે અટલ ટનલ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાની ફરજ પડી હતી. (એજન્સી)




# હિમવર્ષા અને વરસાદને લીધે ઉત્તરાખંડ ઠુઠવાયું

દેહરાદૂન : ઉત્તરાખંડમા શિખરો પર હિમવર્ષા અને ટેકરીના નીચાણવાળા વિસ્તારો અને સપાટ પ્રદેશમાં વરસાદ પડતાં રાજ્યમાં કાતિલ ઠંડી પડી રહી છે અને હિમાલયના મંદિરો તરફ જતા રસ્તાઓ બંધ થઈ ગયા છે.

પર્વતીય વિસ્તારના ટોચ પર સતત પડી રહેલી હિમવર્ષા અને નીચલા વિસ્તારોમાં પડી રહેલા વરસાદ તથા જોરદાર ફૂંકાઈ રહેલા ઠંડા પવનને લીધે મોટા ભાગના ટેકરીવાળા જિલ્લાઓમાં ઠંડીની કહર છે. ઓલી, હર્શિલ, હેમકુંડ સાહિબ, ચોપટા, દયારા, લોખંડી, સુક્કી ટોપ, મુનસ્સ્યારી અને પિથોરગઢમાં બરફની સફેદ ચાદર પથરાઈ ગઈ છે.

હવામાન ખાતાએ જે સ્થળો ૨,૫૦૦ મીટર કે એનાથી વધારાની ઊંચાઈએ છે ત્યાં છૂટીછ્વાઈ ભારે હિમવર્ષાની આગાહી કરી છે. આમાં ચંબોલી, ઉત્તરકાશી, રૂઢપ્રયાગ, દેહરાદૂન, પૌરી, પિથોરગઢ અને નૈનીતાલો સમાવેશ થાય છે. મોટા ભાગના વિસ્તારોમાં હવામાન વાદળિયું રહ્યું હતું અને ક્યારેક ઝરમર વરસાદ પણ પડયો હતો.

બદરીનાથ હાઈવે પાંડુકેશ્વર અને બદરીનાથ વચ્ચે બંધ કરાયો છે, કારણ કે અહીં જમા થયેલા બરફના ખડકલાને

(જુઓ પાનું ૨) ▸▸

# નીતીશ રેડ્ડીની લડાયક સદીએ ટીમ ઈન્ડિયાને મુશ્કેલીમાંથી ઉગારી

## વૉશિંગ્ટન સાથે ૧૨૭ રનની યાદગાર ભાગીદારીઃ ભારતના નવ વિકેટે ૩૫૮ રન



મેલબર્નઃ બોર્ડર-ગાવસકર ટ્રોફીની શરૂઆત પહેલાં નીતીશ રેડ્ડી ટેસ્ટ-ક્રિકેટમાં સાવ અજાણ હતો, પણ શનિવારે તેણે ઑસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટ (સવારે ૪.૩૦ વાગ્યાથી લાઇવ)ના ત્રીજા દિવસે લડાયક ખમીર બતાવીને જે દમદાર સદી ફટકારી એને કારણે સમગ્ર ક્રિકેટ જગતમાં છવાઈ ગયો છે. તેણે વૉશિંગ્ટન સુંદર સાથેની આઠમી વિકેટ માટેની ૧૨૭ રનની ઐતિહાસિક ભાગીદારીથી ભારતને ફૉલો-ઑનથી બચાવી લીધું હતું અને એક દાવથી જીતવાની સંભાવના સાથે રમી રહેલા ઑસ્ટ્રેલિયનોની આશા પર પાણી ફેરવી દીધું હતું. ત્રીજા દિવસની રમત વરસાદને કારણે વહેલી સમેટી લેવામાં આવી ત્યારે ભારતનો પ્રથમ દાવનો સ્કોર નવ

(જુઓ પાનું ૨) ▸▸

# પંચતત્ત્વમાં વિલીન થયા મનમોહન સિંહ, રાજકીય સન્માન અને ભીની આંખે દેશે આપી વિદાય

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આજે દિલ્હીના નિગમ બોધ ઘાટ ખાતે રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતા. આ પહેલા કૉંગ્રેસ કાર્યાલયથી નિગમ બોધ ઘાટ સુધી તેમની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. આ અંતિમ યાત્રામાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ સામેલ હતા. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર વખતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પણ હાજર રહ્યા હતા. મનમોહન સિંહની મોટી પુત્રીએ તેમના અંતિમ સંસ્કાર કર્યા હતાં.

પૂર્વ પીએમ મનમોહન સિંહના પાર્થિવ દેગને અંતિમ સંસ્કાર પહેલા લગભગ એક કલાક સુધી કૉંગ્રેસ હેડક્વાર્ટરમાં રાખવામાં આવ્યો હતો. અહીં કૉંગ્રેસના કાર્યકરોની સાથે સામાન્ય જનતાએ પણ તેમના અંતિમ દર્શન કર્યા હતા. મનમોહન સિંહનું ગુરુવારે (૨૬ ડિસેમ્બર) રાત્રે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં નિધન થયું હતું. તેમની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ ભારતના ૧૩મા વડા પ્રધાન હતા અને આ પ્રતિષ્ઠિત પદ સંભાળનાર પ્રથમ શીખ નેતા હતા. મનમોહન સિંહે મે ૨૦૦૪ થી મે ૨૦૧૪ સુધી કેન્દ્રમાં કૉંગ્રેસની આગેવાની હેઠળની સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) સરકારનું નેતૃત્વ કર્યું હતું. ગુરુવારે રાત્રે ૮.૦૬ કલાકે તેમને નવી દિલ્હીની એઈમ્સની મેડિકલ ઈમરજન્સીમાં લાવવામાં આવ્યા હતા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના હાથે કૉંગ્રેસની હાર બાદ તેઓ જાહેર જીવનમાંથી નિવૃત્ત થઇ ગયા હતા ડૉ. મનમોહન સિંહે ઓગસ્ટ ૨૦૨૩માં રાજ્યસભામાં તેમનો છેલ્લો જાહેર દેખાવ કર્યો હતો. તેઓ રાજ્યસભાના સભ્ય હતા. ■



**અંતિમયાત્રાઃ** ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના પાર્થિવ દેહને અંતિમક્રિયા માટે શનિવારે દિલ્હીસ્થિત નિગમબોધ ઘાટ ખાતે લઈ જવામાં આવ્યો હતો. (એજન્સી)

## ભજનલાલ સરકારનો મોટો નિર્ણય

# ગહલોત સરકારના કાર્યકાળમાં રચાયેલા નવ જિલ્લા અને ત્રણ ઝોન રદ

રાજસ્થાનઃ રાજસ્થાનની ભજનલાલ સરકારે ગહલોત સરકારના કાર્યકાળમાં રચવામાં આવેલા નવ જિલ લા અને ત્રણ ઝોન રદ કરવાનો નિર્ણય લીધો છે.

રાજસ્થાનની ભજનલાલ સરકારે જે નવ જિલ્લા રદ કરવાનો નિર્ણય લીધો છે તેમાં દૂદૂ, કેકડી, શાહપૂરા, નીમકાથાના, ગંગાપુર સિટી, જયપુર ગ્રામીણ, જોધપુર ગ્રામીણ, અનૂપગઢ, સાંચૌરનો સમાવેશ થાય છે. રાજસ્થાનમાં હવે ૪૧ જિલ્લા અને સાત ઝોન રહેશે.

મુખ્ય પ્રધાન ભજનલાલે શનિવારે કેબિનેટની બેઠક બોલાવી હતી અને તેમાં અગાઉની કૉંગ્રેસ સરકાર સાથે સંકળાયેલા નિર્ણયો અંગે ફેરવિચારણા કરી નિર્ણય

(જુઓ પાનું ૨) ▸▸

# અફઘાનિસ્તાનનો પાકિસ્તાન પર વળતો હુમલો

## ૧૯ પાકિસ્તાની સૈનિકોનાં મોત થયા હોવાનો અફઘાનિસ્તાનનો દાવો

કાબુલઃ પાકિસ્તાને ગયા અઠવાડિયે કરેલા જીવલેણ હવાઈહુમલોના જવાબમાં અફઘનિસ્તાને શનિવારે પાતિસ્તાન પર વળતો હુમલો કર્યો હતો અને પાકિસ્તાનની અંદર અનેક સ્થળને નિશાન બનાવ્યો હતા, એમ અફઘાન અધિકારીઓએ કહ્યું હતું.

પાકિસ્તાને તાલીમ કેન્દ્રનો નાશ કરવા અને બળવાખોરોની હત્યા કરવા ગયા મંગળવારે પૂર્વ અફઘાનિસ્તાનના પાકતિકા પ્રાન્ત પર હવાઈહુમલો કર્યો હતો.

આ હુમલામાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા જેમાં મોટાભાગે મહિલાઓ અને બાવકોનો સમાવેશ થતો હતો.

તાલિબાન ડિફેન્સ મિનિસ્ટ્રી દ્વારા શનિવારે બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર અમારા દળોએ અસામાજિક તત્વો અને અફઘાનિસ્તાન પર હુમલો કરવામાં સંડોવાયેલા લોકોને નિશાન બનાવી પાકિસ્તાનમાં તેમને સંતાડવા ઉપયોગમાં લેવાયેલા ચોક્કસ સ્થળો અને કેન્દ્રો પર હુમલો કર્યો હતો.

જોકે, કેટલા હુમલા કરવામાં આવ્યા અને હુમલામાં કોઈ જાનહાનિ થઈ કે નહીં તેની જાણકારી તેમણે નહોતી આપી.

એક અહેવાલ મુજબ અફઘાનિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૧૯ પાકિસ્તાની સૈનિકનાં મોત થયા હતા. સરહદપારના આતંકવાદને અટકાવવા તાલિબાન સરકાર પૂરતા પ્રયાસ ન કરી રહી હોવાનો પાકિસ્તાને આક્ષેપ કયોજ્ઞ હતો.

જોકે, તાલિબાન સરકારે પાકિસ્તા દ્વારા કરવામાં આવેલા આ આક્ષેપને એમ કહીને નકારી કાઢ્યો હતો કે અફઘાનિસ્તાન પોતાની જમીન પરથી અન્ય દેશ પર હુમલો કરવાની કોઈને પરવાનગી નહીં આપે. (એજન્સી)■



વરસાદઃ દિલ્હીના આરકે પુરમ વિસ્તારમાં શનિવારે સતત થયેલા વરસાદને કારણે રસ્તાનો અમુક હિસ્સો ધસી પડ્યો હતો. (એજન્સી)

મુંબઈ સમાચાર




ધારાવાહિક નવલકથા..
સૌમથી શનિ... રોજ એક તાજું પ્રકરણ
તમારી આતુરતાનો અંત જલદી!

# નવેમ્બરમાં ૧૧૧ ડ્રગ સેમ્પલ પરીક્ષણમાં ‘ફેલ’

## નક્કી કરેલા માપદંડમાં ઊણાં ઉતરતા ડ્રગ્સને એનએસક્યૂની શ્રેણીમાં મૂકવામાં આવે છે

નવી દિલ્હીઃ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ)એ નવેમ્બરમાં સેન્ટ્રલ ડ્રગ લેબોરેટરીમાં ડ્રગ્સના ૧૧૧ સેમ્પલનું પરીક્ષણ કર્યું હતું અને તે ‘નોટ ઑફ સ્ટાન્ડર્ડ ક્વાલિટી’ (એનએસક્યૂ) હોવાનું જણાઈ આવ્યું હતું, એમ સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું.

આ ઉપરાંત રાજ્યોએ પણ ૭૦ ડ્રગ્સનું પરીક્ષણ કર્યું હતું અને તે પણ એનએસક્યૂ હોવાનું જણાઈ આવ્યું હતું,

નક્કી કરેલા માપદંડમાં ઊણાં ઉતરતા ડ્રગ્સને એનએસક્યૂની શ્રેણીમાં મૂકવામાં આવે છે. સરકારી લેબોરેટરીની ચકાસણીમાં જે ડ્રગ નિષ્ફળ નીવડે તેની સાથે બજારમાં ઉપલબ્ધ કંપનીના અન્ય ઉત્પાદનોને કોઈ લેવાદેવા નથી હોતી.

નવેમ્બરમાં બે ડ્રગના નમૂના ઝેરી હોવાનું જણાઈ આવ્યું હતું જેમાંથી એક નમૂનો બિહાર ડ્રગ્સ કંટ્રોલ ઑથોરિટી અને અન્ય એક નમૂનો સીડીએસસીઓ (ગાઝિયાબાદ) દ્વારા એકત્ર કરવામાં આવ્યો હતો.

ગેરકાયદે અને અજાણ્યા ઉત્પાદક દ્વારા અન્ય કંપનીની બ્રાન્ડના નામનો ઉપયોગ કરી આ ડ્રગનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું.

એનએસક્યૂ અને ઝેરી દવાઓને ઓળખી કાઢવા રાજ્યસ્થિત નિયામક સાથે મળીને નિયમિતપણે પગલાં લેવામાં આવે છે અને આ પ્રકારનાં ડ્રગ્સ તેમ જ દવાઓ બજારમાં ન પહોંચે તેની ખાતરી કરવામાં આવે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# આસામમાં અંદાજિત રૂ. ૭ કરોડનું ડ્રગ્સ જપ્ત, પાંચની ધરપકડ

ગુવાહાટીઃ આસામમાં બે અલગ-અલગ ઓપરેશનમાં અંદાજિત રૂ. ૬ કરોડની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. તેમ જ પાંચ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. આ જાણકારી રાજ્યના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ આપી હતી.

ગુવાહાટી શહેરમાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(એસટીએફ)ના જવાનોએ શુક્રવારે રાત્રે પલટન બજારમાં એક હોટલમાં ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન તેમણે ૪૧૬ ગ્રામ હેરોઇન જપ્ત કર્યું હતું. જેની અંદાજિત કિંમત રૂ. ૨.૭૫ કરોડ આંકવામાં આવે છે. હોટેલમાંથી ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાને એક્સ પર જણાવ્યું કે એસટીએફ આસામ દ્વારા મોડી રાત્રે હાથ ધરવામાં આવેલા નાર્કોટિક્સ વિરોધી અભિયાનમાં ગુવાહાટીના પલટન બજારમાં આવેલી એક હોટલમાંથી ચાર દાણચોરોને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમના કબજામાંથી ૪૧૬ ગ્રામ હેરોઇન મળી આવ્યું હતું. અમે આપણા યુવાનોને પ્રતિબંધિત પદાર્થોના વ્યસનથી બચાવવા માટે આસામ અગેન્સ્ટ ડ્રગ્સના અમારા મિશનને ચાલુ રાખીશું.

સરમાએ વધુમાં જણાવ્યું કે નાગાંવ જિલ્લામાં અન્ય એક ઓપરેશનમાં પોલીસે રૂ. ૩.૫ કરોડથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ મામલે શુક્રવારે રાત્રે એક વ્યક્તિની ધરપકડ પણ કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાને એક્સ પર જણાવ્યું હતું કે ઝડપાયેલા વ્યક્તિ પાસેથી મળેલી માહિતીના આધારે નાગાંવ પોલીસે એક વાહનને અટકાવ્યું હતું અને ઊંડી તપાસ બાદ ૫૩૨.૪૬ ગ્રામ હેરોઇન જપ્ત કર્યું હતું. જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત ૩.૫ કરોડ રૂપિયા છે અને તેને વાહનની ગુપ્ત ચેમ્બરમાં છુપાવવામાં આવ્યું હતું.■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૯–૧૨–૨૦૨૪ થી તા. ૪–૧–૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી મંગળ કર્ક રાશિમાં મધ્યમ ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી બુધ વૃશ્ચિક રાશિમાં અતિચારી ભ્રમણ કરે છે. તા. ૪થીએ માર્ગી બુધ અતિચારી ગતિએ ધનુ રાશિમાં પ્રવેશે છે. વક્રી ગુરુ વૃષભ રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. કુંભ રાશિમાં શુક્ર શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃશ્ચિકમાંથી ધનુ રાશિમાં તા. ૨૯મીએ પ્રવેશે છે. તા. ૧લીએ મકરમાં તા. ૩જીએ કુંભમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંરોકાણની તકને અનુસરી શકશો. નોકરી માટે તા. ૧, ૨, ૩ શુભ જણાય છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. વેપાર વધશે. અર્થવ્યવસ્થાને સફળતાથી વધુ મજબૂત બનાવી શકશો. નવા કારોબારનો પ્રારંભ આ સપ્તાહમાં જણાય છે. કોર્ટ–પ્રશ્નો હળવા થશે. મહિલાઓને કુટુંબ જીવનનો યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને અભ્યાસમાં નિયમિતતાનો અનુભવ થશે. પરીક્ષામાં સફળતા મેળવશો.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૯, ૨, ૪ શુભ જણાય છે. નોકરીના સ્થળમાં બદલી શક્ય છે. નવા કારોબારનો પ્રારંભ પણ થાય. સંતાન કામકાજમાં ઉપયોગી થશે. નાણાંઆવકની વૃદ્ધિ થશે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિમાં સતર્કતા જરૂરી છે. મુસાફરી મહિલાઓએ જન્મકુંડળીના આધારે ગોઠવવી જરૂરી છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહના અભ્યાસમાં નિયમિતતાનો અનુભવ થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંરોકાણ માટે સાનુકૂળ તકો મેળવશો. નોકરીમાં તા. ૩૦, ૩૧, ૪ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોનો સહયોગ મેળવશો. પ્રવૃત્તિઓમાં ઉત્સાહ જળવાશે. કામકાજની નાણાંની આવકની વૃદ્ધિ થશે. નવા કારોબારનો પણ પ્રારંભ થાય તેમ છે. ગૃહિણીઓને પરિવારના પ્રસંગો અને યાત્રાઓ સફળ થતી જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સુખદ બની રહેશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષા મુજબનો વેપાર તથા લાંબા સમયના નાણાંરોકાણની તક મેળવશો. નોકરી માટે તા. ૩૧, ૧, ૨ શુભ જણાય છે. નોકરી તથા નિજી કારોબારમાં આત્મવિશ્વાસ દઢ બનશે. વધુ ઉત્સાહ અને સાહસથી કારોબારમાં સફળતા મેળવી શકશો. નાણાંની આવક વધશે. વ્યવસાયના પ્રવાસો સફળ બની રહેશે. વ્યવસાયની વાટાઘાટો સફળ રહેશે. ગૃહિણીઓને પડોશ મિત્રો સાથેના મતભેદોનો ઉકેલ જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસ નિયમિત જળવાઈ રહેશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબના દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧, ૨, ૪ શુભ જણાય છે. નોકરીના લાભ, નોકરીની સફળતા અનુભવશો. કારોબાર માટે જરૂરી સાધન સામગ્રી, સગવડતા મેળવી શકશો. વેપારની નાણાંની આવક જળવાશે. વેપારના સાધનો પણ મેળવી શકશો. મહિલાઓને કુટુંબ જીવનના મતભેદોનો ઉકેલ જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે અપેક્ષિત પ્રોત્સાહન પ્રાપ્ત થતું જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાંરોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૨૯, ૨, ૩ અપેક્ષામુજબ સફળતાઓ દર્શાવે છે. ભાગીદારીના સંબંધમાં મતભેદોનો ઉકેલ આવશે. ભાઈ–બહેનો સાથેનો નાણાંવ્યવહાર પણ સફળતાથી સંપન્ન થશે. મિલકત, વાહન માટે સફળ નિર્ણયો લઈ શકશો. મહિલાઓને કારોબારમાં યશસ્વી અનુભવ થાય. પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક જવાબદારીના કામકાજ પૂર્ણ થતાં જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ દર્શાવે છે. નોકરી માટે તા. ૩૦, ૩૧, ૪ના નિર્ણયો શુભ બની રહેશે. નોકરીમાં આત્મવિશ્વાસ અને કાર્યદક્ષતા દ્વારા પૂર્ણપણે સફળતા મેળવી શકશો. વેપારના વિકાસ માટેના પ્રયત્નો સફળ રહેશે. મિલકતના લે–વેંચના કામકાજ સફળ પુરવાર થશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા જાળવવામાં સફળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંરોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજની સફળતા જણાય છે. નોકરીમાં અધિકારીનું માર્ગદર્શન મેળવશો. વેપારની નાણાંઆવક જળવાઈ રહેશે તથા વેપાર સફળ પુરવાર થશે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલીમાં સફળતા મેળવશો. વારસાગત મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવશે. મહિલાઓને નોકરીમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં તા. ૩૦, ૩૧, ૪ સફળતા દર્શાવે છે. રાજકારણ, સામાજિક પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. ભાગીદાર ઉપયોગી થાય. મિત્રોમાં યશસ્વી અનુભવ થાય. જૂનાં નાણાંના લેવડદેવડના કામકાજ આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. ઉઘરાણીના નાણાંની વસૂલી થાય. મહિલાઓને આ સપ્તાહમાં અધિકારીનો સહયોગ નોકરીમાં સફળતા દર્શાવશે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં નિયમિતતાનો અનુભવ થશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં નાણાંલાભ જણાય છે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૨, ૩ સફળતા દર્શાવે છે. વ્યવસાયના મિત્રો, ભાગીદારોમાં પરિવર્તનો જણાય છે. નાણાંપ્રાપ્તિના સાધનો વધુ ઉપયોગી બની રહેશે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં સાવધાની દાખવવી જરૂરી છે. અપયશનો ભય હોય સતર્ક રહેવું. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારજનો માટે કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો સફળ પુરવાર થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અનુભવ કાર્યક્ષમતાનો પૂર્ણપણે ઉપયોગ કરી શુભ ગોચરનું ફળ અનુભવી શકશો. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૪ શુભ જણાય છે. કાર્યક્ષેત્રે વ્યક્તિગત મૂંઝવણો દૂર થશે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી સફળ થાય. વ્યક્તિગત પ્રભાવ, યશ, માન–પાન જળવાય રહેશે. કારોબારની નાણાંઆવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને સંતાનના જવાબદારીના કામો પૂર્ણ કરવામાં સફળતા જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓએ વાંચન અભ્યાસ માટે નિયમિતતા માટે સતર્કતા દાખવવી જરૂરી રહેશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંરોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી જણાય છે. નોકરીના તા. ૨૯, ૩૦, ૩૧ના કામકાજમાં સફળતા મેળવશો. કારોબારમાં આત્મવિશ્વાસ વધશે. અર્થવ્યવસ્થા વધુ સક્ષમ બનશે. વેપારના મિત્રો ઉપયોગી થાય. નાણાંની આવકની વૃદ્ધિ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની તક પ્રાપ્ત થતી જણાશે. ગૃહિણીઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે.

## આજનું પંચાંગ

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, રવિવાર, તા. ૨૯–૧૨–૨૦૨૪, શિવરાત્રિ, વિંછુડો સમાપ્તિ

ભારતીય દિનાંક ૮, માહે પૌષ, શકે ૧૯૪૬

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ – ૧૪

જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ–૧૪

પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩

મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬

મીસરી રોજ ૨૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬

નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૩–૨૧ સુધી, પછી મૂળ.

ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૩–૨૧ સુધી, પછી ધનુમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૨ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–

ભરતી : સવારે ક. ૧૦–૩૬, રાત્રે ક. ૨૩–૪૧

ઓટઃ સાંજે ક. ૧૬–૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૪૮ (તા. ૩૦)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘‘ક્રોધી’ નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ – ચતુર્દશી. શિવરાત્રિ, વિંછુડો સમાપ્તિ ક. ૨૩–૨૧, વિષ્ટિ સમાપ્ત ક. ૧૫–૫૧.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઔષધ ઉપચાર, ઈન્દ્રદેવતાનું પૂજન, બુધ ગ્રહદેવતાનું પૂજન, શિવરાત્રિ વ્રત ઉપવાસ જાગરણ, શિવપરિવાર પૂજા, રુદ્રાભિષેક, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, સત્યનારાયણ દેવતાનું પૂજન કથા–વાંચન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, ગાયત્રી જાપ, હવન, ભગવાન સૂર્યનારાયણની પૂજા, અર્ઘ્ય પ્રદાન, પ્રયાણ મધ્યમ, નિત્ય થતાં ખેતીવાડી પશુ લે–વેંચના કામકાજ, પ્રાણી પાળવા, હજામત.

આચમનઃ ચંદ્ર–બુધ યુતિ દઢતા દાખવી શકે. ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ કુટિલ ચિત્તવાળા.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ યુતિ, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૩૦)

ગોચરગ્રહોઃ સૂર્ય–ધનુ. વક્રી મંગળ–કર્ક, માર્ગી બુધ–વૃશ્ચિક, વક્રી ગુરુ–વૃષભ, શુક્ર– કુંભ, માર્ગી શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૯–૧૨–૨૦૨૪ થી તા. ૪–૧–૨૦૨૫

રવિવાર, માર્ગશીર્ષ વદ–૧૪, વિ. સં. ૨૦૮૧, તા. ૨૯મી ડિસેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૩–૨૧ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૩–૨૧ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, વિંછુડો સમાપ્તિ ક. ૨૩–૨૧, વિષ્ટિ સમાપ્ત ક. ૧૫–૫૧. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, માર્ગશીર્ષ વદ–૩૦, તા. ૩૦મી નક્ષત્ર મૂળ રાત્રે ક. ૨૩–૫૬ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. દર્શઅમાસ, સોમવતી અમાસ, પાવાગઢ યાત્રા, કાલબાદેવી યાત્રા (મુંબઈ) અન્વાધાન. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, પૌષ સુદ–૧, તા. ૩૧મી, નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રે ક. ૨૪–૦૩ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ પૌષ શુક્લ પક્ષ પ્રારંભ. સામાન્ય દિવસ.વાસ્તુ –કળશ

બુધવાર, પૌષ સુદ–૨, તા. ૧લી, નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૩–૪૫ સુધી, પછી શ્રવણ. ચંદ્ર ધનુમાં સવારે ક. ૦૬–૦૦ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મું. ૪૫,ખ્રસ્તી નવું વર્ષ ૨૦૨૫ પ્રારંભ. શુભ દિવસ.

ગુરુવાર, પૌષ સુદ–૩ તા. ૨જી, નક્ષત્ર શ્રવણ રાત્રે ક.૨૩–૧૦ સુધી, પછી ધનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. મુસ્લિમ ૭મો રજ્જબ માસારંભ. શુભ દિવસ.

શુક્રવાર, પૌષ સુદ–૪, તા. ૩જી, નક્ષત્ર ધનિષ્ઠા રાત્રે ક. ૨૨–૨૧ સુધી, પછી શતભિષા. ચંદ્ર મકરમાં સવારે ક. ૧૦–૪૭ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, પંચક પ્રારંભ ૧૦–૪૭, ભદ્રા ક. ૧૨–૨૪થી રાત્રે ૨૩–૨૯. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, પૌષ સુદ–૫, તા. ૪થી, નક્ષત્ર શતભિષા ૨૧–૨૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, પંચક પ્રારંભ સવારે ક. ૧૦–૪૭, ભદ્રા ક. ૧૨–૨૪ થી ૨૩–૩૯. (સવારે ક. ૧૦–૦૮ સુધી શુભ),બુધ ધનુમાં બપોરે ક.૧૨–૦૪ .

# સરકારે મનમોહન સિંહની અંતિમવિધિ નિગમબોધ ઘાટમાં કરી તેમનું અપમાન કર્યુંઃ કૉંગ્રેસ

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે દેશના પ્રથમ શીખ વડા પ્રધાન મનમોહન સિંહની અંતિમક્રિયા નિગમબોધ ઘાટમાં કરીને તેમનું અપમાન કર્યું છે એવો આક્ષેપ કૉંગ્રેસે શનિવારે કર્યો હતો. કૉંગ્રેસનું કહેવું હતું કે અંતિમક્રિયા એવા સ્થળે કરવી જોઈતી હતી જ્યાં પછી તેમનું સ્મારક બનાવી શકાય. વિરોધ પક્ષોએ કેન્દ્રને પત્ર લખીને વિનંતી કરી હતી કે મનમોહનના મૃતદેહના અગ્નિસંસ્કાર એવા સ્થળે કરો જ્યાં તેમનું સ્મારક બનાવી શકાય.

આ બાબતે રાજકીય ચરુ ઊકળ્યો તો કેન્દ્રે એવો ખુલાસો કર્યો હતો કે સ્મારક બાંધવાનો નિર્ણય આ અગાઉ જ લેવામાં આવ્યો છે અને જગ્યા શોધવા ટ્રસ્ટની રચના કરવામાં આવશે. લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભારતમાતાના મહાન સપૂત અને શીખ કોમના પ્રથમ વડા પ્રધાન મનમોહન સિંહનું શનિવારે નિગમબોધ ઘાટમાં અગ્નિસંસ્કાર કરીને અપમાન કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું હતું કે મનમોહન દસ વર્ષ વડા પ્રધાન રહ્યા હતા અને તેમની મુદત દરમિયાન ભારત આર્થિક મહાસત્તા બન્યું હતું. તેમની નીતિઓ હજી પણ ગરીબ અને પછાત વર્ગને ટેકો આપે છે. આજ સુધી બધા ભૂતપૂર્વ વડા પ્રધાનોનું માન જાળવીને તેમની અંતિમક્રિયા જ્યાં સત્તાવાર સ્મારક બાંધવાનું હોય ત્યાં કરાય છે જેથી દરેક વ્યક્તિ તેમનાં અંતિમ દર્શન કરી શકે અને તેમને કોઈ પણ અગવડ વિના અંજલિ આપી શકે. ડૉ. મનમોહન સિંહ આપણા સર્વોચ્ચ સમ્માન અને સ્મારકના હક્કદાર છે. (એજન્સી)

# દિલ્હીમાં ૪૧.૨ મિ.મી. વરસાદ સાથે ૧૦૧ વર્ષમાં ડિસેમ્બરમાં સૌથી વધુ વરસાદ નોંધાયો

નવી દિલ્હીઃ દિલ્હીમાં શનિવારે સવારે ૮-૩૦ વાગ્યા સુધીના છેલ્લા ૨૪ કલાકમાં ૪૧.૨ મીમી વરસાદ નોંધાયો હતો, જે ૧૦૧ વર્ષોમાં ડિસેમ્બરમાં એક દિવસનો સૌથી વધુ વરસાદ છે. આ જાણકારી હવામાન વિભાગે આપી હતી.

ભારતીય હવામાન વિભાગ (આઇએમડી)ના જણાવ્યા અનુસાર રાજધાનીમાં ત્રીજી ડિસેમ્બર, ૧૯૨૩ના રોજ મહિનામાં એક દિવસમાં સૌથી વધુ ૭૫.૭ મીમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના એક અધિકારીના જણાવ્યા મુજબ આ વરસાદ સાથે ડિસેમ્બર ૨૦૨૪ માસિક વરસાદની દૃષ્ટિએ રેકોર્ડ વર્ષ ૧૯૦૧ પછીનો પાંચમો સૌથી વરસાદી મહિનો બની ગયો છે. આઇએમડી અધિકારીએ કહ્યું કે આજે સવારે ૮-૩૦ વાગ્યે સમાપ્ત થતા ૨૪ કલાકનો સંચિત વરસાદ ૧૯૦૧ પછી સફદરજંગમાં બીજો સૌથી વધુ વરસાદ છે.

માસિક વરસાદ પાંચમો સૌથી વધુ વરસાદ છે. ૨૪ કલાકનો સંચિત વરસાદ છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા વરસાદને દર્શાવે છે, જે આપેલી તારીખે સવારે ૮-૩૦ વાગ્યે સમાપ્ત થાય છે.

આ દરમિયાન શનિવારે દિલ્હીમાં આકાશ વાદળછાયું રહ્યું હતું. હવામાન વિભાગે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી અને દિવસ માટે યલો એલર્ટ જારી કર્યું હતું.

# કેટી રામારાવને ઈડીનું તેડું

હૈદરાબાદ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)ના નેતા કેટી રામારાવ અને બીજાઓને મની લોન્ડરિંગ કેસમાં આવતા મહિને પૂછપરછ માટે સમન્સ મોકલાવ્યા છે. સત્તાવાર સૂત્રોએ શનિવારે માહિતી આપી હતી કે હૈદરાબાદમાં ફેબ્રુઆરી ૨૦૨૩માં યોજાયેલી ફોર્મ્યુલા-ઈ રેસ દરમિયાન થયેલી ગેરરીતિના કેસ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં આ બધાને બોલાવામાં આવ્યા છે. ઈડીએ ગયા અઠવાડિયે તેલંગણા પોલીસ એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી)ની ફરિયાદને ધ્યાનમાં લઈને પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની વિવિધ કલમો હેઠળ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રીપોર્ટ અથવા તો એફઆઈઆર નોંધાવ્યો હતો.

તેલંગણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવના પુત્ર અને બીઆરએસના કાર્યવાહક પ્રમુખ કે. ચંદ્રશેખર રાવને તેમનું નિવેદન નોંધાવવા સાત જાન્યુઆરીએ આવવાનું સમન્સ મોકલવામાં આવ્યું છે. સિનિયર આઈએએસ ઓફિસર અરવિંદ કુમારને બીજી જાન્યુઆરીએ અને નિવૃત્ત અમલદાર તથા હૈદરાબાદ મેટ્રોપલિટન ડેવલપમેન્ટ ઓથોરિટીના ભૂતપૂર્વ ચીફ એન્જિનીયર બીએલએન રેડ્ડીને ત્રીજી જાન્યુઆરીએ પૂછપરછ માટે બોલાવામાં આવ્યા છે.

બીઆરએસના શાસનમાં ૨૦૨૩માં ફોર્મ્યુલા-ઈરેસનું આયોજન કરવા ૫૫ કરોડ રૂપિયાની ચૂકવણી અને આમાંનો થોડો ભાગ પરવાનગી લીધા વિના વિદેશી ચલણમાં કરવા બદલ ૪૮ વર્ષના રામા રાવ સામે તપાસ ચાલી રહી છે.

# મેક્સિકોના અખાતના કાંઠે બસ અને ટ્રક વચ્ચે અથડામણઃ આઠનાં મોત

મેક્સિકો સિટીઃ મેક્સિકોના અખાતના દરિયાકાંઠે શુક્રવારે બસ અને ટ્રક વચ્ચે ભીષણ અથડામણ થઇ હતી. જેમાં આઠ લોકોનાં મોત નીપજ્યા હતા. જ્યારે ૨૭ લોકો ઘાયલ થયા હતા. વેરાક્રુઝ રાજ્યના પ્રોસિક્યુટર્સના જણાવ્યા અનુસાર આ અકસ્માત રાજ્યની રાજધાની જાલપા નજીક હાઇવે પર વહેલી સવારે થયો હતો. તેમણે જણાવ્યું કે અકસ્માતમાં મોટાભાગના લોકો બસમાં સવાર લોકો હતા. મૃતકોમાં ત્રણ પુરુષ, ચાર મહિલા અને એક કિશોરીનો સમાવેશ થાય છે. જ્યારે અકસ્માતમાં ઘાયલ ૨૭ લોકો સ્થાનિક હૉસ્પિટલોમાં સારવાર હેઠળ છે. પરંતુ તેમની સ્થિતિ વિશે તાત્કાલિક કોઇ માહિતી ઉપલબ્ધ નથી. અકસ્માત ક્યા કારણોસર થયો તે હજુ સ્પષ્ટ નથી. પરંતુ આ પહાડી વિસ્તારમાં રસ્તાઓ પર ઘણા જોખમી વળાંકો આવેલા છે.

# અમેરિકામાં જેકપોટે એક અબજ ડૉલરની સપાટી વટાવી

એટલાન્ટા : અમેરિકામાં લોટરીનો જેકપોટ એક અબજ ડૉલરથી વધી ગયો છે. ત્રણ મહિના પછી કોઈએ ટોચનું ઈનામ જીત્યા વિના, કેલિફોર્નિયામાં શુક્રવારે રાત્રે ડ્રોઈંગ માટે અંદાજિત ૧.૨૨ અબજ ડૉલરની ટિકિટ વેચાઈ હતી. શુક્રવાર સહિત દેશના ટોચના ૧૦ જેકપોટ્સે પહેલાથી જ ૧૦–આંકડાની એટલે કે એક અબજ ડૉલરની ચૂકવણીની જાહેરાત કરી છે. જોનાથન ડી. કોહેન, ૨૦૨૨ પુસ્તક ‘‘ફોર અ ડૉલર એન્ડ અ ડ્રીમઃ સ્ટેટ લોટરીઝ ઇન મોડર્ન અમેરિકા’’ માં કોહેને કહ્યું છે કે ‘‘એક અબજ પછી કોઈ સરળ રાઉન્ડ નંબર નથી, પરંતુ, એક વ્યક્તિને સંભવતઃ, સંભવતઃ, સંભવતઃ કેટલા પૈસાની જરૂર પડી શકે છે?’’

## પહેલા પાનાનું ચાલુ

### ભારે હિમવર્ષા

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક લોકોએ માનવતાભર્યું વલણ અપનાવ્યું હતું અને ભારે હિમવર્ષા તેમ જ ખરાબ હવામાનને કારણે અટવાઈ ગયેલા પર્યટકોના ગ્રૂપને આશરો આપવા મસ્જિદના દરવાજા ખોલી નાખ્યા હતા.

સોનમર્ગથી શુક્રવારે પરત ફરી રહેલા પંજાબના ડઝનેક પર્યટક ભારે હિમવર્ષાને કારણે અધવચ્ચે અટવાઈ ગયા હતા. તેમનું વાહન બરફમાં ફસાઈ ગયું હતું. આસપાસ કોઈ હોટલ પણ નહોતી અને જે ઘર હતું તે ખૂબ જ નાનું હોવાને કારણે તેમાં આટલા બધા લોકોને સમાવી શકાય એમ નહોતું.

સ્થાનિક રહેવાસીઓએ ફસાયેલા આ પર્યટકોને આશરો આપવા જામિયા મસ્જિદના દ્વાર ખોલી દીધા હતા અને માનવતાનું પ્રદર્શન કર્યું હતું. આ જ સંભવિત શક્ય ઉકેલ હતો, એમ તેમણે કહ્યું હતું.

શ્રીનગરમાં અંદાજે આઠ ઈંચ, પડોશી ગંડરબાલમાં સાત ઈંચ, સોનમર્ગમાં આઠ ઈંચ બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું.

શ્રીનગર-લેહ હાઈવે સ્થિત ઝોઝિલામાં ૧૫ ઈંચ બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું.

બડગામમાં સાત ઈંચ તો અનંતનાગ જિલ્લામાં ૧૭ ઈંચ બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું. ઉત્તર કાશ્મીર જિલ્લાના પર્વતીય વિસ્તારોમાં ૨૪ ઈંચ અને પહેલગામમાં ૧૮ ઈંચ કરતાં પણ વધુ બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું.

પુલવામા જિલ્લાના અનેક વિસ્તારમાં ૧૦થી ૧૫ ઈંચ, પડોશી કુલગામમાં ૧૮થી પચીસ ઈંચ અને સોપિયામાં ૧૮ બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું.

ઉત્તર કાશ્મીરના બાંદીપોરાના મેદાની વિસ્તારમાં ચાર ઈંચ અને ગુરેઝ સહિતના પર્વતીય વિસ્તારમાં છ થી ૧૦ ઈંચ બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું.

બારામુલ્લા જિલ્લામાં ચારથી નવ ઈંચ અને સ્કી રિસોર્ટ તરીકે જાણીતા ગુલમર્ગમાં ૧૫ ઈંચ બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું.

ભારે હિમવર્ષાને કારણે સ્થાનિકો અને પર્યટકો આનંદમાં આવી ગયા હતા, પરંતુ ભારે હિમવર્ષાને કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું.

ભારે હિમવર્ષાને કારણે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે નં.૪૪ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હોવાનું પરિવહન ખાતાના અધિકારીઓએ જણાવ્યું હતું.

હવામાન ન સુધરે અને રસ્તાઓ પરથી બરફ ન ખસેડાય ત્યાં સુધી લોકોને પ્રવાસ ટાળવાની સલાહ આપવામાં આવી છે.

ભારે હિમવર્ષા અને ખરાબ હવામાનને કારણે અનેક ફ્લાઈટ રદ કરવામાં આવતાં વિમાનસેવા ખોરવાઈ ગઈ હતી. ખરાબ હવામાનને કારણે શનિવારે સવારથી કોઈ વિમાન ઉડાન ભરી શક્યું નહોતું. અપડેટ માટે પ્રવાસીઓને સંબંધિત ઍરલાઈન્સનો સંપર્ક કરવા જણાવી દેવામાં આવ્યું હતું.

રનવે પરથી બરફ હટાવવામાં આવી રહ્યો છે, પરંતુ હવામાન ન સુધરે ત્યાં સુધી વિમાનસેવા ફરી શરૂ થાય તેવી શક્યતા ન હોવાનું તેમણે કહ્યું હતું.

મુખ્ય રસ્તાઓ સહિત હૉસ્પિટલ જતા રસ્તાઓ પરનો બરફ હટાવી લેવામાં આવ્યો હતો, પરંતુ અંતરિયાળ વિસ્તારના રસ્તાઓ પરનો બરફ હટાવી શકાયો ન હોવાનું તેમણે કહ્યું હતું. રસ્તાઓ પર બરફ છવાઈ જતાં રસ્તાઓ સ્લિપરી બની જતાં વાહનચાલકોને વાહન ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા પરિસ્થિતિ પર દેખરેખ રાખી રહ્યા છે અને તેઓ પીડીડીની ટીમ સાથે સતત સંપર્કમાં છે.

કાશ્મીર વિસ્તારમાં ૪૪ કેવીના ૪૧ ટ્રાન્સફોર્મર અને ૭૩૯ ફીડરની સેવા ખોરવાઈ ગઈ છે. પરિસ્થિતિને પૂર્વવત કરવાના પ્રયાસ ચાલુ છે.

ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને શનિવારે યોજાનારી તમામ પરીક્ષાઓ રદ કરવામાં આવી હતી.

શુક્રવારે રાત્રે શ્રીનગરમાં માઈનસ એક ડિગ્રી તાપમાન નોંધાયું હતું જે અગાઉની રાત્રીના નોંધાયેલા માઈનસ ૭.૩ ડિગ્ર કરતાં છ ડિગ્રી જેટલું વધુ હતું.

ગુલમર્ગમો માઈનસ પાંચ ડિગ્રી તો અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ તરીકે જાણીતા પહેલગામમાં માઈનસ ૨.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

કાઝિગંજમાં માઈનસ ૦.૬ ડિગ્રી અને કોનિબાલમાં માઈનસ ૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઉત્તર કાશ્મીરના કુપવાડામાં માઈનસ ૧.૨ ડિગ્રી અને દક્ષિણ કાશ્મીરના કોકેરનાગમાં માઈનસ ૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

કાશ્મીર હાલ ‘ચિલ્લેકલાં’ની પકડમાં છે. ૨૧ ડિસેમ્બરથી શરૂ થતા અને ૪૦ દિવસ ચાલતા આ સમયગાળાને સૌથી મુશ્કેલ માનવામાં આવે છે. આ સમયગાળામાં સૌથી વધુ હિમવર્ષા થાય છે અને તાપમાનમાં પણ ભારે ઘટાડો નોંધાય છે. ચિલ્લેકલાં આવતા વર્ષની ૩૦ જાન્યુઆરીએ પૂરો થશે. ત્યાર બાદ ૨૦ દિવસનો ‘ચિલ્લેઈ ખુર્દ’ અને પછી ૧૦ દિવસનો ‘ચિલ્લેઈ બચ્ચા’નો સમયગાળો શરૂ થશે. (એજન્સી)

### નીતીશ રેડ્ડીની લડાયક સદી

વિકેટે ૩૫૮ રન હતો. ૨૧ વર્ષનો પેસ બોલિંગ ઑલરાઉન્ડર નીતીશ રેડ્ડી ૧૭૬ બૉલમાં એક સિક્સર અને દસ ફોરની મદદથી ૧૦૫ રન બનાવીને નૉટઆઉટ રહ્યો હતો. સ્પિન-ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર પણ યાદગાર ઇનિંગ્સ રમ્યો હતો અને તેણે ૧૬૨ બૉલમાં એક ફોરની મદદથી ૫૦ રન બનાવ્યા હતા.

બન્ને યુવાન ઑલરાઉન્ડરે ૧૪૭ વર્ષ જૂની ટેસ્ટ-ક્રિકેટની ૧૮૭૭ની સાલની સૌપ્રથમ મૅચના ઐતિહાસિક મેદાન મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) પર ઑસ્ટ્રેલિયાના પડકારરૂપ બોલર્સનો સમજદારી તથા હિંમતથી સામનો કર્યો હતો અને ૧૨૭ રનની પાર્ટનરશિપ કરીને ભારતને મોટી મુસીબતમાંથી ઉગાર્યું હતું. તેમની ૧૨૭ રનની પાર્ટનરશિપ ઑસ્ટ્રેલિયાની ધરતી પર ભારતીયોની છેલ્લી ત્રણ વિકેટ માટેની ભાગીદારીઓમાં બીજા નંબરે છે. સચિન તેન્ડુલકર અને હરભજન સિંહ વચ્ચે ૨૦૦૮માં સિડનીમાં આઠમી વિકેટ માટે ૧૨૯ રનની ભાગીદારી થઈ હતી. એકંદરે, ઑસ્ટ્રેલિયા સામે છેલ્લી ત્રણ વિકેટ માટેની (આઠમા, નવમા, દસમા સ્થાન માટેની) તમામ પાર્ટનરશિપમાં આ સંયુક્ત રીતે ત્રીજા નંબરે છે. ૨૦૧૩માં ધોની-ભુવનેશ્વર વચ્ચે ચેન્નઈમાં નવમી વિકેટ માટે ૧૪૦ રનની, ૨૦૦૮માં સચિન-હરભજન વચ્ચે આઠમી વિકેટ માટે સિડનીમાં ૧૨૯ રનની અને ૧૯૭૯માં ઘાવરી-કિરમાણી વચ્ચે વાનખેડેમાં આઠમી વિકેટ માટે ૧૨૭ રનની ભાગીદારી થઈ હતી.

ઑસ્ટ્રેલિયાના પહેલા દાવમાં ૪૭૪ રન હતા એટલે ભારત હવે તેમનાથી માત્ર ૧૧૬ રન પાછળ છે. એક સમયે ભારતે ૧૫૯ રનમાં પાંચ વિકેટ ગુમાવી ત્યારે એવું લાગતું હતું કે ફૉલો-ઑન થવું પડશે. જોકે નીતીશ રેડ્ડી અને વૉશિંગ્ટને ટીમની આબરૂ સાચવી લીધી. શનિવારની રમત શરૂ થઈ ત્યારે ફૉલો-ઑનથી બચવા ૧૧૧ રન જરૂરી હતા. રમતના આરંભમાં ભારતનો સ્કોર પાંચ વિકેટે ૧૬૪ રન હતો. રિષભ પંત છ રને અને રવીન્દ્ર જાડેજા ચાર રને રમી રહ્યા હતા. ૧૯૧ રનના સ્કોર પર પંત ૨૮ રનના પોતાના સ્કોર પર સ્કૉટ બૉલેન્ડના બૉલમાં ખોટા શૉટ સિલેક્શનમાં લેગ ગલીમાં નૅથન લાયનને કૅચ આપી બેઠો હતો. ત્યાર પછી જાડેજા સાથે નીતીશ રેડ્ડી જોડાયો હતો. જોકે ૨૨૧ રનના ટીમ-સ્કોર પર જાડેજાનો લાયને એલબીડબ્લ્યૂમાં શિકાર કરી લેતાં ભારતીય ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી. પછીથી નીતીશ-વૉશિંગ્ટનની જોડીએ ક્રીઝ પર ટકી રહીને ટીમને ફૉલો-ઑનનું વિઘ્ન પાર કરી આપ્યું હતું.

કૅપ્ટન પૅટ કમિન્સ તથા સ્કૉટ બૉલેન્ડે ત્રણ-ત્રણ વિકેટ અને નૅથન લાયને બે વિકેટ લીધી હતી. યશસ્વી જયસ્વાલ શુક્રવારે ૮૨ રન બનાવીને રનઆઉટ થયો હતો. મિચલ સ્ટાર્કને ૮૬ રનમાં અને મિચલ માર્શને ૨૮ રનમાં વિકેટ નહોતી મળી.

### હિમવર્ષા અને વરસાદને લીધે ઉત્તરાખંડ

દૂર કરવામાં આવી રહ્યો છે. અધિકારીઓએ કહ્યું હતું કે ચીનની સરહદ સાથે જોડતા જોશીમઠ-નીતી હાઈવેને સુરૈઈથોટાની આગળ બંધ કરી દેવાયો છે, જ્યારે ચમોલી-કુંડ નેશનલ હાઈવે જે કેદારનાથ અને બદરીનાથને જોડે છે એને ધોતીબંદર અને મક્કુ બેન્જ વચ્ચે બંધ કરી દેવાયો છે. ચંબોલી ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરે કહ્યું હતું કે હિમવર્ષાની માઠી અસર ૬૫થી વધારે ગામો પર પડી છે. વરસાદને લીધે નૌટી વિસ્તારમાં ૧૦ ગામનો વીજળી પુરવઠો ખોરવાયો છે. ૩૩ કેવીની લાઈનમાં ખામી સર્જાતા ડેવાલ ડેવલપમેન્ટ બ્લોકના બધા ગામોમાં વીજળી ડુલ થઈ ગઈ છે. નવા વર્ષની ઉજવણી માટે સહેલાણીના માનીતા સ્થળ મશુરીમાં ૩૧ ડિસેમ્બર માટે ૭૦ ટકા બુકિંગ આ અગાઉ જ થઈ ગયું છે., એવી માહિતી મશુરી હોટેલ એસોસિયેશનના પ્રમુખ સંજય અગ્રવાલે આપી હતી. (એજન્સી)

### ગહલોત સરકાર

લેવામાં આવ્યો હતો.

રાજસ્થાનની અગાઉની ગેહલોત સરકારે વિધાનસભા ચૂંટણી અગાઉ ૧૭ નવા જિલ્લા અને ત્રણ ઝોનની રચના કરી હતી જેમાંથી નવ નવા જિલ્લા રદ કરી દેવામાં આવતાં તેમાંથી હવે માત્ર આઠ જિલ્લા રહેશે જેમાં બાલોતરા, વ્યાવર, ડીડવાના-કુચામન, કોટપૂતલી-બહરોડ, ખૈરથલ-તિજારા, ફલૌદી અને સલૂમ્બરનો સમાવેશ થાય છે.

કેબનિટની બેઠક બાદ પ્રધાન જોગારામ પટેલે કહ્યું હતું કે કૉંગ્રેસે કોઈપણ પ્રકારનો અભ્યાસ કર્યા વિના જ નવા જિલ્લા અને ઝોનની રચના કરી દીધી હતી જેની ખરેખર જરૂર જ નહોતી. નવા જિલ્લા અને ઝોનની રચનાને કારણે રાજ્ય સરકાર પર આર્થિક બોજો પણ વધી ગયો હતો.

ભજનલાલ સરકારે નવા જિલ્લા અને ઝોનની જરૂર છે કે નહીં તેનો અભ્યાસ કર્યા બાદ આ નિર્ણય લીધો હોવાનું તેમણે કહ્યું હતું.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે લોથલ ખાતે નિર્માણાધીન દેશના પ્રથમ નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સની કાર્યપ્રગતિની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય શિપિંગ અને પોર્ટ પ્રધાન સર્વાનંદ સોનોવાલ, કેન્દ્રીય શ્રમ અને રમત-ગમત પ્રધાન મનસુખ માંડવિયા સાથે ગુજરાતના પ્રાચીન વારસાના મહત્ત્વપૂર્ણ સ્થળ લોથલ ખાતે નિર્માણાધીન મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ'ની સ્થળ મુલાકાત લઈને હાથ ધરવામાં આવી રહેલાં કામોની સમીક્ષા કરી હતી.

'નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સનો તબક્કો એક હાલ નિર્માણાધીન છે. આ તબક્કા હેઠળ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેમાં છ ગેલેરીઓનો સમાવેશ કરવામાં આવશે. આ ગેલેરીમાં આઈએનએસ નિશાંક, સી હેરિયર ઍરક્રાફ્ટ અને યુએચ ૩ હેલિકોપ્ટર જેવાં નૌકાદળનાં યુદ્ધ જહાજો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ વિશાળ નેશનલ મેરી ટાઈમ હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાતના સમૃદ્ધ પ્રાચીન સામુદ્રિક વારસાની વિરાસતને આધુનિક યુગના આયામો સાથે જોડીને નિર્માણ થઈ રહેલું આ મ્યુઝિયમ 'વિરાસત ભી વિકાસ ભી'ના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ધ્યેયને સાકાર કરશે. ■

# મહિસાગરના વીરપુરમાં સ્કૂલમાંથી મળેલા રમકડાથી રમતાં લિથિયમ બેટરી ફૂટી: વિદ્યાર્થીએ આંખ ગુમાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં બીજા ધોરણના વિદ્યાર્થીઓને ઇન્ટરનેશનલ સ્કૂલમાંથી રોબોટિક રમકડું આપવામાં આવ્યું હતું. આ રમકડાથી રમતાં તેમાં રહેલી લિથિયમ બેટરી ફાટતાં એક વિદ્યાર્થીને આંખ તેમ જ શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી. તેને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વીરપુર તાલુકાના લાલસર ચોકડી પાસે મા ગાયત્રી ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રોબોટિક રમકડું આપવામાં આવ્યું હતું. વિરેન્દ્રસિંહ ઠાકોર નામનો વિદ્યાર્થી તેના ઘરે આ રમકડાથી રમતો હતો એ દરમિયાન રમકડામાં રહેલી લિથિયમ બેટરી ફાટતાં વિદ્યાર્થીની આંખ અને શરીરના અન્ય ભાગે ઈજા પહોંચી હતી.

આ ઘટના બનતા વિદ્યાર્થીના પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા અને વિદ્યાર્થીને સારવાર માટે સૌથી પહેલાં અમદાવાદ લાવવામાં આવ્યો હતો ત્યાર બાદ વધુ સારવાર માટે લુણાવાડાની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવમાં વિદ્યાર્થીએ તેની આંખ ગુમાવી હતી. આ ઘટના બનતાં અનેક સવાલો ઊભા થયા હતા. સ્કૂલના વિદ્યાર્થીઓને રમકડું આપવા માટે સ્કૂલ સામે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ તેવી લોકોએ માગ કરી હતી. ■

# અમદાવાદના હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ: ૪૦ ટકા જેટલાં કારખાનાં બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વૈશ્વિક કારણોથી સુરત અને અમદાવાદના હીરા ઉદ્યોગમાં દિવાળીના વૅકેશન બાદ પણ મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. જેથી રત્નકલાકારોની સ્થિતિ કફોડી બની રહી છે. અમદાવાદના હીરા ઉદ્યોગકારોનું દિવાળીનું મિનિ વૅકેશન પૂર્ણ થયા બાદ સામાન્ય રીતે લાભ પાંચમ અને દેવ દિવાળી પછી હીરા ઉદ્યોગ ધમધમવા લાગે છે, પરંતુ દિવાળી બાદ બે મહિના જેટલો સમય થયો છતાં ફક્ત ગણ્યાગાંઠ્યાં કારખાનાં શરૂ થયાં છે. મંદીનું ગ્રહણ લાગેલાં હીરાનાં કારખાનાં હજી ખૂલ્યાં નથી. કારખાનાં બહાર ખંભાતી તાળાં જોવા મળી રહ્યાં છે. મંદીના કારણે અમદાવાદમાં માત્ર ૬૦ ટકા જેટલાં જ કારખાનાં શરૂ થયાં છે, હજુ ૪૦ ટકા જેટલાં હીરાનાં કારખાનાં બંધ પડ્યાં છે.

અમદાવાદમાં આમ તો ૬૫૦ જેટલાં કારખાનાં અમદાવાદ પૂર્વ વિસ્તાર એવા નિકોલ, બાપુનગર અને ઠક્કર બાપા વિસ્તારમાં આવેલાં છે. આ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા લગભગ ૧.૫૦ લાખથી વધુ હીરા કારીગરો કામ કરી રહ્યા છે. જોકે અમદાવાદમાં કાર્યરત કારખાનાંમાં માંડ ૧૦ હજાર રૂપિયા મહીને કામ થાય છે, જેના કારણે પરિવારનું ગુજરાન ચલાવવું રત્નકલાકારો માટે મુશ્કેલ બની રહ્યું છે. મંદીના ગ્રહણમાં સપડાયેલા હીરા ઉદ્યોગ માટે બેલ્જિયમમાં આવેલી ડીટીસી કંપની દ્વારા રફ હીરામાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ જાહેર કરાતાં હીરા ઉદ્યોગને માર પડ્યો છે. વિવેકાનંદ ડાયમંડ ઍસોસિયેશન ગુજરાત પ્રમુખે જણાવ્યું હતું કે, એટલું જ નહીં દિવાળી બાદ ૧૫ ટકા જેટલા વેપારીઓ હીરા ઉદ્યોગ કામ છોડીને અન્ય વ્યવસાય તરફ વળ્યા છે. તેમ જ ૨૦ ટકા કારીગરો આંતરરાજ્યોના હતા. જે દિવાળી બાદ પરત આવ્યા નથી જેથી મંદીના માહોલ સાથે અનેક કારખાનાંને તાળાં લાગ્યાં છે. ■

# વડોદરામાં કૉલેજમાં નકલી એડમિશનનો મુદ્દો મુખ્ય પ્રધાન સુધી પહોંચ્યો: તાત્કાલિક ફરિયાદ દાખલ કરવા આદેશ

વડોદરા: ગુજરાતમાં નકલીની બોલબાલા વચ્ચે કૉલેજમાં નકલી એડમિશનનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાનના સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરવામાં આવતાં તાત્કાલિક ફરિયાદ દાખલ કરવા આદેશ અપાયા હતા. વડોદરાના પાદરાના યુવાનના નામે અન્ય કૉલેજમાં એડમિશન થયું હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં નકલી, પોલીસ, અધિકારી, સીએમઓ, ઈડી બાદ હવે કૉલેજમાં નકલી એડમિશન થયાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. વડોદરામાં પાદરાના ૧૨ પાસ પ્રતીક પરમાર નામના યુવાનના નામે અન્ય કૉલેજમાં એડમિશન થઈ ગયું હોવાની ઘટના સામે આવી છે. આ યુવકનું ગાંધીનગર દહેગામના એફ.ડી.મુબિન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરિંગ કૉલેજમાં એડમિશન થઈ ગયું હોવાની વિગતો પ્રકાશમાં આવી હતી.

યુવક સમાજ કલ્યાણ વિભાગમાં સ્કોલરશીપ માટે ગયો ત્યારે સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો. આધાર કાર્ડ નંબર સિસ્ટમમાં નાખતાં એડમિશન ગાંધીનગરની કૉલેજમાં ચાલતું હોવાનું બહાર આવ્યું હતું. છેલ્લા એક વર્ષથી આ યુવાન પોલીસ અને સરકારી કચેરીઓમાં રજૂઆત કરીને થાક્યો હતો. તેની રજૂઆતોને ધ્યાને નહીં લેવાતાં આખરે તેણે મુખ્ય પ્રધાનના સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી હતી. જેથી મુખ્ય પ્રધાને કૉલેજ સામે તાત્કાલિક ફરિયાદ દાખલ કરવા આદેશ આપ્યો હતો. જેથી ગાંધીનગર સેક્ટર સાત પોલીસ મથકે આ કેસ મુદ્દે ફરિયાદ નોંધવામાં આવી હતી. ■

# ગુજરાતી પરિવારનો માસિક ખર્ચ ગામડાં કરતાં શહેરોમાં ૭૨ ટકા વધુ: નેશનલ સ્ટેટેસ્ટિકલ ઑફિસનો સર્વે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નેશનલ સ્ટેટેસ્ટિકલ ઑફિસ દ્વારા ગુજરાતમાં શહેર અને ગામડાંમાં ઘરગથ્થુ વપરાશ ખર્ચ સરવે ૨૦૨૩-૨૪ જાહેર કરવામાં આવ્યો હતો, જે મુજબ એક ગુજરાતી પરિવારનો માસિક ખર્ચ ગામડાં કરતાં શહેરમાં ૭૨ ટકા વધુ છે. સર્વે મુજબ રાજ્યનાં શહેરોમાં એક પરિવારનો માસિક માથાદીઠ ખર્ચ રૂા. ૭,૧૯૮ છે જ્યારે ગામડાંમાં આ ખર્ચ રૂા. ૪,૧૯૦ છે. એક વર્ષમાં ગુજરાતનાં ગામડાંમાં પરિવારનો માસિક માથાદીઠ ખર્ચ ૧૦ ટકા વધ્યો છે, વર્ષ ૨૦૨૨-૨૩માં ગામડાંમાં આ ખર્ચ રૂા.૩,૭૯૮ હતો. માસિક ખર્ચમાં શાકભાજી, ફળો, આરોગ્ય, શિક્ષણ જેવા ખર્ચ સામેલ છે. સરકાર દ્વારા મળતી નિઃશુલ્ક શિક્ષણ અને આરોગ્યની સેવાઓ તેમાં સામેલ નથી. છેલ્લાં ૧૨ વર્ષમાં ગુજરાતનાં ગામડાં અને શહેરોમાં માસિક ખર્ચ અઢી ગણો થઈ ગયો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં ગામડાંમાં રૂા.૧,૫૩૬ અને શહેરમાં રૂા. ૨,૫૮૧ માસિક ખર્ચ હતો. દેશનાં શહેરોમાં રૂા. ૭,૦૭૮ અને ગામડાંમાં રૂા.૪,૨૪૭ માસિક ખર્ચ થાય છે. ઑગસ્ટ ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ દરમિયાન ગુજરાતના ૧૧ હજાર, દેશના ૨.૬૧ લાખથી વધુ પરિવારોમાં આ સરવે કરાયો હતો. ગુજરાતમાં ૭૦.૭૧ લાખ ગ્રામીણ અને ૬૫.૫૧ લાખ શહેરી પરિવારો હોવાનું અનુમાન છે, સરવેમાં સરકારી મફત આરોગ્ય-શિક્ષણ સિવાયના ખર્ચ સામેલ કરવામાં આવ્યા હતા. સર્વે મુજબ એક વર્ષમાં ગામડાં અને શહેરોમાં માસિક ખર્ચ અનુક્રમે ૯ ટકા અને, ૮ ટકા વધ્યો છે. સરવેમાં પરિવાર દ્વારા થતાં અનાજ, દાળ, ખાંડ અને અન્ય કરિયાણું, શાકભાજી, ફળો, ખાદ્ય તેલ, વીજબિલ, પેટ્રોલ, શિક્ષણ, આરોગ્ય, ભાડું અને અન્ય પ્રકારની ટૅક્સની ચુકવણી જેવા પ્રકારના ખર્ચ સામેલ છે. તમામ પ્રકારની ખાદ્ય અને બિનખાદ્ય વસ્તુઓ સામેલ છે. અહીં સરકાર દ્વારા મળતું નિઃશુલ્ક શિક્ષણ અને આરોગ્યની સેવાઓ સામેલ કરાઈ નથી.

સર્વેની સૌથી ચોંકવનારી બાબત એ છે કે, શહેરી પરિવારો કપડાં, ફૂટવેર, બેડ, મનોરંજન અને સગવડ માટેની તથા રોજના કામમાં આવતી વસ્તુઓ પર ૬૦ ટકા અને ગામડાંમાં ૫૩ ટકા ખર્ચ કરે છે. શહેરોમાં કુલ ખર્ચના ૭ ટકા ભાડાં પાછળ ખર્ચાય છે. ખાદ્ય ખર્ચમાં પ્રોસેસ ફૂડ અને ઠંડાંપીણાં પાછળ સૌથી વધુ પૈસા ખર્ચાય છે. ■

# અમદાવાદની રિઝર્વ બૅન્ક અને અન્ય બૅન્કોની શાખામાંથી ૨૦, ૫૦ અને ૧૦૦ના દરની ૧૬૯૭ બોગસ નોટ મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ખોટી નોટો ચલણમાં ફરતી થઈ છે, આ બાબતે સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, મોટા દરની નોટોની સાથે-સાથે ૨૦, ૫૦ અને ૧૦૦ના દરની બોગસ નોટો પણ બજારમાં ફરી રહી છે. અમદાવાદની રિઝર્વ બૅન્ક અને અલગ અલગ બૅન્કોની શાખામાં ભરણામાં અલગ અલગ દરની ૧૬૯૭ બોગસ ચલણી નોટ મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. ચિલ્ડ્રન બૅન્કની નોટ પણ બૅન્ક સુધી પહોંચી હોવાનું બહાર આવ્યું હતું. આ સમગ્ર મામલે અમદાવાદ એસઓજીએ વિગતો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

આ નોટ બોગસ હોવાની સાથે તેનો દર ૪.૯૮ લાખ જેટલો થાય છે. બોગસ નોટમાં ૨૦, ૫૦ ,૧૦૦, ૨૦૦, ૫૦૦ના દરની નોટનો સમાવેશ થાય છે. આનાથી પણ ચોંકાવનારી વાત એ છે કે આ નોટમાં ચિલ્ડ્રન બૅન્કની નોટો પણ ફરતી થઈ ગઈ છે અને તે હવે બહાર આવી છે આ સમગ્ર મામલો હવે તપાસ માટે એસઓજી પાસે ગયો છે અને પોલીસ દ્વારા આ સમગ્ર મામલે નોટો ક્યાંથી આવી અને ક્યાં ટ્રાન્ઝેક્શનમાં ઉપયોગમાં આવ્યા તે અંગેની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ■

# સુરતના કામરેજમાંથી નકલી ઘી ઝડપાયું

## એક લાખના મુદ્દામાલ સાથે પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખાદ્યપદાર્થોમાં ભેળસેળ મોટી ચિંતાનો વિષય બન્યો છે, આ દરમિયાન સુરતના કામરેજમાંથી નકલી ઘીના એક લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી હતી. પોલીસે કઠોર ગામે આવેલી માન સરોવર રેસિડેન્સીમાં દરોડો પાડીને ફ્લૅટમાંથી સુમુલ ડેરી જેવું જ આબેહૂબ પેકિંગ ધરાવતું નકલી ઘી ઝડપી પાડ્યું હતું. આ ઘટનામાં પોલીસે ૪ લોકોને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, સુરતમાં કામરેજ પોલીસની ટીમે કઠોર ગામ ખાતે આવેલી માન સરોવર બિલ્ડિંગમાં દરોડો પાડ્યો હતો. ત્યાંથી પોલીસે પ્રવીણભાઈ રમેશભાઈ હરખાણીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના રહેણાક મકાનમાંથી ડુપ્લિકેટ સુમુલ ઘીના એક લીટરવાળા કુલ ૧૦૮ ડબ્બા તથા પતરાના ખાલી ટીનના ૩૮ ડબ્બા, ટીનનું સીલ મારવાનું મશીન, ૧૫ લીટરવાળા પતરાના ખાલી ડબ્બા, ૨૦ લીટરવાળું ઍલ્યુમિનિયમનું તપેલું, એક સગડી તથા એક ગેસની બોટલ અને ઘી પેક કરવાના બૉક્સ વગેરે મળી કુલ એક લાખ ૫૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઘટનામાં પોલીસે ડુપ્લિકેટ સુમુલ ઘી બનાવવા તેમ જ પેકિંગ માટેનું મટીરીયલ મોકલનાર સુરત ખાતે રહેતા ભાવેશ ડોબરિયા, નીલેશભાઈ મગનભાઈ સાવલિયા, પરેશભાઈ મગનભાઈ સાવલિયા અને ડુપ્લિકેટ સુમુલ ઘી ખરીદનાર વિશાલ સતીષકુમાર શાહને વોન્ટેડ જાહેર કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે કામરેજ પોલીસ મથકના પીઆઈ એ.ડી. ચાવડાએ જણાવ્યું હતું કે માનસરોવર સોસાયટીમાં રહેતા પ્રવીણભાઈ રમેશભાઈ હરખાણી નામનો ઇસમ સુમુલ ડેરીના જેવું જ પેકિંગ ધરાવતા ડુપ્લિકેટ ઘીનો ધંધો કરે છે. જે અનુસંધાને કામરેજ પોલીસની ટીમે સુમુલ ડેરીના અધિકૃત અધિકારી તથા મનપાના ફૂડ સેફટી ઑફિસરને કામરેજ પોલીસ મથકે બોલાવીને આ બંને ટીમો સાથે ત્યાં રેડ કરી હતી અને ત્યાંથી સુમુલ ડેરી જેવાં જ આબેહૂબ પેકિંગ ધરાવતા નકલી ઘીના ટોટલ ૧૦૮ ભરેલાં ટીન, ૩૮ ખાલી ટીન, ટીન પેકિંગ કરવાનું મશીન, ખાખી બૉક્સ તથા અન્ય સામાન મળીને એક લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. ■

# વડોદરામાં બુટલેગરો બેફામ, એસએમસીની ટીમ પર પથ્થરમારો કર્યો: પીઆઈએ ૨ રાઉન્ડ ફાયરિંગ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે લોકોમાં ગજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બુટલેગરો એટલા બેફામ બની ગયા છે કે તેઓ ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે કોઈ પણ હદે જઈ રહ્યા છે. જોકે પોલીસે પણ દારૂની તસ્કરી પર લગામ કસવા માટે સંપૂર્ણ તૈયારીઓ કરી છે. વડોદરામાં દરજીપુરા હાઈવે પર સ્ટેટ મોનિટરિંગની સેલની ટીમ દારૂ પકડવા માટે ગઈ હતી તે દરમિયાન ત્રણ બુટલેગરોએ ભેગા મળીને એસએમસીની ટીમ પર પથ્થરમારો કર્યો હતો. જોકે એસએમસી ટીમના પીઆઈએ પણ સ્વબચાવ માટે બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું જેમાં ગોળી ટ્રકના કાચના આગળના ભાગે ઘૂસી ગઈ હતી, અંતે એસએમસીની ટીમે ૩ આરોપીની ધરપકડ કરી હતી.

આ ઘટનામાં સ્ટેટ મોનિટરિંગ સેલે ત્રણ બુટલેગરની ધરપકડ કરી હતી. આ સાથે જ એક ફોર્ચ્યુનર કાર, એક કન્ટેનર અને અંદાજિત ૨૨ લાખના દારૂ સહિત ૬૦ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. આ ઘટનામાં કુખ્યાત બુટલેગર ઝુબેર શફી મેમણ સહિત અન્ય પાંચને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. તમામ આરોપીઓ અને મુદ્દામાલને હરણી પોલીસ મથકને સોંપવામાં આવ્યો હતો. આગળની તપાસ હરણી પોલીસે હાથ ધરી છે. હરણી પોલીસ મથકની હદમાં આ બનાવ બન્યો છે જેના કારણે હરણી પોલીસ સ્ટેશનના પીઆઈ પણ સસ્પેન્ડ થઈ શકે છે,

સ્ટેટ મોનેટરિંગ સેલ દ્વારા દરજીપુરા હાઇવે પર બાતમીને આધારે છાપો માર્યો હતો તો સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈ આર જી ખાંટે સ્વબચાવ માટે ફાયરિંગ કરવાની ફરજ પડી હતી, ફાયરિંગ દરમિયાન કોઈ જાનહાનિ થઈ નહોતી અને ફાયરિંગની ઘટનાને પગલે એફએસએલની પણ મદદ લેવામાં આવી હતી. હરણી પોલીસ મથકે ડીસીપી અભિષેક ગુપ્તા અને પીસીબી પીઆઈ દોડી આવ્યા હતા અને અંદાજે લાખો રૂપિયાનો દારૂ અને બિયરનો મુદ્દામાલ ઝડપાતાં બુટલેગરમાં ફફડાટ ફેલાયો હતો. ■

# વાપીમાં એનઆરઆઈ બાળકના અપહરણનો ભેદ ખૂલ્યો

## મામાએ પ્રેમિકાને રૂપિયા આપવા કાવતરું રચ્યાનો ઘટસ્ફોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વાપીથી ભિલાડમાં લગ્નપ્રસંગમાં ગયા બાદ સાત વર્ષીય બાળક અચાનક ગૂમ થતાં પરિવારે પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. એમાં બાળક ૩૯ કલાક બાદ વાપીની દમણગંગા નદી પાસે સેપ્ટ પ્લાન્ટ નજીક ઝાડીઝાંખરામાંથી બેભાન હાલતમાં મળ્યું હતું. આ કેસમાં મુંબઈમાં રહેતા બાળકના પિતરાઈ મામાએ જ પ્રેમિકાને ૩૦ લાખ આપવા અન્ય બે વ્યક્તિને રૂા. ૧૦ લાખની લાલચ આપી અપહરણ કરાવ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. કચરો વીણતા એક યુવકને બાળક પાસેનો મોબાઇલ મળતાં પોલીસને તેને શોધવામાં સફળતા મળી હતી.

વલસાડ જિલ્લાના વાપી તાલુકાના અને સાત વર્ષથી સાઉદીમાં રહેતા એક વેપારી તાજેતરમાં પોતાના વતનમાં આવ્યા હતા, જે ગત ૨૩ ડિસેમ્બરના રોજ પોતાની પત્ની અને સાત વર્ષના પુત્ર સાથે વાપીથી ભિલાડમાં એક લગ્નપ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા. જે અંગે મુંબઈ ખાતે રહેતા સંબંધી શાહબાજ ખાન ઉર્ફે સોનુ ફારુખ ખાનને જાણ થઈ હતી. શાહબાજ ખાને તેના મિત્ર ઉમેર ઉર્ફે મોનું જુબેર ખાન અને મહંમદ ઉમેર ઉર્ફે સઉદ ફિરોઝ સલીમ કાઝી સાથે મળીને સાત વર્ષીય બાળકનું અપહરણ કરીને વાપી તરફ જઈ રહ્યા હતા. એ દરમિયાન બાળકને બેભાન કરવાના ઇરાદે ગળું દબાવ્યું હતું, જેથી બાળક બેભાન થઈ ગયું હતું. જોકે આરોપીઓને લાગ્યું કે બાળક મરી ગયું છે, જેથી વાપી નેશનલ હાઇવે નજીક આવેલા સેપ્ટ પ્લાન્ટ નજીક ઝાડીઝાંખરામાં બાળકને ફેંકતી વખતે પાસે રહેલો તેની નાનીનો મોબાઈલ નજીકમાં આવેલી ખુલ્લી જગ્યામાં નાખી દીધો હતો. આ તરફ પરિવારે અપહરણની ફરિયાદ નોંધાવી હોવાથી પોલીસ પણ બાળકને શોધી રહી હતી, આ દરમિયાન ૨૫ ડિસેમ્બરના રોજ કચરો વીણતા એક યુવકને સેપ્ટ પ્લાન્ટ નજીકથી બાળકની નાનીનો મોબાઈલ ફોન મળ્યો હતો, જેની જાણ વલસાડ પોલીસની ટીમને થતાં વલસાડ પોલીસની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કચરો વીણતા યુવકને મળેલા મોબાઇલની આજુબાજુના વિસ્તારને કોર્ડન કરીને સમગ્ર વિસ્તારનું સર્ચ-ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન અપહરણની ઘટનાના ૩૯ કલાક બાદ બેભાન હાલતમાં બાળક મળ્યું હતું.

પોલીસે બાળકને હૉસ્પિટલમાં ખસેડીને આરોપીઓને ઝડપવા ચક્રો ગતિમાન કર્યાં હતાં, એમાં પોલીસે લગ્નપ્રસંગે હાજર વ્યક્તિઓને ટ્રેસ કરતાં ત્રણ વ્યક્તિ લગ્નમંડપ વિસ્તારમાં અને જે જગ્યાએથી બાળક મળ્યું એ જગ્યાએ હોવાનું જાણવા મળ્યું હતું, જેથી બે આરોપીને મુંબઈથી ઝડપી લીધા હતા ત્રીજા આરોપીને આગ્રા પોલીસની મદદ લઈને ઝડપી પાડ્યો હતો. મુખ્ય આરોપી શાહબાજ આ બાળકનો પિતરાઈ મામા થતો હોવાનો ઘટસ્ફોટ થયો હતો, જેણે પ્રેમિકાને ૩૦ લાખ આપવા ભાણેજનું અપહરણ કરાવ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. ■

# બીઝેડ કૌભાંડના આરોપી ભૂપેન્દ્ર ઝાલાનાં સાત દિવસનાં રિમાન્ડ મંજૂર થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રૂા. ૬૦૦૦ કરોડના બીઝેડ કૌભાંડના મુખ્ય સૂત્રધાર ભૂપેન્દ્ર ઝાલાની શુક્રવારે સાંજે ધરપકડ કરવામાં આવ્યા બાદ શનિવારે ન્યાયાધીશના નિવાસસ્થાને રજૂ કરવામાં આવ્યો હતો.

સીઆઈડી ક્રાઇમ દ્વારા ૧૪ દિવસનાં રિમાન્ડની માગ કરવામાં આવી હતી. જોકે તેના સાત દિવસનાં રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં હતાં. આરોપી વતી વકીલ હાજર ન રહેતાં લીગલ સર્વિસ ઑથોરિટીમાં વકીલ આપવામાં આવ્યા હતા. જેને લઈ રિમાન્ડમાં વિલંબ થયો હતો.

ભૂપેન્દ્ર ઝાલાની ધરપકડ બાદ નિવેદન નોંધવા સહિતની પ્રક્રિયા રાતભર ચાલી હતી. તેની સતત ત્રણ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. ભૂપેન્દ્ર ઝાલાએ મોટા ભાગની વાતોને પોલીસ સમક્ષ રાખવાથી ઇનકાર કર્યો હતો. શિક્ષકોને વિદેશ પ્રવાસ પર નહીં મોકલ્યા હોવાનું રટણ કર્યું હતું.

ભૂપેન્દ્ર ઝાલાને તેની ઑફિસ પર રેડનો ખ્યાલ આવતાં તે મધ્યપ્રદેશથી રાજસ્થાન નાસી ગયો હતો. એક મહિના દરમિયાન મોટા ભાગે રાજસ્થાનમાં રોકાયો હતો. ભૂપેન્દ્ર ઝાલા મધ્યપ્રદેશ દર્શન કરવા ગયો હતો તેવી વિગતો આ પૂછપરછમાં સામે આવી હતી. એક મહિનામાં ઝાલા એક વખત ગુજરાત આવ્યો હતો. રાજસ્થાનથી અલગ અલગ ત્રણ સિમકાર્ડ ખરીદ્યાં હતાં. તેમ જ વોટ્સઍપના માધ્યમથી તે પરિવાર અને અન્ય લોકોના સંપર્કમાં હતો.

કૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાને આશરો આપનાર કિરણસિંહની પણ અટકાયત કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે કિરણસિંહ પોન્ઝી સ્કીમ કૌભાંડમાં સામેલ છે કે કેમ? તેની તપાસ શરૂ કરી છે. મળતી જાણકારી પ્રમાણે કિરણસિંહ ઝાલાને નેતા બનવું હતું જે માટે કદાચ ભૂપેન્દ્રસિંહ ઝાલાની મદદ કરી રહ્યો હતો. ભૂપેન્દ્ર ઝાલાના રિમાન્ડ મંજૂર થતાં પૂછપરછ દરમિયાન અનેક ચોંકાવનારી માહિતી સામે આવી શકે છે. ■

# મોઝામ્બિકમાં ફાટી નીકળેલી હિંસામાં ભરૂચના સીતપોણના ૧૦ પરિવાર ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોઝામ્બિક દેશની સુપ્રીમ કોર્ટ દ્વારા શાસક ફ્રીલીમો પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને વિવાદસ્પદ ચૂંટણીઓમાં વિજેતા જાહેર કર્યા બાદ હિંસા ફાટી નીકળી હતી. જેમાં ત્યાં વસવાટ કરતા ભારતીયોની દુકાનો અને મકાનોને પણ આગ લગાડી લૂંટફાટ ચલાવવામાં આવી રહી છે. અહીં ઘણા ગુજરાતીઓ વસવાટ કરે છે. ભરૂચ જિલ્લાનાં અનેક શહેરના હજારો લોકો અહીં સ્થાયી થયા છે. આ ઘટનાઓ બાદ ગુજરાતમાં રહેતા તેમના પરિવારજનોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

ભરૂચ જિલ્લાના સીતપોણ ગામના અંદાજિત ૧૦ જેટલા પરિવાર ધંધા અર્થે ત્યાં સ્થાયી થયા છે જેમાં ગામમાં રહેતા મહેબુબ માટલીવાલા પરિવારના બે ભાઈઓ હાલમાં મોઝામ્બિક દેશમાં વાસણની દુકાન ધરાવે છે. સીતપોણ ખાતે રહેતા મહેબુબ માટલીવાલાએ જણાવ્યું હતું કે, તેમના બે ભાઈ પોતાના પરિવાર સાથે ત્યાં રહે છે, પરંતુ હાલમાં ત્યાં હિંસા ફાટી નીકળી છે ત્યાં તેમના ભાઈઓની દુકાનો અને મકાનો લૂંટી લેવાતાં તેઓ પોતાનાં મકાનો છોડીને લોકોનાં ઘરોમાં શરણાર્થીઓ બન્યા છે. જેના કારણે પરિવારમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ■

# વલસાડના પારડીમાં પારસી સમુદાયનો ઈરાનશા મહોત્સવ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડ જિલ્લામાં પારસી સમુદાયનું વિશ્વનું મુખ્ય પવિત્ર સ્થાન ઉદવાડા ગામમાં પારસી સંસ્કૃતિને ટકાવી રાખવા ઇરાનશાહ ઉદવાડા ઉત્સવના ત્રિદિવસીય કાર્યક્રમનો રંગારંગ પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે પારસી સમુદાયના અગ્રણી શાપુરજી પલોનજી સન્માન કરવામાં આવ્યું હતું. વડાદસ્તુ ખુરશેદજીએ દેશમાં સુખાકારી માટે દુઆ કરી હતી. પારસી સમાજના વડા દસ્તુરજીએ ઉદવાડા ગામને એમ્બ્યુલંસ ભેટ આપી હતી.

પારસીઓના તીર્થ સ્થળ ઉદવાડામાં તા. ૨૭થી ૨૯મી ડિસેમ્બર સુધી યોજાનારા પારસીઓનો ઇરાનશાહ ઉદવાડા ઉત્સવનો શુક્રવારે પ્રારંભ થયો હતો.પ્રથમ દિવસે પારસી સમુદાયના શાપુર પલોનજી, ઉદવાડા ગામના વડાદસ્તુર ખુરશેદજી અને પારસી આગેવાનોએ દીપ પ્રાગટ્ય કરી ત્રિદિવસીય કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. શાપુર પલોનજીએ નવા આતશ બહેરામના નિર્માણમાં સહયોગ કર્યો હતો. તેમનું વડા દસ્તુરજીએ સન્માન કર્યું હતું. આ ઉપરાંત ફિલ્મ જગત સાથે સંકળાયેલા બળજોરજીનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.. ત્રિદિવસીય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પારસી સમાજના લોકો દેશ વિદેશથી આવી હાજરી આપશે. આજે આ કાર્યક્રમનો અંતિમ દિવસ છે. ■

# ભરૂચમાં ડીજીવીસીએલની ઘોર બેદરકારી: ગ્રાહકને ₹ ૨,૭૭,૦૮૫નું વીજ બિલ આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચમાં ડીજીવીસીએલ કંપની દ્વારા એક વ્યક્તિને રૂા. ૨,૭૭,૦૮૫નું વીજ બિલ આપવામાં આવ્યું હતું. વીજ બિલ આવતાં મકાન માલિકનાં મોતિયાં મરી ગયાં હતાં. ડીજીવીસીએલ કંપનીની ઘોર બેદરકારીના કારણે પરિવાર ચિંતાતુર બન્યો હતો. દહેજ બાયપાસ વિસ્તારમાં આવેલી માંગલ્ય રેસિડેન્સીમાં મકાન નંબર સી ૪૦૩માં રહેતા શુભમ પટેલ નામના વ્યક્તિ સાથે આ બનાવ બન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દર મહિને તેમને એવરેજ ૫ હજાર જેટલું વીજ બિલ આવે છે. તેમણે આ બાબતે જવાબદાર વીજ કંપનીને જાણ કરી છે અને વીજ કંપનીએ પોતાની ભૂલ સ્વીકારીને નવું બિલ જનરેટ કરીને આપવાની વાત પણ કરી હતી. વીજ કંપનીની બેદરકારીના કારણે વીજ ગ્રાહકને ૪૪૦નો ઝટકો લાગ્યો હતો. તેમનું દર મહિને એવરેજ ૫ હજાર રૂપિયાનું બિલ આવે છે, પરંતુ ગત રોજ આવેલું તેમનું વીજ બિલ જોઈને તેઓ ચોંકી ઊઠ્યા હતા. ■

# નાટ્ય દર્પણ

## કાકા ૨૪ કેરેટના



રંગમંચ પ્રોડક્શન પ્રસ્તુત આસિફ પટેલ નિર્મિત ઈમ્તિયાઝ પટેલ લિખિત આશિષ ભટ્ટ દિગ્દર્શિત-અભિનિત 'કાકા ૨૪ કેરેટના' આ કોમેડી નાટકનાં કલાકારોઃ ધ્રુવ બારોટ, મહેક ભટ્ટ, હેમ જોષી, દત્તા શુકલા, કમલેશ પરમાર અને પ્રથમ ભટ્ટ છે. આ રવિવાર તા. ૨૯ ડિસેમ્બર રાત્રે ૯.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ, મલાડ (વેસ્ટ) ખાતે ભજવાશે.

## એક રમત સમય સાથે

રંગમંચ પ્રોડક્શનનું - પિપલ એન્ટરટેઈનમેન્ટ - આસિફ પટેલ નિર્મિત ઈમ્તિયાઝ પટેલ લિખિત વિપુલ વિઠલાણી દિગ્દર્શિત-અભિનિત 'એક રમત સમય સાથે' કલાકારોઃ ગાયત્રી રાવલ, શૈલજા શુક્લ, તેજસ શાહ, રૂપેશ મકવાણા, નાયશા ફોઝદાર અને પરાગ શાહ. શુભારંભ બે પ્રયોગથીઃ આ શનિવાર તા. ૨૮ ડિસેમ્બર રાત્રે ૯.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ, મલાડ (વેસ્ટ) ખાતે અને રવિવાર તા. ૨૯ ડિસેમ્બર રાત્રે ૯.૦૦ ક. પ્રબોધન ઠાકરે ઓડિટોરિયમ, બોરીવલી (વેસ્ટ) ખાતે ભજવાશે.

## એકલવ્ય

અમરદિપ સર્જન વિશાલ ગોરડિયા પ્રસ્તુત ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત વિપુલ મહેતા લિખિત-દિગ્દર્શિત કૃત્તિકા દેસાઇ- મેહુલ બુચ અભિનિત 'એકલવ્ય' સાથી કલાકારોઃ સ્મિત ગણાત્રા, શ્યામ મખેચા, સુહાની વ્યાસ, કેવિન ઉમારીયા, હિતાર્થ જોષી, દુર્ગેશ મિશ્રા, કેતન જોષી. રવિવાર તા. ૨૯ ડિસેમ્બર રાત્રે ૯.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ, મલાડ (વેસ્ટ) ખાતે અને રવિઃ ૫ જાન્યુઆરી રાત્રે ૯ ઝવેરબેન ઓડિટોરિયમ, ઘાટકોપર ખાતે ભજવાશે.

# મેટ્રો-વનનું ૨૬૫૮ કરોડ રૂપિયાનું દેવું કેન્દ્રની એનએઆરસીએલ હસ્તક

મુંબઈઃ વર્સોવા-અંધેરી-ઘાટકોપર મેટ્રોનું સંચાલન કરતી મુંબઈ મેટ્રો-વન પ્રાઈવેટ લિમિટેડ (એમએમઓપીએલ)ને મોટી રાહતમાં કેન્દ્ર સમર્થિત બેડ લોન એગ્રીગેટર, નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડે (એનએઆરસીએલ) તેના ૨૬૫૮ કરોડ રૂપિયાનું દેવું ખરીદવાની ઓફર કરી છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

એમએમઓપીએલ એ અનિલ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ઈન્ફ્રસ્ટ્રક્ચર અને મહારાષ્ટ્ર સરકાર સમર્થિત એમએમઆરડીએ વચ્ચેનું ૭૪:૨૬ સંયુક્ત સાહસ છે, જેણે પાંચ જાહેર બેંકો બેંક ઓફ ઈન્ડિયા, આઈડીબીઆઈ બેંક, કેનેરા બેંક, ઈન્ડિયન બેંક અને બેંક ઓફ મહારાષ્ટ્રની પાસેથી ઋણ લીધું છે.

એમએમઓપીએલની બાકીની લોન એનએઆરસીએલને સોંપવામાં આવી છે. આનાથી એમએમઓપીએલને થોડું જીવનદાન મળશે અને કંપનીના નાણાકીય માળખાને પુનઃરચન કરવામાં મદદ મળશે. આને કારણે મેટ્રોની કામગીરીને પણ વેગ મળશે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

જે બેંકોએ એમએમઓપીએલને ઉછીનાં નાણાં આપ્યાં હતાં એને એમઆરસીએલે બેંકોને રોકડ અને સુરક્ષા રસીદો ઓફર કરી છે. રાજ્ય સરકારે આ વર્ષની શરૂઆતમાં એમાંથી પીછેહઠ કર્યા બાદ આ નિર્ણય એમએમઆરડીએ દ્વારા એમએમઓપીએલના સૂચિત ટેકઓવરને પણ પુનર્જીવિત કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મેટ્રો-વન ખાનગી ભાગીદારીનો ધોરણે દેશનો પ્રથમ મેટ્રો પ્રોજેક્ટ હતો. ૧૧ કિ.મી.ની મેટ્રો લાઈન શહેરમાં પૂર્વ અને પશ્ચિમને કનેક્ટ કરે છે. જે ગીચ રહેણાક અને વેપારી વિસ્તારોમાંથી પસાર થાય છે. અંદાજે ચારથી પાંચ લાખ લોકો મેટ્રોમાં મુસાફરી કરે છે. પ્રવાસીઓને ભીડને ધ્યાનમાં રાખીને રેક દીઠ કોચની સંખ્યા ચારથી વધારીને છ કરવાની માગ કરવામાં આવી છે.

# ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું નામ બદલાઈને નવભારત મેગા ડેવલપર્સ પ્રા.લિ.

મુંબઈઃ ધારાવીની કાયાપલટ કરનારી મહત્ત્વાકાંક્ષી યોજના, સર્વગ્રાહી મૂલ્ય દરખાસ્ત અને તેના કોર્પોરેટ વિઝનના નવીનીકરણના પ્રતિભાવમાં કંપની પોતાને રિબ્રાન્ડ કરી રહી છે. કંપનીએ તેના આધુનિક બિલ્ડિંગના નિર્માણના વચનને મળતું આવતું નામ નવભારત મેગા ડેવલપર્સ પ્રા.લિ. (એનએમડીપીએલ) રાખ્યું છે. નવભારત નામ એટલે ન્યુ ઈન્ડિયા, જે આ પ્રોજેક્ટને આવતી કાલને વધુ સારી બનાવવા માટે નવો આકાર આપશે. મેગા સંપૂર્ણ સ્કેલને તાદશ કરે છે અને જે કામ હાથમાં લીધું છે તેને અસર કરશે, જ્યારે ડેવલપર્સનો અર્થ થાય છે સમુદાયને સમૃદ્ધ બનાવવાનો.

# બે પરિવાર વચ્ચેના ઝઘડામાં કોન્ટ્રેક્ટરના ભાઇનું ગળું દબાવી હત્યાઃ પાંચ પકડાયા

મુંબઈઃ કુર્લા વિસ્તારમાં બે પરિવારો વચ્ચેના ઝઘડા દરમિયાન પાલિકાના કોન્ટ્રેક્ટરના ૫૦ વર્ષના ભાઇની ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર કુર્લા પશ્ચિમમાં મેચ ફેક્ટરી લેન ખાતેના હુસૈની કમ્પાઉન્ડમાં શુક્રવારે સવારે આ ઘટના બની હતી. આ કેસનો ફરિયાદી ઇશાક અબ્બાસ બેગ મુંબઈ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં કોન્ટ્રેક્ટર છે. સ્થાનિક રહેવાસી રૂબિના અવારનવાર બેગ વિરુદ્ધ પાલિકામાં ફરિયાદ કરતી હતી કે બેગના કર્મચારીઓ યોગ્ય રીતે કામ નથી કરતા. આને કારણે બેગ અને રૂબિના વચ્ચે અનેકવાર ઝઘડા થતા હતા.

દરમિયાન રૂબિનાની ફરિયાદ પર પાલિકાના કર્મચારીઓ ઘટનાને દિવસે હુસૈની કમ્પાઉન્ડ પહોંચ્યા હતા. થોડા સમય બાદ બેગ તેના ભાઇ અને અન્ય લોકો સાથે ત્યાં આવ્યો હતો. એ સમયે બેગનો રૂબિનાના પરિવારજનો સાથે ઝઘડો થયો હતો. આથી રૂબિના તરફના બે આરોપીએ બેગના ભાઇ કાસમનું ગળું દબાવતાં તેનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ બેગે આરોપીઓ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ભારતીય ન્યાય સંહિતા હેઠળ હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ કેસમાં પોલીસે ધરપકડ કરેલા પાંચ આરોપીની ઓળખ રોશન ઝેહરા શેખ ઉર્ફે રૂબિના, સફદર હુસૈન સૈયદ, શબરેઝ હુસૈન સૈયદ, વાસિફ હુસૈન સૈયદ અને રૂકસાના દિલશાદ હુસૈન તરીકે થઇ હતી. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)

# ૧૬ બાંગ્લાદેશી પકડાયા

મુંબઈ/જાલનાઃ ભારતમાં ગેરકાયદે પ્રવેશવા અને યોગ્ય દસ્તાવેજો વિના વસવાટ કરવા બદલ છ મહિલા સહિત ૧૬ બાંગ્લાદેશી નાગરિકની મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. એટીએસ દ્વારા હાથ ધરવામાં આવેલી વિશેષ ઝુંબેશ દરમિયાન બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

નવી મુંબઈ, થાણે અને સોલાપુરમાં સ્થાનિક પોલીસની મદદથી છેલ્લા ૨૪ કલાકમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ૧૬ બાંગ્લાદેશીને પકડી પાડવામાં આવ્યા હતા. તેમની વિરુદ્ધ ફોરેનર્સ એક્ટ અને અન્ય સંબંધિત કાયદા હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

આ બાંગ્લાદેશીઓ બનાવટી દસ્તાવેજોને આધારે આધાર કાર્ડ જેવા ભારતીય દસ્તાવેજો મેળવવામાં સફળ રહ્યા હતા. (પીટીઆઇ)

### પરભણીમાં માનવતાને શરમાવનારી ઘટના

# ત્રીજું સંતાન દીકરી જન્મી એટલે પતિએ પેટ્રોલ નાખી પત્નીને સળગાવી દીધી

મુંબઈઃ પરભણીમાં માનવતાને શરમાવે એવી ઘટનામાં ત્રીજું સંતાન પણ દીકરી જન્મી હોવાને કારણે રોષે ભરાયેલા પતિએ પેટ્રોલ છાંટીને પત્નીને જીવતી બાળી નાખી હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ જોવા મળ્યા હતા.

આગની બળતરાથી પીડાઇ રહેલી મહિલાએ આમતેમ નાસભાગ કરતા તેનું ઘર અને બે દુકાન પણ બળીને રાખ થઇ ગઇ હતી.

નરાધમ પતિ કુંડલિક ઉત્તમ કાળે હંમેશા પત્ની સાથે ઝઘડો કરતો હતો અને તેની મારપીટ કરતો હતો. એવામાં ત્રીજું સંતાન પણ દીકરી જન્મી હોવાથી રોષે ભરાયેલા પતિએ ગુરુવારે રાત્રે પત્ની મૈના કુંડલિક કાળેના શરીર પર પેટ્રોલ છાંટીને આગ ચાંપી હતી.

આ ઘટના પરભણીમાં ગંગાખેડ નાકા વિસ્તારમાં બની હતી. આ ઘટના બાદ મૈનાને હૉસ્પિટલમાં દાખલ કરાઇ હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

મહિલા પંચાના અધ્યક્ષા રુપાલી ચાકણકરે આ ઘટનાને દુર્ભાગ્ય ગણાવતા કહ્યું હતું કે માનવતાને શરમાવે એવી આ ઘટના છે. મહારાષ્ટ્રમાં હજી પણ આવી ઘટના બની રહી છે એ કમનસીબી છે. ફક્ત દીકરાને વંશનો દીવો ગણવામાં આવે છે. આવી ઘટના ફક્ત ગ્રામીણ વિસ્તારોમાં જ નહીં, પણ શહેરોમાં પણ બની રહી છે.

અગનજ્વાળાથી પીડાઇ રહેલી મહિલા ઘરની બહાર નીકળીને દુકાનમાં જઇ રહી હોવાનો સીસીટીવી ફૂટેજ પણ વાયરલ થયો છે. સોશિયલ મીડિયા પર નિર્દય પતિ સામેનો વિરોધ વધતો જઇ રહ્યો છે.

પાચમાં પાનાનું ચાલુ

## મુંબઈને ભરડામાં લેનાર

અડધા થઇ ગયા છે અને એને કારણે જ વાહનોને પહોંચવા માટે વધુ પડતો સમય થઇ જતો હોય છે, એવું એક નિષ્ણાતે જણાવ્યું હતું. આ સાથે વાતાવરણમાં પણ ઘણો ફેરફાર થઇ ગયો છે. દરિયાઈ પટ્ટો ઠંડોગાર બનવાને કારણે પ્રદૂષણમાં વધારો જોવા મળી રહ્યો છે.

### ▶ ધૂળ અને રજકણઃ

રસ્તા પર ઊડતી ધૂળની ડમરીઓ પણ હવાની ગુણવત્તાને બગાડવામાં મોટો ભાગ ભજવે છે. કન્સ્ટ્રક્શન સાઈટ્સ પરનો મલબો લઇ જતા સમયે આ ધૂળ શહેરના રસ્તા પર ખંખેરાતી હોવાથી ધૂળનું સામ્રાજ્ય ઊભું થયું છે. આ ઉપરાંત વિવિધ ધાબાઓ અને ફૂડ કોર્નર પર વપરાતાં ગંદાં તેલ અને તેને કોઇ પણ ઠેકાણે ઠાલવવામાં આવતાં હોવાથી પ્રદૂષણમાં વધારો થઇ રહ્યો હોવાનું એક નિષ્ણાતે જણાવ્યું હતું.

## કાંદિવલીમાં મરાઠી

સમયે ઍરબેગ ખૂલી જતાં બંને બચી ગયાં હતાં, એમ સમતાનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર ડ્રાઇવરે પૂરપાટ વેગે જતી કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો અને રસ્તાને કિનારે કામ કરી રહેલા બંને મજૂરને ટક્કર મારી હતી.

ઘવાયેલા બંને મજૂરને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં એક મજૂરને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. દરમિયાન અકસ્માતની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે આ પ્રકરણે ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. અકસ્માતમાં હ્યુન્ડેઇ વેર્ના કારને પણ નુકસાન થયું હતું, એમ સૂત્રોએ જણાવ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે ઉર્મિલા કોઠારેએ કેટલીક ફિલ્મોમાં અભિનય કર્યો છે, જેમાં મરાઠી ફિલ્મ 'દુનિયાદારી' અને હિન્દી ફિલ્મ 'થેન્ક ગોડ'નો સમાવેશ છે.

## 'જહાં મંદિર, વહાં

મંદિરોની સુરક્ષા માટે લડતા વકીલો અને મંદિર વિષયના વિદ્વાનોએ ભાગ લીધો હતો. આમાં મુખ્યત્વે મંદિરો અને તેમની જમીનો પરના અતિક્રમણનો વિરોધ કરવા દર અઠવાડિયે 'મંદિરમાં સામૂહિક આરતી' કરવાના કાર્યક્રમનો સમાવેશ થાય છે. કાશી અને મથુરા તીર્થયાત્રા કેન્દ્રો સંબંધિત કેસોની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સુનાવણી, રાજ્યના તમામ મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવા અને ભક્તોને સોંપવા સરકારને કહેવું, ભક્તો દ્વારા મંદિરોને અપાતા દાનનો ઉપયોગ રાજ્ય સરકાર વિકાસ કાર્યો માટે નહીં કરે તેવી જાહેરાત, મંદિર પરિસરને 'દારૂ અને માંસ મુક્ત' બનાવવા માટે જાહેરનામું બહાર પાડવું અને રાજ્યના મંદિરના પૂજારીઓને માસિક પગાર આપવાનો નિર્ણય લેવા જેવી મુખ્ય માગણીઓ પસાર કરવામાં આવી હતી. મંદિર સંઘના ઘનવતેએ આ માંગણીઓ તાત્કાલિક પૂર્ણ કરવા રાજ્ય સરકારને અપીલ કરી હતી.

## એનજીટીના આદેશ

પક્ષી અભયારણ્ય તેમ જ વસઈ-વિરારમાં તુંગારેશ્વર વન્યજીવ અભયારણ્યની આસપાસના પ્રોજેક્ટ અટકી પડ્યા છે.

એનજીટીના આદેશને પગલે નહીં પણ કેન્દ્રીય વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા આદેશનો અમલ કરવા માટે કોઇ સિસ્ટમ અથવા માર્ગદર્શિકા મૂકવામાં આવી ન હોવાને કારણે બિલ્ડર લોબી પરેશાન થઇ ગઇ છે. આ અંગે એક ડેવલપરે જણાવ્યું હતું કે અમે ક્લિયરન્સ માટે રાજ્યની એજન્સીઓનો સંપર્ક કરીએ છીએ ત્યારે તેઓ કહે છે કે તેમની પાસે એનજીટીના આદેશને અનુસરીને મંજૂરી આપવાનો કોઇ અધિકાર નથી. બીજી બાજુ કેન્દ્રીય એજન્સીઓને ફાઈલો પર કોઇ પણ પ્રક્રિયા કરવા માટેની માર્ગદર્શિકા મળી નથી. અન્ય એક ડેવલપરે જણાવ્યું હતું કે અહીં કોઇ પણ પ્રકારની સ્પષ્ટતા કે સિસ્ટમ જ નથી.

અસરગ્રસ્ત પ્રોજેક્ટ્સનું પ્રમાણ મોટું છે. નિર્ધારિત પાંચ કિ.મી. ત્રિજ્યામાં નિર્માણાધીન પ્રોજેક્ટ્સને એનજીટીના આદેશથી અસર થતી નથી, ત્યારે એવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે જે મૂળ પ્લાન અને લેઆઉટમાં ફેરફાર કરવા માગે છે. એનજીટીના આદેશ અનુસાર આને નવી પર્યાવરણીય મંજૂરીની જરૂર પડશે અને તેમાં અટવાયેલા ૨૦૦ પ્રોજેક્ટ્સ પૈકી મોટા ભાગના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

## પ્રદૂષણ સામે

રૂપિયા સુધીનો દંડ વસૂલ કરવાની ચીમકી પણ એમએમઆરડીએ દ્વારા આપવામાં આવી છે. ગાઈડલાઈન મુજબ એમએમઆરડીએ દ્વારા કાન્ટ્રેક્ટરને પહેલી વખત નિયમનો ભંગ કર્યો તો પાંચ લાખનો દંડ ફટકારશે. બીજી વખત નિયમનું ઉલ્લંઘન કરતા પકડાયો તો તેને ૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવાની ચોખ્ખા શબ્દોમાં ચીમકી આપવામાં આવી છે. સાથે જ તેને સ્ટોપ વર્કની નોટિસ પણ આપવામાં આવશે એવું પણ એમએમઆરડીએ દ્વારા કહેવામાં આવ્યું છે. એમએમઆરડીએના હાલ ચાલી રહેલા તમામ પ્રોજેક્ટ તથા ભવિષ્યમાં હાથમાં લેવામાં આવનારા પ્રોજેક્ટ માટે ગાઈડલાઈન લાગુ પડશે અને તેનો અમલ થાય છે કે નહીં તેની જવાબદારી એક્ઝિક્યુટિવ એન્જિનિયરની રહેશે અને તેણે દર અઠવાડિયે તેનો અહેવાલ રજૂ કરવાનો રહેશે.

### દંડ વસૂલી જોરમાં

મુંબઈમાં વાયુ પ્રદૂષણમાં ઘટાડો કરવા માટે ખાસ કરીને ધૂળને નિયંત્રણમાં લાવવા માટે શનિવારે પાલિકાએ મુંબઈના ૨૪ પ્રશાસકીય સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી હતી, જેમાં એક જ દિવસમાં ૧૮૯ મેટ્રિક ટન કાટમાળ જમા કર્યો હતો. લગભગ ૨૪૩ કિલોમીટર લંબાઈના રસ્તા પાણીથી ધોઈને સાફ કર્યા હતા. તેમ જ નિયમોનો ભંગ કરનારા પાસેથી ૨,૫૦૦ રૂપિયાનો દંડ વસૂલ કર્યો હતો. દિવસ દરમિયાન ૧,૬૮૨ કર્મચારી અને ૧૯૦ મશીનની મદદ લેવામાં આવી હતી. જેસીબી ડમ્પર, કૉમ્પેક્ટર, મિકેનિકલ સ્વીપર, પીકર મશીન, પાણીનાં ટેન્કર, મિસ્ટંગ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### એક્યુઆઈ સતત ઊંચો

મુંબઈમાં શનિવારે પણ હવાની ગુણવત્તા નબળી રહી હતી. આખો દિવસ વાતાવરણ ધુમ્મસિયું રહ્યું હતું. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના સમીર એપ મુજબ દિવસ દરમિયાન મુંબઈમાં સવારના નવ વાગે સરેરાશ એક્યુઆઈ ૧૬૦ નોંધાયો હતો. મઝગાંવમાં એક્યુઆઈ ૨૫૪, નેવી નગરમાં ૨૪૬, બોરીવલીમાં ૨૫૨ અને મલાડ (પશ્ચિમ)માં ૨૧૯ નોંધાયો હતો.

### ભરશિયાળામાં વરસાદ

રાજ્યમાં ઠંડીનું જોર વધી રહ્યું હતું ત્યાં અચાનક વાતાવરણમાં પલટો આવતા રાજ્યના અનેક વિસ્તારમાં ફરી કમોસમી વરસાદ પડી રહ્યો છે. પુણે, સાતારા અને કોલ્હાપુર, નાશિક જિલ્લામાં શનિવારે વાદળિયું વાતાવરણ રહ્યા બાદ મોડેથી વરસાદ પડ્યો હતો. તો મુંબઈમાં શુક્રવારે મોડી રાતે અમુક વિસ્તારમાં વરસાદના હળવા ઝાપટાં પડી ગયા હતા. નાગપુર, અકોલા, અમરાવતી, જળગાવ અને ધુળે જિલ્લા માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હાલ મુંબઈ, થાણે, પાલઘર અને કોંકણ સહિત રાજ્યના વિસ્તારમાંથી ફરી ઠંડી ગાયબ થઈ ગઈ છે. હવામાન વિભાગના અધિકારીના કહેવા મુજબ આગામી બે-ત્રણ દિવસ વિદર્ભ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા સહિતના વિસ્તારમાં વરસાદ પડશે અને ત્યારબાદ ૩૦ ડિસેમ્બર પછી ફરી રાજ્યમાં ઠંડીનું આગમન થશે.

# જૈન મરણ

**જામનગર અને હાલાર વિશા શ્રીમાળી જૈન**

ખીલોસ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નંદલાલ મણીલાલ ઠક્કરના ધર્મપત્ની ચંપાગૌરી (ઉં. વ. ૯૭) તા. ૨૭-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. જે સ્વ. હસમુખભાઇ, જીતુભાઇ, પ્રમોદભાઇ ને રંજનબેનના માતુશ્રી. વર્ષાબેન, હંસાબેન, સુનીતાબેન તથા વિપેશકુમાર સુતરીયાના સાસુ. પ્રીતમભાઇ, સ્વ. હરકિશનભાઇ, લલિતભાઇ, જગદીશભાઇના ભાભી. સ્વ. રાયચંદ ભાણજી સંઘવી, ખીલોસવાળાના સુપુત્રી. શોકસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુલુંડ સ્વ. કાંતાબેન ગોરધનદાસ દેવચંદ ધામીના સુપુત્ર જયંતિલાલ ધામી (ઉં. વ.૮૫) તા. ૨૭-૧૨-૨૪ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયસુખભાઇ, સ્વ. કિશોરભાઇ, સ્વ. ગુણવંતભાઇ, વસંતભાઇ, સ્વ. ઇન્દીરાબેન, સુશીલાબેન અને નિમુબેનના ભાઇ. વલ્લભીપુર નિવાસી ગાંધી કાળીદાસ બેચરભાઇના ભાણેજ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ભાવયાત્રા તા. ૨-૧-૨૫ના ગુરુવારના ૧૦થી ૧૨. ઠે. જીવરાજ ભાણજી શાહ, અશોક નગર હોલ, મેહુલ સિનેમા પાસે, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ).

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન સમાજ અને ઝાલાવાડ જૈન**

વાંકાનેર નિવાસી (હાલ દાદર) સ્વ. જસવંતીબેન ઇન્દુલાલ પોપટલાલ વિરપાળ મહેતાના સુપુત્ર ચંદ્રેશભાઇ (ઉં. વ. ૬૨) તે સ્વ. ભાવનાબેનના પતિ. શર્લીબેનના પિતાશ્રી. અભયભાઇના ભાઇ. અ. સૌ. તૃપ્તિબેનના જેઠ. વઢવાણ નિવાસી સ્વ. પ્રવીણભાઇ રતિલાલ શાહના જમાઇ બુધવાર તા. ૨૫ ડિસેમ્બરના '૨૪ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર, પ્રાર્થના વી. બંધ રાખેલ છે.

**સુરત વીસા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

હાલ ચર્ચગેટ મુંબઈ પ્રમીલાબેન ઝવેરી (ઉં.વ. ૭૮) તા. ૨૮-૧૨-૨૪ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તેઓ હેમચંદભાઈ મોતીચંદભાઈ ઝવેરીના પત્ની. સ્વ. સુમતીબેન તથા સ્વ. મોતીચંદ ઝવેરીના પુત્રવધૂ. સ્વ. કુસુમબેન તથા સ્વ. શાંતીભાઈ દલપતભાઈ ઝવેરી (ખંભાત)ના સુપુત્રી. ભાવેશ, લાજુ તથા ભવિનના માતુશ્રી. રિતુ, નેહલભાઈ તથા સુષ્માના સાસુ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાય-ડોણના બકુલ જીતેન્દ્ર લાલન (ઉં.વ. ૪૧) તા. ૨૬-૧૨-૨૪ના અવસાન પામ્યા છે. રમીલાબેન જીતેન્દ્રના પુત્ર. જેનીશાના પતિ. ભૂમિ, શીખાના પિતા. કિરણ, કિર્તી, ચિંતન, લુણી વર્ષા જગદીશ, તલવાણા ભાવના જીગર, કોડાય દિપ્તી જીગર, મુંબઈ અમીષા મિલીંદ, ભુજપુર સ્નેહા સ્મિતના ભાઈ. લક્ષ્મીબેન મણીલાલના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (સે.રે.) ટા.૨ થી ૩.૩૦.

વડાલાના મણીલાલ પ્રેમજી હંસરાજ શેઠીયા (ઉં.વ. ૬૫) તા. ૨૭-૧૨-૨૪ના અવસાન થયેલ છે. હીરબાઇ પ્રેમજીના સુપુત્ર. દિનાના પતિ. ઉર્વી, પ્રિયાના પિતા. હરીલાલ, ભવાનજી, ધીરજલાલ, ટોડા ઝવેરબેન નાનજી, મોખા સાકરબેન પ્રેમજી, સાડાઉ હર્ષા મુકેશના ભાઇ. વડાલા અમૃતબેન પ્રેમજી સતરાના જમાઇ. પ્રા. વ.સ્થા.જૈ.શ્રા. સંઘ સંચાલિત કરસન લધુ નિસર હોલ, દાદર (વે.). ટા. ૨ થી ૩.૩૦.

ભોજાય હાલે હૈદ્રાબાદના તારાચંદ ગડા (ઉં.વ. ૬૬) તા. ૨૫-૧૨ના અવસાન પામેલ છે. મીઠીબાઇ મગનલાલના પુત્ર. હર્ષિતા, પ્રિયંકાના પિતા. સ્વ. પ્રવિણ, સ્વ. મધુ, જ્યોતિ, દિપકના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હર્ષિતા શાહ, ૪-૭-૭૨૧, બીજે માળે, ટેલિવિઝન હૉટેલ લેન, ફસમિયા બજાર, હૈદરાબાદ - ૫૦૦૦૨૭.

બાડાના માતુશ્રી પાનબાઈ મુલચંદ ભાણજી ગડા (ઉં.વ. ૮૯) તા. ૨૭-૧૨ના અવસાન પામેલ છે. પાનબાઈ ભાણજી મુરગના પુત્રવધૂ. મુલચંદના ધર્મપત્ની. જયવંતી (જયા) હિતેનના માતુશ્રી. ગોધરા દેવશી, ચુનીલાલ, હીરજી, લખમશી, લાયજા દેવકાબાઈ ગાંગજી, ગોધરા રતનબાઈ શામજી, નાગલપુર રાજુલ રમેશના બેન. પ્રા. યોગી સભાગૃહ, ટા. ૧૧ થી ૧૨.૩૦.

દેશલપુર (કંઠી)ના જયેશ કેશવજી છેડા (ઉં.વ. ૫૯) તા. ૨૬-૧૨-૨૪ના અવસાન પામ્યા છે. કસ્તુરબેન કેશવજીના સુપુત્ર. પુર્ણિમાના પતિ. હેત્વી, ઉમંગના પિતા. ઉષા, અશ્વિન, ચેતનના ભાઈ. વરિયાવ (સુરત)ના કમલાબેન રમેશ પટેલના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયેશ છેડા, એચ-૭૦૩, બ્રિઝા બિલ્ડિંગ, એન્કર પાર્ક, વિનાયક હોસ્પિટલની સામે, નાલાસોપારા (પૂર્વ).

**સ્થાનકવાસી જૈન**

પોરબંદર નિવાસી હાલ અંધેરી મુંબઈ, સ્વ. જયોતિન્દ્ર દ્વારકાદાસ શાહના પત્ની રમોલાબેન (ઉં.વ. ૮૦ ) તે સ્વ. તારામતી દ્વારકાદાસ શાહના પુત્રવધુ, સ્વ. કલાવતી ગોવિંદ શાહના સુપુત્રી, સેજલ અપૂર્વ મથુરીયાના માતુશ્રી, હંસાબેનના દેરાણી, સ્વ. કિરીટભાઈ તથા રસુબેન તનસુખભાઇ ઢાંકી અને તરૂણાબેન પ્રદીપભાઈ શાહના ભાભી તા. ૨૮-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

# હિન્દુ મરણ

રુચિર ભટ્ટ ગામ ધુલેટા મલાડ (ઉં.વ. ૪૦) તા. ૨૩-૧૨-૨૪ને સોમવારે દેવલોક પામ્યા છે. દિનેશભાઈ ભોગીલાલ ભટ્ટ અને સ્વ. જ્યોતિબેન ભટ્ટના સુપુત્ર. મનીષા (ક્રિષ્ના)ના પતિ. વિહાનના પિતાશ્રી. કૃપા ભાવિનકુમાર (બાખોર) દિશા જયકુમાર (રીટોડા)ના ભાઈ. લતાબેન શામલાલ વાધવાની ઈન્દોરના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૯- ૧૨- ૨૪ને રવિવારે ૪ થી ૬. પારેખ હોલ, જીતેન્દ્ર ક્રોસ રોડ, જૈન મંદિરની પાસે, મલાડ પૂર્વ, સાસરીપક્ષ હિતેશભાઈ અને આશિષભાઈ શામલાલ વાધવાની ઈન્દોર તરફથી સાદડી સાથે રાખેલ છે.

**કોળી પટેલ**

ગામ સાલેજ હાલ બોરીવલી સ્વ. સૌ. રમાબેન પ્રવિણકુમાર પટેલ (ઉં. વ. ૬૭) તા. ૨૬-૧૨-૨૪ના ગુરુવારે દેવલોક પામ્યા છે. તે પ્રવિણકુમાર ગોવિંદજી પટેલના પત્ની. તથા તુષાર, પારૂલના મમ્મી. પ્રજ્ઞા, દિપકના સાસુ. રજનીકાંતના ભાભી. વીણાબેનના જેઠાણી. બેસણું (સાદડી) તા. ૧-૦૧-૨૫ના બુધવારે ૨થી ૫ ઘરે. પુષ્પા પાણીની ક્રિયા તા. ૬-૧-૨૫ સોમવારના ૩થી ૪. નિવાસ સ્થાને રાખેલ છે. ઠે. પ્લોટ નંબર ૧૮૨, બી-૨૩, પારીજાત સોસાયટી, ગોરાઇ ખાડી રોડ, ગોરાઇ (૨) બોરીવલી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૯૨.

**શ્રીમાળી બ્રાહ્મણ**

અ. સૌ. હેમલતા કૌશિક ઓઝા તે સ્વ. સવિતાબેન તથા સ્વ. હિરાલાલ લાખાના પુત્રી. તે કૌશિકભાઇ ભાનુશંકર ઓઝાના પત્ની. વિક્રમ તથા રેશમા-વિવેકકુમારના મમ્મી. તથા મહેકના નાની. તા. ૨૫-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૧-૧૨-૨૪ના ૧૧થી ૧. ઠે. પાટીદાર સમાજ હોલ, મફતલાલ બાગ, ફ્રેન્ચ બ્રિજ, મુંબઇ-૦૭.

**હાલાઇ સારસ્વત બ્રાહ્મણ**

લાવડિયાવાળા હાલ મુંબઇ સ્વ. તારાબેન પ્રભુલાલ સોનપાલના સુપુત્રી ડો. હેમલતા (ઉં. વ. ૮૭) ૨૭મિ. ડિસે.એ દેવલોક પામ્યા છે. તે જગદીશ, સ્વ. અરુણ, સ્વ. જીતેન્દ્ર, સ્વ. બકુલા, સૌ. કુમુદ વિજય કિરી, રૂપા (રંજન), ફાલ્ગુન, જાગૃતિ, જયદત્ત-ધારિણી, પ્રણવ અંજલી, શ્વેતા હરીશ, ડો. શ્રેયા, શિવાની, શનાયાના માતૃતુલ્ય. પ્રાર્થનાસભા સોમવાર તા. ૩૦ ડિસેમ્બરે ૪થી ૫.૩૦. ઠે. વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, વિલેપાર્લા, પશ્ચિમ.

**સુરતી દરજી**

સ્વ. ઉષાબેન મનહરલાલ સુરતી (ઉં.વ. ૮૧) તે મનહરલાલના ધર્મપત્ની. જડાઉબેન ફકીરચંદના સુપુત્રી. રીટા, કમલેશ, નિકેતાના માતુશ્રી. કલ્પેશના નાની. શુક્રવાર તા. ૨૭-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

મૂળગામ મહુવા હાલ વિક્રોલી સ્વ. સોની હસમુખભાઇ આલાભાઇ (જીનાદ્રા)ના ધર્મપત્ની (ઉં. વ. ૭૧) ભાવનાબેન હસમુખભાઇ (જીનાદ્રા) તા. ૨૬-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે (ચીતલવાળા) નાનાલાલ સાગરના દીકરી. તે જયેશભાઇ અને રાજુભાઇના (ભાભી). પ્રીતી જયેશ, અનીતા રાજુના (જેઠાણી). સ્વ. અરુણભાઇ, સ્વ. અશોકભાઇ ભારતીબેન (ધાણક)ના બહેન. વિશાલ જયેશ, કાજલ જયેશના (ભાભુ) લૌકિક પ્રથા બંધ રાખેલ છે. ઠે. બિલ્ડિંગ નં-૬, રૂમ નં.૨૬, પાર્કસાઇડ વિક્રોલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણીક**

રોહિશાળા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લીલાવંતીબેન ચંપકલાલ કોઠારીની દીકરી ડો. પ્રફુલાબેન (ઉં. વ. ૭૧) તે કનુભાઇ, સ્વ. અશોકભાઇ, ડો. રંજનબેન, નીલાબેન યોગેનભાઇ મહેતા, જયશ્રીબેન કમલેશભાઇ ભાયાણીના બેન. પૂનમબેન તથા પ્રીતીબેનના નણંદ. તનસુખલાલ મોહનલાલ કોઠારીની ભત્રીજી તા. ૨૭-૧૨-૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સાચીહાર (સાચોરા) બ્રાહ્મણ**

જગદીશ વ્યાસ (ઉં. વ. ૮૬) ભીમાસર કચ્છ હાલ મુંબઇ તે સ્વ. જાનુબેન મુલજી સુંદરજી વ્યાસના પુત્ર. અરુણાબેનના પતિ. સ્વ. કાંતિલાલ સોમજી વ્યાસના જમાઇ. સ્વાતી, જયોતી જયેન્દ્ર ઠાકર, દીપા, શીતલ અને ઉદયના પિતા. સ્વ. ઇશ્વરલાલ, સ્વ. પ્રાણલાલ, ભાનુભાઇ અને નરેશભાઇ, સ્વ. હરીબેન દવે અને હસુમતીબેન દવેના ભાઇ. જયોતીબેનના સસરા તા. ૨૦-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ખડાયતા વણિક**

શૈલેષ શાહ તે મધુસૂદન નગીનદાસ શાહના પુત્ર. વીણા શાહના પતિ. મિતેશ તથા ગ્રીષ્માના પિતા. અજય, અરુણ, બીના, કલ્પનાના ભાઇ. દીપા મિતેશ શાહના સસરા. છાયાના જેઠ તા. ૨૫-૧૨-૨૪ બુધવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ડિંડુ મહેશ્વરી વણીક**

મુંબઈ નિવાસી સ્વ. વસંતલાલ દલાલ અને સ્વ. ચંદ્રબાલાબેન દલાલના સુપુત્ર જગેશભાઈ દલાલના ધર્મપત્ની અ. સૌ. સ્વ. હર્ષાબેન દલાલ (ઉં.વ. ૬૮) તા. ૨૭/૧૨/૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે જેતલ તથા મનીષાના માતૃશ્રી. રિન્કી તથા આશીશભાઈના સાસુ. શૈલેષ દલાલના ભાભીજી. અ.સૌ.સ્વ. રક્ષા દલાલના ભાભીજી. પિયરપક્ષ જયંતભાઈ શાહ, સુરંગીબેન શાહના મોટાબેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ અંધેરી સ્વ. અનંતરાય લક્ષ્મીદાસ દેસાઈના ધર્મપત્ની ગં.સ્વ. કાંતાબેન (ઉં.વ. ૯૪) તા. ૨૭-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રફુલભાઈ-જ્યોતિબાળા, દિલીપ-દેવયાની, પંકજ-પ્રિતી, જયોતિ નવીનકુમાર મહેતા તથા સુધા કિરીટકુમાર ચિતલીયાના માતુશ્રી. અમરેલીવાળા સ્વ. મંછાબેન ભાઈલાલભાઈ કાનજીભાઈ ચિતલીયાની દિકરી. દર્શન, પ્રિયંકા, સુમિત, ભુમિકા, નિરવ, નીરલ, વૃંદા, સ્નેહા, ડીમ્પલના દાદી. પ્રાર્થનાસભા તા. ૩૦-૧૨-૨૪ના સોમવારે ૫ થી ૭. - જલારામ હોલ, જેવીપીડી રોડ નં ૬, જોગર્સ પાર્કની સામે, વિલેપારલા વેસ્ટ, લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

હાલ બોરીવલી નિવાસી સ્વ. દ્વારકાદાસ નેણશી તન્નાના પત્ની સુશીલાબેન (ઉં.વ. ૮૭) તા. ૨૮-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેશ, અમિત તથા રીટા બકુલભાઈ ઠકરારના માતુશ્રી. સંધ્યા તથા પ્રીતિના સાસુ. સ્વ. બાબુભાઇ લાલજી દત્તાણીના સુપુત્રી. સ્વ. મહેન્દ્રભાઈ, દયાબેન ભગવાનદાસ કોટક, ઉર્મિલાબેન જીતેન્દ્રભાઈ ઠક્કર, સ્વ. મધુકાન્તા લક્ષ્મીદાસ વિઠ્ઠલાણી, ભરતભાઈના બેન. ગૌરવ - મોનાલી, ઉર્વી, પૂજા તથા મિરેનના દાદી.

**વિશા પોરવાડ વણિક**

મુંબઈ નિવાસી સ્વ. હરેન્દ્રભાઈ રામલાલ બિસરાના ધર્મપત્ની ગં.સ્વ. આશાબેન (અનસૂયાબેન) (ઉં.વ. ૮૮) ૨૭/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે મિતાલી (હર્ષા), સોનાલિ તથા દેવાંગના માતુશ્રી. ધીરેનભાઈ, પરેશભાઈ તથા નંદિતાના સાસુ. આર્ય, ધ્રુવિલ, મનન, હિતાંશી તથા લહેરના બા. પિયરપક્ષે સ્વ. ગજરાબેન ચીમનલાલ ગાંધીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ**

મહુવા નિવાસી હાલ વસઈ પ્રભુભાઈ ધનજીભાઈ ચાવડા (ઉં.વ. ૭૪) ૨૬/૧૨/૨૪ના રામચરણ પામેલ છે. તે સ્વ. લાભુબેનના પતિ. અતુલ, રાકેશ, રાજુ તથા છાયાના પિતા. અરવિંદભાઈ, સ્વ. કિશોરભાઈ, કાંતુબેન, સ્વ. ભાનુબેન, સ્વ. મંછાબેન, રમાબેન, સ્વ. શોભાબેનના ભાઈ. પાલીતાણાવાળા સ્વ. બચુભાઈ પરષોત્તમ પરમારના જમાઈ. તેમની સાદડી ૨૯/૧૨/૨૪ના ૪ થી ૬. શોપ નં ૧, સમૃદ્ધિ સોસાયટી, વિશાલ નગર, વર્તક કોલેજની પાછળ, વસઈ વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

મૂળ મઢડા નિવાસી હાલ બોરીવલી મુકુંદરાય મગનલાલ મુંજ્યાસરાના ધર્મપત્ની તથા સ્વ. લીલાવંતીબેન શાંતિલાલ શેઠના દીકરી અ.સૌ. સરયુબેન (ઉં.વ. ૮૧) ૨૭/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે કેતન, કલ્પેશ, કલ્પાના માતુશ્રી. નીતા, સ્વ. હેતલ તથા પિનાકીનકુમાર કનૈયાલાલના સાસુ. ગં.સ્વ. હંસાબેન કાંતિલાલ, ગં.સ્વ. ચંદ્રિકાબેન જયંતીલાલ, કુસુમબેન ગુણવંતરાય, કનુભાઈ, જયંતભાઈ, જનકભાઈ, નરેન્દ્રભાઈ તથા ગં.સ્વ. રંજનબેન પ્રવીણભાઈના ભાભી. તેમની સાદડી ૨૯/૧૨/૨૪ના ૫ થી ૭. પાંચમે માળે, શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, એસ. વી. રોડ, પારેખ ગલ્લી બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**રૂખી સમાજ**

ગામ દેવા હાલ કાંદિવલી બાબુભાઈ રઘાભાઈ સોલંકી તે તા. ૨૫/૧૨/૨૪ને બુધવારના શ્રીજીશરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૨૯/૧૨/૨૪ને રવિવારના ૪:૦૦ થી ૬. ૦૦. રૂમ નંબર ૫, સુશીલા નિવાસ ચાલ, દામુનગર, આકુર્લી રોડ, કાંદિવલી ઇસ્ટ.

**નવગામ ભાટિયા**

ગં. સ્વ. સુધા જયસિંહ ગાંધીના સુપુત્ર તથા સ્વ. જયાબેન નરોત્તમદાસ વેદના જમાઈ, શ્રી જગદીપ, તા. ૨૭-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. (ઉં.વ. ૭૧) તે હર્ષાના પતિ. ભાર્ગવ તથા ઉર્વીના પિતાશ્રી. માનસી તથા સમીર શેઠના સસરા. ગ્રીષ્મા આશર, શૈલા ગાયકવાડ તથા નિષિધના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

રામપુરા નિવાસી હાલ મલાડ સ્વ. ગણપતભાઈ આણંદજી ગોહિલના ધર્મપત્ની ગં.સ્વ. ચંપાબેન ગણપતરાય ગોહિલ (ઉં.વ. ૮૬) ૨૫/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે હિંમત, કિરીટ, જ્યોતિ સુરેશકુમાર મિસ્ત્રી, ગીતા (શિવાની) જુકેશકુમાર વાળાના માતુશ્રી. ચેતના તથા રિટાના સાસુ. શ્રુતિ, કુશલ, ડિમ્પલ, ખુશ્બુ, ખુશાલી, દર્શન, ઉત્કર્ષ, ધૈર્યના બા. હેમતપરવાળા સ્વ. મણીબેન વીરજીભાઈ રાઠોડના દીકરી. પ્રાર્થનાસભા ૩૦/૧૨/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

રાણાવાવ નિવાસી હાલ વિરાર સ્વ. મથુરાદાસ વલ્લભદાસ મજીઠિયા (ઉં.વ. ૯૯) તે સ્વ. મૃદુલાબેનનાં પતિ. સ્વ. સુધીરભાઈ તથા નિખીલભાઈના પિતા. તે લીનાબેન તથા અમિષાબેનનાં સસરા. મેહુલ, પૂજા તથા ગૌરાંગનાં દાદા. ધ્વની, સ્વ. ગોકળદાસ, સ્વ. કાંતિલાલ તથા પ્રાણસુખલાલના મોટાભાઈ. વલ્લભદાસ પંચમતિયાના જમાઈ. તા. ૨૮/૧૨/૨૪નાં શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

ધન યઝદી માસ્તર તે મરહુમ યઝદી માસ્તરના વિધવા. તે હોમાય તથા રતનશાહ ધારવારના દીકરી. તે શેહેરેઝાદ એલાવ્યાના મમ્મી. તે પૈરૂશ એલાવ્યાના સાસુજી. તે મરહુમો ડોલી ગોઇપોરીયા, ફ્રેની ધારવાર, જરૂ મીનબત્તિવાળા ને સાવક ધારવારના બહેન. તે કીયાન એલાવ્યાના મમયજી. (ઉં. વ. ૭૫) રે. ઠે. જે-૨૨, કામાપાર્ક, કામા રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૯-૧૨-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે અંધેરી મધે સોલસેટ અગિયારીમાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



**જનાક્રોશ:** બીડના સરપંચની હત્યાના વિરોધમાં શનિવારે હજારો લોકોએ મોરચો કાઢ્યો હતો.

# ધનંજય મુંડેને કાઢો...

## બીડમાં સરપંચની હત્યાના વિરોધમાં યોજાયેલા મોરચામાં મહાયુતિના જ વિધાનસભ્યોની માગણી: હજારો લોકો જોડાયા મોરચામાં

બીડ: મહારાષ્ટ્રના બીડ શહેરમાં શનિવારે હજારો લોકો મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની ક્રૂર હત્યાના વિરોધમાં એકઠા થયા હતા, જ્યારે શાસક પક્ષોના વિધાનસભ્યોએ પણ એનસીપીના પ્રધાન ધનંજય મુંડેને બરતરફ કરવાની માગણી કરી હતી.

મરાઠા અનામત આંદોલનના કાર્યકર્તા મનોજ જરાંગે, કોલ્હાપુરના રાજ પરિવારના છત્રપતિ સંભાજી, સ્થાનિક ભાજપના વિધાનસભ્યો સુરેશ ધસ, અભિમન્યુ પવાર, એનસીપીના વિધાનસભ્ય પ્રકાશ સોલંકે અને એનસીપી (એસપી)ના વિધાનસભ્યો જીતેન્દ્ર આવ્હાડ અને સંદીપ ક્ષીરસાગરે 'આક્રોશ મોરચા' અથવા વિરોધ કૂચમાં ભાગ લીધો હતો.

વિરોધીઓએ બીડ જિલ્લાના રાજકારણી ધનંજય મુંડેના સહયોગી વાલ્મિક કરાડની ધરપકડની માંગ કરી હતી.

નવમી ડિસેમ્બરે સંતોષ દેશમુખનું અપહરણ કરીને તેમને ત્રાસ આપીને હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ વિપક્ષી નેતાઓએ શિયાળુ સત્ર દરમિયાન રાજ્ય વિધાનસભામાં દાવો કર્યો હતો કે વાલ્મિક કરાડ હત્યાકેસનો મુખ્ય સૂત્રધાર હતો.

કરાડનું નામ ખંડણી સંબંધિત કેસમાં આરોપી તરીકે છે, તે હજુ પણ ફરાર છે.

મૃતક સરપંચની પુત્રી વૈભવી દેશમુખે વિરોધ પ્રદર્શન દરમિયાન તેના પિતા માટે ન્યાયની માગણી કરી હતી. તેમણે કહ્યું હતું કે દલિત સમુદાયના એક વ્યક્તિને બચાવતી વખતે તેમણે પોતાનો જીવ ગુમાવ્યો હતો.

અભિમન્યુ પવાર પડોશી લાતુર જિલ્લાના ઔસાથી વિધાનસભ્ય બનતા પહેલા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના સહાયક હતા. તેમણે કહ્યું હતું કે દેશમુખની હત્યાથી થતી પીડા મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં અનુભવાઈ હતી.

'જો હું (શાસક) સરકારનો ભાગ હોઉં તો પણ હું સરકારને કહેવા માગું છું કે જો આરોપીઓની ધરપકડ નહીં થાય, તો વિરોધ રાજ્યના અન્ય ભાગોમાં પહોંચશે. અમે સંતોષ દેશમુખના પરિવાર માટે ન્યાય ઇચ્છીએ છીએ,' એમ તેમણે કહ્યું હતું.

એનસીપીના વિધાનસભ્ય પ્રકાશ સોલંકેએ જણાવ્યું હતું કે હત્યાના ૧૯ દિવસ પછી પણ કેટલાક આરોપીઓ હજુ પણ ફરાર છે, અને વાલ્મિક કરાડની પણ ધરપકડ કરવામાં આવી નથી.

ધનંજય મુંડે છેલ્લા પાંચમાંથી ચાર વર્ષ બીડના પાલક પ્રધાન હતા. મુંડેને બરતરફ કરવાની જરૂર છે. જ્યાં સુધી આરોપીઓને દોષી ઠેરવવામાં ન આવે ત્યાં સુધી મુંડેને બરતરફ કરવા જોઈએ જેથી નિષ્પક્ષ તપાસ થઈ શકે, એમ સોલંકેએ જણાવ્યું હતું. ■

## બીડ-પરભણીની આગ નહીં ઠરે

### હવે ઉદ્ધવ ઠાકરે સંતોષ દેશમુખ અને સોમનાથ સૂર્યવંશીના પરિવારને મળવા જશે

મુંબઈ: શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં બીડના સરપંચ સંતોષ દેશમુખના પરિવારને મળશે, જેમની હત્યાથી મોટો રાજકીય વિવાદ થયો છે.

ઠાકરે દલિત સોમનાથ સૂર્યવંશીના પરિવારને પણ મળશે, જેમનું પરભણીમાં બંધારણની પ્રતિકૃતિના અપમાન સંબંધી હિંસા સંદર્ભે ધરપકડ બાદ અદાલતી કસ્ટડીમાં મૃત્યુ થયું હતું.

શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શનિવારે એવી માહિતી આપી હતી કે, 'સેના (યુબીટી)ના પ્રમુખ અનુક્રમે સોમનાથ સૂર્યવંશી અને સંતોષ દેશમુખના પરિવારોને મળવા માટે પરભણી અને બીડની મુલાકાત લેશે.'

એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવાર ગયા અઠવાડિયે સૂર્યવંશી અને દેશમુખના પરિવારોને મળ્યા હતા. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ પરભણીમાં સૂર્યવંશીના પરિવારની મુલાકાત લીધી હતી.

સરપંચ દેશમુખની હત્યાના સંદર્ભમાં પોલીસે અત્યાર સુધીમાં અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીના ભૂતપૂર્વ તહસીલ વડા વિષ્ણુ ચાટે સહિત ચાર લોકોની ધરપકડ કરી છે.

નવમી ડિસેમ્બરે દેશમુખનું અપહરણ કરીને તેમની નિર્દયતાથી હત્યા કરવાના આરોપમાં પોલીસ ત્રણ અન્ય આરોપીઓની શોધમાં છે.

પોલીસની પ્રાથમિક તપાસ દર્શાવે છે કે દેશમુખની હત્યા બીડમાં એક પવનચક્કી કંપની પાસેથી ખંડણી વસૂલવાનો વિરોધ કરવાના તેમના પ્રયાસનું પરિણામ હતું.

દેશમુખની હત્યા બાદ ખાસ કરીને તેમના શરીરના ઈજાના નિશાનવાળા ફોટા સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર થયા બાદ બીડમાં વિરોધ પ્રદર્શનો થયા હતા.

મધ્ય મહારાષ્ટ્રના પરભણી શહેરમાં દસમી ડિસેમ્બરની સાંજે રેલવે સ્ટેશનની બહાર ડો. બી. આર. આંબેડકરની પ્રતિમા પાસે કાચથી બંધ પેટીમાં રખાયેલી બંધારણની પ્રતિકૃતિ તોડવામાં આવ્યા બાદ હિંસા થઈ હતી. ■

## સુરેશ ધસને મોં બંધ રાખવા જણાવાશે

મુંબઈ: બીડમાં સરપંચની હત્યા કેસ અંગે રાજકીય ઘર્ષણ ચાલી રહ્યું છે ત્યારે મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળેએ પાર્ટીના વિધાનસભ્ય સુરેશ ધસે કરેલી ટિપ્પણી પર નારાજગી વ્યક્ત કરી છે. ધસે એનસીપીના પ્રધાન ધનંજય મુંડેની જાહેરમાં ટીકા કરી હતી.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી મહાયુતિમાં ભાજપની સાથી છે.

આ મહિનાની શરૂઆતમાં મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યા પ્રકાશમાં આવી ત્યારથી ધસ મુંડેનું નામ લીધા વિના સતત તેમની ટીકા કરી રહ્યા છે.

બીડ જિલ્લાના આષ્ટી મતવિસ્તારના વિધાનસભ્યે આરોપ લગાવ્યો છે કે હત્યા કેસના મુખ્ય આરોપીઓની મુંડે સાથેના સંબંધોને કારણે ધરપકડ કરવામાં આવતી નથી.

બાવનકુળેએ કહ્યું હતું કે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્ય વિધાનસભાને ખાતરી આપી છે કે હત્યા કેસના ગુનેગારોને તેમના રાજકીય જોડાણોને ધ્યાનમાં લીધા વિના ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે.

'હું સુરેશ ધસને કહીશ કે તેમની પાસે જે પણ માહિતી છે તે જાહેર કરવાને બદલે સીધી મુખ્ય પ્રધાન સાથે શેર કરે. હું તેમને એમ પણ કહીશ કે એવી કોઈ ટિપ્પણી ન કરે જેનાથી (હત્યા) તપાસમાં અવરોધ ઊભો થાય,' એમ બાવનકુળેએ જણાવ્યું હતું.

૧૨ જાન્યુઆરીએ યોજાનારી રાજ્ય સ્તરના ભાજપ સંમેલનની તૈયારીઓનું નિરીક્ષણ કરવા માટે બાવનકુળેએ અહિલ્યાનગર જિલ્લાના શિરડીની મુલાકાત લીધી હતી.

'ભાજપના સંમેલનમાં ૧૫,૦૦૦ પ્રતિનિધિઓ એકઠા થશે જેનું ઉદ્‌ઘાટન (ભાજપના વડા) જે.પી. નડ્ડા કરશે. (કેન્દ્રીય ગૃહ પ્રધાન) અમિત શાહ સમાપન ભાષણ આપશે,' એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ભાજપ કોર કમિટી સંમેલનની પૂર્વસંધ્યાએ બેઠક કરશે જેમાં લોકોને આપવામાં આવેલા વચનો પૂરાં કરવા અને મહારાષ્ટ્રના વિકાસ માટેના રોડમેપની ચર્ચા કરવામાં આવશે. ■

## સુરેશ ધસ સામે અભિનેત્રી પ્રાજક્તા માળી મહિલા પંચમાં ફરિયાદ કરશે

મુંબઈ: ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે મરાઠી અભિનેત્રી પ્રાજક્તા માળી પર ગંભીર આરોપ લગાવ્યા પછી પ્રાજક્તા માળીએ શનિવારે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે સુરેશ ધસ જાહેરમાં માફી માગે એવી માગણી કરતાં મહિલા પંચમાં ફરિયાદ કરવાની વાત કરી હતી.

'હું શુક્રવારે મીડિયા સાથે વાત કરતી વખતે વિધાનસભ્ય સુરેશ ધસ દ્વારા



આપવામાં આવેલા નિવેદનની નિંદા કરું છું. છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહ્યું છે. હું ખૂબ જ શાંતિથી ટ્રોલિંગનો સામનો કરી રહ્યો છું. મારું મૌન સ્વીકાર્યતા નથી. ધસ દ્વારા ધનંજય મુંડે સાથે મને સાંકળતા આરોપો પાયાવિહોણા અને ખોટા છે,' એમ પ્રાજક્તા માળીએ જણાવ્યું હતું.

'એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં લેવામાં આવેલા ફોટોને લઈને ભારે હોબાળો થયો હતો, એ અમારી એકમાત્ર મીટિંગ હતી. મેં તેના વિશે વાત કરી ન હતી કારણ કે તે વાત જ સાવ ખોટી હતી. મારો પરિવાર, મિત્રો, મહારાષ્ટ્રના લોકો મારી સાથે છે. કોઈએ મારી તરફ શંકાની નજરે જોયું નથી. બધાએ કહ્યું કે તમારે વ્યક્તિગત રાજકારણ માટે મહિલા કલાકારોનો ઉપયોગ કરવાનું બંધ કરવું જોઈએ, તેમજ સુરેશ ધસે મારી જાહેરમાં માફી માગવી જોઈએ.' એમ જણાવતા પ્રાજક્તાએ એમ પણ કહ્યું હતું કે આ મામલે મહિલા આયોગમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ■

## શ્રી ધીરૂભાઇ અંબાણીની ૯૨મી જન્મજયંતીના રોજ ૨૦૨૪-૨૫ માટેના રિલાયન્સ ફાઉન્ડેશન અંડરગ્રેજ્યુએટ શિષ્યવૃતિનાં પરિણામો જાહેર





મુંબઈ: રિલાયન્સના સ્થાપક-ચેરમેન શ્રી ધીરૂભાઈ અંબાણીની ૯૨મી જન્મજયંતી નિમિત્તે, રિલાયન્સ ફાઉન્ડેશને ૨૦૨૪-૨૫ માટે તેની પ્રતિષ્ઠિત અંડરગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિનાં પરિણામોની જાહેરાત કરી હતી. ઉત્કૃષ્ટતાના સંવર્ધન અને ભાવિ નેતાઓને સશક્ત બનાવવા સમગ્ર ભારતમાં ૫,૦૦૦ પ્રતિભાશાળી અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. આ કાર્યક્રમ રિલાયન્સ ફાઉન્ડેશનની યુવા પ્રતિભાને પોષવા અને ભારતના ભવિષ્યને આકાર આપવા માટે તેમને સશક્ત બનાવવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિવિધ પૃષ્ઠભૂમિના લગભગ ૧૦૦,૦૦૦ પ્રથમ વર્ષના અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ રિલાયન્સ ફાઉન્ડેશન અંડરગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિ માટે અરજી કરી હતી. તેમની પસંદગી તેમના ધોરણ ૧૨ના ગુણ, એપ્ટીટ્યૂડ ટેસ્ટ અને આર્થિક માપદંડોને આધારે, વિવિધ પૃષ્ઠભૂમિ અને સમગ્ર ભારતમાં શૈક્ષણિક શાખાઓમાંથી કરવામાં આવી છે. તેઓને રૂ.૨ લાખ નાણાકીય અનુદાન, માર્ગદર્શન અને સર્વગ્રાહી વિકાસની તકો પ્રાપ્ત થશે. આ વર્ષે પસંદ કરાયેલા લગભગ ૭૦% વિદ્યાર્થીઓની વાર્ષિક આવક રૂ. ૨.૫૦ લાખથી ઓછી છે. ૮૩% વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨માં ૯૦% થી વધુ ગુણ મેળવ્યા છે. પસંદ કરાયેલા વિદ્યાર્થીઓમાંથી ૧૪૭ વિકલાંગ વિદ્યાર્થીઓ છે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓ દેશભરની ૧૩૦૦ સંસ્થાઓમાં અભ્યાસ કરતા ૫૪૦ જિલ્લાના છે. શિષ્યવૃત્તિ ટ્યુશન ફી, હોસ્ટેલ ખર્ચ અને અન્ય શૈક્ષણિક ખર્ચને આવરી લે છે, જે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય અવરોધ વિના તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા સક્ષમ બનાવે છે. ■

## મિત્રએ સેક્સ રેકેટમાં ફસાવતાં યુવકે હાથની નસ કાપીને આત્મહત્યા કરી

મુંબઈ: મુંબઈમાં સેક્સ રેકેટમાં કથિત રીતે ફસાયેલા યુવકે ધરપકડના ડરથી પોતાના હાથની નસ કાપીને આત્મહત્યા કરી હોવાની ઘટના મુલુંડમાં સામે આવી હતી. પોલીસને યુવક પાસેથી મળેલી સુસાઇડ નોટ મળી હતી, જેમાં મિત્રએ તેને સેક્સ રેકેટમાં ફસાવ્યો હોવાથી પોતે આત્મહત્યા કરી રહ્યો હોવાનું તેમાં જણાવાયું હતું. યુવકને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ મુલુંડ પોલીસે તેના મિત્ર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

આત્મહત્યા કરનારા યુવકની ઓળખ તન્મય કેણી (૨૭) તરીકે થઇ હતી. વડાલા ટીટી પોલીસ સ્ટેશનમાં દાખલ ગુનામાં તન્મય શકમંદ હતો. બે સપ્તાહ અગાઉ યુવતીએ વડાલા ટીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે એન્ટોપ હિલ પ્રતીક્ષાનગરમાં રહેતા સચિન કરંજે (૨૫)ની ધરપકડ કરવામાં આવી હતી.

સચિન નોકરી અપાવવાને બહાને યુવતીઓને લોજમાં લઇ જતો અને ઘેનયુક્ત પીણું પીવડાવીને તેમના અશ્લીલ ફોટા પાડતો અને બાદમાં તેમને બ્લેકમેઇલ કરતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કરેલી પૂછપરછમાં સચિને તન્મયનું નામ લીધું હતું. ૧૭ ડિસેમ્બરે પોલીસે તન્મયને પૂછપરછ માટે બોલાવ્યો હતો. તન્મય પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો, પણ ધરપકડના ડરથી તે બહારથી જ નાસી છૂટ્યો હતો. ત્યારથી તે ગાયબ હતો. તન્મયની શોધ ચાલી રહી હતી ત્યારે ૨૬ ડિસેમ્બરે મુલુંડ પોલીસ સ્ટેશનની હદમાં તે મૃત અવસ્થામાં મળ્યો હતો. હાથની નસ કાપીને તેણે આત્મહત્યા કરી હતી. ■

# પ્રદૂષણ સામે એમએમઆરડીએનો જંગ

## કન્સ્ટ્રક્શન કૉન્ટ્રેક્ટરોને ૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવાની ચીમકી





મુંબઈ સમાચારના ફોટોગ્રાફર જયપ્રકાશ કેળકર શિયાળામાં છેલ્લા થોડા દિવસથી પ્રદૂષણે કેર વર્તાવ્યો છે એ પહેલાંની મુંબઈની સ્કાયલાઇન અને પ્રદૂષણમાં સાવ ધૂંધળી થઈ જતી શહેરના સ્કાયલાઈનની ખેંચેલી આ બે આબાદ તસવીરો મુંબઈગરો કઈ હદે ઝેરી હવા શ્વસી રહ્યો છે એનો પુરાવો છે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં વધી રહેલા પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકા બાદ હવે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ કમર કસી છે. કન્સ્ટ્રક્શન સાઈટ પર ધૂળને નિયંત્રણમાં રાખવામાં નિષ્ફળ જનારા કૉન્ટ્રેક્ટરોને ૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવાની ચીમકી આપવામાં આવી છે.

મુંબઈ સહિતના મુંબઈ મેટ્રોપોલિટન રિજન એરિયામાં એમએમઆરડીએ દ્વારા ચાલી રહેલા જુદા જુદા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામને કારણે એમએમઆરડીએની કન્સ્ટ્રક્શન સાઈટ પર નિર્માણ થનારી ધૂળને નિયંત્રણમાં લાવવા માટે તાત્કાલિક ધોરણે ઉપાયયોજના અમલમાં મૂકવાનો તથા કન્સ્ટ્રક્શન સાઈટ પર નજર રાખવાનો અને કાટમાળના ટ્રાસ્પોર્ટેશન પર નજર રાખવા બહાર પાડેલી ગાઈડલાઈનનું સખત પાલન કરવાનો તમામ કૉન્ટ્રેક્ટરોને આદેશ આપ્યો છે. નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે ૨૦ લાખ (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈને ભરડામાં લેનાર પ્રદૂષણનાં આ રહ્યાં કારણો

મુંબઈ: દેશની આર્થિક રાજધાનીમાં પ્રદૂષણનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે અને આખો મહિનો પ્રદૂષિત રહ્યો હોવાનો અનુભવ થયો હતો મુંબઈગરાને, ખાસ કરીને પશ્ચિમનાં પરાંમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) આશ્ચર્યજનક રીતે ૩૦૦ને પણ વટાવી ગયો હતો. શહેરના અનેક નિષ્ણાતો અને ફિઝિશિયોનેએ આ અંગેની નોંધ લીધી હતી અને તેઓના મત અનુસાર પ્રદૂષણ ફેલાવવાના અનેક કારણો છે.

**▶ હવે ધુમ્મસ મધ્યાહ્ન સુધી રહે છે...**

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (એમપીસીબી)ના એક ભૂતપૂર્વ કર્મચારીએ આ અંગે માહિતી આપતાં કહ્યું હતું કે મુંબઈમાં નોંધપાત્ર પરિવર્તન ધુમ્મસના સમયે જોવા મળે છે. આ પહેલાં ધુમ્મસિયું વાતાવરણ નવથી સાડાનવ દરમિયાન રહેતું હતું, પણ હવે તેના સમયમાં ફેરફાર થયો છે અને ધુમ્મસ અગિયારથી સાડાઅગિયાર સુધી રહેતું હોય છે.

**▶ ઈન્ફ્રા પ્રોજેક્ટો:**

જોકે હવાની ગુણવત્તા કથળી એ માટે શહેરમાં ચાલી રહેલા અનેક પ્રોજેક્ટો પણ આ માટે જવાબદાર છે. બિલ્ડિંગોનાં બાંધકામ અને આખા શહેરમાં ચાલી રહેલા મેટ્રો પ્રોજેક્ટનાં કામ મુખ્ય છે. પાલિકાના ભૂતપૂર્વ કમિશનર ઈકબાલ સિંહ ચહલે એવું નિવેદન કર્યું હતું કે ૨૦૨૩માં આખા શહેરમાં ૬૦૦૦ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટ્સ પ્રવૃત્ત હતી.

**▶ વાહનોનું પ્રદૂષણ:**

આ તમામ બાબતો ઉપરાંત શહેરમાં દોડતાં અધધધ વાહનો પણ પ્રદૂષણ માટે જવાબદાર છે. આપણા રસ્તાઓ પહેલાં કરતાં (જુઓ પાનું ૪) ▶▶

## 'જહાં મંદિર, વહાં સામૂહિક આરતી' ઝુંબેશ થઈ શરૂ

### સોલાપુરથી શ્રીગણેશ: મંદિરો અને તેમની જમીનો પરનું અતિક્રમણ અટકાવવા અભિયાન

સોલાપુર: મંદિરો અને તેમની જમીનો પરના અતિક્રમણને તાત્કાલિક હટાવવાની માગણી માટે દર અઠવાડિયે 'જહાં મંદિર, વહાં સામૂહિક આરતી' કરવાનો નિર્ણય તાજેતરમાં શિર્ડીમાં 'મહારાષ્ટ્ર મંદિર ટ્રસ્ટ કાઉન્સિલ' દ્વારા ૧૦૦૦થી વધુ મંદિરોના ટ્રસ્ટીઓ દ્વારા લેવામાં આવ્યો હતો. તદ્‌નુસાર, રાજ્યની પ્રથમ 'સામૂહિક આરતી' સોલાપુરના શ્રી વૈષ્ણવ મારુતિ દેવસ્થાનમાં મહાનુભાવોની હાજરીમાં ભારે ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. આ માહિતી 'મંદિર મહાસંઘ'ના રાષ્ટ્રીય આયોજક સુનિલ ઘનવતે આપી હતી.

આ 'સામૂહિક આરતી'નું આયોજન સોલાપુરમાં શ્રીવૈષ્ણવ મારુતિ દેવસ્થાન, મહારાષ્ટ્ર ટેમ્પલ ફેડરેશન દ્વારા જૂનમાં ઘરકુલ અને શ્રીવૈષ્ણવ મારુતિ દેવસ્થાન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

૨૪ અને ૨૫ તારીખે શ્રી સાંઈ પાલખી નિવારા, નિમગાંવ, શિર્ડી ખાતે આયોજિત ત્રીજી 'મહારાષ્ટ્ર ટેમ્પલ ટ્રસ્ટ કાઉન્સિલ'માં રાજ્યભરમાંથી આમંત્રિત કરાયેલા ૮૭૫થી વધુ મંદિરોના ટ્રસ્ટીઓ, પ્રતિનિધિઓ, પૂજારીઓ, (જુઓ પાનું ૪) ▶▶


## કાંદિવલીમાં મરાઠી ઍક્ટ્રેસની કારે બે મજૂરને ઉડાવ્યા: એકનું મોત

મુંબઈ: કાંદિવલી વિસ્તારમાં મરાઠી અભિનેત્રી ઉર્મિલા કોઠારેની કારે બે મજૂરને અડફેટમાં લીધા હતા, જેમાંથી એકનું મૃત્યુ થયું હતું.

અભિનેત્રી ઉર્મિલા કોઠારે શુક્રવારે મોડી રાતે શૂટિંગ પતાવીને કારમાં ઘરે પાછી ફરી રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો.

કાંદિવલી પૂર્વમાં પોઇસર મેટ્રો સ્ટેશનની નીચે મોડી રાતે બે મજૂર મેટ્રો રેલનું કામ કરી રહ્યા હતા ત્યારે કોઠારેની કારે તેમને અડફેટમાં લીધા હતા. અકસ્માતમાં કોઠારે અને તેના ડ્રાઇવરને પણ ઇજા થઇ હતી. જોકે યોગ્ય (જુઓ પાનું ૪) ▶▶





કાંદિવલીમાં અભિનેત્રી ઉર્મિલા કોઠારેની આ કારે જ બે મજૂરોને હાઈવે પર ઊડાવ્યા હતા. (જયપ્રકાશ કેળકર)

## એનજીટીના આદેશ પગલે ૨૦૦ પ્રોજેક્ટ્સ ટલ્લે ચડ્યા

### ઈકો-સેન્સિટિવ ઝોનની પાંચ કિ.મી.ની ત્રિજ્યામાં પ્રોજેક્ટ્સ હોય તો પર્યાવરણ સંબંધી મંજૂરી અનિવાર્ય હોવાનું આદેશમાં કહેવાયું છે

મુંબઈ: નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલને (એનજીટી)ના આદેશના પગલે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં અંદાજે ૨૦૦ એસ્ટેટનાં કામ અટકી પડ્યાં છે. આદેશમાં એવું જણાવાયું છે કે પર્યાવરણીય ક્લિયરન્સ સુરક્ષિત કરવા માટે ઈકો-સેન્સિટિવ ઝોનની પાંચ કિ.મી.ની ત્રિજ્યામાં પ્રોજેક્ટ્સ જરૂરી છે, કેન્દ્ર સરકાર કે રાજ્યની એજન્સીઓની જરૂર નથી.

વીસ હજાર ચોરસ મીટરથી વધુના બિલ્ટ-અપ વિસ્તાર અને ઈકો સેન્સિટિવ ઝોન, વન્યજીવ અભયારણ્ય અને ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તારોની પાંચ કિ.મી. ત્રિજ્યામાં આવેલા લોકો સાથે સંબંધિત છે, એવું આદેશમાં જણાવવામાં આવ્યું છે. એનજીટીના આદેશને પગલે મુંબઈ રિજનમાં બોરીવલીમાં સંજય ગાંધી નેશનલ પાર્ક, થાણે અને નવી મુંબઈમાં ફ્લેમિંગો (જુઓ પાનું ૪) ▶▶

## ફરાર આરોપીઓની મિલકત જપ્ત કરવાનો આપ્યો આદેશ

બીડમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યા પ્રકરણે પોલીસ તરફથી તપાસમાં ઢીલ થઇ રહી હોવાને કારણે મોરચો કાઢવામાં આવ્યો હતો. નાગરિકોના રોષને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ કેસની તપાસ સીઆઇડીને સોંપી હતી. આ સિવાય ફરાર આરોપીઓની મિલકતો પણ જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. દેશમુખની હત્યા પ્રકરણે સાતમાંથી ચાર જણની જ ધરપકડ કરવામાં આવી છે અને ત્રણ આરોપી હજી ફરાર છે. તપાસમાં થઇ રહેલા વિલંબ માટે પોલીસ દળ અને ગૃહ વિભાગ પર આંગળી ચિંધવામાં આવી રહી છે. તેથી તપાસને વેગ આપતા ફડણવીસે સીઆઇડીને કેસ સોંપ્યો છે. ■

# નીતીશ કુમાર રેડ્ડીઃ ફ્લાવર નહીં, ફાયર હૈ

## ▶ ભારતને વૉશિંગ્ટન સાથે મળીને ફૉલો-ઑનથી બચાવનાર આંધ્રના યુવા બૅટરનું હાફ સેન્ચુરી વખતે 'પુષ્પા'ની અને સેન્ચુરી વખતે 'બાહુબલી'ની સ્ટાઈલમાં સેલિબ્રેશન



મેલબર્નઃ આઇપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ વતી ધમાકેદાર ઇનિંગ્સ રમી ચૂકેલા ૨૧ વર્ષના રાઇટ-હૅન્ડ બૅટર અને રાઇટ-હૅન્ડ પેસ બોલર નીતીશ કુમાર રેડ્ડી (૧૦૫ નૉટઆઉટ, ૧૭૬ બૉલ, એક સિક્સર, દસ ફોર)એ ટેસ્ટ-ક્રિકેટના સૌથી જૂના મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પરથી ભારતીય ટીમને મુસીબતમાંથી ઉગારીને ૮૩,૦૭૩ પ્રેક્ષકો અને કરોડો ટીવીદર્શકોના દિલ જીતી લીધાં હતાં. શાંત સ્વભાવનો નીતીશ બૅટિંગમાં અગ્રેસિવ કરતાં ડિફેન્સિવ વધુ હોય છે એમ છતાં તેણે આજે અહીં યાદગાર ઇનિંગ્સ રમીને પોતાની બૅટિંગ-તાકાત આંતરરાષ્ટ્રીય ફલક પર પણ બતાવી દીધી હતી.

નીતીશ કુમાર રેડ્ડી ચાહકોમાં એનકેઆર તરીકે જાણીતો છે. બીસીસીઆઇએ એક્સ (ટ્વિટર) પર નીતીશ રેડ્ડી માટે 'ફ્લાવર નહીં, ફાયર હૈ' એવું લખીને તેની ઇનિંગ્સને અનેરું સન્માન આપ્યું હતું.

નીતીશે ૮૧ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી ત્યારે 'પુષ્પાઃ ધ રાઇઝ' ફિલ્મ-ફેમ અલ્લુ અર્જુન (પુષ્પા રાજ)ની સ્ટાઇલમાં સેલિબ્રેશન કર્યું હતું. ત્યાર બાદ તેણે ૧૭૧ બૉલમાં સેન્ચુરી પૂરી કરી ત્યારે 'બાહુબલી'ના પોઝમાં સેલિબ્રેશન કર્યું હતું. તે ઘૂંટણિયે બેઠો હતો અને બૅટ મેદાન પર ઊભું રાખીને એના હૅન્ડલ પર હેલ્મેટ ગોઠવી હતી અને પછી એક હાથ આકાશની દિશામાં ઊંચો કરીને સદી સેલિબ્રેટ કરી હતી.

નીતીશની આ ચોથી ટેસ્ટ છે. તે ભારત વતી ત્રણ ટી-૨૦ પણ રમી ચૂક્યો છે. ■

# નીતીશ રેડ્ડીના પપ્પાએ પુત્રની ક્રિકેટ-કરીઅર માટે મોટા બલિદાનો આપ્યા છે

## ▶ એક સમયે નીતીશે દોડીને વિરાટ સાથે સેલ્ફી પડાવેલી અને આજે તેની જ સાથે ટીમ ઇન્ડિયામાં છે!

મેલબર્નઃ અહીં ગઈ કાલે પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી ફટકારીને ભારતને ફૉલો-ઑનની નામોશીમાંથી બચાવનાર ૨૧ વર્ષીય ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડીને ભારત વતી રમવાનો તો ગર્વ છે જ, તે ક્રિકેટમાં લોકપ્રિયતા હાંસલ કરીને પોતાના મમ્મી-પપ્પાને એવી ખુશી અને સન્માન અપાવવા માગે છે કે જેથી તેઓ સંઘર્ષનો સમય ભૂલી જાય અને મોજશોખની જિંદગી માણી શકે.

મધ્યમ વર્ગમાંથી આવેલા નીતીશ રેડ્ડીને નાનપણથી ક્રિકેટ બેહદ પસંદ છે જ, તે પૅરેન્ટ્સને માટે કંઈક કરી છૂટવા માગતો હતો એટલે તેણે આ રમતની કરીઅર અપનાવી હતી. દીકરો ભારત વતી રમવાનું સપનું સાકાર કરી શકે એ માટે તેના મમ્મી-પપ્પાએ તેને નૈતિક રીતે અને આર્થિક રીતે પૂરો સપોર્ટ કર્યો હતો. ખરેખર તો તેના પિતા પાસે જે પૈસા હતા એ પુત્રની કરીઅર પાછળ ખર્ચ કર્યા હતા જે હવે લેખે લાગી રહ્યા છે. નીતીશ પાછળ તેમણે જે પ્રકારના જોખમ ખેડ્યાં હતાં અને નાણાકીય નુકસાન કર્યું હતું એ બદલ તેમને હવે જરાય અફસોસ નહીં થતો હોય.

૨૧ વર્ષના નીતીશને તેના જેવા બીજા યુવાનોની માફક શરીર પર ટૅટૂ ચીતરાવવાનો શોખ છે. એમાંનું એક ટૅટૂ તેના એક પગની ઘૂંટી પર છે જે જોઈને તે તેના પરિવારે છેલ્લાં ૧૦ વર્ષમાં તેનું ક્રિકેટનું સપનું પૂરું કરાવવા જે મુસીબતો વેઠી એની તેને સતત યાદ અપાવતું રહે છે તેમ જ પરિવાર માટે કંઈક કરી છૂટવા આત્મવિશ્વાસ અપાવતું રહે છે.

નીતીશે જૂન મહિનામાં પીટીઆઇને મુલાકાતમાં કહ્યું હતું કે 'ભારતીય ટીમમાં જગ્યા મળે એ સૌભાગ્ય કહેવાય, પરંતુ મારી દૃષ્ટિએ હજી મારું ૫૦ ટકા સપનું સાકાર થયું કહેવાય. ટીમ ઇન્ડિયાની જર્સીમાં સજ્જ થઈને હું મારા દેશને મૅચો જિતાડીશ ત્યારે હું માનીશ કે મારું સપનું પૂરેપૂરું સાકાર થયું છે. મારા પિતાએ મારી ટૅલન્ટ પર ભરોસો રાખવા બદલ જે ટીકાઓનો સામનો કર્યો હતો એ ટીકાઓ ખોટી પડે અને મારા પપ્પાનું માન વધે એ હું જોવા માગું છું.'

નીતીશ રેડ્ડીની ક્રિકેટ-સફર શરૂ થઈ એ પાછળ તેના પિતાનું બહુ મોટું યોગદાન છે. નીતીશ ૧૨ વર્ષનો હતો ત્યારે તેના પિતા મુત્યાલા રેડ્ડીએ હિન્દુસ્તાન ઝિન્ક કંપનીમાંથી વૉલન્ટરી રિટાયરમેન્ટ સ્કીમ (વીઆરએસ) હેઠળ નિવૃત્તિ લીધા પછી માઇક્રો-ફાઇનૅન્સિંગ બિઝનેસમાં જે પૈસા ગુમાવ્યા એ બદલ તેમને તેમના કેટલાક નજીકના સગાઓએ ખૂબ ઠપકો આપ્યો હતો અને તેમને ખૂબ મહેણા-ટોણા માર્યા હતા. મુત્યાલા રેડ્ડીને ત્યારે ઉદયપુરમાં ટ્રાન્સફર અપાવાનું હતું, પરંતુ તેમને જાણ હતી કે એ શહેરમાં નીતીશને ક્રિકેટને વ્યવસ્થિત તાલીમ તથા કોચિંગ અપાવવા માટેની પૂરતી સગવડો નથી. એવું માનીને તેમણે ૨૦ લાખ રૂપિયાનું પોતાનું રોકાણ એક બિઝનેસમાં રોકી દીધું હતું. જોકે તેમની પાસેથી લોન લેનાર તેમના જ મિત્રોએ પૈસા પાછા નહોતા આપ્યા. પરિણામે, મુત્યાલા રેડ્ડીને ભારે આર્થિક નુકસાન થયું હતું.

નીતીશ રેડ્ડીએ જૂનમાં પીટીઆઇને નવ વર્ષ પહેલાંની એ ઘટનાની વાત કરતા એવું પણ જણાવ્યું હતું કે 'મારા પિતાને મહેણા-ટોણા મારવામાં આવી રહ્યા હતા એ મેં બરાબર સાંભળ્યા હતા. હું ત્યારે માંડ ૧૨ વર્ષનો હતો, પણ બધુ સમજતો હતો. મેં ત્યારે જ નક્કી કરી લીધું અને પોતાને વચન આપ્યું કે એક જ વાત મારા પપ્પાને ગુમાયેલી પ્રતિષ્ઠા પાછી અપાવી શકે અને એ છે કે મારે ભારત વતી રમવું.'

એ સમયે (૨૦૧૫માં) નીતીશ રેડ્ડીના પિતા પાસે પરિવારનું ગુજરાન ચલાવવા ઉપરાંત બિલકુલ પૈસા નહોતા બચતા. તેઓ નીતીશને વર્ષમાં માંડ એક બૅટ અપાવી શકતા હતા. ત્યારે ઇંગ્લિશ વિલૉથી બનતું બૅટ ૧૫,૦૦૦ રૂપિયામાં મળતું હતું. હવે એની કિંમત ૫૦,૦૦૦ રૂપિયા જેટલી છે અને આંતરરાષ્ટ્રીય બૅટર્સ એવું બૅટ વાપરતા હોય છે.



મેલબર્નમાં ગઈ કાલે નીતીશના મમ્મી-પપ્પા અને બહેન તેને મળવા હોટેલની રૂમમાં ગયા હતા અને હર્ષનાં આંસુ સાથે તેને વારાફરતી ભેટ્યા હતા.

મુત્યાલા રેડ્ડીએ આજે પુત્ર નીતીશે પ્રથમ સદી ફટકારી ત્યાર બાદ મેલબર્નના સ્ટેડિયમ ખાતે મુલાકાતમાં પીટીઆઇને જણાવ્યું કે 'હું અત્યારે કેટલો ખુશ છું એ શબ્દોમાં વ્યક્ત કરી શકું એમ નથી. વિરાટ સરે મારા દીકરાને કહ્યું હતું કે ખૂબ મહેનત કરજે.'

થોડા વર્ષ પહેલાં બીસીસીઆઇએ નીતીશ રેડ્ડીને બેસ્ટ અન્ડર-૧૬ પ્લેયર તરીકેનો અવૉર્ડ આપ્યો ત્યારે તેણે બેન્ગલૂરુમાં વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહમાં હાજરી આપી હતી. ત્યારે આખી ભારતીય ટીમ એ સમારોહમાં હાજર હતી અને ત્યારે ૧૪ વર્ષના નીતીશ રેડ્ડીએ વિરાટ કોહલી તથા અનુષ્કા સાથે સેલ્ફી પડાવવા ભાગદોડ કરવી પડી હતી. વિરાટ-અનુષ્કા ત્યારે હોટેલની લિફ્ટ પાસે પહોંચી ગયા હતા અને નીતીશ દોડીને તેમની પાસે પહોંચી ગયો હતો અને સેલ્ફી લીધી હતી.

નીતીશ માટે એ સેલ્ફી સૌથી યાદગાર છે અને આજે તે વિરાટ સાથે ભારતીય ટીમ વતી રમી રહ્યો છે. ■

# પિતાની પ્રાર્થના ફળી, નીતીશ રેડ્ડી સદી ફટકારવામાં સફળ

મેલબર્નઃ બોર્ડર-ગાવસકર ટ્રોફીની ચોથી ટેસ્ટ (બૉક્સિંગ-ડે ટેસ્ટમાં)માં અહીં ત્રીજા દિવસે ટીમ ઇન્ડિયાને મળેલા બે કાબેલ ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડી (૧૦૫ નોટઆઉટ, ૧૭૬ બૉલ, એક સિક્સર, દસ ફોર) અને વૉશિંગ્ટન સુંદર (૧૬૨ બૉલમાં ૫૦ રન)ની જોડીએ ભારતને ફૉલો-ઑનમાંથી ઉગારી લીધું હતું, ખાસ કરીને ૨૧ વર્ષીય નીતીશે યાદગાર સદી ફટકારીને ટેસ્ટ ક્રિકેટમાં (ખાસ કરીને ઑસ્ટ્રેલિયામાં) પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી લીધું હતું. તેના પિતાએ મેલબર્નના સ્ટેડિયમમાં ૮૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોની વચ્ચે બેસીને પુત્રની સેન્ચુરી માણી હતી.



નીતીશના પિતા જ્યારે તેમનો પુત્ર સદીની લગોલગ હતો ત્યારે સતતપણે પ્રાર્થના કરી રહેલા જોવા મળ્યા હતા.

નીતીશે સદી પૂરી કરી ત્યારે તેના પિતા ખુશખુશાલ હાલતમાં રડી પડ્યા હતા અને તાળીઓથી પુત્રની સદી વધાવી લીધી હતી.

આ સિરીઝમાં ભારતીયોમાં નીતીશ શનિવારે ૨૮૪ રન સાથે મોખરે હતો. યશસ્વી (૨૭૫) બીજા સ્થાને હતો.

ઓસ્ટ્રેલિયાએ પહેલા દાવમાં ૪૭૪ રન હતો. ■

# નીતીશ રેડ્ડીને આંધ્ર ક્રિકેટ ઍસોસિયેશનનું પચીસ લાખ રૂપિયાનું ઇનામ

નવી દિલ્હીઃ આંધ્ર પ્રદેશના વિશાખાપટનમમાં જન્મેલા ભારતના નવા ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડીએ ભારતને શનિવારે ઑસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટના પહેલા દાવમાં ફૉલો-ઑનથી બચાવ્યું તેમ જ ભારે સંઘર્ષ વચ્ચે પ્રથમ ટેસ્ટ સદી પૂરી કરી એનાથી આનંદિત થઈને આંધ્ર ક્રિકેટ ઍસોસિયેશનના સત્તાધીશોએ નીતીશ માટે પચીસ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું.

નીતીશે ઑસ્ટ્રેલિયાના પડકારરૂપ બોલર્સ સામે ઝીંક ઝીલીને યાદગાર સદી ફટકારી હતી અને શનિવારે વરસાદને કારણે રમત વહેલી પૂરી થઈ ત્યારે ૧૦૫ રને નૉટઆઉટ રહ્યો હતો. ત્યારે ભારતનો સ્કોર નવ વિકેટે ૩૫૮ રન હતો.

નીતીશે આ અવિસ્મરણીય ઇનિંગ્સ દરમ્યાન જાડેજા, વૉશિંગ્ટન અને બુમરાહને આઉટ થતા જોયા હતા અને પોતે સદીની લગોલગ હતો ત્યારે ૧૧મા નંબરના બૅટર મોહમ્મદ સિરાજ સાથેની જોડીમાં વિકેટ સાચવી રાખીને સદી પૂરી કરી હતી. ખરેખર તો સિરાજે ક્રીઝમાં ટકી રહીને નીતીશને સેન્ચુરી પૂરી કરવા પૂરો મોકો આપ્યો હતો.



નીતીશ રેડ્ડી (ડાબે) અને વૉશિંગ્ટન સુંદર વચ્ચે આઠમી વિકેટ માટે વિક્રમજનક ૧૨૭ રનની ભાગીદારી થઈ.

### નીતીશ રેડ્ડીની રેકૉર્ડ-બુક

(૧) નીતીશના અણનમ ૧૦૫ રન મેલબર્નમાં રમાયેલી ટેસ્ટ મૅચોમાં આઠમા કે એનાથી નીચલા નંબરે બૅટિંગ કરનારા બૅટર્સમાં હાઇએસ્ટ છે. તેણે ઑસ્ટ્રેલિયાના રેગી ડફનો ૧૨૨ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો છે. ૧૯૦૨ બાદ આ મેદાન પર ડફના ૧૦૪ રન હાઇએસ્ટ હતા. તેઓ દસમા નંબરે રમ્યા હતા. મેલબર્ન વિશ્વનું સૌથી જૂનું ટેસ્ટ ગ્રાઉન્ડ છે. અહીં ૧૮૭૭માં ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ રમાઈ હતી.

(૨) ઑસ્ટ્રેલિયામાં ભારતની જે પણ ટેસ્ટ ટીમો રમી ચૂકી છે એના આઠમા નંબરના તમામ બૅટર્સમાં શનિવારની રમતને અંતે નીતીશના અણનમ ૧૦૫ રન હાઇએસ્ટ હતા. આ પહેલાં કુંબલેના ૮૭ રન સૌથી વધુ હતા.

(૩) વર્તમાન ટેસ્ટ સિરીઝમાં ભારતીય બૅટર્સમાં નીતીશ રેડ્ડી ૨૮૪ રન સાથે હાઇએસ્ટ છે. તમામ બૅટર્સમાં ટ્રેવિસ હેડના ૪૦૯ રન સાથે મોખરે છે.

(૪) ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મૅચોમાં આઠમા નંબરે કે એનાથી નીચલા નંબરે સેન્ચુરી કરનાર નીતીશ બીજો પ્લેયર છે. આ પહેલાં વૃદ્ધિમાન સાહાએ ૨૦૧૭માં રાંચીમાં ઑસ્ટ્રેલિયા સામે ૧૧૭ રન બનાવ્યા હતા.

(૫) નીતીશ રેડ્ડી ઑસ્ટ્રેલિયામાં સદી ફટકારનાર ભારતનો ત્રીજા નંબરનો સૌથી યુવાન ખેલાડી છે. તેની ઉંમર ૨૧ વર્ષ અને ૨૧૪ દિવસની છે. સચિને ઑસ્ટ્રેલિયામાં ૧૮ વર્ષ, ૨૫૩ દિવસની ઉંમરે અને રિષભ પંતે ૨૧ વર્ષ, ૯૧ દિવસની ઉંમરે સેન્ચુરી ફટકારી હતી.

(૬) મેલબર્નમાં સદી ફટકારનાર નીતીશ રેડ્ડી ત્રીજો સૌથી યુવાન વિદેશી ખેલાડી પણ બન્યો છે.

(૭) નીતીશ આઠ સિક્સર સાથે આ સિરીઝમાં રેકૉર્ડ બનાવી ચૂક્યો છે. ઑસ્ટ્રેલિયામાં રમાયેલી ટેસ્ટ સિરીઝમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર તે સંયુક્ત રીતે મોખરાનો વિદેશી ખેલાડી બન્યો છે. ૨૦૦૨માં માઇકલ વૉને અને ૨૦૦૯માં ક્રિસ ગેઇલે આઠ-આઠ સદી ફટકારી હતી. ■

# રિષભ પંતનો શૉટ જોઈને ગાવસકર બોલ્યા, 'સ્ટુપિડ...સ્ટુપિડ...સ્ટુપિડ...'

## ▶ પંતની વિકેટ પડતાં બૅટિંગ-લેજન્ડ બોલ્યા, 'તારે તો હરીફ ટીમના ડ્રેસિંગ-રૂમમાં જતા રહેવું જોઈએ'



મેલબર્નઃ ભારતે અહીં ઑસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટ-મૅચ (સવારે ૪.૩૦ વાગ્યાથી લાઇવ)માં ગઈ કાલે ત્રીજા દિવસે ફૉલો-ઑનથી બચવા હજી ૮૪ રન બનાવવાના બાકી હતા ત્યારે વિકેટકીપર રિષભ પંતે જોખમ વહોરીને જે બિનજરૂરી શૉટ ફટકાર્યો અને વિકેટ ગુમાવી એ જોઈને બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકર ખૂબ ગુસ્સે થઈ ગયા હતા અને કૉમેન્ટરી-બૉક્સમાંથી તેમણે પંત પર આકરા શબ્દોમાં ગુસ્સો ઠાલવ્યો હતો. પંતનો એ રિસ્કી શૉટ જોઈને ગાવસકર તરત જ બોલ્યા, 'સ્ટુપિડ... સ્ટુપિડ... સ્ટુપિડ...'

પંતને વિચિત્ર રીતે શરીરનું સમતોલપણું ગુમાવીને ઑફ સ્ટમ્પની બહારના બૉલને સ્કૂપ શૉટમાં લેગ સાઇડમાં મોકલવાની આદત છે. એમાં ક્યારેક તે સફળ પણ થયો છે, પરંતુ આજે ટીમ જે તબક્કે હતી એમાં તેણે એ શૉટનું જોખમ લેવાની કોઈ જ જરૂર નહોતી.

પંત અને રવીન્દ્ર જાડેજાએ શુક્રવારની રમતને અંતે ભારતનો જે સ્કોર (૧૬૪/૫) હતો ત્યાંથી રમવાનું શરૂ કર્યું હતું અને પોતે ૩૭ બૉલમાં ૨૮ રન બનાવી ચૂક્યો હતો. બન્નેએ પહેલો કલાક હેમખેમ કાઢી નાખ્યો હતો, પરંતુ સ્કૉટ બૉલેન્ડના એક બૉલમાં પંતે ખોટું સાહસ ખેડીને સ્કૂપમાં વિકેટ ગુમાવી દીધી હતી. તે નૅથન લાયનના હાથમાં કૅચઆઉટ થયો હતો.

ગાવસકર ત્યારે એક જાણીતી ચૅનલ માટે કૉમેન્ટરી આપી રહ્યા હતા. પંતનો આ રિસ્કી શૉટ જોઈને તેઓ સ્ટુપિડ...સ્ટુપિડ...સ્ટુપિડ...એવું બોલ્યા અને પછી પંત માટે તેમણે કહ્યું, 'પંતે પોતાની વિકેટ ફેંકી દીધી. આ તો મૂર્ખામી જ કહેવાય. હજી પાછલા જ બૉલમાં તું આવો શૉટ ચૂકી ગયો અને આ વખતે જ્યાં બે ફીલ્ડર ઊભા હતા અને તે આવું મોટું જોખમ ઉઠાવ્યું. તું ડીપ થર્ડ મૅન પર કૅચઆઉટ થઈ ગયો. મેં વિકેટ ફેંકી જ દીધી. ભારતીય ટીમ કેવી ખરાબ હાલતમાં છે એ તારે સમજવું જોઈતું હતું. આ તારી નૅચરલ ગેમ કહેવાય જ નહીં. આય ઍમ સૉરી. તારી આ નૅચરલ ગેમ નથી. તારો આ મૂર્ખાઈભર્યો શૉટ હતો.'

આ તબક્કે સાથી કૉમેન્ટેટર હર્ષા ભોગલેએ ડ્રેસિંગ-રૂમનો ઉલ્લેખ કર્યો ત્યારે ગાવસકર બોલ્યા, 'તેણે (પંતે) પેલા ડ્રેસિંગ-રૂમમાં જવું જ ન જોઈએ...તેણે તો બાજુના જ (ઑસ્ટ્રેલિયાના) ડ્રેસિંગ-રૂમમાં જવું જોઈએ.'

ગાવસકરે લંચ-બ્રેક વખતે બ્રૉડકાસ્ટરની ચૅનલ પર કહ્યું, 'આ જ ઇનિંગ્સમાં પંતે અગાઉ જ્યાં એક પણ ફીલ્ડર નહોતો ત્યાં આવા પ્રકારના શૉટમાં બૉલ મોકલ્યો એ સમજી શકાય, કારણકે એવો મોકો ન છોડાય. જોકે ડીપ સ્ક્વેર લેગ અને ડીપમાં જ્યારે ફીલ્ડર મોજૂદ હોય ત્યારે પંતે આ જે શૉટ સિલેક્ટ કર્યો એ તો ભયંકર ભૂલ કહેવાય.'

પંતે ૫૬મી ઓવરમાં આગલા બૉલમાં આવો જ શૉટ મારવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારે તેણે સમતોલપણું ગુમાવ્યું હતું અને તેના બૅટની ઇન્સાઇડ-એજ લાગી હતી.

પંત આઉટ થયો ત્યારે ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયાથી ૨૮૩ રન પાછળ હતી. ■

# વર્લ્ડ ચેસ ચેમ્પિયન ડી. ગુકેશ મળ્યો પીએમ મોદીને, ચેસ-બોર્ડ ભેટ આપ્યું



ચેન્નઈઃ તાજેતરમાં ચેસમાં યંગેસ્ટ વર્લ્ડ ચૅમ્પિયન બનેલા ચેન્નઈના ડી. ગુકેશે ગઈ કાલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. ડી. ગુકેશે માત્ર ૧૮ વર્ષની ઉંમરે વર્લ્ડ ચૅમ્પિયન બનીને સમગ્ર જગતને ચોંકાવી દીધું છે. ડી ગુકેશે ફાઇનલમાં ચીનના ચેસ માસ્ટર ડિંગ લિરેનને હાર આપી હતી. ગઈ કાલે આ મુલાકાત વખતે ગુકેશના માતા-પિતા પણ તેની સાથે હાજર હતા.

પીએમ મોદીએ ડી ગુકેશની સુવર્ણ સિદ્ધિની પ્રશંસા કરી હતી. ગુકેશે આ દરમિયાન પીએમ મોદીને ચેસ બોર્ડ ગિફ્ટ કર્યું હતું. તેણે પીએમ મોદીને ગિફ્ટ કરેલા ચેસ બોર્ડ પર જ વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપની ફાઈનલ રમાઈ હતી અને ગુકેશે જીત મેળવી હતી.

પીએમ મોદીએ લખ્યું, શતરંજ ચેમ્પિયન અને ભારતના ગૌરવ મુકેશ સાથે શાનદાર વાતચીત થઈ. હું છેલ્લા થોડા સમયથી તેમની સાથે વાતચીત કરી રહ્યો છું. તેનો દૃઢ સંકલ્પ અને સમર્પણ મને સૌથી વધારે પ્રભાવિત કરે છે. તેનો આત્મવિશ્વાસ ખરેખર પ્રેરણાદાયક છે. મને થોડાં વર્ષો પહેલાનો તેનો એક વીડિયો યાદ છે. જેમાં તેણે કહ્યું હતું કે, તે સૌથી નાની ઉંમરનો વર્લ્ડ ચૅમ્પિયન બનીશ. તેના પ્રયાસોના કારણે ભવિષ્યવાણી સાચી સાબિત થઈ છે.

પીએમ મોદીએ કહ્યું, આત્મવિશ્વાસની સાથે સાથે ગુકેશમાં શાંતિ અને વિનમ્રતા છે. જીત બાદ તે શાંત હતો. આજે અમારી વાતચીત યોગ અને ધ્યાનના પરિવર્તનકારી ક્ષમતાની આસપાસ હતી.

પીએમ મોદીએ એમ પણ કહ્યું, દરેક એથલિટની સફળતામાં તેનાં માતા-પિતાની મહત્ત્વની ભૂમિકા હોય છે. દરેક પરિસ્થિતિમાં સાથ આપવા બદલ મેં ગુકેશના માતા-પિતાની પણ પ્રશંસા કરી હતી. જે યુવાનો રમત ગમતમાં કરિયર બનાવવા ઈચ્છે છે તેમના માતા-પિતા માટે આ પ્રેરણા સમાન છે.

અંતમાં પીએમ મોદીએ લખ્યું, ગુકેશે જે ચેસ બોર્ડ પર જીત હાંસલ કરી હતી તે મેળવીને મને આનંદ થયો. આ ચેસ બોર્ડ પર તેના અને ડિંગ લિરેન બંનેના હસ્તાક્ષર છે. આ એક અનમોલ ભેટ છે. ■

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૨૯-૧૨-૨૦૨૪

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# મૌનનો સશક્ત અવાજ..!

## ગુપચુપ આવ્યા... ચુપચાપ ચાલ્યા ગયા!



**તમે એમને માત્ર આર્થિક ક્ષેત્રના નિષ્ણાત ન કહી શકો.. તમે એમને માત્ર કુશળ નાણાં મંત્રી ન કહી શકો.. તમે એમને નબળા વડા પ્રધાન તરીકે પણ ન ઓળખાવી શકો, કારણ કે મનમોહન સિંહ હતા આધુનિક ભારતના ખરા શિલ્પી!**

ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહના નિધનનો શોક હજુ દેશભરમાં છે. આપણે ત્યાં કહેવત-ઉક્તિ છે કે, માણસ જાય પછી જ એની સાચી કદર થતી હોય છે. ડૉ. મનમોહન સિંહના કિસ્સામાં પણ એવું જ થયું છે. ડૉ. મનમોહન સિંહ વડા પ્રધાન હતા ત્યારે દેશભરમાં એમની ટીકા થતી હતી. વિરોધ પક્ષો એમને સોનિયા ગાંધીની કઠપૂતળી ગણાવતા હતા ને મીડિયા એમને 'મૌની બાબા' કહેતું હતું. ડૉ. મનમોહન સિંહે આ દેશને આર્થિક સધ્ધરતા આપવામાં આપેલા યોગદાનને ભૂલીને એમના શાસનના અવગુણો શોધી શોધીને લોકો સામે મુકાતા હતા ને ૨૦૧૪માં કૉંગ્રેસની કારમી હાર સાથે ડૉ. મનમોહન સિંહની સરકાર વિદાય થઈ ત્યાં સુધીમાં તો મનમોહન સિંહ દેશના સૌથી નબળા વડા પ્રધાન હોય એવું ચિત્ર ઊભું કરી દેવામાં આવ્યું હતું.

આજે ૧૦ વર્ષ પછી સ્થિતી સાવ અલગ છે.

ડૉ. મનમોહન સિંહની ટીકા કરનારા બધા એમને વખાણી રહ્યા છે અને સ્વીકારી રહ્યા છે કે, ડૉક્ટર સાહેબ એટલે કે મનમોહન સિંહ ૧૯૯૧માં ભારતના નાણાં મંત્રી ના બન્યા હોત તો આ દેશની હાલત પણ અત્યારના પાકિસ્તાન જેવી થઈ ગઈ હોત. ભારતને આર્થિક રીતે નાદારી નોંધાવવામાંથી માત્ર બચાવ્યું જ નહીં, પણ મનમોહન સિંહે દુનિયાનાં સૌથી મોટાં અર્થતંત્રોમાંથી એક બનાવવાની દિશામાં કૂચ પણ શરૂ કરાવી. અત્યારે આપણે દુનિયામાં પાંચમા નંબરની સૌથી મોટી ઈકોનોમી બની ગયા તેની વધાઈઓ ખાઈએ છીએ અને ભળતા માણસોને જ તેનો જશ આપીએ છીએ, પણ વાસ્તવમાં આ જશ અને યશના સાચા અધિકારી આ સરદારજી હતા.

ડૉ. મનમોહન સિંહને એમના સમયમાં જોઈતો ખરો જશ ના મળ્યો કેમ કે ડૉ. મનમોહન સિંહ ચીલાચાલુ કે અઠંગ રાજકારણી નહોતા. રાજકારણીઓની જેમ કામ ઓછું કરવું ને બૂમો વધારે પાડવી એ એમનો સ્વભાવ નહોતો. એ લીડર હતા, પણ સાયલંટ લીડર હતા તેથી જ દેશના રાજકારણના તખ્તા પર ચુપકીદીથી એન્ટ્રી કરીને નાણાં મંત્રી તરીકે દેશની આર્થિક કાયાપલટ કરી નાખી. કશું બોલ્યા વિના કામ કરતા રહ્યા ને એ પછી વિદાય લેવાનું આવ્યું ત્યારે પણ શાંતિથી વિદાય થઈ ગયા. એ પછી વડા પ્રધાનપદે પુનરાગમન પણ હોહા વિના કર્યું ને શાંતિથી કામ કર્યું. આ દેશનો જનાદેશ એમની વિરુદ્ધ આવ્યો ત્યારે તેને માથે ચડાવીને એ પાછા બેકગ્રાઉન્ડમાં જતા રહ્યા ને હવે દુનિયામાંથી વિદાય પણ બિલકુલ ચુપકીદી સાથે લઈ લીધી છે..

આજની પેઢી સોશિયલ મીડિયા અને વોટ્સઍપ યુનિવર્સિટીના અધકચરા જ્ઞાન ને જૂઠાણાંથી અંજાયેલી છે તેથી એને કદાચ ડૉ. મનમોહન સિંહના યોગદાન વિશે બહુ ખબર નથી, પણ ભાજપના દિગ્ગજ નેતા નીતિન ગડકરીએ એક વાર કહેલું કે, 'આર્થિક ઉદારીકરણ દ્વારા ડૉ. મનમોહનસિંહે આ દેશને જે નવી દિશા બતાવી એ બદલ આ દેશ હંમેશાં એમનો ઋણી રહેશે.' સો ટકા સાચી વાત છે.

ડૉ. મનમોહન સિંહ આ દેશમાં આર્થિક ઉદારીકરણ બિલકુલ પ્રતિકૂળ સંજોગોમાં અને સામા પ્રવાહે તરીને લાવ્યા હતા. ૧૯૯૧ના જૂનમાં ડૉ. મનમોહન સિંહ દેશના નાણાં મંત્રી બન્યા એ સમય ભારતના અર્થતંત્ર માટે સૌથી ખરાબ સમય હતો. ચંદ્રશેખરના સમયમાં ભારતની આર્થિક સ્થિતિ એ હદે કથળેલી કે દેશનું વરસોથી સાચવી રાખેલું સોનું ગિરવે મૂકવાનો વારો આવેલો. કેન્દ્ર સરકાર પાસે લોકોના કલ્યાણ માટેની યોજનાની વાત તો છોડો, પણ કર્મચારીઓના પગાર કરવાના પૈસા નહોતા. આવી કપરી હાલત વચ્ચે ૧૯૯૧ની ચૂંટણી આવી ત્યારે આ મુદ્દો ગાજતો હતો. આ ચૂંટણી પ્રચાર દરમિયાન જ તમિલ આતંકવાદીઓએ રાજીવ ગાંધીની હત્યા કરી નાખી તેનો કૉંગ્રેસને ફાયદો મળ્યો. કૉંગ્રેસને બહુમતી તો ના મળી પણ ૨૩૦ કરતાં વધારે બેઠકો મળી. નાના પક્ષોની મદદથી સરકાર રચે તેવી સ્થિતિમાં કૉંગ્રેસ આવી ગઈ. નહેરુ-ગાંધી ખાનદાનના ભક્તો સોનિયા ગાંધીને વડા પ્રધાન બનાવવા માગતા હતા, પણ સોનિયાજી તૈયાર ના થતાં નરસિંહરાવ વડા પ્રધાન બન્યા. વિશ્વનાથ પ્રતાપસિંહ અને ચંદ્રશેખર દેશને દેવાળું ફૂંકવાના આરે મૂકીને ગયા હતા તેથી નરસિંહરાવ સામે સૌથી મોટો પડકાર દેશના અર્થતંત્રને ફરી બેઠું કરવાનો હતો. નરસિંહરાવે એ વખતે ગજબની હિંમત બતાવીને કૉંગ્રેસમાંથી કોઈ છાપેલા કાટલાને બદલે આર્થિક બાબતોના અનુભવી મનમોહન સિંહને નાણાં પ્રધાન બનાવી દીધા. મનમોહન જેવા બિન રાજકારણીને નાણાં પ્રધાન બનાવીને એમણે મોટો જુગાર ખેલ્યો હતો.

નરસિંહરાવે બીજો જુગાર આર્થિક ઉદારીકરણની નીતિ અપનાવીને ખેલ્યો હતો. કૉંગ્રેસની દાયકાઓ જૂની સમાજવાદ આધારિત આર્થિક નીતિઓ બદલવા સામે પ્રચંડ વિરોધ થયો, પણ નરસિંહરાવ બધા વિરોધને ઘોળીને પી ગયા. એ વખતે રાવે જે રાજકીય ઇચ્છાશક્તિ બતાવી તેને પણ સલામ મારવી પડે. ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર છે. તેનો યશ નરસિંહરાવ સરકારને જાય છે અને તેના મૂળમાં મનમોહન સિંહ હતા. મનમોહન સિંહે આ દેશના અર્થતંત્રને એક નવી અને આગવી દિશા આપવાનું અકલ્પ્ય કામ કર્યું. ભારતમાં એ વખતે કશું જ નહોતું. મલ્ટિનેશનલ કંપનીઓને અહીં આવવાની છૂટ નહોતી ને અર્થતંત્ર સરકારી અધિકારીઓના ભરોસે ચાલતું.

મનમોહન સિંહે એ સ્થિતિ બદલી અને તેની શરૂઆત એમણે ટેલિકોમ કંપનીઓને લાવીને કરી. ભારતમાં ત્યારે સેલફોન જ નહોતા. મનમોહન સિંહે સ્પેક્ટ્રમની હરાજી કરાવીને ટેલિકોમ કંપનીઓને ભારતમાં રોકાણની છૂટ આપીને એક નવી દિશા ખોલી દીધી. એ પછી એક પછી એક સેક્ટર સરદારજી ખોલતા ગયા ને ભારતને સમૃદ્ધ કરતા ગયા. કાર, ઈલેક્ટ્રૉનિક્સ, હોમ અપ્લાયન્સીસ ઇત્યાદિની મોટી મોટી કંપનીઓને એન્ટ્રી આપીને ડૉ. મનમોહન સિંહે ભારતને વિશાળ માર્કેટ બનાવી દીધું. જે વધારે વસતિ ધરાવતા ભારત માટે સમસ્યા હતી તેનો મનમોહન સિંહે ભારતના ફાયદા માટે ઉપયોગ કરીને અર્થતંત્રની શિકલ બદલી. પોતાના અનુગામી નાણાં પ્રધાનોએ ક્યા રસ્તે ચાલવું તેની બ્લુ પ્રિન્ટ આપીને મનમોહનસિંહે દેશને ખરું માર્ગદર્શન પણ આપ્યું. દેવાળું ફૂંકવાના આરે આવેલા આ દેશને રાવ અને મનમોહને બચાવી લીધો. આર્થિક ઉદારીકરણની નીતિથી આ દેશ જોડી દેશમાં એક નવી હવા લાવી અને આ નવી હવાના કારણે આ દેશનું અર્થતંત્ર ટકી ગયું.

કમનસીબે ડૉ. મનમોહનના આ યોગદાનને યાદ રાખવાના બદલે એ સોનિયાના 'કહ્યાગરા છે' તેનો પ્રચાર જ વધારે ચાલ્યો. ડૉ. મનમોહન સિંહને સોનિયા ગાંધી કે નહેરુ-ગાંધી ખાનદાનની કઠપૂતળી ગણાવવાની ફૅશન બહુ ચાલી ત્યારે એક પ્રસંગ યાદ કરવા જેવો છે. છેલ્લા કેટલાક સમયથી ભાજપ અને કૉંગ્રેસ સરદાર પટેલને પોતાના ગણાવીને એમના નામે ચરી ખાવાની હોડ કરી રહ્યાં છે.

સરદાર વલ્લભભાઈ કોઈ ઓળખાણના મોહતાજ નથી. એમણે આ દેશ માટે જે કંઈ કર્યું એટલું કોઈ નેતા સો જનમમાં પણ ના કરી શકે. સાવ નગુણા કૉંગ્રેસીઓએ સરદાર પટેલને સાવ ભુલાવી જ દીધેલા ને એમનું અસ્તિત્વ જ ના હોય એ રીતે કૉંગ્રેસ વરસો લગી વર્તતી હતી. ત્યારે ડૉ. મનમોહન સિંહ એવા નેતા હતા કે જેમણે ખોંખારીને કહેલું કે, સરદાર વલ્લભભાઈ પટેલ કૉંગ્રેસના હતા એ વાતનો તેમને ગર્વ છે. મનમોહન સિંહ વડા પ્રધાન હતા ત્યારે અમદાવાદમાં સરદાર સ્મારકના ઉદ્ઘાટન વખતે એમણે આ વાત કહી હતી. સોનિયાનો સૂરજ એ વખતે સોળે કળાએ તપતો હતો ને મેડમને નારાજ કરવાની કોઈની તાકાત નહોતી. નહેરુ-ગાંધી ખાનદાન સિવાય બીજાં કોઈનાં વખાણ કરવાની ગુસ્તાખી કરનાર પતી જ જાય એ સમયમાં મનમોહન સિંહે આ વાત કહેલી.

ખેર, હવે મનમોહન સિંહ નથી ત્યારે બહુ વાત કરવાનો મતલબ નથી, પણ આ દેશ ડૉ. સિંહને કદી ભૂલી શકે તેમ નથી. ■

ફોકસ
શૈલેન્દ્ર સિંહ
feedback@bombaysamachar.com

# નવા વર્ષનાં તમારાં શું છે રેઝોલ્યુશન?

દર વર્ષે લોકો નવા નવા રેઝોલ્યુશન લેતાં હોય છે. એમાં પણ હેલ્થને સંબંધિત રેઝોલ્યુશન તો હંમેશાં નંબર વન રહે છે. યુવાઓ હવે આ સંકલ્પને ઔપચારિકતા માટે નથી લેતાં, પરંતુ એને ખૂબ યથાર્થ અને વ્યવહારુ બનાવીને એનું દૃઢતાથી પાલન પણ કરે છે. આખા વિશ્વમાં લોકો અને યુવાઓ કેવા સંકલ્પ લે છે એનાં પર એક નજર કરીએ.

**સ્વાસ્થ્ય અને ફિટનેસઃ** એવું કહી શકાય કે હેલ્થને સંબંધિત સંકલ્પ હંમેશાંથી લોકોની પહેલી પસંદ રહ્યું છે. યુવાઓએ આખા વર્ષ ભર સ્વાસ્થ્યને મહત્ત્વ આપવાનું રેઝોલ્યુશન લીધું છે. એક સર્વે મુજબ એનો ખુલાસો થયો છે. લગભગ ૭૦ ટકા યુવાઓએ સંકલ્પ લીધો છે કે તેઓ ૨૦૨૫માં નિયમિત કસરત કરશે.


૬૦થી ૬૫ ટકા યુવાઓએ સ્વાસ્થ્યથી ભરપૂર ભોજન ખાવાનો નિયમ બનાવ્યો છે.

૫૦થી વધુ યુવાઓએ પોતાના માનસિક સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો સંકલ્પ લીધો છે.

તો બીજી તરફ ૪૦થી ૪૫ ટકા યુવાઓએ મોબાઇલ પરના સ્ક્રીન ટાઇમને ઘટાડવાનો અને ૭૦ ટકા યુવાઓએ ડિજિટલ ડિટૉક્સ થવાનો રેઝોલ્યુશન લીધો છે.

સાથે જ ૮૦ ટકા એવો યુવા વર્ગ પણ છે જેણે વર્ક લાઇફ બેલેન્સ કરવા માટે સમયનું ચોક્કસ દિશામાં પાલન કરવાનું નક્કી કર્યું છે.

**ફ્રેન્ડલી લાઇફસ્ટાઇલઃ** આ વર્ષે મોટાભાગના યુવાઓએ પર્યાવરણને અનુકૂળ જીવન જીવવાનો ફેસલો લીધો છે. તેમણે સંકલ્પ લીધો છે કે તેઓ પ્લાસ્ટિકનો ઉપયોગ જેમ બને એમ ઓછો કરશે. સાથે જ એવી લાઇફ જીવશે જે પોતાના આરોગ્યની સાથે પર્યાવરણને પણ કોઈ નુકસાન ન પહોંચાડે. વાતાવરણને પ્રદૂષિત થતાં અટકાવવા માટે સાઇકલ કાં તો પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ વધુ કરવાનો તેમણે નિર્ણય લીધો છે. વિશ્વના કોઈપણ ખૂણામાં વ્યક્તિ હોય, પરંતુ તેને પર્યાવરણનું મહત્ત્વ ખબર છે. એથી જ ૪૦થી ૪૫ ટકા યુવાઓએ એક કાં તો બે વૃક્ષ વાવવાનો સંકલ્પ લીધો છે. સાથે જ પાણીની બચત કરવા માટે પણ કામ કરશે.



**આર્થિક રેઝોલ્યુશનઃ** આ સંકલ્પ સૌથી જૂનો અને હંમેશાં અગત્યનો રહ્યો છે. એક જાણકારી મુજબ જાણવા મળ્યું છે કે યુવાઓએ બચત અને રોકાણની દિશામાં રેઝોલ્યુશન લીધો છે. ૭૦ ટકાથી વધુ યુવાઓ પોતાના ફાલતું ખર્ચાઓને ઘટાડવા માગે છે. સાથે જ પોતાની આવકના સ્રોતને વધારવા માટે વિવિધ સ્કીલ્સ શીખવા માગે છે.

**સેલ્ફ ઇમ્પ્રુવમેન્ટઃ** સેલ્ફ ઇમ્પ્રુવમેન્ટ એટલે પોતાની જાતમાં સુધાર પણ અગત્યનો સંકલ્પ છે. આ સંકલ્પ હંમેશાંથી લોકોમાં લોકપ્રિય રહ્યો છે. એના પર લોકો ચર્ચા પણ કરે છે. ૬૦ ટકા યુવાવર્ગ અને કોર્પોરેટ ક્ષેત્રના પ્રોફેશનલ્સ લક્ષ રાખી રહ્યાં છે કે તેઓ ૨૦૨૫માં કોઈ નવી ભાષા જરૂર શીખશે અને પોતાની કરીઅરને વધુ સારી બનાવવા માટે પ્રયાસો કરશે. આ સાથે જ સ્ટડી પર પણ ફોકસ કરવાનો સંકલ્પ યુવાઓએ લીધો છે. મોબાઇલ પર આખો દિવસ પસાર કર્યા બાદ યુવાઓને હવે એહસાસ થયો છે કે તેમની પુસ્તકો વાંચવાની ટેવ છૂટી ગઈ છે. એથી તેમણે સંકલ્પ લીધો છે કે મહિનામાં ઓછામાં ઓછું એક પુસ્તક જરૂર વાંચશે. આ સિવાય તેમને પબ્લિક સ્પિકિંગ પણ આકર્ષક લાગે છે.

**સંબંધોને મજબૂત બનાવશેઃ** યુવાઓએ નક્કી કર્યું છે કે ૨૦૨૫માં તેઓ કુટુંબીઓ અને મિત્રો સાથે સંબંધોને વધુ સશક્ત બનાવશે. તેઓ જૂના મતભેદોને ભૂલીને નવેસરથી શરૂઆત કરવા માગે છે. સોશિયલ મીડિયાના ચલણની વચ્ચે યુવાઓએ એક નવો સંકલ્પ પણ લીધો છે કે તેઓ હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નહીં, પરંતુ લોકોને પર્સનલી જઈને મળશે. જેથી કરીને સંબંધોમાં વધુ મધુરતા ઉમેરી શકાય.

આ સિવાય પણ યુવાઓએ સમાજને ઉપયોગી બનવાનો સંકલ્પ લીધો છે. સામાજિક કાર્યોમાં વિશેષ યોગદાન આપીને રક્તદાન અને અંગદાનને વધુ મહત્ત્વ આપશે. પોતાના માટે સમય ફાળવશે, યાત્રાઓ કરશે અને નવી જગ્યાઓને એક્સ્પ્લોર કરવાનો પણ તેમણે સંકલ્પ લીધો છે. આવી રીતે આ વખતે તેમના સંકલ્પો નવા અને હટકે છે, માત્ર એનું યોગ્ય દિશામાં પાલન કરવાની જરૂર છે. તો તમે પણ આવા રેઝોલ્યુશન લઈને લાઇફને વધુ સરળ અને ઉત્સાહી બનાવી શકો છો. પરોપકારનાં કાર્યો કરીને અન્યોના જીવનમાં આશાના નવા કિરણ લાવી શકો છો. ■

સૉલ ઓફ ટૂર

# સંસ્કૃતિ અને ટેકનોલોજીના ખજાના સમાન દક્ષિણ કોરિયા ભારતીય પ્રવાસીઓમાં બની ગયું છે ફેવરિટ



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા






સંસ્કૃતિ, ઈતિહાસ અને કુદરતી સૌંદર્યનું આકર્ષક મિશ્રણ આપતું દક્ષિણ કોરિયા ભારતીય પ્રવાસીઓમાં મોસ્ટ ફેવરેટ ટ્રાવેલ ડેસ્ટિનેશન બની ગયું છે. ચાલો પૂછીએ ઔરોરા ટૂર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલાને કે શા માટે ભારતીય પ્રવાસીઓમાં આ દેશને એક્સપ્લોર કરવાની ઝંખના વધી ગઈ છે.

★ **ધવલભાઈ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઈન્ટરનેશનલ ટ્રાવેલ માટે કોરિયાની વધતી જતી ડિમાન્ડનું એવું તે શું કારણ છે?**

આ વિશે જણાવતા ધવલભાઈ કહે છે, રાજધાનીનું શહેર સોલ, મોડર્ન વંડર્સ અને સમૃદ્ધ ઐતિહાસિક સ્થળો બંને સાથે એક ખળભળાટ મચાવતી મેગા સિટી છે. કોરિયન ડિમિલિટરાઇઝ્ડ ઝોન (DMZ), ઇમર્જિંગક પીસ પાર્ક, જાજરમાન ગ્યોંગબોકગુંગ પેલેસ અને પેટિટ ફ્રાન્સ જેવા યુનિક સ્થળો પર પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે, જે આખા દેશના અનોખા વારસાનું પ્રદર્શન કરે છે.

★ **જેજુ આઈલેન્ડ :** જેજુ આઇલેન્ડ એ બીજું એક ટોપનું સ્થળ છે જે પ્રવાસીઓમાં ખૂબ લોકપ્રિય છે. આ શહેર તેના મનોહર લેન્ડસ્કેપ્સ અને શાંત વાતાવરણ માટે પ્રખ્યાત છે. પ્રવાસીઓ સીઓનજ્યુપ એ પારંપારિક ગામનું અન્વેષણ કરી શકે છે, ગ્વાંગચીગી બીચ પર અદ્ભૂત કુદરતી દૃશ્યોનો આનંદ માણી શકાય છે અને મનમોહક નાન્તા શોનો અનુભવ કરવા અહીં મળે છે. ચેઓનજીયોન વોટરફોલ અને હેલીમ પાર્કમાં હરિયાળીભર્યા નજારાઓ જેજુનાં કુદરતી સૌંદર્યને પ્રકાશિત કરે છે.

★ **બુસાનની ખાસિયત :** અહીંનાં સુંદર દરિયાકિનારાનાં આકર્ષણો. પ્રવાસીઓ અહીંની પ્રખ્યાત હ્યુંડે સ્કાય કેપ્સુલ અને સોંગડો સસ્પેન્શન બ્રિજનો અનુભવ લઈ શકે છે. જે સમુદ્ર અને શહેરીનો પેનારોમિક વ્યુ આપે છે. દક્ષિણ કોરિયાએ ભારતીય પ્રવાસીઓનું ધ્યાન નિશ્ચિતપણે કબજે કર્યું છે, જે કલ્ચર, એડવેન્ચર અને લિઝરનાં મિશ્રણ વાળો અનુભવ આપે છે.

★ **કોરિયન અટ્રેક્શન :** પ્રવાસનાં સ્થળો ઉપરાંત, ટેક્નોલોજી, ઓટોમોટિવ અને બ્યુટી જેવા વિવિધ ક્ષેત્રોમાં દક્ષિણ કોરિયાની વૃદ્ધિએ ભારત સાથેના તેના સંબંધોને મજબૂત બનાવ્યા છે. હ્યુન્ડાઇ અને કિયા જેવી મોટી કંપનીઓએ ભારતીય બજારમાં નોંધપાત્ર સ્થાન મેળવ્યું છે. નવી - નવી કાર ઓફર કરી છે અને નોકરીઓનું સર્જન કર્યું છે, જ્યારે ટેકનોલૉજી અને વેપારમાં પણ વૃદ્ધિ જોવા મળી છે. આ વધતું જોડાણ દક્ષિણ કોરિયાને ભારતીય પ્રવાસીઓ માટે એક આકર્ષક સ્થળ બનાવે છે, જ્યાં તેઓ સંસ્કૃતિ અનુભવવા સાથે વૈશ્વિક ઉદ્યોગોના વિકાસના સાક્ષી પણ બની શકે છે.

★ **ભારતમાં કોરિયન ફૂડ અને સ્ટ્રીટ ફૂડનો ક્રેઝ**

આજકાલ ભારતનાં વિવિધ ઠેકાણે તમને કોરિયન સ્ટ્રીટ ફૂડ સ્પેશ્યાલિટી કિમચી, ટીટોકબોક્કી, ગમ્જા હોટડોગ્સ અને કોરિયન ડમ્પલિંગ જેવી વાનગીઓ જોવા મળી છે અને ઓલરેડી આ વાનગીઓએ ભારતીયોનાં મનમાં સ્થાન મેળવી લીધું છે. મેજર ઈન્ડિયન સિટીમાં કોરિયન રેસ્ટોરન્ટ્સ અને સ્ટ્રીટ ફૂડ સ્ટોલ્સ મસાલેદાર, સ્વાદિષ્ટ અને અનોખા કોરિયન ફ્લેવર્સ પિરસે છે અને લોકો એને પસંદ પણ કરી રહ્યા છે. કોરિયન ખાદ્યપદાર્થોએ નિઃશંકપણે ભારતીય મેનુમાં તેનું વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે.

★ **કે-પોપ અને કે-ડ્રામાની દિવાનગી :** ભારતમાં કે-પોપ અને કે-ડ્રામાનો ક્રેઝ ઉચ્ચતમ સ્તરે છે, BTS અને BlacPink જેવા પોપ સિંગર ગ્રુપ્સના ચાહકોની ભારતમાં ખૂબ મોટી સંખ્યા છે. ખાસ કરીકે જેન-ઝીમાં કે-પોપનો ખાસ ક્રેઝ છે. વિશ્વભરનાં કે-પોપ અને કે-ડ્રામાનાં ચાહકો અવારનવાર શહેરના વાઇબ્રન્ટ ગંગનમ ડિસ્ટ્રિક્ટનો અનુભવ કરવા માટે સોલની મુલાકાત લે છે, જેમાં ઘણા લોકો ગંગનમ સ્ટાઇલ સ્ટેચ્યુની મુલાકાત લે છે જે વાયરલ ગંગનમ સ્ટાઈલ ગીતને શ્રદ્ધાંજલિ છે. કે-પોપની સાંસ્કૃતિક નિકાસે ભારતીય ચાહકો માટે સોલને ટોચનું સ્થળ બનાવ્યું છે, જેઓ તેમનાં આઈડલનાં મૂળ સ્થાન સાથે જોડાવા આતુર હોય છે.

★ **દક્ષિણ કોરિયાનો સમૃદ્ધ ઓટોમોટિવ ઉદ્યોગ :** દક્ષિણ કોરિયાનો ઓટોમોટિવ ઉદ્યોગ ઝડપથી આગળ વધી રહ્યો છે, જેમાં હ્યુન્ડે અને કિયા જેવા દિગ્ગજોએ આ ઈન્ડસ્ટ્રીનો જાણે ચાર્જ સંભાળ્યો છે. તેમના નવીન, ઉચ્ચ-ગુણવત્તાવાળા વાહનો ભારતીય ગ્રાહકોમાં પ્રિય બની ગયા છે. ભારતમાં દક્ષિણ કોરિયન કાર બ્રાન્ડ્સની વધતી હાજરી ટેકનોલોજી-સંચાલિત, ફ્યુઅલ એફિશિઅન્ટ ઓટોમોબાઈલની વધતી માંગને પ્રતિબિંબિત કરે છે, જે બંને દેશો વચ્ચેના જોડાણને વધુ મજબૂત બનાવે છે.

★ **ભારતમાં કોરિયન સ્કિનકેર અને બ્યુટી પ્રોડક્ટ્સની ડિમાન્ડઃ** કોરિયન સ્કિનકેર ભારતમાં જ નહીં, પણ આખા વિશ્વમાં વખણાય છે. લોકો સ્વસ્થ અને કાચ જેવી ચમકતી ત્વચા માટે દેશનું પ્રખ્યાત બ્યુટી રૂટિન અપનાવવા આતુર છે. શીટ માસ્ક, સીરમ અને મોઇશ્ચરાઇઝર્સ જેવી પ્રોડક્ટ્ને ભારતીય બજારમાં જોરદાર પ્રતિસાદ મળ્યો છે. ભારતમાં કોરિયન બ્યુટી પ્રોડક્ટ્સની સફળતાનો શ્રેય તેમના ઉચ્ચ-ગુણવત્તાવાળા ઘટકો અને સ્કિનકેર ઇનોવેશન પ્રત્યેની પ્રતિબદ્ધતાને આભારી છે, જે દક્ષિણ કોરિયાને ભારતીય સૌંદર્ય ઉદ્યોગમાં મુખ્ય ખેલાડી બનાવે છે.

વિવિધ ક્ષેત્રોમાં તેના વધતા પ્રભાવ સાથે, દક્ષિણ કોરિયા આજે ભારતીય પ્રવાસીઓ માટે ખરેખર એક આકર્ષક સ્થળ બની ગયું છે, જે માત્ર એક રીચ કલ્ચરલ અનુભવ લેવા માટેનો દેશ નહીં, પણ એને વૈશ્વિક પાવરહાઉસ બનાવે છે. સાથે જ આ દેશ ટેકનોલોજી અને ઔદ્યોગિક પ્રગતિની ઝલક પણ આપે છે. ઐતિહાસિક સ્થળો માટે હોય, વાઇબ્રન્ટ પોપ કલ્ચર માટે હોય, કોરિયન ગ્લાસ સ્કિન મેળવવા માટેની પ્રોડક્ટ્સ માટે હોય કે પછી વિકાસશીલ ઉદ્યોગો માટે, દક્ષિણ કોરિયા એક એવો દેશ છે જે ભારતીયોની દરેક પ્રકારની કલ્પનાને મોહિત કરે છે.■

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026. Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

## સર્જકના સથવારે


રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# મુશાયરાના મંચથી લોકોના દિલ સુધી રાજ કરનારા કવિ 'બેકાર'

ગઝલને લોકો સુધી પહોંચાડવા માટે સૂરત અને રાંદેરમાં મંડળ સ્થાપવામાં આવતાં અને જુદા જુદા શહેરોમાં અને ક્યારેક સાવ નાના કસબામાં મુશાયરા યોજાતા. આ કાર્યક્રમ એક મિશનરી ધગશથી આગે ધપાવનાર શાયરોમાં બહુ જ મહત્ત્વનું નામ છે ઈબ્રાહીમ દાદાભાઈ પટેલ 'બેકાર' તખલ્લુસ ભલે 'બેકાર' રાખ્યું પણ એ શાયર પાસે પગવાળીને બેસવાનો સમય ન હતો. સરકારી પ્રાથમિક શાળામાં પચ્ચીસ વર્ષ આચાર્ય પદે રહ્યા પછી પ્રમોશન મળ્યું અને આઠ વર્ષ સુધી એસિસ્ટન્ટ ડેપ્યુટી શિક્ષણ ઈન્સ્પેક્ટર તરીકે સેવા આપી હતી.

ગુજરાતી ગઝલને ચાલીસના દાયકામાં લોકાભિમુખ કરવાના કામમાં 'બેકાર' પાયાના પથ્થર હતા. ૧૯૩૨માં જ્યારે ગઝલ ગુજરાતમાં સાવ ઉપેક્ષિત હતી ત્યારે રાંદેરમાં 'મુસ્લિમ સાહિત્ય મંડળ'ની સ્થાપના થઈ અને પ્રમુખ તરીકે ઈબ્રાહીમ દાદાભાઈ પટેલ એટલે 'બેકાર' ચૂંટાયા હતા. એમણે ગઝલ માટે ભેખ લીધો. મુશાયરાની શરૂઆત રાંદેરથી જ થઈ મુશાયરો યોજાય ત્યારે અગ્રગણ્ય સાહિત્યકારને પ્રમુખપદે યોજવાની પહેલ એમણે કરી. મુશાયરાની પુસ્તિકા પ્રમુખના ભાષણ સાથે પ્રગટ થતી. એક વ્યવસ્થિત અને મોભાદાર મુશાયરાની કેડી કંડારીને તેઓ અવિરત ગઝલમય જ રહ્યા. જો કે ગઝલમય કહેવાને બદલે હઝલમય કહેવું જોઈએ કારણ કે એ આખુંય જીવન હઝલમય જ હતા. હઝલમાં સમાજ, સાહિત્ય, રાજકારણ એમ માણસને સીધી રીતે સ્પર્શતા વિષયો પર એમની હઝલ ચોટદાર રહેલી. આઝાદી મળી, મળતાં મળી ગઈ પછી શું સ્થિતિ છે તેનું વર્ણન આ વાતની ગવાહી પૂરે છે:

*હિંદને સ્વરાજ્ય મળતાં ના થવાનું થઈ ગયું*
*દોરવાનું જ્યાં હતું ત્યાં હાંકવાનું થઈ ગયું;*
*આમ જનતાનાં, જુઓને, સાફસૂપડાં થઈ ગયાં,*
*પણ ભલું કેવું પ્રધાનોનાં સગાંનું થઈ ગયું*




સાહિત્યની સાધના અને ઉપાસના પ્રેમભક્તિથી કરે. લગભગ બે દાયકા સુધી 'ઈન્સાન' નામનું માસિક પ્રગટ કરતા. થોડુંક ધાર્મિક લખાણ અને બાકીનું સાહિત્ય હોય. ખાસ તો ચાર પાનાં ગઝલ માટે રાખેલા અગ્રગણ્ય શાયરોની ગઝલ રંગીન શાહીમાં અને ખાસ ટાઈપોગ્રાફીમાં થાય. સૂરતમાં 'મહાગુજરાત ગઝલ મંડળ'ની સ્થાપના પણ 'બેકારે' કરી. મંડળ ચાલ્યું ત્યાં સુધી પ્રમુખપદે રહ્યા. મુશાયરાને સાહિત્યમાં સ્થાપિત કરવા માટે સુંદરમ્, ઉમાશંકર, ર.વ. દેસાઈ, દિવાન બહાદુર કૃષ્ણલાલ ઝવેરી, કરસનદાસ માણેક જેવા અગ્રગણ્ય સાહિત્યકારોએ 'બેકાર'ના આમંત્રણને માન આપીને પ્રમુખપદ શોભાવ્યું હતું.

'બેકાર'નું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું. પાંચ હાથ પૂરું પડછંદ કદ અને હંમેશ સરસ સફેદ ઈજાર અને ઘૂંટણ સુધી પહોંચતી શાનદાર શેરવાની અને માથા પર ઊંચી દીવાલની વિશિષ્ટ ટોપીએ એમનો પોષાક. સ્વભાવ રમૂજી. પોતે વ્યંગ કે કટાક્ષ કરે અને ખડખડાટ હસે. નિર્દંશ હાસ્ય જે કહેવું હોય તે સાવ શાંત ધીમા સાદે સીધું, સર અને સોંસરું કરી નાખે. એમના આવા નિખાલસ સ્વભાવને લીધે તમામ શાયરોને એક રાખી શકયા હતા.

મુશાયરાને સફળ બનાવવાનું જાણે કે પહેલેથી જ નક્કી કરીને બધી વ્યવસ્થા ગોઠવે. શાયરોનો ક્રમ ગોઠવે અને સમગ્ર મુશાયરાનું સંચાલન પોતે જ કરે. મુશાયરો જામતો ન હોય તો ક્રમ બદલીને અચાનક કોઈનું નામ બોલે. એ શાયરની ગઝલના થોડાક શેર સંભળાવીને વાતાવરણ બાંધે અને શાયરને આત્મવિશ્વાસપૂર્વક માઈક પર આવવાનો મોકો આપે.

સાહિત્યકાર તરીકેની સજ્જતા અને સહજતા એમનો વિશેષ ગુણ હતો. હાસ્ય લેખો લખે અને 'ચિત્રપટ' સાપ્તાહિકમાં બે કોલમ પણ લખતા. વાતવાતમાં હાજરજવાબી હતા. સૂરતમાં એક મુશાયરામાં 'બેકાર' સંચાલન કરતા હતા અને પ્રમુખ હતા જ્યોતિન્દ્ર દવે બન્ને સફળ હાસ્યકાર. વાતવાતમાં જ્યોતિન્દ્ર દવેએ કહ્યું કે સંચાલક સાંબેલા જેવા છે, બેકારે તરત કહ્યુંઃ પ્રમુખ વેલણ જેવા છે. હવે આવી આત્મીય નિખાલસતા ક્યાં જોવાં મળે છે.

'બેકાર' પાસેથી ૨૫૦ પાનાનો હઝલ સંગ્રહ 'ધરતીના ધબકાર' પ્રગટ કર્યો અને પ્રસ્તાવના જ્યોતિન્દ્ર દવેએ લખી છે. તેમાંથી એક ફકરો જોઈએઃ

'ભાઈ 'બેકાર' પોતાના વક્તવ્યને સહજગમ્ય અને સર્વગમ્ય તરત જ સૌ કોઈ સમજી શકે એવી સાદીને સીધી વાણીમાં રજૂ કરે છે. વ્યંગફંગ્યની પંચાતમાં પડ્યા વગર વાચ્યાર્થ વડે જ એ પોતાને કહેવાનું હોય તે કહી દે છે અને સાથે સાથે ભાષાના બધાં નખરાં, બધી ભંગિઓ, બધા લહેકાઓ ને છણકા પણ સ્થળે સ્થળે પ્રગટ કરી બતાવ્યા છે. ઓળખ્યો જો ના મને, તો જા, તું ગુજરાતી નથી, એ પંક્તિમાંના જા શબ્દનો લહેકો જોવા જેવો છે.'

મોટપમાં પણ માણસ મટી ન જવાય અને સહજતાથી કહેવાનું કહી શકાય એવી એમની વિચારસરણી હતી. નિવૃત્તિમાં એ સતત પ્રવૃત્ત રહ્યા. એમણે મુખ્યત્વે હાસ્યગઝલો એટલે કે હઝલો લખી છે પણ મુશાયરાને લોકપ્રિય બનાવવામાં એમનું જે પ્રદાન હતું તે એટલું મહાન હતું કે ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધ લેવાશે જ. એમણે બ્રિટન, મોરેશિયસ, મલાવી, ઝાંબિયા, કેનિયા, ટાંગાનિકા, માડાગાસ્કર, પાકિસ્તાન, બ્રહ્મદેશ, શ્રીલંકા, પાકિસ્તાન વગેરે દેશોમાં ગઝલ પઠન કર્યું અને વિદેશમાં ગુજરાતી ગઝલની લોકપ્રિયતાનો શમા બાંધ્યો હતો.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ખાનપુર ગામમાં ૨૪-૧૨-૧૮૯૯માં ખેડૂત કુટુંબમાં જન્મ થયો હતો. ગામ સાથે છેલ્લે સુધી નાતો જાળવી રાખ્યો અને ત્યાં બાવન વીઘા જમીન ખરીદીને ખેડૂત તરીકે રહ્યા હતા. ૧૯૬૦માં આપણાં અગ્રગણ્ય સાક્ષર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પ્રમુખસ્થાને એમની ષષ્ટિપૂર્તિ ઉજવાઈ ત્યારે બધા જ કવિઓ-શાયરો અને સાહિત્યસ્વામીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હાસ્ય-વ્યંગનાં એમનાં પુસ્તકોની સંખ્યા પણ નાની નથી. પ્રેમકન્યા-ત્રિઅંકી નાટક, રસના ચટકાં, હાસ્યકુંજ, જૂની આંખે નવા તમાશા, અક્કલનો ઈજારદાર, કલમચાબૂક, અનમની શોધમાં, રમતારામ, રમૂજનો રાજા, આનંદઘર, હાસ્યમંઝિલ અને છેલ્લે ધરતીના ધબકાર હઝલસંગ્રહ એમણે આપ્યા છે.

જલન માતરીએ નોંધ્યું છે કે 'બેકાર' ગઝલકાર નહીં પણ હઝલકાર (હાસ્યકવિ) છે... ઉર્દૂના હાસ્યકવિ અકબર ઈલાહાબાદીને વાંચતા વાચક ખડખડાટ હસી પડે તેમ 'બેકાર'ની હઝલ પણ હસાવ્યા વિના રહેતી નથી. મુશાયરો જામતો ન હોય અને શ્રોતાઓ બગાસાં ખાતા હોય એવામાં એકદમ હાસ્યના મોજા સાથે સભા સચેતન બની જાય તો જાણવું કે 'બેકાર' બોલવા ઊભા થયા છે.

'બેકાર' લોકોના મિજાજને જાણનારા અને સામાન્ય મનુષ્યનાં દિલો દિમાગનો કબજો લેનાર કવિ હતા. એમની હઝલોના થોડાક શેરની મસ્તી માણીએ. ■

## સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# હસીને જીવન વિતાવવું છે કે રડીને?

થોડા દિવસો અગાઉ એક પરિચિતે વોટ્સએપ પર એક વીડિયો મોકલાવ્યો. એનો સાર અને સૂર એ હતો કે મનુષ્યનું જીવન નિરર્થક છે. જીવનમાં દુઃખો સિવાય કશું છે જ નહીં અને એ બધાં દુઃખો આપણે ભોગવવાનાં જ છે. દરેક જન્મમાં આપણે દુઃખો ભોગવવાનાં હોય છે.... એવી ઘણી બધી વાહિયાત વાતો એ વીડિયોમાં હતી. એ વીડિયો જોઈને હસવું આવ્યું.

એ વીડિયો મોકલનારા પરિચિતને મેં મજાકમાં કહ્યુંઃ 'આ પ્રકારના વીડિયો મને મોકલાવતા નહીં અને તમે પણ આવા વીડિયોઝ જોવાનું બંધ કરી દો નહીં તો તમે પાગલ થઈ જશો અને તમારે કોઈ મનોચિકિત્સકની સલાહ-સારવાર લેવી પડશે.'

આવા વીડિયોને કારણે લોકોમાં નકારાત્મકતા ફેલાય છે એ વાત મેં એમને સમજાવવાની કોશિશ કરી તો એ બચાવ કરવા લાગ્યા. એ કહેઃ 'મને વીડિયો ગમ્યો એટલે મેં કેટલાક મિત્રોને ફોરવર્ડ કર્યો. તમને ન ગમે તો હવે આવો વીડિયો નહીં મોકલાવું.'

એ વીડિયો બનાવનારી વ્યક્તિ હિન્દી ભાષી હતી. એનો વીડિયો મારા તે પરિચિત જેવા ઘણા માણસોએ શેર કર્યો હશે. એ વીડિયો અમુક હજાર માણસો શેર કરી ચૂક્યા હતા.

ઘણાં લોકો હંમેશા દુઃખની જ વાતો કરતા હોય છે. ઘણાં લોકો સતત રોદણાં જ રડતા હોય છે. ગમે એટલી સારી સ્થિતિ હોય એ બધા હંમેશાં ફરિયાદ જ કરતા હોય છે. એમને પોતાના જીવનમાં અને આખી દુનિયામાં કશું સારું દેખાતું જ નથી હોતું. સોશિયલ મીડિયા પર તમને આવા ઘણાં નમૂનાઓ જોવા મળતા હશે. જે માણસ સતત પોતાની તકલીફોની ફરિયાદો કરતો હોય, સતત નિરાશાજનક વાતો કરતો હોય એનાથી લોકો પણ સ્વાભાવિક રીતે દૂર જ ભાગવાના.

વર્ષો અગાઉ ચાર્લી ચેપ્લિનના જીવનનો એક કિસ્સો ક્યાંક વાંચ્યો હતો. ચેપ્લિને એકવાર એક જોક કહી. એ સાંભળીને પ્રેક્ષકો ખડખડાટ હસી પડ્યા. એ જ જોક એણે બીજી વાર કહી. એ વખતે લોકો થોડું ઓછું હસ્યા. ચેપ્લિને ત્રીજી વખત એ જ જોક કહી. એ વખતે પ્રેક્ષકો માંડમાંડ હસ્યા. એ રીતે ચેપ્લિને પાંચમી વખત એ જોક કહી ત્યારે તો લોકોનો કોઈ પ્રતિસાદ જ ન મળ્યો!


સંત હોતેઈ

એ પછી ચેપ્લિને કહ્યુંઃ 'તમે એકની એક વાત પર પાંચ વખત હસી પણ નથી શકતા તો પછી એકની એક વાત પર તમે જિંદગીભર રડી કઈ રીતે શકો!'

માણસ હંમેશાં જે ઇચ્છે છે એ જ એના તરફ આવશે. ઓશો હંમેશાં સચોટ દૃષ્ટાંતો સાથે અત્યંત ઊંડી વાત કહેતા હતા. આવી જ એક વાત એમના ઘૂંટાયેલા અવાજમાં સાંભળી હતી.

આગળના શબ્દો ઓશોના છેઃ


'જપાનમાં એક સંત થયા હોતેઈ. જેમ એમને જ્ઞાન થયું એ હસવા લાગ્યા અને પછી એ જીવનભર હસતા જ રહ્યા. એ સતત પ્રવાસ કરતા. રોજ જુદાં જુદાં ગામડાઓમાં જતા અને ઊભા રહીને હસવા લાગતા. એમને અકારણ હસતાં જોઈને પહેલાં તો લોકોને નવાઈ લાગતી, પણ પછી લોકો એમના ચાહક બનવા લાગ્યા. જપાનના લોકો એમને 'હસતા બુધ્ધા' કહેતા. બજાર વચ્ચે ઊભા રહી જતા અને હસવા લાગતા. પછી એમનું નામ દૂરદૂર સુધી ફેલાઈ ગયું. લોકો એમની રાહ જોતા કે સંત હોતેઈ ક્યારે આવશે?

એમનો બીજો કોઈ ઉપદેશ નહોતો. માત્ર બજાર વચ્ચે ઊભા રહીને એ હસતા જ રહેતા. ધીમેધીમે ભીડ ભેગી થઈ જતી અને લોકો પણ એમની સાથે હસવા લાગતા.

'ક્યારેક લોકો હોતેઈને પૂછતા કે તમે બીજું કંઈ કહો? તો એ કહેતાઃ બીજું તો શું કહું! તમે નકામું રડી રહ્યા છો. તમને કોઈ હસાવવાવાળું જોઈએ જે તમને બધાને હસાવે. મારે એટલું જ કહેવું છે કે હસી લો. હસવામાં કશું ખરાબ નથી. દિલ ખોલીને હસો. આખું અસ્તિત્વ હસી રહ્યું છે, તમે નકામા રડી રહ્યા છો. બસ, હસી લો.... મારે બીજો કોઈ સંદેશ આપવાનો નથી.

'એમના વિષે એવું કહેવાતું કે એમણે આખા જપાનને હસાવ્યું અને એમની આસપાસ લોકો ધીરેધીરે હસતાહસતા જોવા મળતા. એ જ એમનું ધ્યાન હતું - એ જ એમની સમાધિ હતી.

'લોકો હસતાહસતા અનુભવ કરતા કે અમે હસી શકીએ છીએ-અમે પ્રસન્ન થઈ શકીએ છીએ કારણ વગર. કારણની શોધ જ ખોટી હતી.



તમે જ્યાં સુધી કારણ શોધશો કે કારણ હશે ત્યારે હસીએ તો તમે ક્યારેય હસી જ નહીં શકો. તમે જો વિચારશો કે કારણ હશે ત્યારે તમે સુખી થશો તો તમે ક્યારેય સુખી નહીં થઈ શકો. કારણ શોધવાવાળા વધુ દુઃખી થતા જશે. કારણ દુઃખનાં છે, સુખનાં નહીં...!' ■

## મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

### મસ્ત મનોરંજક કેટલીક તાજાખબરઃ

# કૌન હૈ અસલી? કૌન હૈ નકલી?


### વિચાર ને સમાચાર બદલાતા રહેવા જોઈએ. (છેલવાણી)

દિલ્હીમાં એક વિદ્વાન પબ્લિક સર્વિસ કમિશનમાં સરકારી નોકરીઓ માટે ઈન્ટરવ્યુ લેવા જતા અને મહેરબાનીથી અનેક ઉમેદવારોને સરકારી નોકરીઓ મળી જતી, પણ એકવાર એ જે કમિટીમાં હતા ત્યાં એમનો સગો ભત્રીજો જ નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા આવેલો. પોતાના પર સગાવાદનો આરોપ ના લાગે એટલે જ્યારે ભત્રીજાનું નામ એનાઉન્સ કરવામાં આવ્યું ત્યારે કમિટીના અધ્યક્ષ સામે વિનંતિ કરીને એ વિદ્વાને કહ્યું, 'આ ઉમેદવાર મારો સગો ભત્રીજો છે એટલે હું થોડીવાર બહાર જઉં છું ને તમે ઈન્ટરવ્યુ લો.' સરકારી અકલમંદને અડધો ઈશારો પણ કાફી હોય. જ્યારે નોકરી મેળવનારાઓની યાદી નીકળી ત્યારે વિદ્વાનના ભત્રીજાનું નામ ટોચ પર હતું. આમ વિદ્વાનનું કામ પણ થઈ ગયું ને દામન પર ડાઘ પણ ના લાગ્યો!

આવા અનેક કિસ્સાઓ દિલ્હીમાં બુઝુર્ગ પત્રકાર દ્રોણ કોહલીનાં સંસ્મરણોમાં છે, જે સત્તાવિલાસ ને ભ્રષ્ટાચારની અનેક કથાથી લથબથ છે. નવાઇની વાત એ છે કે આજે આવી માસૂમ બેઇમાનીની જૂની ઘટનાઓ સાંભળીને હવે આપણું રુવાંડું યે ફરકતું નથી!

..કારણ કે આજકાલ આપણને વિશ્વાસ ના આવે એવા ભ્રષ્ટાચાર ને કૌભાંડો સામે આવી રહ્યાં છે. ક્યારેક આખેઆખી સ્કૂલ જ નકલી હોય તો ક્યારેક એમાં ભણાવનાર શિક્ષક કે પ્રિન્સિપાલ નકલી હોય તો ક્યારેક હોસ્પિટલ કે કોઈ ડોક્ટર નકલી હોય એવા બનાવ સંભળાઇ રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં સરકારી જમીન પર બિલ્ડરો ને સરકારી બાબુઓ સાથે મળીને ગેરકાયદેસર સોસાયટી, બંગલા, મોલ, કે કોલેજ ઊભા કરી દે છે. ગુજરાતમાં એક નેતા તો સરકારી પ્લોટ પર કબજો કરી એમાં પાર્ટી પ્લોટ બનાવી લાખોની કમાણી કરે છે. (અહીયાં 'પાર્ટી પ્લોટ'માં 'પાર્ટી' શબ્દનો મતલબ કોઈ 'રાજકીય પાર્ટી' નહીં, લગ્ન કે દાંડિયા જેવા સમારોહ.)

અરે, ગાંધીનગર પાસે દહેગામ તાલુકાના 'જૂના પહાડિયા' નામનું આખેઆખું ગામ જ બારોબર વેચાય ગયું એવા રોચક




સમાચાર છે. ચલો, ગામ તો સમજ્યા પણ ગામ આખાની ખબર લઈ નાખતી 'કોર્ટ' પણ 'નકલી કોર્ટ' નીકળી, જે પણ ગાંધીનગર પાસે મળી આવી અને એ નકલી કોર્ટ વિશે હજુ યે દિલ થામ કે સુનો, ૨૦૧૯થી ચાલતી એ નકલી કોર્ટે વળી 'અસલી કોર્ટ'ને અમુક આદેશો પણ આપેલા! છે...છે ને અસલી મજા?! આમને આમ તો નકલી પોલીસ સ્ટેશન, નકલી રેલવે સ્ટેશન, નકલી એરપોર્ટ, નકલી દરિયો, નકલી પહાડી શું મળી આવશે, શું ખબર?

બિહારમાં એક મંત્રીએ આખેઆખો બ્રિજ બનાવ્યો , જેની નીચે નદી ક્યારેય નહોતી, છે પણ નહીં અને હશે પણ નહીં! આ બધા કિસ્સા વિશે અમારું કોઈ મંતવ્ય કે વિચાર નથી. આ ફક્ત એવા સાચા સમાચારો છે, જે મનોરંજન પીરસે છે .

**ઇંટરવલઃ**

*ક્યા મિલીયે ઐસે લોગોં સે, જિનકી ફિત્રત છૂપી રહે,*
*નકલી ચહેરા સામને આયે, અસલી સૂરત છૂપી રહે. (સાહિર)*

શું છે કે ભ્રષ્ટાચાર બહુ બારીક કળા છે. ઘણા ચિત્રકારો ચોખાના દાણા પર આખા તાજમહાલનું ચિત્ર દોરી શકે એમ ભ્રષ્ટાચારના ખેલાડીઓ ધોળે દિવસે ચાંદો દેખાડીને ચાંદની વેંચી શકે! ભ્રષ્ટાચારના ખેલાડીઓને, સત્તાની ગલીઓમાં સાપ-સીડી રમતા સારી રીતે આવડે.

હિંદીના મહાન વ્યંગકાર શરદ જોશીએ વરસો પહેલાં કહેલું, 'આ દેશમાં કંઈ જ શુદ્ધ નથી મળતું. જે લોકો ઘી શોધવા નીકળે છે, એમને શુદ્ધ ઘી નથી મળતું. એમની ફરિયાદ છે કે શુદ્ધ ઘીમાં વનસ્પતિ ઘીની ભેળસેળ કરેલી હોય છે, પણ જે લોકો વનસ્પતિ ઘી શોધવા નીકળે છે એમની ફરિયાદ છે કે ઘી છોડો વનસ્પતિઓ ખુદ શુદ્ધ નથી મળતી! અરે, 'જહાં ડાલ ડાલ પે સોને કી ચીડિયા કરતી હે બસેરા' એવા દેશમાં હવે ખાણી-પીણીથી લઈ સોનું-ચાંદી કાંઇ જ શુદ્ધ નથી રહ્યું. અરે, મરવાનું વિચારીએ તો ઝેર પણ શુદ્ધ નથી હોતું! કોઈ વસ્તુ શુદ્ધ નથી રહી એમ જોરથી ચીસો પાડવાની ઈચ્છા થાય છે, પરંતુ એ ય ક્યાં શુદ્ધ બચી છે? દરેક ચીસમાં યે આત્મપ્રચાર ઘૂસી ગયો છે. જે દુઃખી છે, લાચાર છે એમના નિઃસાસાઓમાં યે રાજકારણ ભળી ગયું છે.'

અશુદ્ધની વાત તો છોડો, હવે પહેલાં જેવા શુદ્ધ કૌભાંડો પણ રહ્યાં નથી. જુઓને, હમણાં હિમાચલ પ્રદેશના કૉંગ્રેસી મુખ્યમંત્રી સુખબિંદર સિંહ સુક્ખુની એક મીટિંગમાં સી.એમ.માટે મોંઘા ભાવનાં સમોસાં મંગાવેલા, પણ સી.એમ. સુધી એ સમોસાં પહોંચે તે પહેલા જ સુરક્ષાકર્મીઓ ખાઇ ગયા. હવે પેલાં સમોસાં કેવી રીતે ચોરાયા કે કોણ એને ખાઇ ગયું? એ વાતને લઈને ભડકેલા સી.એમ. સાહેબે તપાસ કરવા માટે સી.આઇ.ડી.ને આગ્રહ કર્યો. હવે વિચાર કરો કે આપણી આટલી મહાન ને પરાક્રમી સી.આઇ.ડી. હવે કંઈ નહીંને સમોસાં અને સમોસાં ચોરને શોધશે? આ પણ અમારી શોધ નથી. સમાચારમાંથી વાંચેલ શુદ્ધ મનોરંજન છે. હા,એક વાત સારી છે કે નેતાઓએ કૌભાંડો પર તપાસ કરવાની ગંભીરતાથી શરૂઆત કરી છે અને એની સમોસાંથી શરૂઆત થઈ ચૂકી છે. વાત સમોસાંથી સંસદ સુધી પહોંચશે કે નહીં એની ખબર નથી, પણ એમાં એવું પણ બને કે એ સી.આઇ.ડી. પણ નકલી હોય અથવા કંઈ નહીં તો સમોસાં નકલી મળી આવે!

જ્યારે તમે ટી.વી., ફિલ્મ, બધી જ જગ્યાએથી બોર થઈ જાવ ત્યારે યાદ રાખજો કે આપણા સમાચારો અને આપણા નેતાઓ મનોરંજન કરવામાં જરાયે ઓછું નહીં આવવા દે. એટલે જ તો લેખક રાહી માસૂમ રઝાએ કહેલું :

'ઇસ દેશ મેં રાજનીતિ પર ફિલ્મોં કી તરહ મનોરંજન ટેક્સ લગાના ચાહીએ.'

**એંડ-ટાઇટલ્સઃ**

*આદમઃ મારો પ્રેમ અસલી છે.*
*ઈવઃ પણ તું પોતે કેટલો અસલી છો?* ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ‘અમિતાભની મા’ થવાનું સપનું સાકાર થવા પહેલાં જ રગદોળાઈ ગયું!

ગણપતિ ઉત્સવના નાટકમાં નાનાં ગામડાઓમાં નાનકડા સ્ટેજ પર કામ કરી નાટ્ય સૃષ્ટિમાં કામ કરવાની શરૂઆત કરી ત્યારે સપનામાંય નહોતું વિચાર્યું કે એક દિવસ દેશી નાટક સમાજના નાટકોમાં કામ કરવાની તક મને મળશે. એ દિવસ પણ ઉગ્યો પણ સંજોગોએ એવી કરવટ બદલી કે ભાંગવાડી થિયેટરને રામ રામ કરવા પડ્યા અને પછી કમનસીબે શ્રીદેશી નાટક સમાજ પર જ પડદો પડી ગયો. રંગભૂમિના કાર્યકાળ દરમિયાન વિવિધ પાત્ર - વિવિધ એન્ટ્રી સાથે ભજવ્યાં હતાં અને અંગત જીવન તેમ જ વ્યવસાયિક જીવનમાં પણ એનું પ્રતિબિંબ જોવા મળ્યું હતું. કાંતિ મડિયાના ‘કોરી આંખો અને ભીના હૈયા’થી નવી રંગભૂમિ પર મારી એન્ટ્રી પણ એનું જ એક સ્વરૂપ હતું. નવી સફરની શરૂઆત માટે આનંદની વાત એ હતી કે એક સિદ્ધ હસ્ત નાટ્યકાર સાથે હું પ્રથમ પગલું માંડી રહી હતી. ૧૯૮૦ના દાયકાનો પ્રારંભ મારા માટે શુકનિયાળ સાબિત થઈ રહ્યો હતો.

કાંતિભાઈના નાટકના રિહર્સલ શરૂ થઈ ગયા. સમય અને શિસ્તબદ્ધ વાતાવરણમાં કામ કરવાની મજા આવી રહી હતી. આ દરમિયાન એક એવી ઘટના બની જે મારી કારકિર્દીને એક અલગ જ વળાંક આપવામાં નિમિત્ત બનશે એવા સંજોગો ઊભા થયા. થયું એવું કે હું યોગી નગરના જે બિલ્ડિંગમાં રહેતી હતી એમાં માયાળુ અને મદદરૂપ થવાનો સ્વભાવ ધરાવતા મારા એક પાડોશી ઉદયભાઈ હતા, જેમનો ઉલ્લેખ મેં અગાઉ કર્યો છે. આ ઉદયભાઈના એક ભાઈ (એમનું નામ યાદ નથી) ફિલ્મ લાઈનમાં હતા. તેમણે અમિતાભ બચ્ચનને લઈ એકાદ બે ફિલ્મનું નિર્માણ પણ કર્યું હતું. ઉદય ભાઈએ વાત કરી કે ‘અમારે ત્યાં મહેશ્વરી બહેન રહેવા આવ્યાં છે અને ગુજરાતી નાટકોના કુશળ અભિનેત્રી તરીકે તેમની ગણના થાય છે. અનેક નાટકોમાં તેમણે વિવિધ પાત્ર ભજવી લોકપ્રિયતા મેળવી છે.’ એ સમયે નાટકોની, એના કલાકારોની નામના હતી. ટીવી સિરિયલોનું કંઈ બહુ ચલણ હતું નહીં. આ રજૂઆત સાંભળી ઉદયભાઈના ફિલ્મ નિર્માણ કરતા ભાઈએ મને તેમની ઓફિસે મળવા બોલાવી. મારે અમિતાભની માતાના રોલ માટે અને મારી દીકરી કલ્યાણીને તેમની બહેનના રોલ માટે ઓડિશન આપવાનું હતું.

જિંદગી કેવી ઝડપથી બદલાઈ રહી હતી. હજી થોડા મહિના પહેલા તો એક સેનેટોરિયમથી બીજા સેનેટોરિયમ માટે હું રઝળપાટ કરી નાટકોમાં કામ કરી રહી હતી.



## લેખકો અભિનેતા બન્યા...

ચંદ્રવદન ચીમનલાલ મહેતા- ચં. ચી. મહેતાએ રંગભૂમિને કરેલું પ્રદાન અનન્ય છે. ભાંગવાડી થિયેટર સાથે હું જોડાયેલી હતી એ દરમિયાન તેમના અવિસ્મરણીય ત્રિઅંકી નાટક ‘આગગાડી’ વિષે સાંભળવા મળેલી એક વિશિષ્ટ જાણકારી ખાસ વાચકો માટે પેશ છે. ચં.ચીનું આ નાટક ખૂબ વખણાયું હતું. આ નાટકની પ્રથમ ભજવણી ૧૯૩૪ની આસપાસ થઈ હતી અને બે વર્ષ પછી એટલે કે ૧૯૩૬માં લેખકશ્રીને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. બ્રિટિશ શાસન દરમિયાન આપણા દેશમાં રેલવે વ્યવસ્થા કઈ રીતે કામ કરતી હતી એના પર આ નાટક સર્ચલાઈટ ધરતું હતું. નાટ્ય સૃષ્ટિના અભ્યાસુઓના અભિપ્રાય અનુસાર ‘આગગાડી’થી ગુજરાતી નાટક અને રંગભૂમિના નવા યુગના મંડાણ થયા. ‘આગગાડી’નો પ્રથમ ખેલ મુંબઈની ન્યુ એરા સ્કૂલમાં થયો હતો. આ જાણકારી આપનારા ભાંગવાડી થિયેટરના એક વડીલે એમ પણ જણાવ્યું હતું કે મુંબઈની જનતાને નાટક એટલું ગમી ગયું હતું કે ભાંગવાડી થિયેટરમાં તેના સળંગ આઠ દિવસ સુધી શો રાખવામાં આવ્યા હતા. જાણવા જેવી રસપ્રદ વાત એ છે કે ‘આગગાડી’માં ચંદ્રવદન મહેતા ઉપરાંત ધનસુખલાલ મહેતા, જ્યોતીન્દ્ર દવે, ઉમાશંકર જોશી, ઝીણાભાઈ દેસાઈ ‘સ્નેહરશ્મિ’, ભાનુશંકર વ્યાસ ‘બાદરાયણ’ વગેરે લેખકોએ વિવિધ ભૂમિકાઓ ભજવી હતી. આટલા લેખકોએ એક નાટકમાં અભિનય કર્યો હોય એવો આ એકમાત્ર પ્રસંગ હશે. (સંકલિત)

એમાં અચાનક પ્રાગજી ડોસાના જમાઈને મળવાનું થયું અને મને રહેવા માટે ઘર મળી ગયું. આના હરખનો ઉભરો શમે એ પહેલા કાંતિ મડિયાના નાટકથી નવી રંગભૂમિ પર એન્ટ્રી કરવાની તક મળી. એક કૂદકા પછી બીજો કૂદકો માર્યા બાદ અમિતાભ સાથે ફિલ્મમાં કામ કરવાની તક? આ તો મોટી છલાંગ મારવાનો મોકો સામે ચાલીને આવી રહ્યો હતો. ‘અમિતાભની મા’ તરીકે ગુજરાતનાં અભિનેત્રી નિરૂપા રોયને મળેલી સફળતા હું જાણતી હતી. ‘શું મને પણ...’ દિવાસ્વપ્નો જોવા લાગી.

મા - દીકરી અરમાનોનું મોટું પોટલું બાંધી નિર્માતાની ઓફિસે પહોંચી ગયા. ઓડિશન આપ્યું, પ્રોડ્યુસરે ઓકે કર્યું અને ‘શહેનશાહ’ ફિલ્મમાં અમિતાભની માના રોલ માટે હું અને એમની બહેનના રોલ માટે મારી દીકરી કલ્યાણી નક્કી થઈ ગયાં. ‘આજ મૈં ઉપર આસમાં નીચે’ જેવી લાગણી મને થઈ રહી હતી. બિલ્ડિંગમાં દાખલ થઈ ત્યારે ફોનવાળા બહેન મળ્યાં અને મા - દીકરીના ચહેરા સામે જોઈ બોલ્યા કે ‘શું વાત છે? નક્કી કોઈ મોટું કામ મળ્યું લાગે છે. લોટરી લાગી હોય એવા તમારા ચહેરા છે. મેં કંઈ જવાબ ન આપ્યો. મારે ઉતાવળ નહોતી કરવી. શૂટિંગ શરૂ થશે ત્યારે કહીશ એવું મેં નક્કી કર્યું હતું. એ દિવસે માં-દીકરી બંને થાકેલા હોવા છતાં રાત્રે બેમાંથી કોઈને નીંદર નહોતી આવતી. આંખો સામે એક નવું ભવિષ્ય તરવરવા લાગ્યું. પણ...પણ.. અમારો એ આનંદ, એ હરખ સોડાની બોટલના ઉભરા જેવો સાબિત થયો. સોડાની બોટલ ખૂલે ત્યારે કેવો તીવ્રતાથી ઉભરો આવે પણ ગણતરીની ક્ષણોમાં એ ઉભરો શમી જાય અને બધું ફુસ થઈ જાય. મારું નસીબ મારાથી બે ડગલાં જાણે આગળ ચાલતું હતું.

‘અમિતાભની મા’ તરીકે નક્કી થયાના બે ચાર દિવસ પછી સમાચાર આવ્યા કે ‘કુલી’ ફિલ્મના શૂટિંગ દરમિયાન મિસ્ટર બચ્ચનને ગંભીર રીતે ઈજા થઈ હોવાથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા અને તેમની હાલત બહુ ગંભીર હતી. બે વર્ષ સુધી ફિલ્મમાં કામ નહીં કરી શકે એવું નિદાન થયું. અમિતાભ બચ્ચનની ‘નવી મા’ જન્મ પહેલાં જ મૃત્યુ પામી. ‘શહેનશાહ’ શરૂ થવા પહેલા જ સમેટાઈ ગઈ. એક સપનું સાકાર થવા પહેલા જ રગદોળાઈ ગયું. વર્ષો પહેલા કેદાર શર્માની ફિલ્મ ‘હમારી યાદ આયેગી’ માટે મેં ના પાડ્યા પછી એ રોલ તનુજાને મળ્યો હતો એ વાત મેં અગાઉના એપિસોડમાં કરી હતી. આ વખતે હું તૈયાર હતી, પણ સંજોગોએ એ ફિલ્મ મારી પાસેથી આંચકી લીધી. કેટલાક વર્ષ પછી ૧૯૮૮માં ‘શહેનશાહ’ બની ત્યારે અમિતાભની માતાનો રોલ રોહિણી હટ્ટંગડીએ કર્યો હતો. એ સમયે ઉદયભાઈના ભાઈ એ ફિલ્મ સાથે સંકળાયેલા હતા કે નહીં એ પણ હું નહોતી જાણતી. હશે. ભક્ત કવિ નરસિંહ મહેતા લખી ગયા છે ને કે ‘જેહના ભાગ્યમાં જે સમયે જે લખ્યું, તેહને તે સમયે તે જ પહોંચે’. મારા નસીબમાં નહોતું ‘શહેનશાહ’ની માતા બનવાનું એમ કહી મન મનાવી લીધું.

કાંતિ મડિયાના નાટક ‘કોરી આંખો ને ભીના હૈયાં’ના રિહર્સલ તો ચાલુ જ હતા. કામની ખેંચ નહોતી, પણ સ્ટેજ પરથી સેટ પર જવાની તક ગુમાવી દીધી. રિહર્સલ લગભગ બે મહિના સુધી ચાલ્યા. નાટક સર્વાંગ સુંદર બને એ માટે મડિયાએ દરેક બાબતની ચોકસાઈ રાખી હતી. એમના નાટકના રિહર્સલમાં મને એવી કેટલીક વાતો શીખવા મળી જે અગાઉ નહોતી જાણતી. હું મારી જાતને સદભાગી માનવા લાગી કે આ નાટકમાં કામ કરવાનો મને મોકો મળ્યો. અને નાટકના પહેલા શોની તારીખ નક્કી થઈ. નવી રંગભૂમિના મારા પ્રથમ નાટકને કેવો પ્રતિસાદ મળે છે એ જાણવાની મને ઉત્કંઠા હતી. ■

સ્પોર્ટ્સ ફીલ્ડ
યશવંત ચાડ
feedback@bombaysamachar.com

# ક્રિકેટમાં ઑલ ઈન્ડિયા રેડિયોનો શમી ગયેલો અવાજ ફરી ક્યારે ગુંજશે?

ધિસ ઇઝ ઑલ ઇન્ડિયા રેડિયો... ટેકિંગ યુ ઓવર ફૉર બૉલ બાય બૉલ રેડિયો કૉમેન્ટરી ઑફ ઇન્ડિયા વર્સસ ઑસ્ટ્રેલિયા ટેસ્ટ મૅચ સ્ટાર્ટિંગ ટુડે ફ્રૉમ બ્રેબૉર્ન સ્ટેડિયમ.

ઓવર ટુ બ્રેબૉર્ન સ્ટેડિયમ...વેરી ગુડ મૉર્નિંગ લિસ્ટનર્સ...ધિસ ઇઝ વિજય મર્ચન્ટ રિપોર્ટિંગ ફ્રૉમ બ્રેબૉર્ન સ્ટેડિયમ વિથ અ ન્યૂઝ ધૅટ કૅપ્ટન બૉબી સિમ્પસન ઑફ ઑસ્ટ્રેલિયા હૅઝ વૉન ધ ટૉસ ઍન્ડ ડિસાઇડેડ ટુ ટેક બૅટિંગ ફર્સ્ટ ઑન બૅટિંગ-બ્યૂટી ડ્રાય વિકેટ વિચ માઇટ ટેક ટર્ન ફ્રૉમ થર્ડ ડે ઑનવર્ડ્સ.

ઑસ્ટ્રેલિયાઝ કૅપ્ટન બૉબી સિમ્પસન ઍન્ડ ઇન્ડિયાઝ કૅપ્ટન નવાબ ઑફ પટૌડી...મન્સૂર અલી ખાન પટૌડી ઍન્ડ...યસ લિસ્ટનર્સ, આણંદજી ડોસા વિલ ઇન્ફૉર્મ અસ હાઉ મૅની ટાઇમ્સ બૉબી સિમ્પસન....ઍન્ડ બિફોર આય કમ્પ્લીટ માય ક્વેશ્ચન...હિયર ઇઝ આણંદજી ડોસા વિથ ફીગર્સ-સ્ટૅટિસ્ટિક્સ ઑફ...

આ ઉદાહરણ આપ્યાં જેનાથી ૧૯૬૦, ૧૯૭૦, ૧૯૮૦ તથા ૧૯૯૦ના દાયકામાં ઑલ ઇન્ડિયા રેડિયો (હવે આકાશવાણી) પરની ક્રિકેટ મૅચની કૉમેન્ટરીનો લહાવો યુવાઓ કે વૃદ્ધો, શહેરમાં કે ગામડાંમાં, ઘરમાં કે ઑફિસમાં માણતા હતા અને હા... મુંબઈ જેવા વ્યસ્ત શહેરમાં પણ ક્રિકેટ રસિયાઓ ટ્રાન્ઝિસ્ટરથી પળપળની કૉમેન્ટરી સાંભળતા હતા. મુંબઈમાં તો રસ્તા પર પૅસેન્જરની રાહ જોઈને ઊભેલા ટેક્સીવાળાઓ પણ કૉમેન્ટરી સાંભળવાની તક નહોતા ચૂકતા. મુંબઈની ગલી-ગલીઓમાં કૉમેન્ટરી સાંભળવા મળતી હતી. ચા-કૉફીની નાની સરખી દુકાનોમાં તો રીતસર કાળા બોર્ડ પર દરેક રન અને વિકેટ સહિતનો સ્કોર લખાતો એ તમારા આ યૉર્સ ફેઇથફુલીએ નજરે જોયો છે અને માણ્યો છે. વધુમાં જણાવવાનું કે ઈશ્વરકૃપાએ ભારતીય ટીમ માટે તથા આકાશવાણી-ટેલિવિઝન બધાં માધ્યમોમાં સ્કોરર તરીકે જવાબદારી નિભાવવામાં જે સંતોષ થતો એ હાલમાં ફક્ત ટેલિવિઝનમાં મૅચ માણવામાં થતા આનંદ સાથે સરખાવી શકાય એમ નથી.

એક સમય એવો પણ હતો કે લોકો મૅચ ટીવી પર માણતા, પરંતુ કૉમેન્ટરી તો રેડિયોની જ સાંભળતા હતા. શહેરોની સાથે ગામડાંઓમાં (પુરુષો ઉપરાંત મહિલાઓમાં) પણ રેડિયો કૉમેન્ટરીનું ઘેલું હોવા પાછળનું કારણ એ હતું કે અંગ્રેજી ઉપરાંત હિન્દીમાં પણ સુંદર શૈલીમાં કૉમેન્ટરી રેડિયો પર સાંભળવા મળતી હતી.


વાચક મિત્રો, ત્યારે તો સર્વશ્રી વિજય મર્ચન્ટ, અનંત સેતલવાડ, સુરેશ સરૈયા, સુશીલ દોશી, જશદેવ સિંહ, રવિ ચતુર્વેદી, ડૉ. નરોત્તમ પુરી જેવા ખ્યાતનામ કૉમેન્ટેટરોનાં નામ ભારતમાં જ મશહૂર હતાં એવું નથી. ટેસ્ટ મૅચ ચાલુ હોય ત્યારે એ ટેસ્ટમાં રમતા ખેલાડીઓ પણ વિજય મર્ચન્ટ કે અનંત સેતલવાડ શું કહે છે એ જાણવા ઉત્સુક રહેતા હતા.

ભારતીય ક્રિકેટને પ્રસિદ્ધિ અપાવવામાં અને ઘેર-ઘેર ભારતીય ક્રિકેટનું ઘેલું લગાડનાર કોઈ હોય તો એ છે ઑલ ઇન્ડિયા રેડિયો.

હવે સવાલ એ છે કે ઑલ ઇન્ડિયા રેડિયો (આકાશવાણી)નો અવાજ ક્રિકેટ મૅચોમાંથી કેમ શમી ગયો છે? આનો જવાબ બીસીસીઆઇ જ જણાવી શકે કે જો ભારતની ક્રિકેટ મૅચોની દૂરદર્શન પર ‘લહાણી’ થાય તો ઑલ ઇન્ડિયા રેડિયો (આકાશવાણી) પર હવે લાઇવ કૉમેન્ટરી શા માટે નથી આવતી? આકાશવાણી સાથે આવું ઓરમાયું વર્તન શા માટે? દાયકાઓ સુધી ક્રિકેટ મૅચોના ‘આંખે દેખ્યા અહેવાલ’થી ભારતને ક્રિકેટમય બનાવવામાં આકાશવાણીનો અદ્વિતીય પ્રયાસ-સાથ હતો જે રખે કોઈ ભૂલે.

આથી જ ભારતીય ક્રિકેટ બોર્ડ અને આકાશવાણીએ ભારતભરમાં ક્રિકેટની રેડિયો કૉમેન્ટરીનો અવાજ ફરી ગુંજતો કરવા કોઈ વચલો માર્ગ શોધવો રહ્યો, ખરુંને વાચકમિત્રો?


સુરેશ સરૈયા


વિજય મર્ચન્ટ


સુશીલ દોશી



## આણંદજીભાઈ ડોસાનું અમૂલ્ય યોગદાન કેમ ભુલાય?

વાચકમિત્રોનું ધ્યાન ખાસ દોરવાનું કે આશરે ૧૯૮૦ના દાયકાની મધ્ય સુધી કમ્પ્યુટર તો ઠીક, કેલ્ક્યૂલેટરનો પણ વપરાશ નહોતો ત્યારે મહાન ક્રિકેટર વિજય મર્ચન્ટ તથા આણંદજી ડોસા ક્રિકેટના આંકડાઓની રસભરી માહિતી ઉપલબ્ધ કરવા માટે કલ્પી ન શકાય એવી મહેનત કરતા હતા. ઝેરોક્સ કૉપીનો જમાનો પણ પછી આવ્યો એટલે કલ્પી શકાય છે કે વિશ્વ ક્રિકેટના રોજબરોજના ફેરફાર તથા આંકડા જાળવવા અને એમાં દરેક મૅચ બાદ આંકડામાં જરૂરી ફેરફાર કરવામાં (અપડેટ કરવામાં) તેમને કેટલી બધી શારીરિક અને માનસિક મહેનત કરવી પડતી હશે. ભારતીય ક્રિકેટના વિકાસમાં સચોટ આંકડાકીય માહિતી પૂરી પાડવાની બાબતમાં આણંદજીભાઈની પાયાભૂત ભૂમિકા રહી છે. એક સમય હતો જ્યારે તેઓ ક્રિકેટને લગતા આંકડાઓથી ભરપૂર ગ્રંથો પોતાની સાથે જ લઈને ફરતા. વિજય મર્ચન્ટ સાહેબ મૅચ દરમ્યાન જરૂર પડે ત્યારે તેમની પાસે આંકડાલક્ષી આવશ્યક માહિતી માગતા ત્યારે તેઓ ડેસ્ક પર પોતાની બૅગ મૂકતા અને એમાંથી સચોટ અને અમૂલ્ય માહિતીઓ મેળવીને તેમને પૂરી પાડતા.

આથી જ ખાસ કહેવાનું કે આણંદજીભાઈ કે જેમણે ભારતીય ક્રિકેટની ભરપૂર આંકડામય જાળવણી કરી તો તેમની યાદગીરી જાળવી રાખવા ભારતીય ક્રિકેટ બોર્ડે વિચારવું જ રહ્યું. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# ૨૦૨૫માં માર્કેટિંગની માનસિકતા કેળવો




ત્રણ દિવસ પછી આપણે ૨૦૨૫માં પ્રવેશ કરીશું. વ્યક્તિગત અને વ્યવસાયી જીવન માટે નવા સંકલ્પો લેવાશે. માર્કેટિંગની વાત આવતાં વેપારીઓ તેને ગિમિક તરીકે ગણે છે. જ્યારે ડિજિટલની વાતો ચાલતી હતી તેવામાં AIની વાતો થવા લાગી. આના સહારે લોકો માર્કેટિંગ કરવા લાગી ગયા છે અને વિચારે છે કે AI એટલે માર્કેટિંગ હવે માર્કેટિંગ ટીમની જરૂર નથી, માર્કેટિંગ વ્યૂહરચનાની જરૂર નથી વગેરે.

આ સામાન્ય માણસની વિચારધારા છે કે; જ્યારે ઈલેક્ટ્રૉનિક માધ્યમે વેગ પકડ્યો ત્યારે લોકો પ્રિન્ટ માધ્યમ જશે તેમ કહેવા લાગ્યા, ડિજિટલ આવતાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રૉનિક મીડિયા માટે પણ એવી જ આગાહી કરવાનું શરૂ કર્યું, જ્યારે વાસ્તવિકતા એ છે કે, તમામ માધ્યમો હજુ પણ જીવંત છે. બસ, આ જ રીતે ‘માર્કેટિંગ ટીમ કે વ્યૂહરચનાની જરૂર નહિ પડે AIના આવવાથી’ એવી વાતો થઈ રહી છે.

આના વિશે વધુ વાત કરીએ તે પહેલાં થોડા ઉદાહરણ જોઈએ:

૧) મારા એક મિત્ર જે દેશની નામાંકિત બિસ્કિટ અને મિનરલ વૉટર બનાવતી કંપનીમાં એક સમયે કામ કરતા હતા. એમણે તે કંપનીના માલિકની વાત કરી કે માલિક પોતાનો વધુ સમય માર્કેટિંગ ટીમ સાથે વિતાવતા. માર્કેટિંગમાં અંગત રસ લેતા અને માર્કેટિંગમાં એમને દૃઢ વિશ્વાસ હતો.

૨) મેં ઘણા લોકો પાસેથી આ સાંભળ્યું છે કે જ્યારે સ્ટીવ જોબ્સ એપલનું નેતૃત્વ કરવા પાછા આવ્યા ત્યારે એમણે શરત રાખી હતી કે વ્યક્તિગત રીતે પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને માર્કેટિંગમાં એ પોતે સામેલ થશે. આપણે બધા આજે એમને એક બેનમૂન માર્કેટર તરીકે ઓળખીએ છીએ.

૩) ભારતના વર્તમાન પ્રધાનમંત્રી જેમના સમગ્ર વ્યક્તિત્વથી આપણે અજાણ નથી. એમની વિવિધ નીતિઓ- નેતૃત્વ- દીર્ઘ દૃષ્ટિ જેવા ગુણોની સાથે આજે વૈશ્વિક મંચ પર ભારતનું જે સ્થાન છે તેમાં એમની માર્કેટિંગના ગુણનાં પણ દર્શન થાય છે.

આ ત્રણે પ્રતિભાઓમાં કઈ વાત સમાન છે?

આ ત્રણેયે માર્કેટિંગને મહત્ત્વનું સ્થાન આપ્યું. એમણે સારાં ઉત્પાદનો તો આપ્યાં, પણ એ ત્રણેય જાણતા હતા કે ફક્ત સારાં ઉત્પાદનોથી કામ નહિ ચાલે. એને માર્કેટિંગનો સહારો આપવો પડશે.

મુદ્દો એ છે કે, જો માર્કેટિંગને માત્ર એક ગિમિક અથવા ડિપાર્ટમેન્ટ તરીકે જોવામાં આવશે તો તેની મહત્તા નહિ સમજાય અને જરૂરિયાત નહિ લાગે. માર્કેટિંગને માઇન્ડસેટ તરીકે જોવામાં આવે, તો તે ક્યારેય આઉટડેટેડ-અપ્રસ્તુત રહેશે નહીં.

ઉપરોક્ત ત્રણ ઉદાહરણમાં આપણે એ જ જોઈ શકીએ છીએ કે આજે તે બધી બ્રાન્ડ પોતપોતાની કેટેગરીમાં માર્કેટ લીડર છે, કારણ કે એમનું માઈન્ડસેટ માર્કેટિંગનું રહ્યું છે. માર્કેટિંગને હંમેશા ‘કોસ્ટ સેંટર’ તરીકે જોવામાં આવ્યું છે. માર્કેટિંગ એટલે ખર્ચો અને આથી ઘણા વેપારીઓ તેને જોઈતું મહત્ત્વ નથી આપતા. આનું એક કારણ તે પણ છે કે માર્કેટિંગ એટલે કેમ્પેઇન બનાવવા, મીડિયામાં પૈસા નાખવા વગેરે, પણ તેની અસર સેલ પર કેટલી થઈ તે વિચારવામાં નહોતું આવતું. અમુક લોકો તેમ માનતા કે માર્કેટિંગ ફક્ત બ્રાન્ડ બિલ્ડિંગ માટે છે - લોકોને આપણા વિષે ખબર પડે તેના માટે છે. આજે D2C બ્રાન્ડ્સ અને ઑનલાઈન વેચાણે બિઝનેસ કરવાની ગતિશીલતા બદલી છે. ડિજિટલના સહારે વેચાણથી હરેક પ્રવૃત્તિને ROI (રિટર્ન ઑન ઇન્વેસ્ટમેન્ટ) સાથે જોડવામાં આવે છે, જે વ્યવસાય કરવાની સાચી રીત હોવી જોઈએ.

એક અભ્યાસ મુજબ ઑનલાઇન વેચાણ દર વર્ષે ડબલ ડિજિટમાં વધી રહ્યું છે. આવા સમયે માર્કેટિંગ માટે ઑનરશિપ લેવી જરૂરી છે, ફક્ત કેમ્પેઇન બનાવી નહિ ચાલે, પણ તેને વેપાર સાથે જોડવી પડશે. આ ઉપરાંત, ચોક્કસપણે આપણે સમય સાથે બદલવાની જરૂર છે. ડિજિટલના વિચારો સાથે બ્રાન્ડિંગ અને માર્કેટિંગના મૂળભૂત સિદ્ધાંતોને અનુસરવાની જરૂર છે. માર્કેટિંગ માઈન્ડસેટ ત્યારે બનશે જ્યારે ઉદ્યોગ સાહસિકની માનસિકતા વિકસશે. માર્કેટિંગની પ્રવૃત્તિઓ દ્વારા આવક પેદા થાય તેવી વ્યૂહરચનાઓ ઘડવી પડશે.

-અને હા, આજની તારીખે જે અસરકારક શસ્ત્ર છે તે ડેટા છે. આનો ઉપયોગ જે વ્યવસ્થિત રીતે કરશે જંગલ પર રાજ કરશે. ડેટાનો અભ્યાસ વ્યૂહરચના માટે ઇન્સાઇટ પ્રદાન કરશે, જેના સહારે કેમ્પેઇન બનશે તો પ્રભાવશાળી પરિણામો પ્રાપ્ત કરવાં આસાન થશે. જ્યારે માર્કેટિંગ સેલ્સ સંદર્ભિત થતું જાય ત્યારે બ્રાન્ડ બિલ્ડિંગ સાવ બાજુ પર ના રહી જાય તેનું ધ્યાન રાખવું. આપણે જાણીએ છીએ કે ડિજિટલ આજે ગામેગામ પહોંચી ગયું છે આથી કેમ્પેઇન જે બને તેનું સીધેસીધું ભાષાંતર ના કરતાં સ્થાનિક લોકોને કનેક્ટ કરે-સાંકળી શકે તેવાં એમની ભાષામાં કેમ્પેઇન બનાવવાં પડશે. આજે પ્રકાશની ગતિએ જે બદલાવ આવી રહ્યા છે ત્યારે સમયના પરિવર્તન સાથે ઘણું બધું વિકસિત થશે અને જરૂરી નથી કે આપણે બધું જાણી શકીએ. તેથી જિજ્ઞાસુ બનો અને પોતાને અપગ્રેડ કરો.

ટૂંકમાં, વેપારી વર્ગે તે સમજવાની જરૂર છે કે, આજનો અને આવનારો સમય નવી વાતો, વિચારો અને આયામો લાવશે, સ્પર્ધા પણ વધશે, લોકો વધુ જાગૃત અને માહિતગાર થશે. આવા સમયે ફક્ત નવાં ઉત્પાદનો લાવી નહિ ચાલે, માર્કેટિંગના નામે ફક્ત કેમ્પેઇન બનાવવા નહિ ચાલે. પહેલે દિવસથી માર્કેટિંગનું માઈન્ડસેટ તૈયાર કરવું પડશે, જે તમને પ્રોડક્ટ ડેવલપમેન્ટથી લઈને વેચાણ સુધી અને ત્યાર બાદ જે તમારો ઘરાક બન્યો છે એની સાથે સતત સંબંધ કેવી રીતે જાળવવો તેના માટે તૈયાર કરશે.

૨૦૨૫માં તમને તમારી માર્કેટિંગ માનસિકતા વધુ ખીલે-વિકસે તેવી શુભેચ્છા. ■

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@
bombaysamachar.com

# કલા-અધ્યાત્મ ને સંસ્કૃતિનો અદ્ભુત સમન્વય એટલે મોઢેરાનું સૂર્યમંદિર



માનવીએ પોતાના આધ્યાત્મિક ખેડાણની શરૂઆત કરી ત્યારથી સૂર્યપૂજાના સંસ્કાર મેળવ્યા છે. ભારત અને સમગ્ર વિશ્વમાં કોઈ ને કોઈ ભાગમાં પ્રાચીનકાળથી માંડી ને આજ દિન સુધી સૂર્યપૂજાનો સાક્ષી માનવસમાજ રહ્યો છે. પ્રત્યક્ષ દેવ તરીકે સૂર્યપૂજા સિંધુ સંસ્કૃતિ અને વૈદિક કાળથી થતી આવી છે. અનંત ઊર્જાના સ્રોત એવા સૂર્યદેવ દરેક માટે વંદનીય છે. આજે પણ આપણામાં સૂર્યદેવને જળ અર્પણ કરી વંદન કરવાનો રિવાજ છે. પૃથ્વી પરનાં તમામ જીવંત તત્ત્વો માટે સૂર્ય ઊર્જા કેટલી આવશ્યક છે તે આપણે સૌ જાણીએ જ છીએ. માનવની શારીરિક અને માનસિક શાંતિ સાથે પણ સૂર્યઊર્જા જોડાયેલી છે તેથી સૂર્યનમસ્કાર અને આધુનિક સનબાથ જેવી ક્રિયાઓ આપણી જીવનશૈલીનો એક ભાગ છે.

સૂર્યપૂજાના આ સંસ્કારના પ્રતિબિંબ સમાન ભારતના મુખ્ય ત્રણ સૂર્ય મંદિરો પૈકીના એક મંદિરનું આજે આપણે સાંનિધ્ય માણીશું. ભારતમાં સૂર્યદેવનાં મુખ્ય ત્રણ પ્રાચીન મંદિરો આવેલાં છે. જેમાં કાશ્મીરમાં આવેલ માર્તંડ સૂર્યમંદિર, ઓડીસાનું કોણાર્ક સૂર્યમંદિર અને ગુજરાતમાં આવેલું મોઢેરાનું સૂર્યમંદિરનો સમાવેશ થાય છે. સોલંકી વંશના રાજા ભીમદેવ પહેલા દ્વારા આ મંદિરનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું. એવું કહેવાય છે કે મોહમદ ગઝનીના આક્રમણ દરમિયાન વીરગતિ પામેલા શહીદો માટે વિરાંજલિ રૂપથી બાંધવામાં આવ્યું હતું.

મોઢેરાનાં સૂર્યમંદિરની સ્થાપત્ય શૈલી મારુ ગુર્જર શૈલી છે જે નાગર શૈલીનો એક પ્રકાર છે. ઈસવીસન ૧૦૨૬ દરમિયાન પુષ્પાવતી નદીના કાંઠે ભીમદેવ પ્રથમ દ્વારા આ મંદિરનું નિર્માણ થયું હતું. જે હાલ મહેસાણા જિલ્લામાં આવેલું છે. મોઢેરા એ સૂર્યઊર્જાનો ઉપયોગ કરવા બાબતે પણ સમગ્ર વિશ્વમાં અનુકરણીય છે. આજે મોઢેરા ભારતનું પ્રથમ ૧૦૦% સૌર ઊર્જાથી સંચાલિત ગામ બન્યું છે. જે ખૂબ જ સરાહનીય છે. મંદિરના સ્થાપત્યની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ ગણના પામ્યું છે.

નાગર શૈલીનાં મંદિરો જેમ આ મંદિરનું બાંધકામ જગતિ (ઊંચા ઓટલા જેવું બાંધકામ) પર થયેલું છે. મંદિરના મુખ્ય ત્રણ ભાગ છે જેમાં ગર્ભગૃહ, સભામંડપ અને સૂર્ય કુંડનો સમાવેશ થાય છે. પૂર્વાભિમુખ આ મંદિરનું બાંધકામ એવી રીતે કરવામાં આવ્યું છે કે વર્ષના એ દિવસો કે જેમાં દિવસ અને રાતની લંબાઈ સમાન હોય છે તેમ જ સૌથી લાંબા દિવસ દરમિયાન અહીં ગર્ભગૃહમાં આવેલી મૂર્તિ સુધી સૂર્યનાં કિરણો પહોંચે છે અને તે સ્થાન ચોક્કસ ૯૦° પૂર્વમાં આવેલું છે. સાંભળીને જ અચરજ પમાય કે કેટલી ચોકસાઈથી બાંધકામ કરવામાં આવ્યું હશે જેથી પ્રતિમા સુધી સૂર્યકિરણો પહોંચી શકે અને આ જ દિવસો દરમિયાન સૂર્ય જ્યારે મધ્યાહ્ન પર હોય ત્યારે મંદિરનો પડછાયો જમીન પર નથી પડતો! છે ને અદ્ભુત. મંદિરના ગર્ભગૃહ અને સભામંડપ એકસાથે જોડાયેલા નથી તેમની મધ્યમાં અંતરાલ છે. ગર્ભગૃહમાં બાર મહિનાના પ્રતિક રૂપે બાર સ્તંભો છે જેમાં જીવનના દરેક પાસાને આવરી લેતાં શિલ્પો કંડારવામાં આવ્યાં છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દરેકને અહીં અંકિત કરવામાં આવ્યાં છે.

મંદિરનો બીજો મુખ્ય ભાગ એટલે સભા મંડપ અથવા તો રંગ મંડપ. જે બાવન સ્તંભો ધરાવે છે જે દરેક પર રામાયણ અને મહાભારતનાં કથાનકો કંડારવામાં આવ્યા છે. દરેક શિલ્પો એટલા સુંદર અને બારીક કોતરણી વાળા છે કે શિલ્પકારને દાદ આપવાનું મન થઈ જાય. એ જોઈને એવો વિચાર આવે કે આ શિલ્પીઓએ પથ્થરોને પણ બોલતા કરી દેવાની કળા આત્મસાત કરી છે. સ્ટોરી ટેલિંગ શીખવું હોય તો એક વાર આવાં સ્થાપત્યોને જરૂરથી ઝીણવટપૂર્વક નિહાળવાં જોઈએ. સાથે સાથે એ સવાલ પણ થાય કે આ કારીગરોએ પોતાને કેવી રીતે ઘડ્યા હશે? આ કલા કેટલો સમય લઈને શીખી હશે, કેટલો સમય લાગ્યો હશે તેને આ એક શિલ્પ બનાવતાં? કદાચ એણે એવો વિચાર પણ નહીં કર્યો હોય કે એનું કામ સદીઓ પછી પણ એની કલાની હયાતી પૂરશે. સભા મંડપમાં મુખ્ય ચાર પ્રવેશદ્વાર છે જેમાં ચારે દિશા તરફથી પ્રવેશી શકાય એવી રચના કરવામાં આવી છે. તેમ જ રંગ મંડપના સ્તંભો પણ એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે ક્લાસિકલ ડાન્સનું સ્ટેજ બની શકે કારણકે આપણાં બધા શાસ્ત્રીય નૃત્યોનું ઉદ્ગમ સ્થાન તો દેવ મંદિર જ છે.

મંદિરનો ત્રીજા ભાગ એટલે સૂર્યકુંડ અથવા તો રામકુંડ. એવી પણ લોકવાયકા છે કે રાવણવધ બાદ શ્રી રામ ગુરુદેવ વશિષ્ઠની આજ્ઞાથી આત્મશુદ્ધિ અને બ્રહ્મહત્યાનું પાપ ધોવા અહીં આવેલા હતા. અહીં વિશાળ કુંડની આસપાસ એક સો આઠ નાનાં મંદિરો બનાવવામાં આવ્યાં છે. તેમ જ કુંડમાં ઊતરવા માટે ચારે બાજુ આકર્ષક પગથિયાં બનાવવામાં આવ્યાં છે. સામાન્ય રીતે નાગરશૈલીનાં મંદિરોમાં જે ઉત્તર ભારતમાં છે તેમાં કુંડ સ્થાપત્યો નથી જોવા મળતાં, પરંતુ ચાલુક્ય શૈલી તેમાં અપવાદ રૂપ છે. મંદિરના બહારના ભાગમાં નાનું ખંડિત શિવ મંદિર પણ છે. સમગ્ર મંદિર પરિસરમાં બહાર અને અંદર બને બાજુ નકશીકામ થયેલું છે. મુખ્ય મંદિરની બહારની બાજુ સૂર્યદેવનું એક શિલ્પ છે જેમાં તેમના વાહનમાં સાત અશ્વો જે સાત દિવસના પ્રતીક છે તેમ જ આસપાસ અન્ય બાર નાના શિલ્પો જે બાર મહિના સૂચવે છે. દરેક શિલ્પકૃતિને નિહાળીને એવું લાગે કે શરીરનાં અંગોનો આવો સચોટ સુંદર મરોડ આપી ઘડનારાનું નિરીક્ષણ કેવું હશે.

હાલમાં મંદિરમાં પૂજાનો નિષેધ છે. અલાઉદ્દીન ખીલજીએ અહીં આક્રમણ કરી મંદિરનો ઘણો ખરો ભાગ નષ્ટ કરેલો હતો અને મંદિરને ખંડિત બનાવી દીધું હતું. આજે પણ ઘણી મૂર્તિઓ, શિલ્પો ખંડિત અવસ્થામાં જોઈ શકાય છે. હાલમાં આ મંદિર ભારતીય પુરાતત્ત્વ વિભાગ હેઠળ આવતું રાષ્ટ્રીય ધરોહર તરીકે મહત્ત્વનું સ્મારક જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા અહીં દર વર્ષે ઉત્તરાયણ પછી ઉતરાર્ધ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે જેમાં કલાકારો દ્વારા વિવિધ શાસ્ત્રીય નૃત્યોનું પ્રદર્શન કરવામાં આવે છે જેથી આપણો વારસો પણ જળવાઈ રહે અને લોકો સુધી પહોંચી પણ શકે. હાલમાં અહીં રાત્રે લાઈટ શોનું પણ આયોજન થાય છે વિવિધ રંગોના પ્રકાશથી રાત્રી દરમિયાન મંદિર ખૂબ મનોરમ્ય લાગે છે. રંગોથી મંદિર ઝગમગી ઊઠે છે. અહીં સાઈટની પાસે જ મોટું ગાર્ડન છે સરસ ગ્રીન લોન છે, વૃક્ષો છે. પરિવાર અને મિત્રો સાથે જઈને નાની પિકનિક જરૂરથી પ્લાન કરી શકાય, જેથી કંઈક નવું જાણવા અને શીખવા ચોક્કસથી મળશે.

ઘણી જગ્યાએ આપણે જોયું હશે કે લોકો આવાં સ્મારકો પર બેજવાબદારી દેખાડે છે. કચરો ફેંકવો, દીવાલો પર લખવું, પ્રતિબંધિત હોય તેવી જગ્યા કે વસ્તુઓને અડવું વગેરે, પણ દરેકે એક જાગૃત નાગરિક તરીકે પોતાના સમૃદ્ધ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસાનું રક્ષણ કરવાની ફરજ અદા કરવી જોઈએ અને પોતાનાં બાળકોમાં અત્યારથી જ એ ભાવના કેળવવી જોઈએ. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@
bombaysamachar.com

## ફ્લેશબેકથી ફેક્ટચેક સુધી...

# સર્ચ કરવાની સ્માર્ટ ટેક્નિક




ગૂગલ સર્ચ ચોક્કસ કઈ સાલથી આપણા દૈનિક જીવનનું ડિજિટલ પાસું બની ગયું એ કોઈ કહી ન શકે. ટાંકણી બનાવતી કંપનીથી લઈને ટોપ ટેન સર્ચ સુધીની એક મસ્ત યાદી દર વર્ષે ગૂગલ બહાર પાડે છે. દેશ મુજબ આ યાદી અલગ અલગ હોય છે. એ યાદીમાં કેટલીક વસ્તુ સામાન્ય હોય છે, જેમ કે... કઈ ફિલ્મ સૌથી વધુ કમાણી કરી ગઈ. એ ફિલ્મ બોલિવૂડની છે કે હોલિવૂડની. આ વર્ષે કેટલા ક્રિકેટર્સે પ્લેગ્રાઉન્ડને કાયમી અલવિદા કહ્યું. સ્કેમથી લઈને આવનારી સ્કિમ સુધીની નાનામાં નાની વિગત ગૂગલ પર પ્રાપ્ય છે. રસ્તો શોધવાથી લઈને રિસેપ્શન કાર્ડના કોન્ટેટ સુધી અહીં બધું જ સર્ચ થાય છે. આવા દરેક સર્ચ સાથેની કેટેગરી અલગ અલગ હોય છે, જે અલગ કરવાનું કામ ગૂગલનું ડેટા સાયન્સ કરે છે.

કેટેગરી સર્ચ માટે તો ગૂગલ પાસે ટેક્નિક છે, પણ દરેક વ્યક્તિ શું એક જ શૈલીમાં સર્ચ કરે છે? આ સવાલનો જવાબ છેઃ ના.

આમ છતાં, ઘણા એવા સામાન્ય માણસો પણ સ્માર્ટ ફોનના આગમન સાથે નાની એવી ટેક્નિકથી ચોક્કસ પરિણામ મેળવતા થઈ ગયા છે.

આવો, આ સામાન્ય લાગતી છતાં યુઝફૂલ-ઉપયોગી ટેક્નિકસ...

શરૂઆત ગૂગલથી કરી છે તો આ જ ગાડીને આગળની ટ્રેક પર લઈ જઈએ. માની લો કે તમારે કોઈ ઈમેજ સર્ચ કરવી છે. સર્ચ એન્જિન પર ટુલ્સ અને ઓપ્શન પણ છે, પણ તમારે ઈમેજ ચોક્કસ સાઈઝની જ જોઈએ છે. એમાં પણ ક્રોપ (કટ) ન કરવું પડે એવું કરવું છે. બસ, કિ-વર્ડ લખો અને ઈંચ કે પિક્સલમાં એની સાઈઝ લખી દો. જેમ કે, ૧૨૦૦ પિક્સલની ક્લેરિટીમાં દિલ્હીના લાલ કિલ્લાનો ફોટો જોઈએ છે તો સર્ચ કરો રેડ ફોર્ટ અથવા લાલ કિલા પછી ૧૨૦૦ પિક્સલ એવું લખી દો. બધા જ ફોટો એક જ સરખી લાઈટ અને રિઝોલ્યુશનના આવી જશે. ઈમેજ સર્ચ કરનારા ઘણા લોકો આવી ટેક્નિક વાપરે છે. સ્માર્ટ ફોનમાં થોડું આનું પરિણામ કસ્ટમાઈઝ આવશે, કારણ કે મોબાઈલમાં સપોર્ટ કરતાં રિઝોલ્યુશન અલગ રહેવાનાં. એ પછી આઈફોન કેમ ન હોય.

ટુરની મજા માણ્યા બાદ જે તે લોકેશન પર તમે પણ જે તે લેન્ડમાર્ક કે નેચરના ફોટો ક્લિક કર્યા હશે. એ વહેલી સવારના હશે, બપોરના હશે, સાંજના હશે. લો-લાઈટમાં હશે, પૂરતી લાઈટિંગના હશે, પણ દર ચોવીસ કલાક બાદ જે તે લેન્ડમાર્ક સવાર-સાંજ કેવું લાગતું હશે એ જોવા માટે ઑપ્શન ઑન કરો ટાઈમલાઈન. કિ-વર્ડ નાખીને ટાઈમ ટાઈપમાં જઈ પાસ્ટ ૨૪ અવર્સ કરી દો. જે તે લોકેશન સાથે લાઈટિંગ સાથેનો ફોટો મળશે. હા, મર્યાદા એ છે કે, એમાં કોઈ ઈફેક્ટ નહીં મળે, જેમ કે બ્લેક એન્ડ વ્હાઈટ. જમાનો AIનો છે તો સાદું સાદું સર્ચ થોડી ચાલે! જે તે ફોટો AIમાં જોઈતો હોય તો પહેલાં AI ટાઈપ કરીને જે સર્ચ કરવું છે એ લખી દો. કલરફૂલ રિઝલ્ટ મળશે.

દૈનિક ધોરણે શેનો ટ્રેન્ડ ચાલે છે એ જોવા માટે કોઈ જ સોશિયલ મીડિયા સાઈટ ખોલવાની જરૂર નથી. ગૂગલ ન્યૂઝમાં જઈને માત્ર હોમ અને જુદી જુદી કેટેગરી પર નજર કરી લો. તમે જાતે જ ટ્રેન્ડિંગનું લિસ્ટ બનાવી શકશો.

ફોટોની સાથે ફોનની દુનિયામાં પણ થોડું ડોકિયું કરીએ. માની લો કે તમારે કોઈનું નામ મોબાઈલમાં સર્ચ કરીને એને કોલ કરવાનો છે. મોટા ભાગના લોકો કોન્ટેક્ટ લિસ્ટમાં જઈને સર્ચ કરશે. ના, સ્માર્ટ સર્ચ કરનારાએ એની પણ ટ્રિક શોધી લીધી છે. ડાયલપેડ પર નંબરની નીચે એ,બી,સી, આલ્ફાબેટ છે. હવે અમિત નામથી સેવ કોન્ટેકને કોલ કરવો છે તો A અક્ષર ૨ નંબર પર છે તો ૨ દબાવો, એ પછી M ૬ નંબર છે તો ૬ દબાવો I ચાર નંબર પર છે તો ૪ દબાવો ઉપરની તરફ નામ ઝડપથી આવી જશે. ક્લિક કરીને કરો કોલ...! આ રીતે બીજાં નામ પણ સર્ચ કરી શકો છો. બીજી એક ટ્રિક એવી પણ છે કે, કોઈ પણ વ્યક્તિના નંબરના છેલ્લા ત્રણ કે ચાર અંક યાદ છે તો એ ટાઈપ કરો. એક્ઝેટ એનું જ નામ આવશે.

દેશ-વિદેશના જુદા જુદા વિષય પર થયેલા રિસર્ચની રો ફાઈલ વર્ડ ફોર્મેટમાં છે. બસ, વિષય સર્ચ કરીને ફાઈલ સેવ કરીને સરળતાથી વાંચી શકાય છે. જેટલું સર્ચ ગૂગલ પર સર્ચ કરવું સરળ છે એના કરતા થોડું જટિલ એની જ વિડિયો સાઈટ યુટ્યુબ પર છે. વોઈસ અને વર્ડ સર્ચ ઑપ્શન યુટ્યુબમાં આવે તો ઘણું સરળ કામ થઈ જાય. ■

### આઉટ ઑફ ધ બૉક્સ

*દુનિયાના પહેલા SMSમાં બીજો કોઈ સંદેશો નહીં, પણ માત્ર એટલું લખ્યું હતુંઃ મેરી ક્રિસમસ*

તસવીરની આરપાર
ભાટી એન.
feedback@
bombaysamachar.com


# આજની કથાને જીવંત કરવા 'શ્રીરામ કથા'માં 'રામ વિવાહ' સાચુકલા થતા શ્રોતામાં હર્ષોલ્લાસ

'રઘુકુળ રીતિ સદા ચલી આઇ, પ્રાણ જાય પર વચન નાં જાયે'

રામાયણ, મહાભારત, શિવપુરાણ જેવી ધાર્મિક કથાઓ માનવીનો તન-મનનો થાક ઉતારી દે છે. તેવી ઇન્ટરેસ્ટિંગ બનાવવા કથાકારો સંગીતના સુરીલા વાદ્યો ઉમેર્યાં જેમાં હારમોનિયમ પેટી, તબલા, મંઝીરાને શરણાય, સંતુરને ઉમેરીને કથાને સાચા સ્વરૂપમાં ઢાળવાનો ક્રિએટિવિટી બતાવવા શ્રોતાને સેટિફિકેશન (આત્મ સંતોષ) થાય તે માટે સાચુકલા પાત્રોનો ઉમેરો કરી કથાને ચાર ચાંદ લગાવવા નેના વિન્યતા લાવવાનો પ્રયાસ તમામ કથામાં થાય છે. વાંકાનેરમાં શ્રી નિલકંઠ મહાદેવ મંદિરે કથાકાર શ્રી કિશોરઅદા એ.પાઠક શ્રીરામ કથાનું અમૃતપાન કરાવેલ. જેમાં તા. ૧૮-૧૨-૨૪ 'રામ વિવાહ' ધામધૂમથીને રંગેચંગે યોજાયો હતો. તેમાં શ્રીરામનું પાત્ર ખુશી હરેશભાઇએ લીધું હતું. તો સિતાજીનું પાત્ર જોષી ઋષિકા હાર્દિકભાઇએ લીધું હતું. રામ બનેલ ખુશીએ માથે મુગટ તીર કામઠું, તિલક, મોતીની માળા, કુંડળને હાથમાં શ્રીરામની મૂર્તિ સાથ કથા મંડપમાં આવેલ તો ઋષિકા સજીધજીને બ્યુટી પાર્લરમાં જઇ મેકપ, હેરસ્ટાઇલ સોનાનાં આભૂષણોનો શણગારથી લચિત મંડપ મધ્યે આવેલ









અને તેમનાં માતા, પિતાએ મંત્રોચ્ચાર વૈદોનાં સંગાથે કન્યાદાન પણ કરેલ! ને અગ્નિની સાક્ષીએ શ્રીરામ, સીતાજીએ ચાર ફેરા પણ ફરેલ તે વેળા શ્રોતાગણમાં સાચે જ રામ, સીતાજી આવ્યા હોય તેવી અનુભૂતિ તંતોતંત થતી હતી!!!

અત્યારે રામ રાજ્ય હોય તેવી અનુભૂતિ માનન્ય વડા પ્રધાન શ્રીનરેન્દ્ર મોદી કરાવી રહ્યા છે. તાજેતરમાં અયોધ્યા ખાતે શ્રીરામચંદ્રજીનું ભવ્યાતિભવ્ય રામ મંદિર બનાવી સમગ્ર વિશ્વમાં વસતા હિન્દુના દિલમાં રામચંદ્રજી સાચે જ અયોધ્યા આવ્યા હોયને શ્યામરંગની કલાત્મકમૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરતા ને લાખો દીવડાની આરતી અયોધ્યામાં થતા આ કળયુગમાં અલૌકિક અનુભૂતિ થઇ હતી. આજે શ્રીરામચંદ્રજી વિશે પણ થોડું જાણીએ. જયશ્રી રામ એટલે 'ભગવાન રામનો જય' અથવા ભગવાન રામનો વિજય રામ એ હિન્દુ દેવતા અને ભગવાન વિષ્ણુનો સાતમો અવતાર છે. શ્રીરામનો જાપ કરવાથી ડર, દુઃખ, તાણ, ચિંતાઓથી છુટકારો મેળવાનો એક માર્ગ છે!?

કોશલ સામ્રાજયની રાજધાની અયોધ્યામાં કૌશલ્યા અને દશરથને ત્યાં રામનો જન્મ થયો હતો. તેના ભાઇ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન હતા. રામે સીતાજી સાથે લગ્ન કર્યાં હતા. રાજવી પરિવારમાં જન્મેલા હોવા છતાં દેશનિકાલ ૧૪ વર્ષનો વનવાસ ને અણધાર્યા ફેરફારો જીવનમાં આવતા જ રહ્યાં સીત હરણ થયું? ત્યારબાદ રામ-લક્ષ્મણે દુષ્ટ રાવણનો નાશ કરેલ. કકુત્સ્થનો પુત્ર રઘુ બન્યો. રઘુ ખૂબ જ તેજસ્વી અને શક્તિશાળી રાજા હોવાથી આ રાજવંશનું નામ રઘુવંશ તેના પરથી પડયું ત્યારથી રામના પરિવારને રઘુકુળ, રઘુવંશી કહેવામાં આવે છે. આજે પણ લોહાણાને રઘુવંશી તરીકે ઓળખે છે. વૈષ્ણવ ધર્મ માટે રામનું વિશેષ મહત્ત્વ છે. તેઓ પ્રાચીન હિંદુ મહાકાવ્ય 'રામાયણ' કેન્દ્રીય વ્યક્તિ છે. તેમ જ શ્રીરામચરિત માનસ લોકપ્રિય ગ્રંથ છે. રામ સાથે જાડાયેલ કહેવત જાણીએ. (૧) દવા દેતી વખતે બોલે : આ તો રામબાણ ઇલાજ છે. (૨) સારી જોડી જુઓ તો કહેઃ આ તો રામ સીતાની જોડી છે. (૩) જીવનમાં જલસા હોય તો રામ રાજય. (૪) છેલ્લે મરતી વખતે પણઃ રામ રમી ગયા. (૫) સ્મશાનમાં જતી વખતે પણ રામ બોલો ભાઇ રામ. આમ રામ આપણા જીવનમાં શ્રદ્ધા, ભક્તિ, પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ છે. રામચંદ્રજીના જીવનનો એક સંદેશ છે. જતું કરવું ત્યાગ કરવાની ભાવના હશે ત્યાં સુખ, સમૃદ્ધિ, શાંતિ હશે. વાંચક મિત્રો રામચંદ્રજીની શ્રીરામ કથા સાંભળી તમે પણ ધન્યતાની અનુભૂતિ કરો. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




વહેલી સવારે ફરી રીંગ વાગી ત્યારે અભિએ આંખો ચોળતા ફોન લીધો.

કહાં ગાયબ હો ગયે થે તૂમ ઔર શીલા કલ રાત.?' ગુલાટીએ પૂછ્યું ને અભિને બત્તી થઇ કે ગઇ રાતે ફોન ગુલાટીનો હતો.

સર, શીલા કો ઘર છોડને ગયા થા. ઉસકો જરા ઝ્યાદા ચડ ગઇ થી.'

ડાયરેક્ટર કો એક્ટીંગ મત સીખાઓ. ઔર સૂનો.' ગુલાટી જરા અટક્યો. કલ રાત પ્રિયા કા ફોન થા. તુમ્હે બતાને કે લિયે કી ઉસ કી મા....

શી ડાઇડ'

ઓહ માય ગોડ..કાશ, મૈં ઉસકે સાથ ચલા ગયા હોતા' અભિએ અફસોસ વ.ક્ત કર્યો.

દેર રાત ઉસને તુમકો ઘર પર ભી કોલ કિયા થા. એની વે, ફ્યુનરલ ૧૦ બજે હૈ.' ગુલાટીએ ફોન મૂકી દીધો.

***

અભિ રજાઇ ફંગોળીને ઉભો થયો. ઝટપટ તૈયાર થઇને સીધો પ્રિયાના ઘરે ગયો. પ્રિયા એને ભેટી ખૂબ રડી. અભિએ એને પાણી પીવડાવ્યું. પ્રિયા થોડી સ્વસ્થ થઇ.

અભિ, મારી માએ મારે જે કરવું હતું.....બેરોકટોક કરવા દીધું....મને આઝાદ પંખીની જેમ ઉડવા દીધી. આખું આકાશ ભરી લે તારી પાંખોમાં, પણ પગ ધરતી પર રાખજે. બેટા, જમીન પર પગ ખોડી રાખીને આકાશમાં ઉડવું બહુ અઘરું છે. આ એના છેલ્લા શબ્દો હતા. અભિ, મેં એને તારી વાત કરી હતી...એ તને મળવા માગતી હતી. મેં રાતે તને ફોન પણ કર્યો...' પ્રિયાએ અભિના ખભે માથું ઢાળી દીધું. અભિ પ્રિયાને સાંત્વન આપવા એની પીઠ પર હાથ ફેરવતો રહ્યો.

***

સ્મશાનમાં સગાસંબંધીઓ, એડવર્ટાઇઝીંગ વર્લ્ડના જાણીતા ચહેરાઓ ઉપરાંત રાતવાળી પાર્ટીના લગભગ તમામ મહાનુભાવો હાજર હતા.

સુખી ગુલાટીએ અભિને સાઇડમાં લઇ જઇને કહ્યું: મૈં તુમ્હારા દર્દ સમઝતા હું લેકિન આજ રાત હમારી ફિલ્મ કા પ્રિમિયર હૈ.' અભિ કાંઇ જવાબ આપે તે પહેલા પાછળથી અવાજ આવ્યો: શો મસ્ટ ગો ઓન.' પ્રિયાએ અભિના ખભા પર હાથ મૂકીને કહ્યું: અભિ, પ્રિમિયર પ્લાન્ડ છે. માનું મોત પ્લાન્ડ નહતું.'

***

ગુલાટીની ફિલ્મના પ્રિમિયર અને રીલીઝ પછી અભિની કારકિર્દીમાં મહત્વનો વળાંક આવ્યો. એડફિલ્મોની જેમ એને ફીચર ફિલ્મોની ઓફરો મળવા લાગી. કોની ઓફર સ્વીકારવી..કોની ઠુકરાવવી. અભિ માટે મોટી વિમાસણ હતી, કારણ કે એને નિર્માતા-દિગ્દર્શકોનો ખાસ કોઇ પરિચય નહતો. ફિલ્મી દુનિયામાં બ્લેક એન્ડ વ્હાઇટ ફિલ્મોની જેમ રુપિયા પણ બ્લેક એન્ડ વ્હાઇટ હોય. પૈસાનો મામલો કઇ રીતે સંભાળવો. ખરાબ કથા-પટકથા ધરાવતી ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થાય તો કરીઅર બગાડી નાખે. ફિલ્મલાઇનને સારી રીતે ઓળખનારો એક જ માણસ હતો: અકબર પીઆર. અભિ અકબર પીઆરને ફોન કરીને એને મળવા ગયો.

અકબરભાઇ, મને ફિલ્મોની ઓફરો આવી છે. તમે મને એક સલાહકાર તરીકે સલાહ આપો. હું તમને એની ફી આપીશ.' અભિએ કહ્યું.

આ ફિલ્મી દુનિયા દંભી લોકોની દુનિયા છે. અહીં મોટાભાગના લોકોના મોમાં મીઠાશ છે, પીઠ ફેરવો એટલે કડવાશ છે. સંબંધોનો બધો આધાર તું સફળ છો કે નિષ્ફળ એની પર છે....સફળ અને નિષ્ફળ બંનેમાં ફળ શબ્દ કોમન છે...સફળ થા તો મીઠું ફળ અને નિષ્ફળ જા તો કડવું ફળ. અહીં નિર્માતા-દિગ્દર્શક પણ અન્ય પાત્રોની જેમ અભિનય જ કરે છે...સૌથી મોટા અને અઠંગ કલાકારો તો એ જ છે. યાદ રાખ, આ શો બિઝનેસમાં બધા જ નાટક કરે છે.'

અકબર પીઆરને ધ્યાનપૂર્વક સાંભળી રહેલા અભિએ મનોમન વિચાર્યું કે ફિલ્મ સમાજનો આરીસો છે. ફિલ્મો સમાજમાં બનતી ઘટનાઓ જ બતાવે છે ને. સમાજમાં આડંબરી લોકો નથી.? સ્વાર્થ નથી? નાટક નથી કરતા? એકબીજાનો ઉપયોગ કરીને આગળ નથી વધતા? તકવાદી નથી.?

અને હું શું કરું છું..? અત્યાર સુધી મેં શું કર્યું છે.? મારા માર્ગમાં આવતા લોકોને પગથિયાં બનાવીને આગળ નથી વધ્યો.?' સમાજમાં આવું બધું કરવાના પૈસા નથી મળતા...ફિલ્મોમાં લખલૂટ પૈસા મળે છે...આ જોતાં તો હું ફિલ્મોમાં કામ કરવા માટે યોગ્ય પાત્ર છું. સમુદ્રમાં એક લોટો પાણી નાખવાથી ખારું પાણી મીઠું બનવાનું નથી....તો પછી નેકી કરીને દરિયામાં નાખવાનો શો ફાયદો.? જેવા સાથે તેવા થઇને જ જીવાય.'

થેન્ક યુ અકબરભાઇ, શો બિઝનેસમાં મહોરાં પહેરીને બેઠેલાઓનો ખરો ચહેરો બતાવવા બદલ....તમે મારી સાથે છો અને રહેશો.'

> સમુદ્રમાં એક લોટો પાણી નાખવાથી ખારું પાણી મીઠું બનવાનું નથી....તો પછી નેકી કરીને દરિયામાં નાખવાનો શો ફાયદો.?'

***

અકબર પીઆર સાથેની મિટિંગ પછી અભિએ એક સાથે ચાર ફિલ્મો સાઇન કરી....સ્ટોરી-સ્ક્રીનપ્લે સાંભળ્યા પછી. આ ફિલ્મો સાઇન કરતી વખતે...પૈસાનો વહેવાર કરતી વખતે....ફિલ્મ ફ્લોર પર જાય તે પહેલાના દરેક તબક્કે અકબર પીઆર સાથે રહ્યો અને એની સલાહ મુજબ અભિ આગળ વધ્યો. અકબર પીઆરની સલાહ મુજબ અભિ સારી ભૂમિકા જોઇને ઓછા પૈસા ફિલ્મ કરવા લાગ્યો. એની ટેલેન્ટથી પ્રભાવિત નિર્માતા-દિગ્દર્શકો સાઇન કરાવી લેવા ઉતાવળા થતા અને અભિ અને અકબર એનો લાભ લઇને વધુ એડવાન્સ પૈસા લઇ લેતા. અભિ સ્ટાર નહતો...એ કલાકાર હતો....એના પાયામાં રંગભૂમિ હતી...નાટકોનો અનુભવ હતો. એ કોઇપણ પાત્રને સહજતાથી ભજવી જાણતો. એટલે જ દિગ્દર્શકોને ઉત્તમ કલાકાર મળ્યો હોવાનો સંતોષ થતો. ખરા અર્થમાં બિઝી થઇ ગયો....શહેરભરમાં એના મોટા હોર્ડિંગ્સ લાગ્યા....સિનેમાના મેગેઝીનો...અખબારો....મનોરંજન પેજ પર એના ઇન્ટરવ્યૂ છપાવવા લાગ્યા. આ બધું અકબર પીઆરની અનુભવી નજર હેઠળ થવા લાગ્યું...બીજી બાજુ અભિ ફિલ્મજગતના મશહૂર સ્ટાર આદિલ ખાનની નજરમાં આવી ગયો......આદિલ ખાનને અભિ આંખમાં કણાંની જેમ ખૂંચવા લાગ્યો....કેમ કે આદિલ ખાનના હાથ પરની ફિલ્મો અભિને મળી ગઇ.

***

અભિની પ્રગતિથી પ્રિયા પોરસાતી. અને અભિ જ્યારે સમય મળે ત્યારે પ્રિયાની સાથે સમય વીતાવતો. અભિને પ્રિયાની કંપની બહુ ગમતી. એ પ્રિયાએ કરેલી સહાયને ભૂલ્યો નહતો....એ ભૂલી શકે એમ પણ નહતો...એણે કરેલા અહેસાનનું પલડું ભારે હતું. અભિને ઘણી વખત પ્રિયાનો પ્રેમ આકર્ષણ લાગતો. એની લાગણીને એ એડવર્ટાઇઝીંગની અન્ય છોકરીઓ જેવું અલ્લડપણું માનતો.

હા, અભિ જાણીતો ચહેરો બની ગયો હોવાથી બંને એમના જુના અને જાણીતા પબમાં મળી શકતાં નહીં. દર વખતે પ્રિયા નવી અને અજાણી જગ્યા શોધી લાવતી. બંનેએ કેટલીય સાંજ સાથે વિતાવી હતી....એ મિલન હોઠ સુધી જ વિસ્તર્યું હતું. પ્રિયા અભિને આગળ વધતા રોકી લેતી. અભિને ગમતું નહીં.

પ્લીઝ રહેવા દે અભિ....અધૂરી પ્યાસ જ આપણાં મિલનને વધુ ઉત્તેજક અને રોમેન્ટિક બનાવશે.' અને અભિ અધૂરી પ્યાસ લઇને સીમાના ઘરે પહોંચી જતો.....પ્રિયાએ છોડેલી અધૂરપ પુરી કરવા. સીમા એનો પહેલો આશરો હતી. સીમાએ કરેલી પહેલ અને એની હુંફને એ ક્યારેય ભૂલ્યો નહતો.

એ કાયમ સીમાને કહેતો. સીમા, તેં મને મારા પુરુષ હોવાનો અહેસાસ કરાવ્યો હતો. તારી એ પહેલ...મારી પહેલવહેલ હતી.'

સીમા કહેતી. અભિ, હું સીમા ઓળંગી ગઇ હતી, પણ એ રાતે મેં પહેલીવાર મારા સ્ત્રીત્વને અનુભવ્યું......હું એક સંપૂર્ણ સ્ત્રી છું એનું ભાન તેં મને કરાવ્યું.'

અભિ અને સીમા યાદોની રજાઇમાં ઢબુરાઇને આવી કેટલીય રાતો ફરી ફરી માણતા રહેતાં ને પ્રત્યેક રાત એક નવી યાદગાર પળ બની રહેતી.

****

અભિની પ્રગતિથી ધૂંધવાઇ રહેલો આદિલ ખાન હબીબને મળ્યો.

હબીબભાઇ, અભિ કા કૂછ કરના પડેગા આપકો. સાલ્લા ધડાધડ ફિલ્મેં સાઇન કર રહા હૈ. ફિલ્મેં રીલીઝ હો રહી હૈ...હીટ જા રહી હૈ' અંદરથી સળગી ઉઠેલા આદિલ ખાને સ્ટાઇલથી સીગારેટ સળગાવી.

અરે નયા છોકરા હૈ.....દો ચાર ફિલ્મેં કરેગા...ફિર ફ્લોપ' હબીબે કહ્યું.

ઉસકી ફિલ્મે હીટ જા રહી હૈ.' આદિલ ખાનના અવાજમાં ઉશ્કેરાટ હતો.

ઉંચી પહાડી પર સે તેઝી સે ઉતરનેવાલે કા રાસ્તા રોકને કી કોશિશ નહીં કરની ચાહિયે...વો અપને કો ઘસીટ કે ગિરાયેગા....એક બાર નીચે ઉતર જાને દો. ફિર દેખેંગે.' હબીબ કદાચ વધુ પડતો ફિલોસોફર થઇ ગયો હતો.

હબીબભાઇ, ભલે વો હમેં ઘસીટ કર ગિરાયે... લેકિન હમે ઉસકો રોકના તો હોગા.'

હબીબે એક જણને કોલ કર્યો: અભિનય કી અગલી જિતની ભી ફિલ્મેં હૈ...ઉસકા ડિસ્ટ્રીબ્યુસન...એક્ઝીબીસન રોકના હૈ...ઉસકી ફિલ્મેં કોઇ ડિસ્ટ્રીબ્યુટ નહીં કરેગા. અબ ખુશ.?' ફોન મૂકીને હબીબે આદિલ ખાનને કહ્યું.

***

કાયમ ફિલ્મઇન્ડસ્ટ્રીની હવાને સૂંઘતા ફરતા અકબર પીઆરને આ વાતની ગંધ આવી ગઇ. એને અભિની કારકિર્દીનું કોકડું વળી જતું દેખાયું. ફિલ્મોના શુટીંગમાં વ્યસ્ત અભિના કાને વાત નાખવી જરુરી હતી. કોઇને કોઇ માર્ગ કાઢવો જરુરી હતો ને સમય ઓછો હતો. માર્ગ કાઢતા પહેલાં સો વાર વિચારવું પડે એમ હતું કેમ કે સામે હબીબ હતો. હબીબને મળીને અભિની ફિલ્મો પર કોઇ રોક ના નાખે એવી વિનંતી કરવાનો કોઇ અર્થ નહતો કારણ કે આદિલ ખાન એનો માણસ હતો. આ કારસ્તાનની પાછળ આદિલ ખાન જ હતો. આદિલ ખાન કોઇ કાળે આવું થવા નહીં દે. અકબર પીઆરે રાતે જ અભિને મળીને ચેતવી દેવાનું વિચાર્યું.

અભિ, આપણી ફિલ્મો પર તવાઇ આવી ગઇ સમજ. હબીબના કહેવાથી તારી ફિલ્મોને કોઇ હાથ નહી લગાડે. આની પાછળ આદિલનો હાથ છે.'

જો હોગા વો દેખા જાયેગા અકબર ભાઇ.....રસ્તો નીકળશે...તમે વિચારો...હું પણ વિચારું છું. હું પાછો જવા નથી આવ્યો.' અભિ બોલ્યો. બંને ક્યાંય સુધી ચૂપ બેસી રહ્યા. અકબર પીઆર માથું ખજવાળવા લાગ્યો.

અકબરભાઇ, તમે ઇન્ડસ્ટ્રીના બહુ મોટા ફિક્સર છો.' અભિ બોલ્યો ને અકબરપીઆરને બત્તી થઇ. એણે એક ફોન જોડ્યો: સરજી, આપકી દસ મિનિટ ચાહતા હું.' ફોન કટ કરીને અભિને કહ્યું: તારા જીવનની પટકથામાં સાપની સામે નોળિયો ઉતરશે. ■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# ટેક યોર ગિફ્ટ, નિકી.



આજે મુંબઈના પરામાં આવેલી ગ્લોબલ ઈંટરનેશનલ સ્કૂલના એસેમ્બલી હોલમાં ધોરણ-૧ અને ધોરણ-૨નાં વિદ્યાર્થીઓનીસભા છે. મેરી મેડમે ક્રિસમસ પાર્ટી રાખી છે. એસેમબ્લી હોલને આજે જાતજાતના તોરણ અને ફુગ્ગાઓથી શણગારવામાં આવ્યો હતો.

રેડ અને વ્હાઈટ ડ્રેસમાં સજ્જ બાળકોએ માથે લાલ ટોપી પહેરી છે. ખભા પર નાની હેન્ડ બેગ લટકાવી છે. મેહુલે બાજુમાં બેઠેલી નિકીને કહ્યું:- 'નિકી, હું તો સાન્ટા સાથે સેકહેન્ડ કરીશ. એ મને ચોકલેટ આપશે ને તે મારી કેપમાં સંતાડી દઈશ.'

નિકીએ કર્હ્યું:- 'મારે તો સાન્ટા પાસે એની સ્ટોરી સાંભળવી છે. અને હું સાન્ટાને ગોપાલની સ્ટોરી કહીશ.'

'તારે ચોકલેટ નથી જોઈતી?'

'એ તો બધાને આપશે જ, મને પણ આપશે. પણ, એના નોર્ધન દેશની વાત, લોર્ડ જિસસની સ્ટોરી મારે સાંભળવી છે. હું સાન્ટાને આપણા મખ્ખન ચોર ગોપાલની વાત કહીશ.'

'આપણે સાન્ટા જોડે ડાન્સ કરીશું ખૂબ મજા આવશે.' મેહુલ અને નિકી બોલી ઊઠ્યા.

ત્યાં જ રેડ એન્ડ વ્હાઈટડ્રેસમાં આકર્ષક દેખાતા મેરી મેડમે કહ્યું:- 'ગુડ મોર્નીંગ સ્ટુડંટ્સ. લેટ અસ એન્જોય અવર ક્રિસમસ પાર્ટી.બધા વિદ્યાર્થીઓ સભાખંડમાં ગોઠવાઈ ગયા. મેરી ક્રિસમસ ટુ એવરી વન.' મેડમે મધુર સ્મિત આપતાં કહ્યું.

સ્ટેજ પર જમણી બાજુએ એક મોટું ક્રિસમસ ટ્રી શણગારવામાં આવ્યું હતું. સ્ટેજની વચ્ચે મૂકેલા મોટા સ્ક્રીન પર સાન્ટાનું બોર્ડ મૂકયું હતું. આઠમા ધોરણમાં ભણતા રાજેશે ક્રિસમસના પરેડનો વીડિયો શો શરૂ કર્યો. પરેડમાં મીકીમાઉસ અને સાન્ટાને ડાન્સ કરતા જોઈ સભાખંડમાં કેટલાક છોકરાંઓ પણ નાચવા લાગ્યા. પરેડની એક મોટી વાનમાં મૂકેલા ક્રિસમસ ટ્રીના ટોચ પર એક ગોલ્ડન સ્ટાર ઝળકતો હતો. નિકીએ મેરી મેડમ પાસે જઈને કહ્યું- મિસ, આય વોન્ટ ધીસ ગોલ્ડન સ્ટાર-

'ઓ.કે યુ આસ્ક સાન્ટા -

'વીલ સાન્ટા મીટ મી? વીલ હી ગીવ મી બીગ ગોલ્ડન સ્ટાર.'

'યસ, આય વીલ કોલ સાન્ટા, બટ વોટ યુ વીલ ગીવ ટુ સાન્ટા?'

'મિસ, આય વીલ ટેલ હીમ સ્ટોરી ઓફ ગોપાલ.'

'ઓ.કે. ગુડ.'

સાન્ટાનો મિકીસ પરેડ શો પૂરો થયા પછી મેરી મેડમ સ્ટેજ પર આવ્યાં ને કહ્યું:- 'સો ડીયર સ્ટુડન્ટસ ડીડ યુ એન્જોય ધ શો?' યસ, યસ મિસ.

'લેટ અસ ટોક અબાઉટ યોર એક્ષપીરંયસ. તમારા ઘરે તમે ક્રિસમસ ટ્રી કર્યું છે ? કોણે કર્યું છે? તમે એમાં હેલ્પ કરો છો?'

'મેમ, યસ એવરી યર મારા ઘરે અમે ક્રિસમસ ટ્રી મૂકીએ છીએ. નિકી એ કહ્યું, 'મિસ, મારા ઘરે તો અમે ગણેશ ફેસ્ટીવલ અને ગરબામાં અંબામાતાની પૂજા પણ કરીએ છીએ. માય મોમ એન્ડ ડેડ ડુઈંગ ઓલ પૂજા.' નિકીએ કહ્યું.

'ધેટ સ, ગ્રેટ. હાવ ડુ યુ હેલ્પ યોર મોમ?'

'આય એરેન્જ કલર બોલ્સ ઈન ટ્રી. મોમ ડેકોરેશન કરે, મારા ડેડી ટ્રીના ટોપ પર સ્ટાર લગાડે. આય પુટ સમ ચોકલેટ્સ ઓન ધ બ્રાન્ચીસ.' નિકીએ હરખભેર કહ્યું.

'મિસ, મને તો ચોકલેટસ,કેક ખાવી ખૂબ ગમે છે. પણ, આપણે ચર્ચમાં, મોલમાં, સોસાયટીમાં અને આપણા ઘરમાં બધે ક્રિસમસ ટ્રી શા માટે મૂકીએ છીએ? આર્યને પૂછયું.

'આર્યન, આ ખ્રીસ્તી ધર્મનો ખૂબ મોટો ફેસ્ટીવલ છે. ખ્રિસ્તી ધર્મના ભગવાન ઈશુ ખ્રિસ્તે બેથ્લેમમાં (નોર્થપોલ-પશ્ચિમદેશમાં) ૨૫મી ડિસેમ્બરે જન્મ લીધો હતો. દેવીતત્ત્વ ધરાવતા ઈશુની માતાનું નામ મેરી અને પિતાનું નામ જોસેફ હતું. ભગવાન ઈશુએ લોકોને પ્રેમ, શાંતિ, કરૂણાનો સંદેશ આપ્યો. ખ્રિસ્તી ધર્મના ભગવાન ઈશુ સન ઓફ ગોડ- સેવિયર કહેવાય છે.

લાઈક અવર ગોપાલ- એન્ડ ગણપતિબાપા? મેહુલે કહ્યું.

મેમ, આ ક્રિસમસ ટ્રી શા માટે ડેકોરેટ કરવાનું? આર્યને પૂછ્યું.

સાન્ટાક્લોઝ આપણને ચોકલેટ, ગિફટ આપે. હી ગીવ બ્લેસીંગસ ઓફ ગોડ. હું જયારે નાની હતી ત્યારે ડેડી કહેતા ગો ટુ સ્લીપ, સાન્ટાકલોઝ વીલ કમ એન્ડ પુટ સમ ગિફટ ફોર યુ. અને સાચે જ સવારે ક્રિસમસ ટ્રી પાસે ચોકલેટ-ગીફટ હોય જ. નિકીએ કહ્યું.

પણ, આવું ઝાડ ઈન્ડિયામાં તો નથી થતું, આપણે આવા જ ટ્રીમાં ડેકોરેશન કરીએ છીએ. આ જ ઝાડ કેમ મૂકવાનું- મેહુલે પૂછયું.

નિકીએ કહ્યું કે નોર્ધન કંટ્રીમાં આ ટ્રી થાય છે. એ એવરગ્રીન રહે છે. એ સમૃધ્ધિ અને સુખ આપે છે. આપણે પણ ઘરમાં આવું જ ટ્રી રાખીએ તો સાન્ટાને લાગે કે આ મારું ઘર છે અને આપણને ગીફટ આપે. બ્લેસીંગસ આપે.

વેરી ગુડ નિકી. લગભગ ૧૩મી સદીથી શરૂ થયેલો આ ક્રિસમસ ટ્રી નો ફેસ્ટીવલ આપણે જિસસના બર્થ ડે સાથે મનાવીએ છીએ. ધ કીંગડમ ઓફ ગોડ ઈઝ વિધિન અસ. સો ઑલવેઝ પ્રે ગોડ. મેરી મેડમે કહ્યું.

પણ, મેમ ટ્રીના ટોપ પર મોટો સ્ટાર કેમ હોય છે? નિકીએ પૂછયું.

નિકી ગુડ કવેશ્ચન- આ ટોપ પર મૂકેલો મોટો સ્ટાર એ એન્જલ- એટલે કે નાની પરી છે, જે વધામણી આપે છે કે ભગવાન ઈશુ- જિસસ ક્રાઈસ્ટનો જન્મ થયો છે. બધા કહે છે- હેપી ક્રિસમસ- મેરી ક્રિસમસ મેડમ સાથે બધા છોકરાંઓ બોલ્યા- મેરી ક્રિસમસ, હેપી ક્રિસમસ.

ત્યાં જ સાચે સાચ સાન્ટા આવ્યો. મ્યુઝીક ચાલુ થયું. સાન્ટા બધાને ચોકલેટસ અને ગીફટ આપવા લાગ્યો.

મેમ, આ સાન્ટા કોણ છે- એ કયાંથી આવે છે? નિકીએપૂછયું.

નિકી, લગભગ ૧૨૦૦ વર્ષ પહેલાં નિકોલસ નામે એક સંત પાદરી હતા. તેઓ ખૂબ પ્રેમાળ, ઉદાર અને ધર્મિષ્ઠ હતા. તે ગુપ્ત રીતે બાળકોને, ગરીબોને ગિફ્ટ આપતા. જેને બધા સાન્ટાકલોઝ કહેતા. એવું માનવામાં આવે છે કે આજે પણ જયાં ક્રિસમસ ટ્રી હોય ત્યાં સાન્ટા ગિફટ આપવા આવે છે. મેમે કહ્યું.

સાન્ટા. મારી સ્ટોરી સાંભળ અને મને ગિફટ આપ. નિકીએ કહ્યું, ત્યારે સાન્ટા મોટી ખુરશીમાં બેઠો. બધા શાંત થઈ ગયા. મારા ડેડીએ એક સ્ટોરી કહી હતી કે ગોપાલના જન્મ પછી બેડમેન મામા કંસથી બચાવવા એમના પિતા વસુદેવજી નાના ગોપાલને ટોકરીમાં મૂકીને નંદબાબાને ઘેર લઈ ગયા હતા. એ જ રીતે આ દેવીઅંશ જિસસનો જન્મ બેથલ્હેમની ગુફામાં એક ઘાસના ગમાણમાં થયો. જેમણે આખા વિશ્વને માનવતાનો, કરૂણાનો અને ક્ષમાનો સંદેશ આપ્યો છે.

વેરી ગુડ કમ્પેરીશન. બધા જ ધર્મમાં ઈશ્વર અવતાર લે છે.

ટેઈક યોર ગિફ્ટ, -નિકી. મેરી ક્રિસમસ ટુ ઑલ. સાન્ટાએ કહ્યું. ■

વિશેષ

કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

# શિયાળામાં ઉપવાસ કરતી અદ્ભુત ને અકલ્પનીય ટ્રાઉટ માછલી!


ટ્રાઉટ એક અદ્દભુત અને અકલ્પનીય માછલી છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તે જે સ્થાને જન્મે છે તે જ સ્થાન પર પુખ્ત થવા પર એક લાંબી સફર કાપીને પહોંચે છે અને તે જ જગ્યાએ ઇંડાં આપે છે. ટ્રાઉટ તાજા પાણીની નાની-મોટી નદીઓ અને તળાવો ઉપરાંત સાગરો અને મહાસાગરોમાં જોવા મળે છે. પરંતુ નાની નદીઓની ટ્રાઉટ મોટી નદીઓમાં જતી નથી તથા તે જ રીતે મોટી નદીઓ અને તળાવોની ટ્રાઉટ સાગરમાં જતી નથી અને સાગરની ટ્રાઉટ નદીઓમાં જતી નથી.

યુરોપમાં ત્રણ પ્રકારની ટ્રાઉટ જોવા મળે છે- ભૂરી ટ્રાઉટ, તળાવની ટ્રાઉટ અને દરિયાઇ ટ્રાઉટ. ભૂરી ટ્રાઉટ યુરોપ ઉપરાંત આફ્રિકાના ઉત્તરી ભાગોમાં પણ જોવા મળે છે. ભૂરી ટ્રાઉટ નાની-નાની નદીઓ અને તળાવોમાં મળી આવે છે. આ ટ્રાઉટ નાની હોય છે અને તેનું વજન ૧.૭ કિલોગ્રામથી વધુ હોતું નથી.

ભૂરી ટ્રાઉટ નાનો કે મોટો કોઇપણ પ્રકારનો પ્રવાસ કરતી નથી. તળાવની ટ્રાઉટ મોટી હોય છે તથા તે હળવા રંગની હોય છે. તે મોટી નદીઓ અને તળાવોમાં રહે છે. તળાવની ટ્રાઉટ ક્યારેય ક્યારેક યાત્રા કરે છે. ભૂરી ટ્રાઉટ અને તળાવની ટ્રાઉટના શરીરનો રંગ લીલાશ પડતો ભૂરો હોય છે તથા માંસલ ભાગો પર રંગ હળવો હોય છે. તેના પેટ અને શરીરનો નીચેનો ભાગ પીળાશ પડતો હોય છે તથા તેના પર લાલ અને કાળા રંગના ઘણા બધા ડાઘ હોય છે. આ બંને ટ્રાઉટ માછલીઓના કાળા ડાઘની ચારેકોર ફીકા રંગની રીંગ્સ હોય છે.

દરિયાઇ ટ્રાઉટ સૌથી મોટી હોય છે. તેના શરીરની લંબાઇ લગભગ ૧.૩૫ મીટર તથા વજન ૧૪ કિલોગ્રામ સુધીનું હોય છે. દરિયાઇ ટ્રાઉટ લાંબા પ્રવાસ કરે છે. આ ત્રણેય માછલીઓ એક જ જાતિની હોય છે.

ટ્રાઉટ પર તાપમાનની પણ ઘણી અસર પડે છે. તેનું ભોજન સંપૂર્ણ રીતે તાપમાન પર નિર્ભર હોય છે. ટ્રાઉટ શિયાળામાં ઉપવાસ કરે છે. તે પાનખરથી જ ભોજન લેવાનું બંધ કરી દે છે. ટ્રાઉટનો ખોરાક ઉંમર અનુસાર બદલાતો રહે છે. નવજાત ટ્રાઉટ પાણીના કીડા-મકોડાના લાર્વા ખાય છે. તે મોટા કીડા-



મકોડા બહુ ઓછા ખાય છે. ત્યારબાદ થોડી મોટી થવા પર પાંખોવાળા કીડા-મકોડા, પાણીના ચાંચડ તથા તાજા પાણીના ઝીંગા વગેરે ખાવા લાગે છે. પુખ્ત થયા બાદ તે મુખ્ય રીતે માછલીઓનો શિકાર કરે છે.

ટ્રાઉટનો સંવર્ધનકાળ ઓક્ટોબરથી શરૂ થાય છે અને ફેબ્રુઆરી સુધી ચાલે છે. તેના પ્રજનનકાળ પર પાણીના તાપમાન અને ઋતુનો સીધો પ્રભાવ પડે છે. આ જ કારણ છે કે અલગ-અલગ સ્થાનો પર તેનો સંવર્ધનકાળ જુદો-જુદો હોય છે.

સંવર્ધનકાળમાં તળાવની ટ્રાઉટ લાંબી યાત્રા કરીને તળાવમાં ભેગી થતી નદીઓમાં જતી રહે છે. સામાન્ય રીતે તળાવો અને નદીઓની ટ્રાઉટ વહેતા પાણીમાં ઇંડાં આપે છે, જેથી ઇંડાંઓને તાજું ઓક્સિજન મળતું રહે.

સંવર્ધનકાળમાં નર-માદા બંને એકબીજાને મળે છે અને છીછરા પાણીમાં એક સુરક્ષિત સ્થાન પસંદ કરે છે. માદા તેની પૂંછડીથી પાણી હેઠળ એક ખાડો તૈયાર કરે છે. આ ખાડામાં માદા ટ્રાઉટ ઇંડાં આપે છે અને નર તેને શુક્રાણુ વડે ફળદ્રુપ બનાવે છે. ઇંડાં આપ્યા બાદ નર-માદા બંને મળીને ખાડાને કાંકરા-પથ્થરો વડે ઢાંકી દે છે અને જતા રહે છે. ટ્રાઉટ માછલીના ઇંડાં લગભગ ૪૦ દિવસમાં પરિપક્વ થઇને ફૂટે છે તથા તેમાંથી લગભગ ૧.૨૫ સેન્ટીમીટર લાંબા બચ્ચા નીકળે છે. દરેક બચ્ચા સાથે યોક(ઇંડાંની અંદરનો પીળો ભાગ)ની એક થેલી હોય છે. આ યોક(જરદી)ના સહારે બચ્ચા ૪થી ૬ અઠવાડિયા સુધી જીવતા રહે છે. ત્યારબાદ પાણીના નાના-નાના કીડા-મકોડાના લાર્વા ખાવાનું શરૂ કરી દે છે. ટ્રાઉટનાં બચ્ચાઓનો વિકાસ ભારે અસમાન ગતિથી થાય છે. નાની નદીઓમાં રહેતી ટ્રાઉટનાં બચ્ચાઓનો વિકાસ દરિયાઇ ટ્રાઉટના બચ્ચા કરતાં ધીમો હોય છે એટલે કે નાની નદીઓના ટ્રાઉટનાં બચ્ચા સૌથી ધીમી ગતિએ મોટાં થાય છે અને દરિયાઇ ટ્રાઉટનાં બચ્ચાં સૌથી ઝડપી ગતિએ વધે છે.


ટ્રાઉટ માછલીઓનાં બચ્ચાઓના ઘણાં વધારે દુશ્મનો હોય છે. તેને ઇલ માછલી, પાણીની છછૂંદર, સામાન્ય ઉંદર, જળબિલાડી તથા બગલા મોટી સંખ્યામાં આહાર બનાવે છે. મોટી ટ્રાઉટ નાની ટ્રાઉટને ખાઇ જાય છે તથા પુખ્ત ટ્રાઉટ બચ્ચાઓને ખાય જાય છે. આ રીતે જન્મ લીધા બાદ માત્ર શરૂઆતના ત્રણ-ચાર મહિનામાં જ ટ્રાઉટના ૯૪ ટકા બચ્ચા સમાપ્ત થઇ જાય છે. ત્યારબાદ જે ૬ ટકા બચ્ચા વધે છે, તેમાં પણ ૨૦ ટકા બચ્ચા મૃત્યુ પામે છે. આ રીતે બહુ જ ઓછા બચ્ચા તેના આખા જીવન સુધી જીવતા રહે છે.

ટ્રાઉટના દુશ્મન તળાવોની સરખામણીએ નદીઓમાં વધુ હોય છે. શિયાળાની ઋતુમાં તળાવો અને નદીઓનું પાણી જામી જવાથી પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ખૂબ જ ઘટી જાય છે, જેના કારણે દર વર્ષે હજારોની સંખ્યામાં ટ્રાઉટ માછલીઓ શ્વાસ રૂંધાય જવાથી મૃત્યુ પામે છે. ટ્રાઉટમાં પર્યાવરણ સાથે અનુકૂલન સાધવાની વિશેષ ક્ષમતા હોય છે. આ જ કારણ છે કે તેના આટલા બધા દુશ્મનો હોવા છતાં તેની સંખ્યામાં દિવસેને દિવસે વધારો થઇ રહ્યો છે. ટ્રાઉટ બહુ ચાલાક હોય છે. તેથી તેને પકડવી સરળ નથી. વિશ્વમાં ટ્રાઉટ પર સૌથી વધુ સંશોધન થયા છે અને પુસ્તકો પણ લખવામાં આવ્યાં છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# શ્યામ બેનેગલની ફિલ્મોમાં ‘ભારત એક ખોજ’ ચાલતી રહી હતી...



શ્યામ બેનેગલે એક જ વિષય પર ફિલ્મો બનાવી હતીઃ ભારત. એ ફિલ્મસર્જક નહોતા, ચિંતક હતા અને એમણે આધુનિક ભારતના દબાયેલા-કચડાયેલા સમાજનું ફિલ્મોના માધ્યમથી ચિંતન કર્યું હતું. એક આધ્યાત્મિક ઋષિની જેમ એમનામાં સામાજિક સત્યની ખોજ હતી. જોકે, તે ફિલ્મો ઉપદેશાત્મક બનવાને બદલે વિશ્લેષણાત્મક અને ખુલ્લા મનની હતી.

એમણે એક વાર કહ્યું હતું કે ‘જટિલ સમસ્યાઓનો કોઈ સરળ ઉકેલ નથી હોતો.. પરંતુ ભારતીય સમાજમાં પડેલી સમસ્યાઓનું અન્વેષણ કરવું જરૂરી છે, જેથી એ ખબર પડે કે તેમાં કઈ શક્તિઓ કામ કરી રહી છે અને તે કેવી રીતે એકબીજા સાથે સંકળાયેલી છે.’ શ્યામ બેનેગલના પિતા શ્રીધર બેનેગલ ગાંધીવાદી હતા, જેમણે પોતાનાં સંતાનોને ઘરે ઘરે ખાદી કાંતવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. બેનેગલના પ્રારંભિક જીવનને પ્રભાવિત કરનારી અન્ય હસ્તીઓમાં એમના પિતરાઈ ભાઈઓ ગુરુદત્ત અને સત્યજીત રેનો સમાવેશ થાય છે. એમના પરિવારમાં સુભાષચંદ્ર બોઝની ફોરવર્ડ બ્લોક પાર્ટીના સભ્યો અને સંબંધીઓ પણ સામેલ હતા , જેમણે યુવા બેનેગલને સિનેમા પ્રત્યે વધતો શોખ અને તેમની અમર્યાદ વાંચનની આદતને પ્રોત્સાહન આપ્યું હતું એટલે એવું કહેવાય કે ભારતીય સમાજની ચેતના વિષે એ બહુ વહેલાથી સભાન હતા.

શ્યામ બાબુએ બનાવેલી ટેલિવિઝન સિરિયલ ‘ભારત એક ખોજ’ ભલે જવાહરલાલ નેહરુએ ભારતના ૫,૦૦૦ વર્ષ જૂના ઇતિહાસ પર લખેલા પુસ્તક ‘ધ ડિસ્કવરી ઑફ ઈન્ડિયા’ પર આધારિત હતી, પણ એક રીતે એમની સિનેમા- યાત્રામાં પણ ભારતની જ ખોજ હતી. હકીકતમાં રાજીવ ગાંધીને એવો વિચાર આવ્યો હતો કે રામાયણ અને મહાભારતની જેમ ધ ડિસ્કવરી ઑફ ઈન્ડિયા પર એક શો થવો જોઈએ. પ્રશ્ન એ હતો કે તે કોણ બનાવે? એ વખતે શ્યામ બેનેગલનું નામ સામે આવ્યું હતું. શ્યામ બેનેગલ તે સમયે ‘મહાભારત’ પર સિરિયલ કરવા ઇચ્છુક હતા, પણ એ કામ બી. આર. ચોપરા પાસે હતું. એટલે એમણે રાજીવ-સરકારનો પ્રસ્તાવ સ્વીકાર્યો.

બેનેગલે આ પુસ્તક વાંચેલું હતું. બાળપણમાં એમના જન્મદિવસ પર તે એમને ભેટ મળ્યું હતું. એ પુસ્તક દ્વારા જ એમને ભારતના ઇતિહાસનો પહેલી વાર પરિચય થયો હતો. પાછળથી એ યાદ કરીને એમણે કહ્યું હતું,

‘આ ધારાવાહિક ખૂબ જ સફળ રહી હતી અને બાદમાં ચેનલ પર ઘણી વખત ફરીથી પ્રસારિત કરવામાં આવી હતી. તે સમયે તે ડીવીડી પર પણ ઉપલબ્ધ હતી... અમે દેશના ઇતિહાસ વિશે વાત કરતી વખતે દરેક હકીકતને તપાસવા અને તેને સટીક બનાવવા માગતા હતા. અમે આ શો મારફતે ઈતિહાસને ફરીથી જીવી રહ્યા હતા.’

આવું જ એવું એમની દરેક ફિલ્મ વિષે કહી શકાય. દરેક ફિલ્મમાં એ ભારતને શોધતા હતા. વિવિધ પાત્રો અને વાર્તાઓ મારફતે ભારતની સામાજિક વાસ્તવિકતાઓને સમજવા માગતા હતા. એમની ફિલ્મોમાં દેખીતી રીતે જ નેહરુવાદી ભાવનાનો પ્રભાવ સ્પષ્ટ દેખાતો હતો, જેમાં વૈશ્વિક દૃષ્ટિકોણ, માનવતાવાદ અને સમાજ સાથે ગહન બૌદ્ધિક સંવાદનો સમાવેશ થતો હતો. બેનેગલ બાબુએ સામાજિક આદર્શો-પાત્રોને પડદા પર વાસ્તવિક અને જીવંત પાત્રોમાં રૂપાંતરિત કર્યાં હતાં, જેનાથી આપણને નિર્દયી જમીનદારો, નારીવાદી મહિલાઓ અને પ્રગતિશીલ બળવાખોરો જેવાં અવિસ્મરણીય પાત્રો મળ્યાં.

એમની પહેલી જ ફિલ્મ ‘અંકુર’ (૧૯૭૪) ભારતીય ગ્રામીણ જીવનની હૃદયસ્પર્શી વાર્તા છે. આ ફિલ્મ સામાજિક અસમાનતા, જાતિવાદ અને મહિલા સશક્તિકરણ જેવા મુદ્દાઓ પર આધારિત છે. બીજી ફિલ્મ ‘નિશાંત’ પિતૃસત્તા, સામંતી વ્યવસ્થા અને ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવતી હતી. ‘અંકુર’ અને ‘નિશાંત’ બંનેને શબાના આઝમી, સાધુ મેહર અને અનંત નાગના યાદગાર અભિનય માટે યાદ કરવામાં આવે છે. સંયોગથી, તે ત્રણેય તે સમયે સિનેમામાં નવાં હતાં અને દિગ્દર્શક તરીકે શ્યામ બેનેગલની પણ આ પહેલી ફિલ્મ હતી. આ ફિલ્મોની સરખામણી ‘દો બિઘા જમીન’ (બિમલ રોય) અને ‘પાથેર પાંચાલી‘ (સત્યજીત રે) સાથે કરવામાં આવી હતી.

તે પછી આવેલી મંથન, ભૂમિકા, જુનૂન, કલયુગ, મંડી, સૂરજ કા સાતવા ઘોડા, મમ્મો અને સરદારી બેગમે સમાજના એકદમ શુષ્ક અને મુશ્કેલ વિષયોને સરળ, વિચારશીલ અને આકર્ષક રીતે રજૂ કર્યા હતા.

શ્યામ બાબુના વિષયોની વિશેષતા એ હતી કે તેમાં સત્તાનાં માળખાઓની વિકૃત પ્રકૃતિ, સામાજિક પરિવર્તનના પડકારો અને મહિલાઓ કેવી રીતે દમનનો સામનો કરે છે તેની વાતો કરવામાં આવતી હતી.

એક ઇન્ટરવ્યુમાં એમણે કહ્યું હતું કે ‘ફિલ્મ નિર્માતા બનવું એ લેખક અથવા ચિત્રકાર બનવા જેવું છે. તેમાં ચોકસાઈ અને દૃષ્ટિકોણ બંને છે. એ સ્થાનિક અને સાર્વત્રિક બંને છે. બીજો કયો વ્યવસાય તમને આવો અનુભવ આપી શકે? તમે એક એવા વૈજ્ઞાનિક જેવા છો, જે માઈક્રોસ્કોપ અને ટેલિસ્કોપ બંનેમાંથી જુએ છે.’

શ્યામ બાબુના ફિલ્મ ચિંતન વિષે જો કોઈએ સરસ રીતે વાત કરી હોય તો તે છે નિર્દેશક સુધીર મિશ્રા. એમણે શ્યામ બેનેગલને અંજલિ આપતાં કહ્યું : ‘જો શ્યામ બેનેગલે એક વાતને શ્રેષ્ઠ રીતે વ્યક્ત કરી હોય તો તે સાધારણ ચહેરા અને સામાન્ય જીવનની કવિતા હતી. શ્યામ બેનેગલ વિશે ઘણું લખવામાં આવશે, પરંતુ મારા માટે, એમની ફિલ્મોમાં એક હકીકતનું આક્રંદ અને દુ:ખ હતું કે આપણે શ્રેષ્ઠ સમયમાં નથી જીવતા.’ હિન્દી સિનેમામાં શબાના આઝમી, સ્મિતા પાટિલ, સાધુ મેહર, મોહન આગાશે, અનંત નાગ, નસીરુદ્દીન શાહ, ઓમ પુરી અને ગોવિંદ નિહલાની જેવા કલાકારો શ્યામ બાબુની ભેટ છે. એમનું જવું માત્ર એક ફિલ્મ નિર્માતાનું નિધન નથી, તે હિન્દી સિનેમામાં પરિવર્તન અને પ્રતિકારના અવાજનું શાંત થઈ જવાનું છે. તેમ છતાં, શ્યામ બાબુની ભારતની ખોજ પૂરી થઈ નહોતી કે અટકી નહોતી. એ આ ઉંમરે પણ એટલા જ ઉત્સાહી અને સક્રિય હતા. મૃત્યુના દસ દિવસ પહેલાં, ૯૦મા જન્મદિવસ પર અંગત મિત્રો સાથે એક બેઠકમાં એમણે કહ્યું હતું, ‘હું બે-ત્રણ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છું તે બધા એકબીજાથી અલગ છે. હું કઈ ફિલ્મ બનાવીશ તે કહેવું મુશ્કેલ છે, પણ તે બધી મોટા પડદા માટે છે.’


પોતાના જન્મદિવસનો ઉલ્લેખ કરતાં શ્યામબાબુએ કહ્યું હતું કે એમણે વારંવાર હૉસ્પિટલની મુલાકાત લેવી પડે છે, કારણ કે એ ડાયાલિસિસ પર રહે છે. શ્યામ બાબુ ત્યારે બોલ્યા હતા : ‘આપણે સૌ ઘરડાં થઈએ છીએ. જન્મદિવસ ખાસ દિવસ હોઈ શકે, પરંતુ હું તેને ખાસ રીતે ઊજવતો નથી. હું મારી ટીમ સાથે ઑફિસમાં કેક કાપું છું.’ ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# સરોવરનાં પાણીના સ્પર્શ સાથે મોત પથ્થર બનીને લાશ રહે સચવાયેલી!





મેડ્યુસા. હા, Medusa એક સ્ત્રી છે, એકદમ અજબગજબ અને ભયાનક. એના માથા પર વાળને સ્થાને જીવતા સાપ છે અને એ જેની સામે જુએ કે કોઈ એની સામે જુએ એ પથ્થરમાં ફેરવાઈ જાય. સદ્ભાગ્યે આ હકીકત નથી પમ ગ્રીક ધર્મગ્રંથનું એક સુંદર પાત્ર માત્ર છે.

આ મેડ્યુસાના નામ પરથી એક તળાવ છે. મેડ્યુસા લેક. આ તળાવનું મૂળ નામ છે લેક નેટ્રોન. એ પોતાની ખોફનાક ખાસિયતને લીધે ઝોમ્બી લેક તરીકે ય ઓળખાય છે. નારી અને લેક મેડ્યુસામાં મોટો ફરક એ છે કે એક કાલ્પનિક છે, ને બીજું વાસ્તવિક. મેડ્યુસા લેકની ભયાનક વાસ્તવિકતા એ છે કે એના જળને સ્પર્શનારા જીવજંતુ, પશુ, પંખી મરી જાય અને પથ્થરમાં ફેરવાઈ જાય.

કોઈ સુપબ હૉરર સ્ટૉરીના મેઈન કેરેક્ટર જેવું આ લેક નેટ્રોન છે પૂર્વ આફ્રિકન દેશ તાંઝાનિયામાં. પાડોશી દેશ કેન્યાની સરહદ નજીક આવેલ. અરુષા વિસ્તારમાં આવેલા આ તળાવની લંબાઈ ૫૦ કિલોમીટરની વધુ છે. તો પહોળાઈ ૨૪ કિલોમીટર છે. આ તળાવની આસપાસ પક્ષીઓની ઘણી પ્રતિમા-મૂર્તિ જોવા મળે છે. હકીકતમાં આ કોઈ શિલ્પકારે બનાવેલી મૂર્તિઓ નથી પણ તળાવનાં પાણીને પ્રતાપે મરીને પથ્થરમાં ફેરવાઈ ગયેલા પંખીઓના શબ છે. બિચારા ક્યારેક તરસ છિપાવવા આવ્યા અને મરીને પથ્થરમાં પરિવર્તિત થઈ ગયા.

એકદમ લાલ પાણીને લીધે અત્યંત મોહક અને નયનરમ્ય લાગતા નેટ્રોન લેકની સચ્ચાઈ લાંબો સમય સુધી બહાર નહોતી આવી. ૨૦૧૩માં નિક બ્રાંટ નામનો વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર આ તળાવ નજીક પહોંચ્યો તો સ્તબ્ધ થઈ ગયો. લાલ રંગના તળાવ વચ્ચે પ્રાણીઓ અને પંખીઓની લાશ થીજી ગઈ હતી. જાણે લોહીની નદીની વચ્ચે ઝોમ્બી પડ્યા હોય. તેણે આ તળાવની અનેક તસવીરો લીધી જે જોઈને દુનિયા અચરજમાં ડૂબી ગઈ. નિક ગ્રાંટને લીધે નૈટ્રોન લેક તરફ ખૂબ મોડેમોડે ય દુનિયાનું ધ્યાન ગયું એમ કદી શકાય.

રસપ્રદ બાબત એ છે કે સેંકડો-હજારો પશુ-પંખી નેટ્રોન લેક માટે ઓચિંતો આયખાનો અંતિમ મુકામ બની જાય છે. પરંતુ એક પ્રજાતિના પંખી અહીં દર વરસે આવે છે, રહે છે, પ્રજનન કરે છે અને જીવતા પણ જાય છે. આગલા વરસે ફરી આવવા માટે. હા, ફ્લેમિંગો લાખોની સંખ્યામાં નેટ્રોન લેક આવે છે. દેખાવમાં સુંદર લાગતા આ પક્ષી તળાવનું પાણી પીવે છે ને એને ટેસડાથી પચાવી પણ જાય છે. આ તળાવના લાલ-ગુલાબી પાણીમાં લાંબો સમય રહેવા અને એ પીવાને લીધે એમનો રંગ પણ ગુલાબી થઈ જાય છે. ઇશ્વરે આ પંખીઓને કોઈ અલગ જ તાકાત આપી છે કે નેટ્રોન લેકનું ઝેરીલું મનાતું પાણી તેઓ સરળતાથી પચાવી જાય છે એ પરિવાર પણ વિકસાવે છે!

સૌને એક જ સવાલ થાય કે આ તળાવમાં એવું તે જીવલેણ તત્ત્વ શું છે? શું એ શાપિત છે? ભૂતિયું છે? શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે તર્ક ભર્યા કારણો ઉપલબ્ધ છે. એ માટે રસાયણશાસ્ત્રની થોડી પ્રાથમિક બાબતો સમજવી પડશે. રસાયણશાસ્ત્રમાં એક વૈજ્ઞાનિક ટર્મ છે pH. આ pHમાં શૂન્યથી લઈને ચૌદ સુધીના સ્તર હોય છે. એનાથી પાણીની ગુણવત્તાનો અંદાજ આવી જાય.

રોજબરોજના જીવનમાં પીવાના પાણીમાં pHનું પ્રમાણ યોગ્ય હોવું જરૂરી છે. પાણીમાં pHની માત્રા કેટલી હોય અને એનાથી શું થાય એ સમજીએ. આપણા પાણીમાં pHનું પ્રમાણ સાત હોય તો એ પીવાલાયક ગણાય. એનાથી ઓછું કે વધુ પ્રમાણ નુકસાનકારક બની જાય.

પાણીની ગુણવત્તાની અસર અને pHનું પ્રમાણ ઉદાહરણ સાથે જોઈએ. જો pH માપીએ અને પરિણામ શૂન્યથી ચાર આવે તો? શૂન્ય એટલે બેટરી એસિડ, એક એટલે સલ્ફરીક એસિડ, બે એટલે વીનેગાર-લીંબુનો રસ, ત્રણ એટલે સોડા કે મોસંબીનો રસ અને ચાર એટલે એસિડ વરસાદ કે એસિડનું તળાવ. pH પાંચ બતાવે તો કેળા અને ૫.૬ એટલે વરસાદનું શુદ્ધ પાણી. ૬થી વધુ એટલે દૂધ અને આરોગ્યપ્રદ તળાવ. સાત એટલે શુદ્ધ-પીવાલાયક પાણી.

pH આઠ આવે તો દરિયાનું પાણી કે ઇંડા, નવ એટલે ખાવાનો સોડા, દશ એટલે મિલ્ક ઓફ મેગ્નેશિયા (અથવા મેગ્નેશિયમ હાઇડ્રોકસાઈડ કે મેગ્નેશિયમ ડિહાઈડ્રોક્સાડ, ૧૧ એટલે એમોનિયા, બાર એટલે સોપી વોટર (સાબુનું પાણી), તેર એટલે બ્લીચ અને pH એટલે ગટર સાફ કરવાનું પ્રવાહી.

pH પુરાણમાંથી હવે નેટ્રોન લેક પર પાછા ફરીએ. અહીંના પાણીમાં અન્ય તળાવોની સરખામણીમાં આલ્કલાઈનનું પ્રમાણ ઘણું વધુ છે. એનું pH લેવલ ૧૦.૫ જેટલું મપાયું છે. પણ આટલું બધું શા કારણે? એનું કારણ છે નજીકમાં આવેલો એક જ્વાળામુખી. ઓલ દોઇન્યો લેંગાઈ (Ol Doinyo Lengai) એનું નામ. મસાઈ ભાષાના આ શબ્દ સમૂહનો અર્થ છે પર્વતોનો દેવતા.

ઓલ દોઇન્યો લેંગાઈ વિશ્વનો એકમાત્ર જ્વાળામુખી છે કે જેવા લાવારસમાં નાઈટ્રોકાર્બોનાઈટ્સ છે. આ વિશિષ્ટ પ્રકારના લાવારસમાં કેલ્શિયમ કાર્બોનેટ, સોડિયમ અને પોટેશિયમનું પ્રમાણ અત્યંત વધારે છે. આમાં સિલિકાનું પ્રમાણ ખૂબ ઓછું હોવાથી લાવા ઝડપભેર વહી જાય છે. એનું ઉષ્ણતામ અન્ય લાવાની સરખામણીએ ખૂબ ઓછું હોય છે. એટલે એ ખૂબ જલ્દી ઠરીને જામી જાય છે. આ આસપાસના રસાયણની નજીકના તળાવના પાણી પર અસર પડ્યા વગર ન રહે.

નેટ્રોન લેક જ્વાળામુખીના પહાડ પરથી સોડિયમ કાર્બોનેટ સહિતના બાકીના નાઈટ્રોકાર્બોનેટ ખનિજ અપનાવી લે છે. આને લીધે તળાવનું પાણી એકદમ ખારું અને આલ્કલાઈન પણ બની જાય. આને લીધે તળાવમાં પડનારા કે એનું પાણી પીનારા પશુ-પંખી લાંબો સમય જીવી શકતા નથી. વળી, પાણીમાંના રસાયણોને લીધે મૃત શરીરના સડવા કે કોહવાવાની પ્રક્રિયા ખૂબ જ મંદ હોય છે. આ જ કારણસર એમના શબ લાંબો સમય તળાવમાં પડ્યા રહે છે.

મોટાભાગના અચરજ કે ચમત્કાર પાછળ વિજ્ઞાન હોય જ, જો આપણે સમજવા માગીએ તો. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

## ૨૦૨૪માં આઈપીઓઃ

# વિશ્વસ્તરે આપણું સ્થાન મહત્ત્વનું બની રહ્યું છે!




વીતેલું વરસ ૨૦૨૪માં ભારતીય સેકન્ડરી માર્કેટ અને પ્રાઈમરી માર્કેટ (આઈપીઓ બજાર) એકંદરે બુલિશ રહ્યાં. રોકાણકારોનો ઉત્સાહ અને વિશ્વાસ મહત્ત્વના પાયા બની રહ્યા. વર્ષ ૨૦૨૪નું છેલ્લું કવાર્ટર (ત્રિમાસિક)ને બાદ કરતાં મહદ્ અંશે તેજીમય રહ્યું હતું.

સેકન્ડરી માર્કેટની સાથે-સાથે પ્રાઈમરી માર્કેટ-આઈપીઓ માર્કેટ પણ બુલિશ રહી હતી. અહીં ઉલ્લેખનીય વાત એ છે કે આઈપીઓના વોલ્યુમની દૃષ્ટિએ ભારત વિશ્વમાં પહેલી વાર ટોચ પર રહ્યું છે. EY (અર્નેસ્ટ એન્ડ યંગ) ગ્લોબલ આઈપીઓ ટ્રેન્ડ્સ ૨૦૨૪ દ્વારા તાજતેરમાં બહાર પાડવામાં આવેલા અહેવાલ અનુસાર ભારતમાં (મેનલાઈન અને એસએમઈ બંનેમાં) ૩૩૭ પબ્લિક ઈસ્યૂ બહાર પડ્યા છે. આમ આ ક્ષેત્રમાં ભારતે અમેરિકાને પાછળ રાખી દીધું છે, જ્યાં ૧૮૩ ઈસ્યૂ બહાર પડ્યા છે. જ્યારે યુરોપ કરતાં ભારતમાં અઢી ગણા વધારે ઈસ્યૂ લિસ્ટ થયા છે.

આ સફળતાનાં કારણ જાણવા-સમજવા જેવાં છે, કારણ કે આ વાત ભારતીય અર્થતંત્ર-મૂડીબજારના વિકાસની સાક્ષી પૂરે છે. વૈશ્વિક સ્તરે આર્થિક અને ભૌગોલિક રાજકીય ગતિશીલતામાં આવેલા પરિવર્તનનો લાભ ભારતને મળ્યો છે. વર્ષ ૨૦૨૪માં ભારતમાં આઈપીઓનું વોલ્યુમ ૧૯.૯ અબજ ડૉલર રહ્યું છે, જે છેલ્લાં બે દાયકામાં સૌથી ઊંચું પ્રમાણ છે. આમ ભારતીય માર્કેટ વિશ્વમાં મહત્ત્વનું સ્થાન બનાવતું જાય છે.

અમેરિકાએ આઈપીઓમાંથી સર્જાયેલા ભંડોળના આધારે ૨૦૨૪માં વિશ્વ સ્તરે મોખરાનું સ્થાન ૨૦૨૧ બાદ ફરી પ્રાપ્ત કર્યું છે. ૧૦૧ ડિલ્સ સાથે આવા વ્યવહારોમાં ૮૯ ટકા હિસ્સા સાથે અમેરિકાનું સ્થાન આંતરરાષ્ટ્રીય આઈપીઓ લિસ્ટિંગ્સ માટે સૌથી વધુ પસંદગીના દેશ તરીકે પણ અગ્રસ્થાને જળવાઈ રહ્યું છે.. જ્યારે ચીનમાં છેલ્લા એક દાયકામાં આ વખતે લિસ્ટિંગની પ્રવૃત્તિઓ સૌથી ઓછી જોવા મળી છે. આનું કારણ એની સામે વધારે કડક બનાવવામાં આવેલા નિયમન છે. જોકે, હોંગકોંગે આ મામલે જુદી-નોખી સફળતા હાંસલ કરી છે. તેણે છેલ્લાં અમુક વર્ષોની સરખામણીમાં ૨૦૨૪માં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે વધારે આઈપીઓ લોન્ચ કર્યા છે. આઈપીઓ પ્રવૃત્તિમાં મલેશિયાએ પણ ૧૯ વર્ષમાં નવી વિક્રમસર્જક ઊંચાઈ પ્રાપ્ત કરી છે, જેને લીધે મલેશિયા વિદેશી ઈન્વેસ્ટરો માટે આકર્ષક દેશ બન્યો.

### ક્યા સેક્ટરમાં વધુ આકર્ષણ...

૨૦૨૪માં ભારતમાં આઈપીઓ માટે ફૂલગુલાબી ચિત્ર નિર્માણ થયું તેમાં ખાનગી ઈક્વિટી કંપનીઓ અને વેન્ચર કેપિટલ કંપનીઓની ભૂમિકા મહત્ત્વની રહી. વિશ્વસ્તરે આઈપીઓના માધ્યમથી થયેલી કુલ આવકમાં પીઈ (પ્રાઈવેટ ઈક્વિટી) અને વીસી (વેન્ચર કેપિટલિસ્ટ) સમર્થનવાળી પોર્ટફોલિયો કંપનીઓના પબ્લિક લિસ્ટિંગનો હિસ્સો ૪૬ ટકા રહ્યો. ગ્લોબલ આઈપીઓમાં, TMT (ટેક્નોલૉજી, મીડિયા અને ટેલિકમ્યુનિકેશન્સ), ઔદ્યોગિક તથા કન્ઝ્યુમર ક્ષેત્રોનું વર્ચસ્વ રહ્યું. તમામ ક્ષેત્રમાં આઈપીઓ સંખ્યા તથા આવકની દૃષ્ટિએ આ ત્રણનો સહિયારો હિસ્સો ૬૦ ટકા જેટલો રહ્યો છે. નવા વર્ષ ૨૦૨૫ની વાત કરીએ તો, ટીએમટી કંપનીઓ વિશ્વસ્તરે એમનું વર્ચસ્વ જાળવી રાખશે એવી ધારણા પણ અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે. તે પછીના ક્રમે ઈન્ડસ્ટ્રિયલ, હેલ્થ અને લાઈફ સાયન્સીસ ક્ષેત્રો રહેશે.

### ૨૦૨૫માં પણ આઈપીઓની કતાર લાગી શકે, પરંતુ ધ્યાન રહે

આઈપીઓની એક નવી કતાર ૨૦૨૫માં પણ લાગવાની ધારણા છે, જેનો મોટો આધાર શેરબજારની ચાલ-ટ્રેન્ડ પર પણ રહેશે. તેજી વધુ ચાલશે તો આઈપીઓ પણ વધુ આવશે, જેમાં બની શકે કે કેટલાક નબળા ઈસ્યૂ પણ લાભ ઉઠાવવા આવે, જેથી રોકાણકારોએ સાવચેત રહેવું જોઈશે. અમુક સ્ટાર્ટઅપ્સ કંપનીઓ પણ આવશે, જેનાં ફંડામેન્ટલ્સ જોવા-જાણવા વધુ આવશ્યક રહેશે. રોકાણકારોએ ખાસ યાદ એ રાખવાનું છે કે આઈપીઓની તેજીમાં ભાન ભૂલી તણાઈ જવાની ભૂલ ન કરે, તેમાં માત્ર લિસ્ટિંગ ગેઈનના આશયથી જ રોકાણ ન કરે, બલકે લાંબા ગાળાનું રોકાણ વિચારે. આ માટે કંપનીના પ્રમોટર્સ-સ્થાપકો-મૅનેજમેન્ટનો ટ્રેક રેકોર્ડ જાણવા-સમજવા જરૂરી બને છે.

આઈપીઓ લાવતી કંપનીઓનો અભ્યાસ કરી અથવા તેના વિશે યોગ્ય સલાહ મેળવીને આગળ વધે, જેથી રોકાણકાર ભાવિ માટે સંપત્તિસર્જનમાં સફળ થઈ શકે અને હા, નવા વરસની દરેકને શુભેચ્છા...

### છલકાવાના પણ વિક્રમ બન્યા...

વરસ ૨૦૨૪ના આઈપીઓની કેટલીક ઝલક જોઈએ તો આ વરસમાં આઈપીઓ મારફત અંદાજિત ૧.૧૯ લાખ કરોડ ઊભા કરાયા છે. આ રકમ વિશ્વમાં બીજા ક્રમે ઊંચી રહી છે. દરમિયાન આ વરસે આઈપીઓમાં ફોરેન ઈન્વેસ્ટર્સનું ભંડોળ પણ નોંધપાત્ર આવ્યું. સેકન્ડરી માર્કેટમાં છેલ્લાં ક્વાર્ટરમાં સતત વેચવાલી કરનાર ફોરેન ઈન્વેસ્ટર્સે આઈપીઓમાં આ વરસે રૂા. ૮૭ હજાર કરોડથી વધુ રોકાણ કર્યું છે. જોકે, પ્રાઈમરી માર્કેટમાં આ વખતે સ્થાનિક રિટેલ અને સંસ્થાકીય રોકાણકારો પણ ભરપૂર સક્રિય રહયા છે. આ વખતે આઈપીઓએ છલકાવામાં પણ વિક્રમ કર્યા છે.


૨૦૨૪ના સૌથી વિશાળ આઈપીઓમાં હ્યુન્ડાઈ મોટર, સ્વિગી, બજાજ હાઉસિંગ, ઓલા ઈલેક્ટ્રિક, એફકોન ઈન્ફ્રા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઈસ્યૂઓની સંખ્યાની દૃષ્ટિએ પણ ૨૦૨૪માં ૭૧ આઈપીઓ મૂડીબજારમાં પ્રવેશ્યા હતા, જે ૨૦૨૩માં ૫૭ ઈસ્યૂ આવ્યા હતા, ૨૦૨૨માં ૪૦ આઈપીઓ અને ૨૦૨૧માં ૬૩ આઈપીઓ આવ્યા હતા. વળી એસએમઈ આઈપીઓએ પણ આ વરસે નવાં સિમાચિહ્નો દર્શાવ્યાં હતાં. (આપણે તેની કેટલીક ચર્ચા ગયા વખતે કરી હતી).

આઈપીઓની માર્કેટ તેજ રહેવાને કારણે તેની પ્રિમીયમ-બિનસત્તાવર બજારમાં પણ ધમાલ ચાલતી રહી હતી, જેના પ્લસ-માઈનસ અલગ ચર્ચા માગી લે છે. એક કરુણતા એ વાતની ગણતરીમાં લેવી પડે, જે એ છે કે બહુ મોટો વર્ગ નવા શેરના લિસ્ટિંગ સાથે જ વેચાણ કરીને બહાર નીકળી જતો હતો અર્થાત્, ચોક્કસ રોકાણકાર વર્ગ માત્ર શોર્ટટર્મના ઉદ્દેશ સાથે જ બજારમાં આવ્યો હતો. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# 'પોસ્ટઑફિસ'-'મળેલું'-'ધૂમકેતુ'




એક તસવીર એક હજાર શબ્દોની ગરજ સારે છે એમ કવિતાની એક પંક્તિ એક લાંબા નિબંધ કરતાં વધુ પ્રભાવી સાબિત થઈ શકે છે. ગુજરાતી સાહિત્યના કાવ્ય લોકની સમૃદ્ધિ જાણીતી છે. અનેક કવિઓએ તેમની રચનાથી જનમાનસના દિલ-દિમાગને ઝંકૃત કર્યાં છે. કાવ્ય પ્રકાર સાથે કવિનાં નામ જોડાઈ જતાં. 'સોનેટ' (૧૪ લીટીનો કાવ્યપ્રકાર)નો ઉલ્લેખ થાય એટલે તરત જ બ. ક. ઠાકોર (એમનું આખું નામ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર બહુ ઓછા લોકો જાણતા હશે) નામ યાદ આવે. એવી જ રીતે જાપાનીઝ કાવ્ય પ્રકાર 'હાઇકુ' (ત્રણ પંક્તિનો સત્તર અક્ષરી પ્રકાર જેમાં પહેલી લાઈનમાં પાંચ, બીજીમાં સાત અને ત્રીજીમાં પાંચ અક્ષરનું બંધારણ હોય છે)નું નામ પડતાં કયું નામ યાદ આવે? એક સમયે હાઈકુ માટે ગજબનું આકર્ષણ હતું. ગુજરાતીમાં 'હાઈકુ' પ્રકાર લોકપ્રિય કરવાનો શ્રેય 'સ્નેહરશ્મિ'ને જાય છે. આ તખલ્લુસ કવિની એવી ઓળખ બની ગયું કે જો તમે એમ કહો કે 'ઝીણાભાઈ રતનજી દેસાઈએ ગુજરાતીમાં હાઈકુ લખવાની શરૂઆત કરી' તો કેટલાક લોકો 'આ ભાઈ એટલુંય નથી જાણતા કે 'સ્નેહરશ્મિ'એ પ્રારંભ કર્યો?' એવો સવાલ કદાચ જાહેરમાં ન બોલે તો મનમાં તો જરૂર બોલી ઊઠતા હશે. તખલ્લુસનો આ પ્રભાવ રહ્યો છે.

એવું જ બીજું એક ખૂબ જાણીતું તખલ્લુસ છે 'ધૂમકેતુ'. શાળા અભ્યાસ દરમિયાન અનેક લોકોને 'પોસ્ટ-ઑફિસ' તેમ જ 'ભૈયાદાદા' વાર્તા ભણાવવામાં આવી હશે. આ વાર્તાના લેખક 'ધૂમકેતુ' હોવાની જાણ પણ તમને હશે. ઐતિહાસિક પાર્શ્વભૂમિ ધરાવતી નવલકથા વાંચવાનો શોખ હશે તો 'ચૌલાદેવી'થી પણ વાકેફ હશો, પણ જો કોઈ તમને એમ કહે કે આ વિશિષ્ટ સર્જન તો ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનું છે તો 'એ વળી કોણ?' એવો વિચાર આવી જવાની સંભાવના બળવત્તર ખરી. રસપ્રદ વાત એ છે કે 'પોસ્ટ-ઑફિસ' વાર્તા પ્રગટ (૧૯૨૩) થઈ ત્યારે લેખક તરીકે નામ ગૌરીશંકર જોશી પણ નહોતું કે ધૂમકેતુ પણ નહોતું. 'પોસ્ટ-ઑફિસ' વાર્તા 'મળેલું' ઉપનામ સાથે પ્રસિદ્ધ થઈ હતી.' ૧૯૨૨માં તેમની એક વાર્તા 'પાગલ' તખલ્લુસથી પ્રગટ થયેલી. સિદ્ધરાજ જયસિંહ વિશેના લેખમાં 'ધૂમકેતુ' નામ રાખ્યું અને પછી એ તખલ્લુસ સમગ્ર ગુજરાતમાં ગાજ્યું. 'પોસ્ટ-ઑફિસ' નવલિકા ટૂંકી વાર્તા ફક્ત ગુજરાત રાજ્યના સીમાડા ઓળંગી દેશનાં બીજાં રાજ્યોના અભ્યાસક્રમમાં પણ સામેલ થઈ છે. વિદેશનાં પાઠ્યપુસ્તકોમાં પણ સ્થાન મળ્યું છે. 'ધ લેટર' નામે અંગ્રેજીમાં ભાષાંતર થયું છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના વાર્તાસંગ્રહમાં 'પોસ્ટ-ઑફિસ' વાર્તા 'ધ લેટર' નામથી પ્રકાશિત થઈ હતી. અમેરિકામાં વિશ્વની ૪૦ શ્રેષ્ઠ વાર્તાઓમાં પણ 'પોસ્ટ-ઑફિસ' વાર્તાને સ્થાન મળ્યું છે.

## સગ્ગી બહિણ — ટોપણનાવ

મરાઠી ભાષાના સર્જકોના ટોપણનાવ (તખલ્લુસ) પાછળની કથા જાણવા જેવી હોય છે. ૨૦૧૨માં સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મેળવનારા કવિ માણિક સીતારામ ગોડઘાટેના કાવ્યો 'ગ્રેસ' ટોપણ નામ સાથે પ્રસિદ્ધ થયા હતા. 'ગ્રેસ' તખલ્લુસ કેમ? इ.स. १९५८ **पासून माणिक गोडघाटे यांनी काव्यलेखनास प्रारंभ केला. ईन्ग्रिड बर्गमन या पाश्चात्य अभिनेत्रीच्या अभिनयाने प्रभावित होऊन गोडघाट्यांनी 'ग्रेस' हे साहित्यिक नाव धारण केले.** વાત એમ છે કે ૨૧ વર્ષની ઉંમરે ૧૯૫૮માં માણિક ગોડઘાટેએ કવિતા લખવાની શરૂઆત કરી હતી. કવિશ્રીને અંગ્રેજી ફિલ્મો જોવાનો શોખ હતો. ૧૯૫૮માં તેમણે ઓસ્કર એવોર્ડ વિજેતા અભિનેત્રી ઈન્ગ્રીડ બર્ગમેનની 'ધી ઈન ઓફ ધ સિક્સ્થ હેપિનેસ' જોઈ હતી. આ ફિલ્મમાં ઈન્ગ્રીડ બર્ગમેનનો ઉલ્લેખ 'શી ઈઝ ઈન ગ્રેસ' તરીકે થાય છે. ફિલ્મમાં અભિનેત્રીની અદાકારીથી - એના પરફોર્મન્સથી માણિક ગોડઘાટે એ હદે પ્રભાવિત થયા કે થિયેટરની બહાર નીકળ્યા એ જ ક્ષણે તેમણે 'ગ્રેસ' તખલ્લુસ અપનાવી લેવાનું નક્કી કર્યું. ઈન્ગ્રીડ બર્ગમેનની ફિલ્મ જોયા પછી પોતાને નવી દૃષ્ટિ મળી એવું કવિશ્રીએ મહેસૂસ કર્યું. અભિનેત્રીનો ઋણ સ્વીકાર કરવા 'ગ્રેસ' નામથી કાવ્યસર્જન કરવાનું શરૂ કર્યું. એક ઈન્ટરવ્યૂમાં ખુદ કવિશ્રીએ આ ખુલાસો કર્યો હતો. કવિએ ઘણાં કાવ્યો લખ્યાં અને પ્રકાશિત કાવ્યસંગ્રહમાં હાથે લખેલી કેટલીક કાવ્યપંક્તિ રજૂ કરવાની પરંપરા શરૂ કરી અને કાયમ નિભાવી.

## ENગ્લિશ વિંGLISH — PSEUDONYMS




તમને વિશ્વ સાહિત્યમાં રુચિ હશે અને અમેરિકન સર્જકોની વિવિધ રચનાઓથી અવગત હશો તો તમે માર્ક ટ્વેઈનના લખાણથી જરૂર પરિચિત હશો. એમનાં કેટલાંક પુસ્તકો વાંચ્યાં હોવાની સંભાવના પણ ન નકારી શકાય. The Adventures of Tom Sawyer and Adventures of Huckleberry Finn are his world famous adventure stories. The continuing popularity of Tom Sawyer is such that it sold well from its first publication, in 1876, and has never gone out of print. 'ધ એડવેન્ચર ઑફ ટોમ સોયર' અને 'એડવેન્ચર ઑફ હકલબરી ફીન' તેમની વિશ્વવિખ્યાત સાહસ કથાઓ છે. એમાંય 'ટોમ સોયર' તો પહેલી વાર ૧૮૭૬માં પ્રકાશિત થઈ ત્યારથી હજી સુધી એનું વેચાણ થતું રહ્યું છે.

જોકે, તમને જાણીને નવાઈ લાગશે કે 'માર્ક ટ્વેઇન' તેમનું અસલી નામ નથી, પેનનેમ છે, તખલ્લુસ છે. His real name is Samuel Langhorne Clemens. એમનું અસલી નામ છે સેમ્યુઅલ લેંગહોર્ન ક્લેમેન્સ. મિસ્ટર સેમ્યુઅલ કેવી રીતે 'માર્ક ટ્વેઇન' બની ગયા એનો ઉલ્લેખ તેમના 'લાઈફ ઑફ મિસિસિપી' નામના પુસ્તકમાં કર્યો છે. આ નવલકથામાં મિસિસિપી નદી અને રિવરબોટનો ઉલ્લેખ આવે છે. એ સંદર્ભમાં રિવર બોટનાં કૅપ્ટન લખાણમાં 'માર્ક ટ્વેઇન' તરીકે પોતાનો ઉલ્લેખ કરતા. પાત્ર માટેનું આ નામ સર્જકને પસંદ પડી ગયું અને અપનાવી લીધું. મજા તો એ વાતની છે કે એને એવી ગજબનાક લોકપ્રિયતા મળી કે અસલી નામ લોકોના ધ્યાનમાં જ ન રહ્યું.

હવે એક એવા પેનનેમની વાત કરીએ જેનું પુસ્તક વાંચવું એક સમયે પ્રતિષ્ઠા ગણાતી હતી. Ayn Rand's The Fountainhead is a bestseller. More than 10 million copies of The Fountainhead have been sold worldwide, and it has been translated into more than 30 languages. આઈન રેન્ડની નવલકથા 'ધ ફાઉન્ટન્હેડ' ચપોચપ વેચાતું પુસ્તક તરીકે નામના ધરાવે છે. વિશ્વભરમાં આ પુસ્તકની એક કરોડથી વધુ નકલનું વેચાણ થયું છે. ૩૦થી વધુ ભાષાઓમાં એનો અનુવાદ થયો છે. જોકે, આઈન રેન્ડ પેનનેમ છે, તખલ્લુસ છે. લેખિકાનું અસલી નામ છે Alice O'Connor - Alisa Zinov'yevna Rosenbaum. લેખિકાનો જન્મ ૧૯૦૫માં રશિયામાં થયો હતો અને ત્યાં એનું નામ એલિસા રોસેનબોમ હતું અને ૧૯૩૧માં તે અમેરિકન નાગરિક બન્યા પછી એલાઇસ ઓકોનર તરીકે ઓળખાવા લાગી હતી. જોકે, પુસ્તકપ્રેમીઓ માટે તો એ વર્ષો સુધી આઈન રેન્ડ જ રહી.

## રાષ્ટ્ર ભાષા — छद्मनाम

હિન્દી સાહિત્ય જગતમાં ઘણા સર્જકોએ અલગ અલગ કારણોસર તેમની કૃતિઓ છદ્મનામે રજૂ કરી છે. છદ્મનામ કે ઉપનામ મોટે ભાગે નાનાં, સરળ, સાંભળવામાં મધુર લાગે એવાં તેમ જ આકર્ષક રહેતાં. **वीरतापूर्ण भावों से ओत-प्रेत रचनाओं के रचयिता वैसे ही 'त्रिशूल' आदि नाम भी अपनाते हैं और हास्यपूर्ण रचनाओं के रचयिता हास्यपूर्ण उपनाम जैसे - चोंच, बेढबा** વીરરસની કવિતા લખનારા 'ત્રિશૂળ' જેવું છદ્મનામ અપનાવતા તો હાસ્યપ્રધાન રચના કરનારા 'ચાંચ' કે 'બેડોળ' જેવાં ઉપનામ પણ અપનાવી લેતા. હિન્દી ભાષાના બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જક સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન (કવિ, નિબંધકાર અને નવલકથાકાર)નું ઘણું સર્જન 'અજ્ઞેય' છદ્મનામ સાથે પ્રકાશિત થયું છે. વાત એમ છે કે બ્રિટિશ રાજમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે તેમને કારાવાસ થયો હતો. જેલમાંથી સચ્ચિદાનંદજીએ 'સાઢે સાત કહાનિયાં' નામની રાજકીય વાર્તાઓ પ્રકાશન માટે મોકલી. **चूँकि कारावास से भेजी गई इन कहानियों के लेखक का नाम उजागर करना उपयुक्त नहीं था, निर्णय लिया गया कि लेखक की नाम की जगह 'अज्ञेय' (अर्थात अज्ञात) नाम का उपयोग किया जाए** જેલમાંથી મોકલવામાં આવેલી વાર્તાઓના લેખકનું નામ જાહેર કરવું અયોગ્ય લાગતાં લેખકના સાચા - મૂળ નામની જગ્યાએ 'અજ્ઞેય' (મતલબ અજ્ઞાત) નામનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. કેટલાંક વર્ષો પછી તેમણે જણાવ્યું હતું કે તેમને આ છદ્મનામ પસંદ નહોતું, પણ સંજોગોને આધીન રહી સ્વીકારી લીધું હતું. તેમની કવિતા અને વાર્તા 'અજ્ઞેય' નામ સાથે પ્રકાશિત થતાં હતાં, જ્યારે લેખ, સમીક્ષા જેવા પ્રકાશનમાં તેમણે મૂળ નામ સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન વાપર્યું હતું. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છની સ્વાદિષ્ટ દાબેલી


દાબેલીના જનકઃ મોહનભા

ટંકના ભોજનની ગરજ સારતી દાબેલીની કચ્છ જ નહીં પરંતુ કચ્છ બહાર પણ કચ્છીઓએ જ્યાં પોતાનું અલગ કચ્છ ઊભું કર્યું છે ત્યાં પણ બોલબાલા છે. આ દાબેલીનો સ્વાદ લાવવા ભલભલા હાથ અજમાવે પરંતુ જો એ કચ્છી ન હોય તો તે દાબેલીનો સ્વાદ ઉપજાવી નથી શકતા, કારણકે એક કચ્છી જ જાણે છે 'ડબલરોટી' (દાબેલી)નો અસલ સ્વાદ. પાંઉ (બ્રેડ)ને વચ્ચેથી કાપીને તેમાં ચટણી, મસાલાવાળા બટાટાનું શાક, મસાલાવાળા સીંગદાણા ભરો એટલે બની ગઈ દાબેલી. આમ, બનાવવામાં સાદી સરળ છતાંય પણ સ્વાદપારખું પહેલા જ કોળિયે પારખી જાય કે આ અસલ કે નકલ! બે રૂપિયામાં મળતી દાબેલી હવે ૨૦ થી ૬૦ રૂપિયામાં અવનવી વેરાયટી સાથે મળવા લાગી છે. કચ્છના અમુક દાબેલીવાળા તો એટલા પ્રખ્યાત છે કે લારી લાગે એથી પહેલાં દસેકની તો લાઈન લાગેલી હોય અને વળી વેપારીઓ પણ અમુક તો ૨ થી ૫ કલાક દાબેલી પીરસે એટલામાં તો એમની આખા દિવસની કમાણી થઇ જાય અને માલ પણ ખતમ. માત્ર દાબેલીના આ લારી વેપારમાં ગાડી -બંગલા બનાવી લીધાના અનેક ઉદાહરણો અહીં જોવા મળે છે. અને અમુકે તો એવા તૈયાર સૂકાં મસાલા બનાવ્યાં છે જે બટાકાના શાકમાં નાખીને પાંઉ પર લગાવીને કોઈ પણ ઘરે દાબેલી બનાવી શકે છે પરંતુ લારી પરની દાબેલીની લિજ્જત માણવાની મજા જ કંઈક ઔર છે!

માયાળુ માંડવીના મોહનભા બાવાજીનું નામ લેવાય એટલે તરત કચ્છીના મોઢે સૂર રેલાય કે આ તો દાબેલીના જનક. શરૂઆતમાં મોહનભા માંડવીમાં જી. ટી. હાઈસ્કૂલ પાસે થાળીમાં મસાલાવાળા બટાટા વેંચતા. સમયાંતરે આ બટાટા બ્રેડની અંદર દાખલ થયાં અને નવું સ્વરૂપ આવ્યું 'દાબેલી' તરીકેનું. જ્યારે એક નિરાશ્રિત હિન્દુ સિંધીએ માંડવીમાં બેકરી કરી હતી એમણે મોહનભાને બ્રેડથી અવગત કરાવ્યા અને મસાલો ભરીને મોહનભા દ્વારા નાસ્તા તરીકે લોકો સમક્ષ


દાબેલી

જ અજમાયસ થઇ તે આજે ધૂમ મચાવે છે. ભુજમાં માંડવી ડબલરોટીવાળા તુલસીદાસ, પહેલાં માંડવીમાં પસ્તીનો ધંધો કરતા હતા. પછી ભુજ ગયા અને દાબેલીમાં જામી ગયા. તેના ભાઈ વિઠ્ઠલદાસે મુંબઈમાં સૌપ્રથમ મુલુન્ડમાં દાબેલીની ગાડી કાઢી. પછી ઘાટકોપરમાં શીરવાના નાનજીએ અને વડગાડીમાં મહેશે શરૂ કરેલી. ભાજીરોટી, મસાલા પાંઉ, ડબલ રોટી અને ફરાળી દાબેલી જેવા વિવિધ નામો અને સ્વાદ સાથે દાબેલીએ એક સ્વતંત્ર ઓળખ નાસ્તા બજારમાં ઊભી કરી દીધી છે. આ દાબેલીની પ્રસિદ્ધિ એટલી છે કે એકવાર માંડવીના સુરેશભાઈ મહેતા ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગાભા રોટીવાળાને ગાંધીનગર બોલાવી આ દાબેલીનો સ્વાદ ત્યાંના અનેક ધારાસભ્યોને ચખાડેલો. (સાભારઃ નારાયણ શનિશ્વરા)


ભાવાનુવાદઃ હિકડો઼ ટકજે જિમણજો ગરજ સારંધી ડબલરોટી કચ્છ જ ન પ કચ્છ બારા પ જિત કચ્છી પિંઢજો આઉગો કચ્છ ઊભો ક્યો આય ઉત બોલબાલા આય. હી ડબલરોટીજો સવાડ ગ઼િનેલા ભલે કો પ હથ અજમાઇયે પ અગર ઇ કચ્છી ન વે ત ડબલરોટીનો સવાડ ઉપજાય નતો સગ઼ે, કુલા ક હિકડો઼ કચ્છી જ જાણેતો 'ડબલરોટી'જો અસલ સવાડ. પાંઉ (બ્રેડ)કે વિચ મિંજાનુ કપીને તેમેં ચટણી, મસાલેવારા ભાટાસેજો સાગ, મસાલેવારા સીંગા ભરીયું ઇતરે ભની વિઈ ડબલરોટી. હીં ભનાયમેં સાવ સરડ઼ ત પ સ્વાડપારખું પેલે જ ગટેમેં પારખી વિઞે ક ઇ અસલ સવાડ આય ક નકલ! બ રૂપિયેમેં જુડંધી ડબલરોટી હાણે ૨૦ સે ૬૦ રૂપિયેમેં નિડારી નિડારી વેરાયટીમેં મિલેતી. કચ્છજા અમુક ડબલરોટીવારા ત ઇતરા પ્રિખ્યાત ઐં ક લારી લગે હુન પેલા ત ડોયારોકજી લાઈન લગી વિઇ વે વરી વેપારી પણ કોક ત બો-પંજ કલાક ડબલરોટી પિરસે ઇતરેમેં ત ઇનીજી સજે઼ડીંજી કમાણી થિઇ વિઞે ને માલ પણ ખતમ. ખાલી ડબલરોટી જે હી લારીવેપારમેં ગાડી -બંગલા ભનાઇ ગિનેજા કિઇક ધાખલા હિત ન્યારેલા મિલેંતા.

માયાલુ મડઇને મોહનભા બાવાજી નાંલો ગ઼િનાજે તીં ભેરો કચ્છીએંજે મોઢેતે સૂર રેલાજે ક હી ત ડબલરોટીજા જનક. સરુમેં મોહનભા મડઇમેં જી. ટી. હાઈસ્કૂલ વટે થારીમેં મસાલાવારા ભટાકા વકીંધા હોઆ નેં સમય નિકરંધે હી ભટાટા બ્રેડમેં મસાલે તરીકે ધાખલ થ્યા નેં નઉં રૂપ આયો 'ડબલરોટી' તરીકેજો. મડઇજા હિકડ઼ો હિન્દુ સિંધી બેકરી ચાલુ કિઇ હુઇ ઉ મોહનભાકે બ્રેડસે વાકેફ કરાયોં નેં મસાલો ભરેને મોહનભા ભરાં નાસ્તા તરીકેં માડૂ સામે જુકો અજમાયસ થિઇ ઇ અજ ધૂમ મચાયતિ. ભુજમેં માંડવી ડબલરોટીવરા તુલસીદાસ પેલા પસ્તીજો ધંધો કરીંધા વા. પોય હી ભુજ વ્યા નેં ડબલરોટીમેં જામી વ્યા. ઇનીજા ભા વિઠ્ઠલદાસ મુંબઈમેં પેલીવાર મુલુન્ડમેં ડબલરોટીજી ગાડી કઢઇ. પોય ઘાટકોપરમેં શીરવાજા નાનજી નેં વડગાડીમેં મહેશ સરુ કેં. ભાજીરોટી, મસાલા પાંઉ, ડબલરોટી અને ફરાડી઼ દાબેલી જેડે઼ નિડારે નાંલે નેં સવાદ સેં ડબલરોટી હિકડી઼ આઉગી છાપ નાસ્તાભજાર મેં ઊભી કેં આય. હી ડબલરોટી ઇતરી પ્રિખ્યાત ક હિક્યાર મડઇજા સુરેશભા મહેતા ગુજરાતજા મુખ્યમંત્રી હોઆ તેર ગાભો રોટીવારેકે ગાંધીનગર કુઠાઇ ડબલરોટીજો સવાડ હુતેજે ધારાસભ્યકે ચખાયવે. ■

વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# વાળ વિહોણાંઓ, વાળ વધારવા મેરઠ પહોંચો...!



'ગિરધરલાલ, ઇલાજ મળી ગયો.. ઇલાજ મળી ગયો.. ઇલાજ મળી ગયો.! ' રાજુએ આટલું બોલી મને ઊંચકી લીધો અને સર્કસના ઘોડાની માફક ગોળ ગોળ ફરવા લાગ્યો.

'રાજુ, તું મને નીચે ઉતાર.. મને ચક્કરની એલર્જી છે. ચક્કરથી મને ચક્કર આવે છે.' મેં રાજુને આદેશાત્મક વિનંતી કરી.

'ગિરધરલાલ, તમારા વિશાળ લલાટમાં કેશ એટલે કે વાળ ઘટવા લાગ્યા છે. તમે કેશલેસ થવા લાગ્યા છો. વાળ વધારવાનો ઇલાજ મળી ગયો છે.' રાજુએ કોઇ એક્સપર્ટ ડૉકટરની માફક દાવો રજૂ કર્યો.

'રાજુ, ભગવાન કા દિયા હુઆ સબ કુછ હૈ, ધન દૌલત હૈ, જુગ્ગી જૈસી કોઠી-બંગલા હૈ, હાથણી જૈસી પતલી બીવી હૈ, બચ્ચે હૈ, કાર હૈ, પર સર પે બાલો કી છત નહીં હૈ. હું કેશપતિ નથી.' મેં નાના પાટેકરના ડાયલોગ સ્ટાઈલથી મારી વ્યથા વર્ણવી .

'તમે વાળાભિમુખ વ્યક્તિ અને વાળવિમુખ વ્યક્તિ વિશે સાંભળ્યું છે?' રાજુએ ઉખાણું પૂછી નાખ્યું.

'રાજુ, આ તું શું બોલે છે? મને કાંઇ સમજાતું નથી.'

'કેટલાક લોકોને વિષુવવૃત્તના ટ્રોપિકલ- પ્રગાઢ જંગલ જેવા વાળ હોય. એ પણ વાંકડિયા- કર્લી હોય. આવા નસીબદારને વાળાભિમુખ વ્યક્તિ કહેવાય. જ્યારે ઉપર વાળ ન હોય અને તોલુ સફાચટ હોય તેવી વ્યક્તિને વાળવિમુખ વ્યક્તિ કહેવાય.' રાજુએ વર્ષાભિમુખ અને વર્ષાવિમુખ પ્રદેશ જેવી ભૌગોલિક સંજ્ઞાથી વાળની સ્થિતિ સમજાવી.

'રાજુ, જ્યારે કોઇના વાળ ખરવા માંડે, માથામાં ખાડો દેખાય કે એ માણસ વાળ વધારવાના ઝનૂનપૂર્વક પ્રયત્નો કરે છે. વાળમાં કુંવારપાઠું નાખે , દહીં નાખે, મધ નાખે, છાશ નાખે. મુલતાની માટી લગાવી વાળ ધોવે. એરંડિયું પણ ઠપકારે. વાળ અરીઠા- ગુલાબજળ-શિકાકાઇ, ચંદન-સુખડ ચૂર્ણથી ધોવે. એ તો સારું છે કે વાળ વધારવા માથું પેટ્રોલ, ડિઝલ, ગ્રીસથી ધોતા નથી. હા, કેટલાક તો વાળને સુંવાળા રાખવા બિયરથી માથું સુધ્ધાં ધુએ છે ! આમ છતાં, વાળ રિસાયેલી પ્રેમિકાની જેમ 'લો ચલી મેં અપને દેવર કી બારાત લે કે લો ચલી મૈં'ની જેમ ખરતા જ રહે. પૈસાનું પાણી થાય એ નફામાં.' મેં વાળની વસ્તુ-સ્થિતિ બ્યાન કરી.

ગિરધરલાલ, વાળ એ વ્યામોહ છે, વાળ આસક્તિ છે. પુરુષના વાળ ખરતા હોય તે પુરુષ માનવા તૈયાર ન હોય કે રાત્રિના સમયે આકાશમાં ઉલ્કા વર્ષા થાય છે તેમ એના માથામાંથી ઓશિકા પર ખરતા વાળની વર્ષા થાય છે. વાળ દિવસે ન ખરે તેટલા રાતે ખરે... અરીસા સામે ઊભો રહી વાળને આમતેમ ઉથલાવી સ્વગત બબડે કે વાળનો જથ્થો સલામત છે, પણ અનાવૃષ્ટિગ્રસ્ત પ્રદેશની જેમ કપાળમાંથી વાળ ઉચાળા ભરવા માંડે છે. છેલ્લે તો બે કાન પાછળ અને બોચી પર જે વાળ બચે છે તેને વાળંદ લોકો વાળની ઝાલર કહે છે. એ પણ વાંકડિયા શ્વેત વાળથી સુશોભિત લાગે છે..' રાજુએ વાળના ખરવા પર પ્રકાશ નહીં પણ વાળ પાડ્યા.

'રાજુ, એક મિત્રે કોઇ કારણસર નાનપણથી વાળનો અસબાબ ગુમાવેલો. વાળના વિકલ્પે એ વિગ પહેરતા હતા. એના લગ્ન નક્કી થયા. નવપરિણીતા પત્નીને વિગ પહેરવા વિશે વિગતે વાત કરેલ નહીં. પરિણામે સુહાગરાતના દિવસે ગંજા પતિને જોઇને પત્ની વિફરી. જો કે બંનેનું દામ્પત્યજીવન પ્લેનના વ્હીલ અને બળદગાડાના પૈડા જેમ રગડદગડ ચાલ્યું પરંતુ, દામ્પત્યજીવનમાં પ્રેમ, ઉષ્મા અને માધુર્ય વાળની જેમ ખરી પડયા,' મેં વિફલ્યગાથા ઉજાગર કરી.

'હમ્મ, સરસ્વતી નદીની જેમ જેમના વાળ માથા પરથી લુપ્ત થયા હોય તે વિગ બનાવી પહેરે છે. જો કે વિગ પહેરી છે તેનો ખ્યાલ આવી જાય છે. વિગમાં રહેલા વાળને ધોઇ શકાય નહીં, શેમ્પૂ કરી શકાય નહીં, વાળમાં કાંસકો ફેરવી શકાય નહીં.....જોકે, હવે લોકો જેમ ખેતરમાં વાવેતર કરવામાં આવે તેમ માથામાં હેર વિવિંગ કરાવે છે.' રાજુએ વાળની વૈકલ્પિક વ્યવસ્થા વર્ણવી.

'રાજુ, પુરુષ ટાલિયો હોય છે. ટાલિયો નર સદા સુખી એવું પણ કહેવાય છે. કહેને મેં કયાં હર્જ હૈ? કોઇ ગંજાને પૂછો તો ખબર પડે કે એ કેટલો દુ:ખી છે! પુરુષોના મુકાબલે મહિલાઓ ગંજી એટલે ટાલિયણ હોતી નથી. કદાચ એટલે કે ટાલિયણ સદા સુખી એવી કહેવત પડી નથી.' મે સ્ત્રી-પુરુષનો તફાવત કહ્યો.

'આપણા દેશમાં લાચાર લોકોની હાલતનો ગેરલાભ લેવા માટે ધૂર્ત લોકો લાળ પાડતા તત્પર હોય છે. ખરતા વાળ અટકાવવા, વાળ વજ્ર જેવા મજબૂત કરવા, ખોડો દૂર કરવા બજારમાં શેમ્પુ, તેલ, કંડિશનર, ટેબ્લેટ ધડાધડ મળવા માંડે છે. વાળ ખરવા માટે કાંસકો જવાબદાર હોય કે ન હોય કાંસકો બદલવાની સલાહ આપવામાં આવે છે. કાંસકાના ઢાંકણવાળું તેલ પણ મળે છે. વાળમાં તેલ નાખી ગરમ પાણીથી ભીંજવેલા ટુવાલથી મસાજ કરવાને નામે રૂપિયા પડાવવામાં આવે છે. વાળનો ગ્રોથ વધારવા નસ્ય કે શિરોધારા જેવા આયુર્વેદિક ઉપચાર કેટલા કારગર રહેતા હશે તે ભગવાન ધન્વંતરિ જાણે!' વાળ વધારવાના બખડજંતર પર રાજુએ વેધક પ્રકાશ પાડ્યો.

'રાજુ વરસો પહેલાં 'અનુપ' તેલના નામે પાનીઢંક વાળ વધારવાનો દાવો કરાયેલ. તે સમયે પગલૂંછણિયા પર તેલનું ટીપું પડી જાય તો પગલૂંછણિયાને ચોટલો ઊગે તેમ મજાકમાં કહેવાતું હતું. આજકાલ 'આદિવાસી તેલ'ના નામે લોકોને ઠગવામાં આવે છે.' મેં ઉમેર્યું .

'ગિરધરલાલ, ટાલિયા લોકોની મજબૂરીનો લાભ લેવા ઉત્તર પ્રદેશના મેરઠમાં એક બદમાશે એવું ધુપ્પલ ચલાવ્યું છે કે અંશતઃ ટાલિયા, ચોરસ ટાલિયા, લંબગોળ ટાલિયા, ત્રિકોણ ટાલિયા, સેમી ટાલિયા, ફૂલ્લી ટાલિયાઓના સહરાના રણ જેવા બંજર માથામાં વાળના લહેરાતાં વન એ ઉગાડી આપશે ! જે વ્યક્તિને વાળ ઉગાડવા હોય એમણે બચાકુચા વાળ પણ ઉતારીને આવવા કહ્યું. લોકોની ભીડ એકત્ર થઇ ગઈ ત્યારે આવો કરનારા સલમાન નામના માણસે વાળ ઉગાડવા માટે એક સોડાની કિંમત એટલે કે વીસ રૂપિયામાં દવા બજાડી દીધી. લોકો માથા પર વાળ લગાવવાની સંજીવની લગાડી ઘટાટોપ વાળનું રિ-ચાર્જ થાય તેની પ્રતીક્ષા કરવા લાગ્યા. એ લોકોના વાળ તો સોયની અણી જેટલા વધ્યા નહીં, પરંતુ લોકોને એલર્જી થઇ ગઇ. લોકોને ખંજવાળ આવવા લાગી એમાં ભંડાફોડ થયો. હવે એ શખસ જેલના સળિયામાં ધકેલાઇ જતાં વાળ ખંજવાળે છે.' રાજુએ ધુપ્પલનો ઘટસ્ફોટ કર્યો.

મેરઠના ટાલિયાઓ વાળ વધારવાની ગેંગનો શિકાર થયા. એમાં મેરઠના વાળંદ માલામાલ થઇ ગયા. કેટલાક લોકોએ તો પોતાનો જૂનો ધંધો છોડીને વાળ મુંડવાનો નવો ધંધો જોઇન કરી લીધો...

- તો વાળવંચિતો કોની રાહ જુઓ છો? જે વાહન મળે તેમાં મેરઠ ઊપડી જાવ. વીસ રૂપિયામાં પગની પાની ઢંકાય તેટલા વાળ વધારી લાવો. તમારે વાળ સિવાય કશું ગુમાવવાનું નથી! ■

# સપ્તાહના અંતે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ આઠ મહિનાની ટોચે પહોંચતા વૈશ્વિક સોનામાં વધ્યા મથાળેથી પીછેહઠ

## રોકાણકારો અને જ્વેલરોનો નવી ખરીદીમાં સાવચેતીનો અભિગમ

વિતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં મુખ્યત્વે મધ્ય પૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગમાં વધારો થતાં ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું, પરંતુ સપ્તાહના અંતે ગત શુક્રવારે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધીને આઠ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. વધુમાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં સપ્તાહ દરમિયાન રૂપિયો ૫૦ ગબડીને ૮૫.૪૮નાં નવાં તળિયે બંધ રહ્યો હોવાથી એક તરફ રૂપિયો નબળો પડવાથી સોનાની આયાત પડતરોમાં વધારો અને બીજી તરફ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં તેજી જોવા મળી હતી. જોકે, ગત સપ્તાહમાં ૨૫ ડિસેમ્બરના રોજ ક્રિસમસ નિમિત્તે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન સત્તાવાર ધોરણે બંધ રહ્યું હોવાથી સપ્તાહ દરમિયાન કામકાજના ચાર સત્ર જ રહ્યા હતા.

એસોસિયેશન તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરા રહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૦મી ડિસેમ્બરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૩૭૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૭૬,૧૬૪ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૭૫,૮૭૪ અને ઉપરમાં રૂ. ૭૬,૬૩૫ની રેન્જમાં અથડાઈને અંતે રૂ. ૭૬,૪૩૬ના મથાળે બંધ રહ્યા હતા. આમ સપ્તાહ દરમિયાન ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૫૯ અથવા તો ૧.૪૦ ટકાનો વધારો થયો હતો. એકંદરે ગત સપ્તાહે વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે ૦.૧ ટકાનો સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૮ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જોકે, ગત સપ્તાહના વૈશ્વિક ભાવઘટાડાની સામે સ્થાનિક સ્તરે ભાવમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હોવાનું કારણ ડૉલર સામે રૂપિયામાં થયેલું ધોવાણ હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે સપ્તાહના અંતે વિશ્વ બજારમાં સોનાના ભાવમાં ઘટાડો આવ્યો હોવાથી શક્યતઃ સ્થાનિક બજારમાં પણ આગામી સપ્તાહના આરંભે મધ્યસત્ર દરમિયાન નરમાઈ જોવા મળી શકે છે.

એકંદરે ગત સપ્તાહે વૈશ્વિક અહેવાલ અને ડૉલર સામે રૂપિયામાં થતી વધઘટ અનુસાર સોનાના ભાવમાં ભારે ચંચળતા જોવા મળી રહી હોવાથી ખાસ કરીને જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રોકાણકારોએ નવી ખરીદીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવતાં ઉમેર્યું હતું કે અગાઉ નવેમ્બર મહિનામાં સ્થાનિક સ્તરે સોનાની આયાતમાં નોંધપાત્ર વધારો થયો હોવાથી હવે ડિસેમ્બર મહિનામાં પ્રમાણમાં આયાત ઓછી રહે તેમ જણાય છે. જોકે, ગત સપ્તાહે રિટેલ સ્તરની પ્રવર્તમાન લગ્નસરાની મોસમની માગ જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે હવે કમુહૂર્તા શરૂ થયા હોવાથી લગ્નસરાની માગ પણ ઘટે તેવી શક્યતા જણાય છે. વધુમાં હવે જ્વેલરો અને રોકાણકારોની નજર અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ જાન્યુઆરી મહિનામાં હોદ્દો અખત્યાર કર્યા બાદ વેપાર અને વેરાની કેવી નીતિ અપનાવે છે અને અમેરિકી ફેડરલ રિઝર્વ નાણાનીતિમાં કેવું વલણ અપનાવે છે તેના પર સ્થિર થઈ હોવાથી તેઓની માગ પણ મર્યાદિત રહે તેવી ધારણા મુકાઈ રહી છે.

ગત સપ્તાહે ક્રિસમસની રજાઓનો માહોલ અને વર્ષાન્તને કારણે વિશ્વ બજારમાં પાંખાં કામકાજો, રોકાણકારોની નજર ટ્રમ્પ અને ફેડરલ રિઝર્વની નીતિઓ પર સ્થિર થઈ હોવા છતાં સલામતી માટેની માગનો ટેકો જળવાઈ રહેતાં ભાવમાં સાપ્તાહિક ધોરણે ધીમો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, અમેરિકાના જાહેર થયેલા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટાઓથી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધુ કપાતનો આશાવાદ નિર્માણ થયો છે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વે આગામી વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં વધુ કપાત માટે સાવચેતીનું વલણ અપનાવવાના સંકેતો આપ્યા હોવાથી વધુ વ્યાજદરમાં કપાત અંગે રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો હતો, પરંતુ વૈશ્વિક રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સોનામાં સલામતી માટેનો ટેકો સમયાંતરે મળતો રહ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલ વિશ્વમાં રશિયા-યુક્રેન વચ્ચે તણાવ વધવાની સાથે અને મધ્ય પૂર્વના દેશોમાં ઈઝરાયલે યમનમાં હુથીને લક્ષ્યાંક બનાવીને હુમલાઓ વધાર્યા હોવાથી રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતામાં વધારો થયો છે. આમ આવા અનિશ્ચિતતાનાં પરિબળો ઉપરાંત વર્ષ દરમિયાન કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં સતત લેવાલી જળવાઈ રહેવાને કારણે જ આ વર્ષે સોનાના ભાવમાં અત્યાર સુધીમાં ૨૮ ટકા જેટલો વધારો થયો છે, જે વર્ષ ૨૦૧૦ પછીનો સૌથી વધુ વધારો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે એકંદરે સોનામાં ભાવસપાટી ઊંચી રહેવાને કારણે વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન અને ભારતની માગ ઘટી છે અને આગામી ડિસેમ્બરમાં દેશમાં સોનાની આયાતમાં પણ ઘટાડો જોવા મળે તેવી શક્યતા જણાય છે. જોકે, વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૫૯૦થી ૨૬૮૦ ડૉલરની રેન્જમાં અને સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૫૦૦થી ૭૭,૮૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર રજાઓનો માહોલ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૧૯.૩૩ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૨૬૩૧.૯૦ ડૉલર આસપાસના મથાળે રહ્યા હોવાનું આરજેઓ ફ્યુચર્સના માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ બોબ હેબરકોર્ને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર ઈન્ડેક્સમાં સાપ્તાહિક ધોરણે સતત ચોથા સપ્તાહમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ પણ વધીને ગત મે મહિના પછીની ઊંચી સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ વર્ષે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત કરશે તેવા આશાવાદ અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલીને ટેકે આ વર્ષમાં અત્યાર સુધીમાં ભાવમાં ૨૮ ટકા જેટલો વધારો નોંધાયો છે અને ગત ૩૧ ઑક્ટોબરના રોજ ભાવ ઔંસદીઠ ૨૭૯૦.૧૫ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. અમેરિકી ફેડરલ રિઝર્વે આગામી વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં ઓછી વખત ઘટાડો કરવામાં આવે તેવી સ્પષ્ટતા કરી હોવા છતાં અમુક વિશ્લેષકો સોનામાં તેજીનું વલણ જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. ■

# વોડાફોન જૂથે વોડાફોન આઈડિયાના શેર્સ સામેના ધિરાણકર્તાઓને રૂ. ૧૧,૬૫૦ કરોડની ચુકવણી કરી

નવી દિલ્હીઃ યુકે સ્થિત વોડાફોન જૂથે વોડાફોન આઈડિયા લિ.ના શેર્સ સામે ઊભા કરાયેલા ધિરાણકર્તાઓને અંદાજે રૂ. ૧૧,૬૫૦ કરોડ (૧૦.૯ કરોડ પાઉન્ડ)ની ચુકવણી કરી હોવાનું એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે વોડાફોન જૂથે દેવું વધારવા માટે વોડાફોન આઈડિયાનાં લગભગ તમામ શૅર ગિરવે મૂક્યા હતા.

વોડાફોન જૂથનાં મોરેશિયસ અને ભારત સ્થિત એકમો દ્વારા એકત્રિત કરવામાં આવેલા દેવા માટે એચએસબીસી કોર્પોરેટ ટ્રસ્ટી કંપની (યુકે)ની તરફેણમાં આ શેર ગિરવે મૂકવામાં આવ્યા હતા. ગત ૨૭મી ડિસેમ્બરના રોજ ધિરાણકર્તાઓની સિક્યોરિટી ટ્રસ્ટી તરીકે કામ કરતી એચએસબીસી કોર્પોરેટ ટ્રસ્ટી કંપની (યુકે)લિ.એ વોડાફોન પ્રમોટર શેરધારકો દ્વારા ધિરાણકર્તાઓની લેણાની બાકી ચુકવણીના અનુસંધાનમાં ગિરવે મૂકેલા શૅર છૂટા કર્યા હતા.

આ સાથે જ વોડાફોન પ્રમોટર શેરહોલ્ડરોનો કુલ ઈક્વિટીમાં ૨૨.૫૬ ટકા ઈક્વિટી હિસ્સો અથવા તો ૧૫,૭૨૦,૮૨૬,૮૬૦ ઈક્વિટી શૅર ફુલ્લી ડાયલ્યુટેડ ધોરણે છૂટા થયા હોવાનું ફાઈલિંગમાં ઉમેર્યું છે. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારના વોડાફોન આઈડિયાનાં શૅરદીઠ રૂ. ૭.૪૧ના બંધ ભાવ સામે શૅરનું મૂલ્ય રૂ. ૧૧,૬૪૯ કરોડ થાય છે.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના સુધારા સાથે રૂ. ૩૩૭૫થી ૩૪૨૫માં થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ તેમ જ અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાં હતાં.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં લગભગ ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં માલની ગુણવત્તા ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સુધારા સાથે રૂ. ૩૫૩૦થી ૩૬૨૮માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગ જળવાઈ રહેતાં તેના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૨થી ૩૮૧૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું,

જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૭૦થી ૩૫૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૦થી ૩૬૧૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીએ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બાવીસનો અને રૂ. ૧૩નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય આજે નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. એકથી બે ઘટી આવ્યા હતા. જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બાવીસ ઘટીને રૂ. ૨૫૪૬ અને રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૩૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ.બે ઘટીને અનુક્રમે રૂ. ૭૮૫ અને રૂ. ૭૭૮ અને કોપર આર્મિચર, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૭૪,રૂ. ૮૧૭ અને રૂ. ૨૪૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબરમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૨૧ અને રૂ. ૨૮૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૬૦, રૂ. ૫૧૦, રૂ. ૧૯૩ અને રૂ. ૧૮૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું.

# ખાદ્યતેલમાં પાંખાં કામકાજે ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે સાધારણ પાંચ અને બાર સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે સપ્તાહના અંતે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતુ અને માત્ર છૂટાછવાયાઢ રવાનગીનાં કામકાજો થયાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલનાં મુંદ્રાથી ડિલિવરી શરતે રિફાઈન્ડ સોયાબીન તેલના ભાવ રૂ. ૧૨૪૦થી ૧૨૪૫ અને રિફાઈન્ડ સનફ્લાવરના રૂ. ૧૩૪૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૫ અને સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦ અને ગોકુલના રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, સિંગતેલના રૂ. ૧૪૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સરસવના રૂ. ૧૪૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૨૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦ના મથાળે ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

વધુમાં આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૫૫,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૨૫થી ૬૫૫૦માં થયા હતા, જ્યારે સરસવ એક્સ્પેલર અને કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૩૫ અને રૂ. ૧૩૪૫માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૪૧૫થી ૨૪૨૦ના મથાળે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ઝાયડસ વેલનેસના એકમને ₹ ૫૬.૩૩ કરોડની જીએસટીની ડિમાન્ડ નોટિસ

નવી દિલ્હીઃ ઝાયડસ વેલનેસે આજે જણાવ્યું હતું કે તેની સંપૂર્ણ માલિકીના એકમને ટેક્સ ઑથોરિટી તરફથી વ્યાજ અને દંડાત્મક રકમ સાથે રૂ. ૫૬.૩૩ કરોડની જીએસટીની ડિમાન્ડ નોટિસ મળી છે.

કંપનીની સંપૂર્ણ માલિકીની ઝાયડસ વેલનેસ પ્રોડક્ટ્સ લિ. ને ડિરેક્ટોરેટ જનરલ ઑફ ગૂડ્સ ઍન્ડ સર્વિસિસ ટેક્સ ઈન્ટેલિજન્સના સુરત ઝોનલ યુનિટમાંથી વ્યાજ અને પેનલ્ટી સાથે રૂ. ૫૬.૩૩ કરોડની ચુકવણી માટે ડિમાન્ડ નોટિસ મળી હોવાનું કંપનીએ એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે.

ડિમાન્ડ નોટિસમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે હેઈન્ઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિ. જે હવે ઝાયડસ વેલનેસ પ્રોડક્ટ્સ લિ.માં મર્જ થયું છે તેમાં હેઈન્ઝ એસ.પી.એનાં બૌદ્ધિક સંપદા અધિકારો હસ્તગત કરવા સંબંધે જીએસટીની ચુકવણી કરવાની થાય છે.

ઝાયડસ વેલનેસ પ્રોડક્ટ્સ લિ.(ઝેડડબ્લ્યુપીએલ)નું માનવું છે કે આ કેસમાં મજબૂત યોગ્યતા છે અને ઝેડડબ્લ્યુપીએલ સૂચનાની વિગતવાર સમીક્ષા કરીને આગળના પગલાં ભરવા બાબતે મૂલ્યાંકન કરી રહી હોવાનું ફાઈલિંગમાં ઉમેર્યું હતું.

જોકે, આદેશમાં સમયગાળો હસ્તાંતરણ પૂર્વેનો ૩૦ જાન્યુઆરી, ૨૦૧૯ પહેલાનો હોવાથી તેની ઝેડડબ્લ્યુપીએલની નાણાંસ્થિતિ, ઓપરેશન કે અન્ય પ્રવૃત્તિ પર કોઈ અસર નહીં થાય, એમ ફાઈલિંગમાં ઉમેર્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં વધુ ૮.૪૭૮ અબજ ડૉલરનું ગાબડું



મુંબઈઃ ગત ૨૦મી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૮.૪૭૮ અબજ ડૉલરના ગાબડાં સાથે ૬૪૪.૯૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧.૯૮૮ અબજ ડૉલરના ઘટાડા સાથે છ મહિનાની નીચી ૬૫૨.૮૬૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

છેલ્લાં કેટલાંક સમયથી આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક સ્તરે આયાતકારોની ડૉલરમાં પ્રબળ માગ રહેતાં ડૉલર સામે રૂપિયામાં સતત થઈ રહેલા ધોવાણને ખાળવા માટે સમયાંતરે રિઝર્વ બૅન્ક દ્વારા રૂપિયાની ચંચળતા અટકાવવા માટે બજારમાં હસ્તક્ષેપ થતો હોવાથી અનામતમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. જોકે, ગત સપ્ટેમ્બરના અંતે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં અર્થાત્ ગત ૨૦મી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ અનામતોમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૬.૦૧૪ અબજ ડૉલર ઘટીને ૫૫૬.૫૬૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૨.૩૩ અબજ ડૉલર ઘટીને ૬૫.૭૨૬ અબજ ડૉલરની સપાટીએ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૧.૨ કરોડ ડૉલર ઘટીને ૧૭.૮૮૫ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨.૩ કરોડ ડૉલર ઘટીને ૪.૨૧૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# ખેડૂતો કૃષિ ઉત્પન્નની આંતરરાજ્ય હેરફેર માટે સ્કીમ પર કાર્ય કરતી સરકાર

પૂનાઃ ખેડૂતોને તેનાં ઉત્પન્નની આંતરરાજ્ય સ્તરની બજારોમાં હેરફેર કરવા માટે મદદરૂપ થવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર તેની સ્કીમ અંગે કાર્ય કરી રહી હોવાનું કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે આજે જણાવ્યું હતું.

અત્રે ગોખલે ઈન્સ્ટિટ્યૂટ ઑફ પૉલિટીક્સ ઍન્ડ ઈકોનોમિક્સ (એઈઆરસી)નાં પ્લેટિનમ જ્યુબિલિ પ્રસંગે યોજાયેલા એક કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે ખેડૂતો તેના ઉત્પન્નની લાંબા અંતર સુધી ડિલિવરી કરી શકે તે માટે કેન્દ્ર સરકાર નવી સ્કીમ પર કાર્ય કરી રહી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે દેશનાં કુલ જીડીપી (ગ્રોસ ડૉમૅસ્ટિક પ્રોડક્ટ)માં કૃષિ ક્ષેત્રનો હિસ્સો ૧૮ ટકા જેટલો બહોળો છે અને કૃષિ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે સરકાર ઘણી દિશામાં કાર્ય કરી રહી છે.

સંબોધનમાં તેમણે કુદરતી સ્રોતના ન્યાયીક વપરાશ પર ભાર મૂકવાની સાથે પેસ્ટિસાઈડ્સનો આડેધડ થતો ઉપયોગ બંધ કરવા અનુરોધ કરતા જણાવ્યું હતું કે હવે કુદરતી ખેતી તરફ વળવાની તાતી આવશ્યતા છે અને તેને માટે આપણી પાસે પૂર્ણ ક્ષમતા પણ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ૨૫ ડિસેમ્બરના રોજ લૉન્ચ થનારા રિવર લિન્કિંગ પ્રોજેક્ટ અંગે કહ્યું હતું કે તેનો ખેડૂતોને લાભ થશે. તેમ જ ઓછા પાણી સાથે વધુ સિંચાઈ થાય તેવી ટેક્નોલૉજી વિકસાવવા હાકલ કરવાની સાથે પ્રયોગશાળાને ખેતર સુધી લઈ જવાની સાથે સંશોધકોને માત્ર પ્રયોગશાળા સુધી સીમિત ન રહેવા અનુરોધ કર્યો હતો. કિસાન અને સંશોધકો વચ્ચેની ખાઈ પૂરી કરવા માટે તાજેતરમાં ડીડી કિસાન ચેનલ પર 'મોર્ડન કૃષિ ચૌપાલ' શરૂ કરવામાં આવ્યો છે.

આ પ્લેટફોર્મ એવું છે જ્યાં ખેડૂતો, સંશોધકો અને વૈજ્ઞાનિકો સાથે બેસીને મંતવ્યોનું આદાન પ્રદાન કરી શકે છે તેમ જ સમસ્યાઓ જણાવી શકે છે અને કૃષિ ક્ષેત્રમાં નવી તકો પણ જાણી શકે છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે કૃષિને લગતી માહિતી માત્ર અંગ્રેજી ભાષા સુધી સીમિત ન હોવી જોઈએ અને તે જુદી જુદી ભાષાઓમાં પ્રસારિત થવી જોઈએ જેથી સંશોધકો અને ખેતર વચ્ચે ખાઈ ન રહે.

# રિલાયન્સે કાર્કિનોસ હેલ્થકેર ₹ ૩૭૫ કરોડમાં હસ્તગત કરી

નવી દિલ્હીઃ બિલિયોનેર મુકેશ અંબાણીની નેજા હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ રૂ. ૩૭૫ કરોડમાં ટેક્નોલૉજી સજ્જ અને ઓન્કોલૉજી કેન્દ્રિત હેલ્થકેર પ્લેટફોર્મ કાર્કિનોસ હેલ્થકેર હસ્તગત કરી હોવાનું એક યાદીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સંપૂર્ણ માલિકી ધરાવતી રિલાયન્સ સ્ટ્રેટેજિક બિઝનૅસ વેન્ચર્સ (આરએસબીવીએલ)એ કાર્કિનોસ હેલ્થકેર પ્રાઈવેટ લિ.ને પર્યાપ્ત માત્રામાં શૅરની ફાળવણી કરીને સફળતાપૂર્વક હસ્તગત કરી હોવાનું કંપનીએ સ્ટોક એક્સચેન્જને એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે. ભારતમાં કાર્કિનોસની સ્થાપના ૨૪મી જુલાઈ, ૨૦૨૦માં થઈ હતી અને તેનો વ્યવસાય કેન્સરના આગોતરા નિદાન બાદ તેની સારવાર માટેનાં સંશોધાત્મક ટેક્નોલૉજીને લગતાં સોલ્યુશન પૂરા પાડવાનો છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં તેનું ટર્નઓવર અંદાજે રૂ. બાવીસ કરોડનું હતું. રિલાયન્સ સ્ટ્રેટેજિક બિઝનૅસ વેન્ચર્સ લિ.એ ગત ૨૭મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રોકડ ધોરણે રૂ. ૧૦ની મૂળ કિંમતનો એક એવા એક કરોડ ઈક્વિટી શૅરની ફાળવી કરી હતી. તેમ જ રૂ. ૧૦ની મૂળ કિંમતના એક એવા ૩૬.૫ કરોડ વૈકલ્પિક ફુલ્લી કન્વર્ટિબલ ડિબેન્ચરની ફાળવણી કરી હોવાનું કાર્કિનોસે ફાઈલિંગમાં જણાવ્યું હતું. વધુમાં યાદીમાં ઉમર્યું હતું કે કાર્કિનોસે મંજૂર થયેલા રિઝોલ્યુશન પ્લાન અનુસાર કંપનીના અસ્ર્ટવાઈલ શેરધારકોના બાકી રહેલા ૩૦,૦૭૫ ઈક્વિટી શૅર કેન્સલ કર્યા છે. જોકે, વધુ વિગતો આપવામાં નથી આવી. ■

# સમગ્ર કચ્છમાં ફરી શીતલહેર શરૂ થતા લોકો ઠૂંઠવાયા

### ગાંધીધામમાં ઠંડીથી એક વ્યક્તિનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ઠંડી વધુ આક્રમક બની હતી. અબડાસા તાલુકાના રણકાંધીના ગામો અને મુખ્ય મથક નલિયા ખાતે લઘુતમ તાપમાનનો આંક ૪.૨ ડિગ્રી પહોંચવાની સાથે મુખ્ય મથક ભુજમાં શનિવારે ૯.૮ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. લગભગ છેલ્લા એક સપ્તાહથી અનુભવાતી ગાત્રો થીજાવતી ઠંડીએ કચ્છમાં આજે એક વ્યક્તિનો ભોગ લીધો હોવાનું પણ જાણવા મળ્યું હતું. કચ્છમાં ઠંડીએ અત્યારસુધી બે વ્યક્તિઓનો ભોગ લીધો છે. ગાંધીધામના ધમધમતા વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા નજીક આવેલી પોલીસ ચોકીની બહારથી એક શખ્સનો મૃતદેહ મળી આવતાં તેનું મોત ઠંડીના કારણે થયું હોવાનું બહાર આવ્યું છે.

છેલ્લા બે દિવસથી કચ્છમાં સર્જાયેલું ધૂંધળું વાતાવરણ ગાયબ થવાની સાથે જ ઠંડીએ શનિવારે આકરો મિજાજ દર્શાવ્યો હતો. તેમાં વળી પ્રતિકલાકે ૧૧ કિલોમીટરની ઝડપે ફૂંકાતા ઉત્તર-પૂર્વીય પવનોએ ઠંડીને વધુ તીવ્રત્તમ બનાવી છે જેને લઈને ઠંડીની બાબતમાં સમગ્ર રાજ્યમાં નલિયા પ્રથમ ક્રમાંક પર અને ભુજ બીજા સ્થાને રહેવા પામ્યું છે.

શનિવારે નલિયા ખાતે ન્યુનતમ તાપમાન ૪.૨ ડિગ્રી થવા સાથે આ શીતમથકના લોકો ડેન્માર્કની રાજધાની કોપનહેગન સમકક્ષ ઠંડી અનુભવી રહ્યા છે.નલિયાની આજની ઠંડી યુરોપના રોમથી પણ વધુ રહેવા પામી છે. સીમાવર્તી ગામોમાં ઠંડીનું પ્રમાણ આથી પણ વિશેષ હોવાનું નલિયાના લોકો જણાવી રહ્યા છે. હવામાન ખાતાંએ ઠંડીનું પ્રમાણ હજુ વધવાની આગાહી કરી છે. ■

# ભારતીય કોસ્ટગાર્ડ અને પાકિસ્તાની મરીન સિક્યુરિટી એજન્સીની સંયુક્ત કામગીરીઃ ૨૧ ખલાસીઓને બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક, પાકિસ્તાની મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા, અરબી સમુદ્રમાં ફસાઈ ગયેલાં એક ભારતીય માલવાહક વહાણના નવ જેટલા ખલાસીઓને, ભારતીય કોસ્ટગાર્ડની સંયુક્ત કામગીરીથી,વિશેષ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી બચાવી લેવાયા હતા.

મળતી માહિતી પ્રમાણે એક ભારતીય માલ-વાહક વહાણ તાજ-દારે હરામ, જયારે પાકિસ્તાનના કરાંચીથી દક્ષિણે ૧૨૦ દરિયાઈ માઈલ દૂર હતું ત્યારે આ વહાણમાં દરિયાના પાણી ભરાવવાનુ શરૂ થતાં, થોડા સમય બાદ વહાણને પડતું મૂકી દઈને, દરિયામાં ઝંપલાવુ પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ સંદર્ભે મેરિટાઇમ રેસ્ક્યુ કોર્ડીનેશન-મુંબઈને જાણ કરાતાં તેઓએ તત્કાળ પાકિસ્તાની મરીન સિક્યોરિટી એજન્સીને આ અંગે જણાવીને સંયુક્ત રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવાનું નક્કી કરાયું હતું.




(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભૂજ)

મધદરિયામાં ફસાઈ ગયેલા માછીમારો અંગેનો એક ઇમેઇલ પાકિસ્તાની મરીન સિક્યોરિટી એજન્સીને થતાં તરત જ તેના એક વિશેષ વિમાનને શોધખોળ માટે મોકલાયું હતું જેણે ગણતરીની મિનિટોમાં દરિયામાં એક નાનકડા રાફ્ટ પર આશરો લઇ રહેલા નવ જેટલા ભારતીય ખલાસીઓને ખોળી કાઢ્યા બાદ, આ રેસ્ક્યુ ઓપરેશન માટે પાકિસ્તાની મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા મોકલાયેલા વિમાન દ્વારા એ સમયે દરિયામાં રહેલા નજીકના અન્ય વહાણોને જાણ કરાઈ હતી અને તેમને લોકેશન જણાવાયું હતું.

થોડા સમયમાં આ ખલાસીઓને મદદ મળી જવા પામી હતી અને આખરે તેઓને ભારતીય તટરક્ષક દળની એક નૌકામાં સલામત રીતે મોકલાવી દેવાયા હતા. આ વહાણ પાકિસ્તાની મરીન ઇકોનોમિક ઝોનમાં ગુરુવારે ડૂબ્યું હતું.

છેલ્લા ત્રણ સપ્તાહમાં પાકિસ્તાની મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા આ પ્રકારનું ત્રીજું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું છે. આ અગાઉ ચાલુ મહિનાની ચોથી તારીખે બાર જેટલા ભારતીય ખલાસીઓને બચાવી લેવાયા હતા. આ ખલાસીઓનું માલવાહક વહાણ પીરાને પીરમાં પણ આજ પ્રકારે મધદરિયે પાણી ભરાયાં હતાં. આ પ્રકારની બચાવ કામગીરી આંતરરાષ્ટ્રીય નિયમાનુસાર 'સેફટી ઓફ લાઈફ એટ સી' હેઠળ કરવામાં આવી છે. ■

# કચ્છના સામખિયાળીમાં એક સાથે ૩ હજાર આહીરાણીઓએ પરંપરાગત પોશાક પહેરી રાસ રજૂ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લો ખાસ કરીને તેના આહીરો અને રબારી પરિવારની અદ્દભુત વેશભૂષા માટે જાણીતો છે અને આવી વેશભૂષા સાથે ખાસ કરીને આહીરો જયારે દાંડિયા રમે અને આહીરાણીઓ રાસડા લે ત્યારે તે ખૂબ દર્શનીય બને છે. ભૂતકાળમાં કચ્છના અંજાર તાલુકાના સંઘડ ગામની રાસ મંડળીને નવી દિલ્હી ખાતેની ૨૬મી જાન્યુઆરીની પ્રજાસત્તાક પરેડમાં સ્થાન મળી ચૂક્યું છે.

કચ્છમાં જયારે રણોત્સવ યોજાઈ રહ્યો છે ત્યારે કચ્છના પ્રવેશદ્વાર સમા સામખિયાળી ખાતે એક નવતર પ્રયોગ યોજાયો હતો જેમાં કાંઠાળ ચોવીસી આહીર સમાજ દ્વારા ગત ૨૫મી



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભૂજ)

ડિસેમ્બરના રોજ એક મહારાસનું આયોજન, આહીર સમાજવાડી ખાતે કરાયું હતું જેમાં ૧૨ ગામોનાં ત્રણ હજારથી વધુ આહીર બહેનોએ પોતાના પરંપરાગત વેશભૂષા સાથે રાસ લીધા હતા. એક સાથે ત્રણ હજાર જેટલી બહેનોએ આયર સમાજની ઓળખ જેવા પરંપરાગત વસ્ત્રો અને અલંકારો પહેરીને કાર્યક્રમ રજૂ કરતાં અદ્દભુત દશ્યો સર્જાયાં હતાં.

ભગવાન શ્રી કૃષ્ણ જયારે વૃંદાવનમાં ગોપીઓ સાથે રાસ રમ્યા ત્યારથી આહીર રાસની ઉત્પત્તિ થઇ હોવાનું માનવામાં આવે છે. કચ્છના રાપર તાલુકાના વ્રજવાણી ખાતે પણ આ આહીર રાસનું મહત્ત્વ સમજાવાયું છે.

આયર લોકોના જણાવ્યા પ્રમાણે કૃષ્ણ નગરી દ્વારિકા ખાતે ગયા વર્ષે આહીરાણીઓએ, ભારતીય આહીરાણી મહારાસ સંગઠનના નેજા હેઠળ રાસ લીધા હતા જેમાં ૩૭૦૦૦થી વધુ આહીરાણીઓએ રાસ રમીને એક વિક્રમ સર્જ્યો હતો એ વાતની સ્મૃતિને આધારે જ આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. નવી પેઢીમાં આહીર સંસ્કારો, આહીર પોશાક તેમજ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદરભાવના જાગે તેવા હેતુથી સામખિયાળી ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. ■

# પશ્ચિમ કચ્છના પોલીસ વડાએ ૧૮૯ કર્મચારીઓની આંતરિક બદલી કરતાં પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ કચ્છના જિલ્લા પોલીસ વડા વિકાસ સુંડાએ ૧૮૯ જેટલા મદદનીશ પોલીસ સબ ઇન્સ્પેકટર, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ સહિતના પોલીસ કર્મચારીઓની અચાનક બદલી કરી દેતાં સમગ્ર પશ્ચિમ કચ્છના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી.

વહીવટદાર તરીકે કુખ્યાત બની ગયેલાં સંખ્યાબંધ પોલીસ કર્મચારીઓને સુંડાએ કોઠારા, નરા, જખૌ, દયાપર જેવા સરહદી પોલીસ સ્ટેશનોના દરવાજા દેખાડી દીધા છે તો કેટલાંકને પોલીસ હેડક્વાર્ટર ધકેલી દીધા હતાં. જો કે, ક્યાંક સૂકાં ભેગું લીલું પણ બળ્યું હોવાનો ગણગણાટ સર્જાઈ રહ્યો છે.

કચ્છના સરહદી અંતરિયાળ વિસ્તારોના પોલીસ મથકોમાં વર્ષોથી નિષ્ઠાથી નોકરી કરતાં અનેક પોલીસ કર્મચારીઓની મહત્ત્વના પોલીસ મથકોમાં બદલી કરવામાં આવી છે, જયારે 'વહીવટ' કરતાં વહીવટદારોથી લઈ વર્ષોથી એક જ તાલુકાના આસપાસના પોલીસ મથકોમાં નોકરી કરતાં પોલીસ કર્મચારીઓને જાણે વીણી વીણીને શોધીને તેમની બદલી કરી દેવામાં આવી છે.

થોડાક સમય અગાઉ રાજ્ય પોલીસ વડાએ અમદાવાદના વિવિધ પોલીસ મથકોના કુખ્યાત વહીવટદારો વિરુદ્ધ કડક પગલાં લીધાં છે. પશ્ચિમ કચ્છના પોલીસ કર્મચારીઓની થયેલી બદલીની યાદીમાં રાજ્ય પોલીસ વડાના તે નિર્ણયનો પણ જાણે પરોક્ષ પડઘો પડ્યો હોય તેમ જણાય છે.

જો કે, સત્તાવાર રીતે તો તમામ પોલીસ કર્મચારીઓની વહીવટી કારણોસર બદલી કરાઈ હોવાનું જણાવાયું છે. બદલી પામેલાં કર્મચારીઓને કોઈપણ જાતની રજા ભોગવ્યાં વિના બદલીવાળી જગ્યાએ હાજર થઈ જવા જણાવાયું હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં ટી.બી.ના ૨.૭૮ લાખથી વધુ કેસ

### અમદાવાદમાં સૌથી વધુ ૧૯ હજાર કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં આગામી ૧૦૦ દિવસ સુધી ટ્યૂબરક્યુલોસિસ (ટીબી) નિર્મૂલન ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જો કે, ટી.બી. નિર્મૂલન ઝુંબેશના આ દાવા અને વાસ્તવિકતા વચ્ચે જમીન-આસમાનનું અંતર છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં જ ટી.બી.ના ૨.૭૮ લાખથી વધુ કેસ નોંધાઇ ચૂક્યા છે. જ્યારે ૧૦,૩૮૯ લોકોના મૃત્યુ થયા છે. આ વર્ષે જ ૪,૪૧૩ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. આમ, પ્રતિદિન ૧૪ વ્યક્તિ ટી.બી. સામે જીવ ગુમાવી રહ્યા છે.

ગુજરાતમાં આ વર્ષે ૨૬મી ડિસેમ્બર સુધીમાં ટી.બી.ના ૧.૩૪ લાખ કેસ નોંધાઇ ચૂક્યા છે. આમ, દર વર્ષે ટી.બી.ના ૧ લાખથી વધુ કેસ નોંધાવવાનો સિલસિલો યથાવત છે. વર્ષ ૨૦૨૪માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી સૌથી વધુ ૧૫, ૩૯૪ કેસ નોંધાયા છે.

બીજી તરફ અમદાવાદ ગ્રામ્યમાં ૩,૫૫૭ કેસ નોંધાયા છે. અમદાવાદ જિલ્લામાં આ વર્ષે જ ૧૮,૯૫૧ કેસ નોંધાઇ ચૂક્યા છે. સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં સુરત ૧૫,૧૪૯ કેસ સાથે બીજા સ્થાને છે. ■

# જૂનાગઢ સિવિલમાં પીએમજેવાય હેઠળ ૧૪૦૦ કેન્સરના દર્દીઓને સારવાર મુદ્દે કલેક્ટર તપાસ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ ત્રણ દિવસ સૌરાષ્ટ્રના પ્રવાસે છે, તેમણે શનિવારે જૂનાગઢની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓ સિવિલ હૉસ્પિટલની મુલાકાતે પહોંચ્યા હતા. સરકાર દ્વારા લોકોને જે સુવિધા આપવામાં આવે છે તે લોકો સુધી પહોંચે છે કે નહીં, તેમજ હૉસ્પિટલ તંત્રની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે તેઓ હોસ્પિટલમાં પહોંચ્યાં હતા.

સિવિલ હૉસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓની સુવિધામાં વધારો કરવો, હૉસ્પિટલ સંચાલનમાં પડતી મુશ્કેલીને દૂર કરવા અને કેન્દ્ર સરકારની આરોગ્યલક્ષી યોજનાનું મોનેટરીંગ કરવું તે આ મુલાકાતનો મુખ્ય હેતુ હતો.

જૂનાગઢ હૉસ્પિટલોમાં ચાલતી પીએમજેવાય યોજનાની તપાસ સમિતિની રચના મામલે પૂછતા ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, હાલ તપાસ કમિટી કામ કરી રહી છે.

અગાઉ પણ મને આ બાબતે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો પરંતુ મારા સુધી વિગત આવી ન હતી અને મેં કહ્યું હતું કે, મારા ધ્યાનમાં નથી. પરંતુ જુનાગઢ કલેક્ટરને પૂછપરછ કરતા તેમની કમિટીએ આ બાબતે ઓડિટ કર્યું છે. જેમાં ૧૪૦૦ જેટલા કેન્સરના દર્દીઓને સારવાર આપવામાં આવી છે. એવા દર્દીઓને વ્યક્તિગત રીતે મળી તેને ફોન કરી માહિતી એકત્રિત કરી છે. તેમજ આ મામલે જ્યાં અનિયમિતતા મળશે જેમાં દર્દીઓને પોતાના ઘરે જતી વખતે રૂ. ૩૦૦ યોજના અંતર્ગત આપવાના હોય છે, તેમજ પીએમજેવાય યોજનામાં સારવાર કર્યા બાદ કઈ હોસ્પિટલ દ્વારા વધારાના પૈસા વસૂલવામાં આવ્યાં છે, આવી બાબતો ધ્યાનમાં આવી છે. જે મામલે હાલ જૂનાગઢ જિલ્લા કલેકટર અને આરોગ્ય વિભાગની ટીમ તપાસ કરી વિગત મેળવી રહી છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં કેટલાક સ્પેશિયાલિસ્ટ તબીબોની જગ્યા આજે પણ ખાલી છે. જે અંગે આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સ્પેશિયાલિસ્ટ ખાનગી તબીબો સરકારી હોસ્પિટલોમાં માનદ વેતન સાથે દર્દીઓની સેવા કરવા માટે તૈયારી દર્શાવતા નથી. જેને કારણે સરકારી હૉસ્પિટલોમાં સ્પેશિયાલિસ્ટ તબીબોની ઘટ જોવા મળે છે, પરંતુ આગામી દિવસોમાં રાજ્યનો આરોગ્ય વિભાગ ખાસ નિષ્ણાંત તબીબોની રાજ્યની સરકારી હૉસ્પિટલોમાં નિમણૂક કરવા માટે આગળ વધી રહી છે. ખાસ તબીબોની સરકારી હૉસ્પિટલમાં જ નિમણૂંક થતા આજના દિવસે જે સમસ્યા છે તેમાંથી છુટકારો મળશે. ■

# રાજકોટમાં ૨૦૨૪માં ગંભીર અકસ્માતોના ૨૦૩ કેસ નોંધાયા

### એક વર્ષમાં ૧૫૧ વ્યકિતએ જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અકસ્માતોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. જ્યારે રાજકોટ ટ્રાફિક પોલીસે અકસ્માતોમાં ઘટાડો થયો હોવાનો દાવો કર્યો હતો. ગત વર્ષ કરતા ૨૦૨૪માં ટ્રાફિક નિયમ ભંગના એક લાખથી વધુ કેસ ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવ્યા છે.

ગત વર્ષે ફેટલ અકસ્માતના બનાવોમાં ૨૦૨૪માં ૧૨.૭૧ ટકાનો ઘટાડો થયો છે. આ વર્ષે ૧૫૧ વ્યકિતએ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે જે ગત વર્ષની સરખામણીએ ૧૫ કેસ ઓછા છે.

રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી પૂજા યાદવએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં ૮ જેટલા ટ્રાફિક ગુના ભંગ બદલ ગત વર્ષે ૧,૯૫,૬૨૩ કેસ કર્યા હતા જેની સામે ચાલુ વર્ષે ૨૦૨૪માં ૨,૯૮,૫૨૫ એટલે કે, ચાલુ વર્ષે ૧,૦૨,૯૦૨ કેસો વધુ કરવામાં આવ્યા છે.

ગત વર્ષની સરખામણીએ ફેટલ અકસ્માતના બનાવોમાં ૯.૦૩ ટકાનો ઘટાડો થયો છે. જેમાં ગત વર્ષે ૧૬૬ લોકોના મોત થયા હતા જેની સામે આ વર્ષે ૧૫૧ વ્યકિતએ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૧૫ ઓછા છે. જ્યારે ગંભીર અકસ્માતો ગત વર્ષે ૨૧૯ કેસ નોંધાયા હતા જેની સામે આ વર્ષે ૨૦૩ કેસ નોંધાયા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઇવ યોજી ૪૫૨ વાહન ડિટેઇન કરી ૫૫,૧૯૭ કેસ મારફત ૨.૫૫ કરોડનો દંડ ફટકારાયો હતો.

ટ્રાફિક વ્યવસ્થા સુધારવા માટે પોલીસ દ્વારા મહાનગર પાલિકા સાથે સંકલન કરી શહેરના અલગ અલગ વિસ્તારમાં સર્વે કરી ચાલુ વર્ષમાં ૧૦ જેટલી જગ્યાએ સર્કલ નાના કરી રસ્તો પહોળો કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. ■

# ભુજમાં ટેસ્ટ ડ્રાઈવ માટે જતી કારે અડફેટે લેતા મોટરસાઈકલ પર સવાર બે યુવકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ ખાતે થયેલા એક માર્ગ અકસ્માતમાં મોટરસાઇકલ પર ટ્રિપલ સવારીમાં જતા યુવકોને ટેસ્ટ ડ્રાઈવ માટે જતી હ્યુન્ડાઇ ક્રેટા કારે હડફેટે લેતાં બે યુવકોનાં ઘટનાસ્થળે મોત થયાં હતાં અને એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે શનિવારે બપોરના એકાદના વાગ્યાના અરસામાં સર્જાયેલી આ દુર્ઘટના, ભુજના શરદ બાગની પછીતે આવેલા કોડકી રોડ પર સર્જાયો હતો જ્યાં ચાર રસ્તા પર ટેસ્ટ ડ્રાઈવ માટે નીકળેલી ક્રેટા કારે મોટરસાઈકલને ટક્કર મારતાં ત્રણેય યુવકો ફૂટબોલની જેમ હવામાં અદ્ધર ઉછળીને નીચે પટકાયા હતા અને ગણતરીની સેકંડોમાં મોટરસાઇકલ ચાલક ઝાહિર કાસમ સુમરા,તેની પાછળ બેઠેલા આમદ હસન સમા અને નરેશ ભીમજી ચારણને માથાં અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં આ ત્રણ પૈકી આમદ હસન સમા અને નરેશ ભીમજી ચારણના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જયારે મોટરસાઇકલ ચલાવતો




(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભૂજ)

ઝહિર ગાંધીધામની એક ખાનગી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે.

દરમ્યાન, ટેસ્ટ ડ્રાઈવ કરવા ક્રેટા કાર કોણ ચલાવતો હતો તે બાબતની પોલીસ તપાસ કરી છે. આ કરુણાંતિકાના સીસીટીવી ફૂટેજ મેળવી લેવાયાં છે જેને જોતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે, ટેસ્ટ ડ્રાઈવ કાર અથડાયા બાદ માત્ર ત્રણ જ સેકન્ડમાં મૃતક બંને યુવાનોના મોત નીપજ્યાં હતાં. ■

### પાસામાંથી મુક્ત થયેલા આરોપીઓને પોલીસની અપીલ

# ફરી ગુનો કરશો તો ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ પોલીસ દ્વારા પાસા હેઠળ નોંધાયેલા તમામ આરોપીઓને ક્રાઈમ બ્રાંચ ખાતે એકઠા કરીને ગુનાહિત પ્રવૃત્તિ છોડી દેવા માટે અપીલ કરવામાં આવી હતી. પોલીસે તેમને એવી પણ ચેતવણી આપી હતી કે, તમામને છેલ્લી તક આપવામાં આવી રહી છે. ફરી કોઈ આરોપી ગુનાહિત પ્રવૃત્તિ કરતાં પકડાશે તો તેની સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરાશે.

રાજકોટ ઝોન-૨ ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ ખાતે અગાઉ શહેરના તમામ પોલીસ સ્ટેશનના પાસામાં સજા કાપી ચૂકેલા ૧૦૦થી વધુ શખસોને બોલાવી તેમની ઓળખ પરેડ કરવામાં આવી હતી. તમામ આરોપીઓને ફરીથી ગુનાહિત પ્રવૃત્તિમાં નહીં જોડાવા અપીલ કરવામાં આવી હતી. જો ભવિષ્યમાં તેઓ કોઈ પણ ગુનાને અંજામ આપશે તો તેમના વિરુદ્ધ ગુજસીટોક સહિતની કડક કાર્યવાહી પોલીસ દ્વારા કરાશે. ડીસીપીએ તમામ આરોપીઓને કહ્યું હતું કે, હું અગાઉ વડોદરા જેલમાં જેલર તરીકે ફરજ બજાવી ચૂક્યો છું. જેલમાં શું સ્થિતિ હોય એ તમે જાણો છો. જેલમાં કોઈપણ કારણોસર ગયા હશો કોઈ મજબૂરી પણ હોય શકે છે. હવે પછી કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં જોડાશો તો ગુજસીટોકના કડક કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે. આજે પ્રેમથી સારી રીતે આપને સમજાવ્યા છે. પછી પોલીસની આગવી રીતે કાર્યવાહી કરાશે. ■

# આરોગ્ય પ્રધાને રાજકોટ સિવિલની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: આરોગ્ય પ્રધાન ઋષિકેશભાઈ પટેલે રાજકોટ સિવિલ ખાતે પત્રકાર પરિસદ સંબોધી આરોગ્ય વ્યવસ્થાઓનું નિરિક્ષણ કર્યું હતું.

સરકાર તરફથી પ્રજાની અપેક્ષાઓ જાણવી પ્રજાને સારી વ્યવસ્થા મળી રહે તે માટે બેઠક યોજી હતી. તેમણે બોગસ તબીબો મુદ્દે જણાવ્યું હતું કે, તેની વ્યાખ્યા અલગ અલગ છે. તબીબઓનું રજિસ્ટ્રેશન કરાવવું



(તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

ફરજિયાત છે. સરકાર બોગસ ડોક્ટરોને બક્ષવાના મૂડમાં નથી. તેમની સજા નિશ્ચિત કરાશે. ■

# રાજકોટમાં સન્ની પાજીના ઢાબાનું દબાણ દૂર કરાયું

રાજકોટ: વર્ષોથી ધમધમતો સન્ની પાજીનો ધાબો દોઢેક મહિના અગાઉ વિવાદમાં આવ્યો હતો. અહીં થયેલી માથાકૂટમાં મધ્યસ્થી કરવામાં ભાજપના ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા પર હુમલાની ઘટના બની હતી. ત્યારબાદ આ ધાબો સરકારી જમીન પર ઊભો હોવાનું જે-તે સમયે કલેકટર તંત્રની તપાસમાં બહાર આવ્યા બાદ ગમે ત્યારે ડિમોલીશન થઇ શકે એવી શકયતા હતી. જોકે, બે દિવસ પહેલા આ



(તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

ઢાબાના માલિકે જાતે પોતાનું ઢાબાનું બાંધકામ તોડી નાખતા સરકારી જમીન પર ધમધમતો ધાબો કાટમાળમાં ફેરવાઇ ગયો હતો. ■